# આસ્તિકતાનો આદર્શ

પ.પૂ.પં.શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર

017611
14.02

# આસ્તિકતાનો આદર્શ

પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

પ્રકાશક :
**વિમલ પ્રકાશન ટ્રસ્ટ**
C/o. ચંદ્રકાંત કાંતિલાલ શાહ
૧૧-નવરંગ કોલોની
નવરંગપુરા
**અમદાવાદ**-૩૮૦૦૦૯

લેખક :
**પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**
સંશોધિત બીજી આવૃત્તિ

પ્રિન્ટર્સ
**અજય પ્રિન્ટર્સ**
ન્યુ માર્કેટ,
**સુરેન્દ્રનગર.**

**મૂલ્ય રૂ. ૧૦-૦૦**

: પ્રાપ્તિસ્થાનો :

**ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
ગાંધી રોડ, ફૂવારા સામે-**અમદાવાદ-૧.**

**સોમચંદ ડી. શાહ**
સુઘોષા કાર્યાલય, જીવનનિવાસ સામે,
**પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

**સેવંતીલાલ વી. શાહ**
૨૦, મહાજન ગલી, ૧ લે માળે
ઝવેરી બજાર, **મુંબઈ-૨**

**સરસ્વતી પુસ્તક ભંડાર**
રતનપોળ, હાથીખાના
**અમદાવાદ-૧**

**જૈન ધાર્મિક તત્ત્વજ્ઞાનપાઠશાળા**
આરતી સી. બ્લોક નં. ૫
જૂના નાગરદાસ રોડ,
અંધેરી (ઈસ્ટ) **મુંબઈ-૬૯**

**શાહ જશવંતલાલ ગિરધરલાલ**
૩૦૯/૪ દોશીવાડાની પોળ, **અમદાવાદ-૧**

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પુસ્તક ભંડાર**
મુ. શંખેશ્વર Via-હારીજ (ઉત્તર ગુજરાત)

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | તત્વજ્ઞોની ચિંતાનું કારણ.... .... | ...૧ |
| ૨ | અવિદ્યાનો પ્રચાર.... .... | ....૬ |
| ૩ | એક વિવેકના અભાવે.... .... | ....૧૨ |
| ૪ | આજનો વિજ્ઞાનવાદ.... .... | ....૧૮ |
| ૫ | ઉપકારક ચૈતન્યવાદ.... .... | ....૨૨ |
| ૬ | હિતનો પરમ આધાર.... .... | ....૩૨ |
| ૭ | ઉપકારક પ્રમાણ... .... | ....૩૯ |
| ૮ | છદ્મસ્થોનું કર્તવ્ય.... ... | ....૪૫ |
| ૯ | પાયાના પ્રશ્નો.... ... | ....૪૮ |
| ૧૦ | મહાન્ગુણ.... .... | ....૫૮ |
| ૧૧ | આત્મા અમર છે.... .... | ....૬૯ |
| ૧૨ | આત્મા જ્ઞાનસ્વરૂપ છે.... .... | ....૭૯ |
| ૧૩ | આત્માનો ત્રીજો; ચોથો અને પાંચમો ગુણ.... .... | ....૮૫ |
| ૧૪ | પુણ્ય અને પાપનો વિવેક.... .... | ....૯૨ |
| ૧૫ | જીવનો મોટામાં મોટો શત્રુ.... .... | ....૧૧૧ |
| ૧૬ | અણમોલ ધન.... .... | ....૧૧૯ |
| ૧૭ | દર્શનશાસ્ત્ર.... .... | ....૧૨૬ |
| ૧૮ | વૈરાગ્ય.... .... | ....૧૩૦ |
| ૧૯ | અમાપ ઉપકારક શ્રી જિનવચન | ....૧૪૨ |
| ૨૦ | સર્વજ્ઞનાં વચનો સંદેહથી પર છે | ....૧૫૧ |
| ૨૧ | સર્વોચ્ચ પ્રામાણિક મત.... | ....૧૫૯ |
| ૨૨ | શ્રદ્ધાસંપન્ન આત્માની વિચારણા | ....૧૬૬ |
| ૨૩ | આધિભૌતિકવાદ યાને જડવાદનું સ્વરૂપ અને રહસ્ય.... | ...:૧૭૩ |
| ૨૪ | આત્મતત્ત્વને માનવું જ પડે.... | ....૧૯૪ |
| ૨૫ | જડવાદ... .... | ...૧૯૩ |
| ૨૬ | સુખનો ઉપાય.... .... | ....૨૦૧ |

# પ્રકાશકનું નિવેદન

વર્તમાનયુગમાં લોકોના જીવનમાં સાત્ત્વિકતા, સદ્વિચાર અને સદ્વર્તનનું સર્જન કરે, ક્ષમા, નમ્રતા, સ્નેહભાવ, પરોપકાર, કૃતજ્ઞતા, આસ્તિકતા વિગેરે દૈવી ગુણો કેળવવાની તાલાવેલી જગાડે, એવા વિશિષ્ટ સાહિત્યની ઘણી જરૂરિયાત છે. એથીયે આગળ વધીને કહીએ તો લોક જીવનમાં પરમાત્મપ્રેમ-ભક્તિ, સાધુસેવા, દયાભાવ અને તત્ત્વજ્ઞાન પ્રત્યે વિશેષ અભિરુચિ જાગૃત થાય તેવું વાંચન પીરસવાની ખાસ જરૂર છે.

પૂ. પંન્યાસજી મહારાજશ્રીના હાથે લખાયેલ લખાણ તત્વપ્રેમી આત્માઓ માટે અતીવ ઉપકારી બને તેવું છે. તેઓશ્રીના લખાણમાં પાને પાને અને વાકયે વાકયે શાસ્ત્ર, યુક્તિ અને અનુભવપૂર્ણ અપૂર્વ તત્ત્વચિંતન પીરસવામાં આવ્યું હોય છે. જેનું સ્વસ્થ ચિત્તે આસ્વાદન કરવાથી આપણી જન્મોજન્મની તૃષ્ણા શમી જાય છે, વિષય કષાયના ઉકળાટ શાંત થઈ જાય છે અને ચિત્ત અત્યંત પ્રસન્ન અને પવિત્ર બને છે. અનુભવસિદ્ધ એક મહાન તત્ત્વ ચિંતક મહાત્મા પુરુષની કલમે આલેખાયેલી આ વિચારધારા આપણને તત્ત્વ ચિંતનની કોઈ નવી દુનિયાનું દર્શન કરાવે છે. આપણા કલ્યાણના દ્વાર ખોલી આપે છે.

પૂ. પંન્યાસજી મહારાજ સાહેબના હાથે લખાયેલ અને સંગ્રહીત થયેલ આવું ઉત્તમ સાહિત્યને વધુને વધુ પ્રગટ કરવાનું સૌભાગ્ય અમને સદા મળતું રહે અને તે દ્વારા આપણા સૌના જીવનમાં તત્ત્વનો પ્રકાશ પથરાતો રહે અને આપણે બધા નિર્વિઘ્નપણે મોક્ષ માર્ગમાં આગળ વધતા રહીએ એજ મંગલ મનોકામના !!!

લી૦

શ્રી વિમલ પ્રકાશન ટ્રસ્ટના

# પ્રાગ્વચન

નાસ્તિક તો ઘણા લોકો દેખાય છે, પણ તેમાંથ ખરેખરા નાસ્તિક કેટલા હશે?

નાસ્તિકની જે વ્યાખ્યા છે અને તેનો જે ફલિતાર્થ છે, તે નજરમાં લેતાં આ સવાલ જાગી પડે છે.

ધર્મશાસ્ત્રોની દૃષ્ટિએ 'નાસ્તિક' તેને કહેવામાં આવે છે, જે પરલોક, આત્મા, મોક્ષ વગેરે અતીન્દ્રિય પદાર્થો ચર્મચક્ષુથી દેખાતાં નથી, માટે-સ્વીકારતો નથી. ખેર.... અત્યારે આ વિષય ઉપર ચર્ચા ન કરતાં આપણે આગળ વધીએ.

નાસ્તિકની આ વ્યાખ્યામાંથી જ એક વાત ફલિત થાય છે, કે નાસ્તિક તે છે જે ચર્મચક્ષુથી દેખાય તેને સ્વીકારવા એકદમ તૈયાર છે.

તો મારો સવાલ છે કે નાસ્તિક તરીકે ગણાતા-ધર્મક્રિયા વગેરે નહિ કરતા-લોકો શું ખરેખર નાસ્તિક છે ખરા? શું તેઓ દેખાતું બધું ય માનવા માટે એકદમ તૈયાર છે ખરા?

શું ચીંથરે ઊડતા ટેરેલીનના બુશશર્ટની તે વાસ્તવિકતા તેમણે સ્વીકારી છે ખરી? શું સ્મશાનમાં રાખની ઢગલી બની જતી કોઈ રૂપવતી રમણીની આંખે દેખી વાસ્તવિકતા તેઓ સ્વીકારે છે ખરા?

શું બાગમાં કરમાએલાં ગુલાબની તે અકાટય હકીકત તેમને માન્ય થઇ છે ખરી ?

શું ઈંટ-મકોડાનાં ખંડીએરોમાં પરિવર્તન પામતાં રાજ-મહાલયોમાં પ્રગટેલા પદાર્થની વિનાશિતાના મહાસત્યને તેમણે સ્વીકાર્યું છે ખરું ?

જો 'આંખે-દેખાતું' પણ હૃદયથી સ્વીકારવામાં આવે તોય આ જગત્ કેવું વિનાશી છે ? એ સત્ય સ્પષ્ટપણે હૃદયમાં અંકિત થઈ જાય. અને તેમ થતાં જ કહાય એ નાસ્તિક મોટો આસ્તિક કહેવાય, તેવી જીવન-પદ્ધતિનો સ્વામી બની જાય.

પૂર્વોક્ત ન દેખેલું પણ માનવું તે આસ્તિકતા છે.
દેખેલું જ માનવું તે નાસ્તિકતા છે.

પણ અફસોસ ! જગતમાં ખરી નાસ્તિકતા પણ જડતી નથી.

અનિત્યમાં નિત્યતાની, અશરણમાં શરણ્યની, એકમાં અનેકતાની અશુચિમાં શુચિ વગેરે બુદ્ધિ કરીને આ જગત્ આખું ય અવળે રવાડે ચડયું છે.

આથી જ વિજ્ઞાનવાદ, ભોગવાદ અને તકવાદના સાણસામાં અધ્યાત્મવાદ સપડાયો છે.

આથી જ જીવનની મોક્ષપ્રધાનતાના સ્થાને ભોગપ્રધાનતા ગોઠવાઇ ગઈ છે.

આથી જ શાસ્ત્રમતિ સામે બહુમતિ અને ધર્મવાદ સામે જમાનાવાદ આવી ઊભા છે.

રે ! ગુણો 'કુ' કહેવાયા છે અને અવગુણો 'સુ' જાહેર કરાયા છે !

જે કાળમાં દૃષ્ટને પણ સંપૂર્ણ રીતે સ્વીકારવાની તૈયારી નથી તે કાળમાં અદૃષ્ટ-અતીન્દ્રિય પદાર્થોને સત્ શ્રદ્ધાની આંખોથી દેખાડી આપવા એ કોઈ નાનોસૂનો પુરુષાર્થ નથી. એ સામા પૂરે આગળ ધસવા જેટલી પ્રચંડ સંકલ્પ-શક્તિથી જ સંભવિત છે.

આ ગ્રન્થના લેખક પૂજ્યપાદ, શ્રી પરમકારુણિક, વિશ્વવાત્સલ્યમૂર્તિ, સંયમનિધિ પંન્યાસ ભગવંત શ્રીમદ્ ભદ્રંકરવિજયજી મહારાજા સાહેબ છે. ઘણાં વર્ષો પૂર્વે તે કૃપાલુના યૌવનોત્તર કાળમાં જ સર્જન પામેલો આ ગ્રન્થ છે. તાજેતરમાં કેટલાક પરિમાર્જનપૂર્વક પુનઃ પ્રકાશિત થઈ રહ્યો છે.

પરમકૃપાલુશ્રીના હૈયામાં વિશ્વવાત્સલ્ય કેવું ઠસોઠસ ભરાઈને ઉભરાયું હશે, તે તો આ પુસ્તક વાંચતાં જ સમજાશે. જિનાગમોની અકાટય દલીલોનો ખજાનો ભેગો કરીને લેખકશ્રી ભારેમાં ભારે પુરુષાર્થ ખેલતાં, જાણે કે, તમામ ભવ્યાત્માઓને આસ્તિક બનાવીને ધર્મમાર્ગે દોડતા કરી દેવા માટે કટિબદ્ધ બન્યા હોય તેવું આ ગ્રન્થ-વાંચન કરતાં સ્પષ્ટપણે સંવેદન થાય છે.

ધન્ય છે ! તેઓશ્રીની અકારણવત્સલતાને ! પરમ-કારુણિકતાને !

હવે તો જૈફ વયે આવી પહોંચેલાં, વિશિષ્ટ કોટિની અજાતશત્રુની આબાલ, સર્વાંગસુંદર શ્રમણ-પ્રતિભા ધરાવતા, આ મહાપુરુષ જૈન સંઘમાં કોઇથી અજાણ્યા નથી. વળી તેમના એ સંયમપૂત, આત્મરમણ, વાત્સલ્યભરપૂર 'વિરાટ'ને મારા જેવો 'વામન' સ્વરૂપદર્શન કરાવતાં ન્યાયને બદલે અન્યાય જ કરી બેસે તે ભયથી પણ અત્રે કલમ ચલાવી શકતો નથી.

હવે આપણે ગ્રન્થ ઉપર ઊડતો છતાં મહત્વનો દૃષ્ટિપાત કરીએ.

પૂર્વભૂમિકારૂપે પ્રથમનાં આઠ પ્રકરણો પસાર થયા બાદ, નવમા પ્રકરણથી આ ગ્રન્થ એના ભરદરિયે પ્રવેશ કરે છે અને જોતજોતામાં પક્કડ જમાવી દે છે. આ નવમા પ્રકરણથી લેખકશ્રીએ અતીન્દ્રિય પદાર્થો- આત્મા, કર્મ, પરલોક, પુણ્ય, પાપ, સ્વર્ગ વગેરેની શાસ્રોક્ત દલીલોથી લોકભોગ્ય ભાષામાં ખૂબ સરસ રજુઆત કરી છે.

ત્યાર પછી આવા અદ્‌ભુત પદાર્થોને જીવનમાં ન જચવા દેનાર તત્ત્વને દસમા પ્રકરણમાં ખૂલ્લું કરવામાં આવ્યું છે, જેનું નામ છે, 'સ્વાર્થવૃત્તિ.'

જ્યારે પરહિતચિન્તા સમષ્ટિગત રીતે મંદ પડે છે (કે તેવી ફરજ પડે છે) ત્યારે જ પ્રજામાં આસ્તિકતાનો પ્રવેશ મુશ્કેલ બની જાય છે, તેમ લેખકશ્રી ફરમાવે છે;

તેઓશ્રી જણાવે છે કે ખરેખર તે યથાર્થ પરહિતચિંતકોથી આ જગત અત્યન્ત ઋણી છે, કે જેઓ શાસ્ત્રાભ્યાસના અતિ ભારે પુરુષાર્થથી જગતના જીવોના હૈયે પડેલા નાસ્તિકતાના અંધકારનું ઉન્મૂલન કરે છે. જેઓ પોતાની સાધનાનાં બળ દ્વારા જગતને સન્માર્ગે ચડાવે છે.

અગીઆરમા પ્રકરણમાં આસ્તિકતાના હૈયાના મંદિરમાં પ્રવેશ આપતાં પહેલાં જરૂરી 'પાઈલોટ-કાર' જેવું એક તત્ત્વ નિરૂપે છે. તેઓશ્રી કહે છે કે, જે આત્માને "હું" કોણ છું ? કયાંથી આવ્યો છું ? વગેરે અલ્પયત્નમાં જ જન્મી શકતી ખોજ-વૃત્તિ પેદા થાય, તો તેના માટે આસ્તિક બનવુ એ બહુ મુશ્કેલ કામ રહેતું નથી. આત્માની ઓળખમાંથી જ કર્મ, મોક્ષ, પરલોક વગેરે પદાર્થો જ્ઞાનચક્ષુની સામે રમવા લાગી જાય, તે અત્યંત સંભવિત છે. વળી આ વિના આધ્યાત્મિક જીવનમાં નિશ્ચિત ગતિ, સ્થિરતા વગેરે પ્રાપ્ત થઇ શકતાં પણ નથી.

ત્યાર પછી બારમા અને તેરમા પ્રકરણમાં આત્માના અસ્તિત્વ પછીના અન્ય ગુણો જ્ઞાન, આનંદ, સ્વતંત્રતા અને ઐશ્વર્ય ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે.

ચૌદમા પ્રકરણમાં પુણ્ય, પાપ અને ધર્મ-અધર્મ ઉપર વિચાર કરાયો છે.

પંદરમાં પ્રકરણમાં જીવનો સૌથી મોટો આંતર શત્રુ મિથ્યાત્વ છે એ વાત સમજાવી છે.

સોળમા પ્રકરણમાં આત્માનું અણમોલ ધન-સમ્યક્ત્વ જણાવાયું છે.

સત્તરમા પ્રકરણમાં પૂજ્યશ્રીએ કૃત્રિમ રીતે સર્વધર્મ સમાનતાના પ્રચારની, કૃત્રિમમૈત્રીની લાગણીમાંથી પ્રગટ થએલી પ્રવૃત્તિ ઉપર સખ્ત અણગમો વ્યક્ત કરીને, અઢારમાં પ્રકરણમાં અસલ અને નકલના ભેદનું ધ્યાન કરીને; દંભનો ત્યાગ કરવા સાથે વૈરાગ્યભાવની પ્રાપ્તિ ઉપર વિશદ વિવેચન કર્યું છે.

ઓગણીસમા પ્રકરણમાં જિનવચનની સર્વોપરિતા ખૂબ સુંદર રીતે સિદ્ધ કરવામાં આવી છે. તેની સાથે જ્ઞાનનય અને ક્રિયાનય ઉપર ચિંતન કરતાં, અવાન્તરમાં-ક્રિયાને જડ કહેનારાઓને માર્મિક જવાબો આપ્યા છે એમાં એઓશ્રીએ એક વાત તો ખૂબ જ સરસ કહી છે કે, "જો આટલી જડ-ક્રિયા પણ તે ક્રિયાકારકો ન કરતા હોત તો તેમનામાં જે જડત્વ વગેરે દેખાય છે તેનું પ્રમાણ અત્યંત વધુ હોત."

તે કૃપાલુશ્રીએ આજના બુદ્ધિજીવી શિક્ષિત વર્ગને પણ ખૂબ મીઠી ભાષામાં સલાહ આપી છે કે, "ધર્મ-ક્રિયાકારકોની હાંસી ઉડાડવામાં જ તમે તમારા શિક્ષિત-પણાનો ઉપયોગ ન કરતાં જીવંત ધર્મક્રિયા આચરીને દેખાડો તે જ તમારા માટેનું યોગ્ય વર્તન છે."

વીસમા પ્રકરણમાં શ્રદ્ધાનું અતિ મહાન ફળ બતાવતાં

જણાવ્યું છે કે, "જે લાભ સર્વજ્ઞને પ્રાપ્ત થાય છે તે જ લાભ તેમના વચન ઉપરની અકાટ્ય શ્રદ્ધાથી તે શ્રદ્ધાવાન આત્માને પણ પ્રાપ્ત થઈ જાય છે.

અહીં એક શ્લોક ટાંકીને તેઓશ્રી જણાવે છે કે "જેણે શ્રદ્ધાથી સર્વજ્ઞ શાસ્ત્રને જીવનમાં સર્વત્ર અગ્રેસર બનાવ્યું તેણે તો દેવાધિદેવને જ અગ્રેસર બનાવી દીધા." જિનેશ્વર ભગવંતોએ માત્ર જીવ વગેરે તત્ત્વોને શાબ્દિક રીતે કહ્યા નથી પણ ભેદ. પ્રભેદો જણાવવા સાથે વિસ્તારથી એવા પ્રતિપાદિત કર્યા છે કે જેવા બીજા કોઈ દાર્શનિકો પ્રતિ-પાદિત કરી શકયા નથી.

એકવીસમા પ્રકરણમાં સર્વજ્ઞ એવા પરમાત્મા રાગાદિથી રહિત હતા તેના શાસ્ત્રપ્રમાણો આપીને લેખકશ્રી વાચકોને કહેવા માંગે છે કે આવા જિન-ભગવાનના અતીન્દ્રિય-પદાર્થો અંગેનું કોઈ પણ નિરુપણ અત્યંત યથાર્થ જ હોય; અવિસંવાદી હોય માટે તેને આંખ મીંચીને સ્વીકારવું જોઇએ.

બાવીસમા પ્રકરણમાં શ્રદ્ધાસંપન્ન આત્માની અદ્ભુત વિચારણા રજૂ કરાઈ છે જેને વાંચતાં આત્મા ભાવવિભોર ગદ્ગદ્તા અવશ્ય અનુભવશે.

તે પછીનાં ત્રણ પ્રકરણોમાં આધિભૌતિકવાદીઓના ચાર માર્ગો અને તેનું નિરાકરણ આપવામાં આવ્યું છે. જડવાદના હિમાયતીઓની દુષિત ચિત્તવૃત્તિને દૃષ્ટાંત સાથે છતી કરવામાં આવી છે.

અને છેલ્લે સાચા 'સુખ'ની વ્યાખ્યા અને તેને પામવાના ઉપાયો બતાવીને છવ્વીસમું પ્રકરણ પૂરું કરવામાં આવ્યું છે.

વિશ્વમાત્રના ભવ્યાત્માઓને આસ્તિક અને અંતે ધાર્મિક બનાવવા માટે લેખકશ્રીએ આ ગ્રન્થ લખવાનો જે ભગીરથ પુરૂષાર્થ કર્યો છે. તેમના સહુ તેનાથી ઋણી બની ચૂકયા છે. આ ઋણભારમાંથી મુકત થવાનો એક જ ઊપાય છે કે, તેઓશ્રીએ ફરમાવેલા આસ્તિકતા નામના પદાર્થને આત્મસાત્ કરવો અને પછી તરત ધાર્મિકતાના પથ ઉપર ડગ માંડી દેવા.

આવા અદ્ભુત ગ્રન્થરત્નનો આજના યુગમાં ભારેમાં ભારે પ્રસાર કરવાની તાતી જરૂરીઆત છે. એ માટે ભકતવર્ગે પોતાનું વિશિષ્ટ ઔદાર્ય દાખવવું જરુરી છે. જો તેઓ તેવું ઔદાર્ય દાખવશે તો આ એવો ગ્રન્થ છે જે અનેક ભવ્યાત્માઓના-ખાસ કરીને તર્ક કે બુદ્ધિથી જ વાતો કરવાને ટેવાએલા યુવાનો અને યુવતીઓના જીવનમાં આશ્ચર્યજનક પરિવર્તન લાવવાનું કામ કરશે.

વર્તમાન જૈન સંઘ માટે આના કરતાં વધુ રૂડું બીજું શું હોઈ શકે?

જિનાજ્ઞાવિરુધ્ધ કાંઇ પણ લખાયું હોય તો અંતઃકરણથી ક્ષમાયાચના સાથે વિરમું છું.

ભાયખાલા [મુંબઈ ૨૭]
વિ. સં. ૨૦૩૪.
ભાદરવા વદ દસમ

ગુરૂપાદપદ્મરેણુ
મુનિ ચન્દ્રશેખરવિજયજી

# બે બોલ

આ ગ્રન્થનું નામ "આસ્તિકતાનો આદર્શ" છે. તેના રચયિતા છે, ગુરુદેવ, પૂજ્યપાદ, પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રી. આ ગ્રન્થમાં પૂજ્યપાદશ્રીની શ્રેષ્ઠ આસ્થાપૂર્વકની શ્રી જિનેશ્વરદેવના શાસનની પરમ ભક્તિ સહજ રીતિએ દૃષ્ટિગોચર થાય છે.

સાચો આસ્તિક તે છે, કે જેને આત્મામાં આસ્થા છે, સ્વર્ગ, નરકાદિ અતીન્દ્રિય પદાર્થોમાં આસ્થા છે, તેનો બોધ કરાવનાર શ્રી જિનવચનમાં આસ્થા છે. આવો આસ્તિક આત્મા જડ પદાર્થોના ગમે તેવા આકર્ષક આવિષ્કારો પ્રત્યે લવલેશ પણ આકર્ષાતો નથી. કારણ કે તેની આસ્થા આત્મામાં હોય છે, આત્માના ગુણોમાં હોય છે, અને તે ગુણોની પ્રાપ્તિ વડે અક્ષય આત્મિક સુખ પ્રાપ્ત થાય તે સત્યમાં પણ તે પૂરો આસ્થાવાન હોય છે.

આજનો કહેવાતો વિજ્ઞાનવાદ એ વાસ્તવમાં જડ-વાદનો જ પુરસ્કર્તા છે. રેડીયો, ટેલીવીઝન, કેમેરા, સીનેમા અને એવા બીજા પણ જડ પદાર્થોના આવિષ્કારો દ્વારા તેણે ઝાકઝમાળ જરૂર ઉભી કરી છે, પરંતુ તેમાં સાચું આત્મિક સુખ આપવાની તો લેશ પણ શક્તિ નથી. મડદું સજીવન ન થાય તેમ જડ પદાર્થોના મહાનમાં મહાન આવિષ્કારો પણ ચેતનને સુખી ન કરી શકે.

આસ્તિકતાના અંગભૂત આ મુદ્દાઓનું ન્યાય તેમજ

યુક્તિ સંગત નિરૂપણ કરવા સાથે પૂજ્યગુરુદેવશ્રીએ કૃતજ્ઞતા, પરોપકાર, વિષયવિરક્તિ, શ્રી જિનવચનની અમાપ ઉપકારતા અને આત્માના ગુણો વગેરેનું પણ એવું તલસ્પર્શી નિરૂપણ કર્યું છે, કે જે વાંચતાં-વિચરતાં જડ તરફનું આકર્ષણ દૂર થાય છે, આત્મરૂચિ પ્રગટ થાય છે અને આત્મામાં શ્રી જિનેશ્વરદેવના શાસનના અસીમ ઉપકારો અંકિત થાય છે. હૃદય પરમાત્મ-શાસન પ્રત્યે અહોભાવવાળુ બને છે.

અને તેમાંય "શ્રદ્ધા સંપન્ન આત્માની વિચારણા" નામના બાવીસમાં પ્રકરણમાં જે કાંઈ લખ્યું છે તે તો સુવર્ણના પતરા ઉપર કેસરથી લખીને દરરોજ ભાવપૂર્વક મનન કરવા જેવું છે,

આ પુસ્તકમાં શ્રી જિનદર્શનનું હાર્દ છે, તેમ કહેવાતા, વિજ્ઞાનવાદ, જમાનાવાદ, ભોગવાદ, તકવાદ આદિનું સ્પષ્ટ સ્વરૂપ પણ રજુ થયેલું છે. અને તેની અનર્થકારિતામાંથી બચવાના સચોટ ઉપાયોનું નિરૂપણ પણ છે. તાત્પર્ય એ છે કે શ્રી જિનાજ્ઞા પ્રત્યે પરમ આસ્થાવાન અને પરમ ચિંતકનું બિરુદ પામેલા પૂજયપાદ ગુરુદેવશ્રીએ આ પુસ્તકમાં સર્વ જીવોના હિતને કરનારું ઉત્તમ તત્ત્વામૃત પીરસ્યું છે.

પુસ્તકની ભાષા સરળ છે, દલીલો અકાટય છે, વસ્તુ પ્રવાહ અખંડ છે. નિરુપણમાં ન્યાય છે, પક્ષપાતરહિતતા

છે. પક્ષ છે તો માત્ર સર્વ મંગલકારી ધર્મનો.

જડ પદાર્થોના જંગલમાં અટવાઇ પડેલા જીવોને આ પુસ્તક ભોમીયા સમાન છે, નાસ્તિકોને આસ્તિક બનાવનારું છે, આસ્તિકો માટે આત્મનિષ્ઠા વધારનારું છે અને આત્મ નિષ્ઠાવાનને આજ્ઞાનિષ્ઠ બનાવનારું છે, કારણ કે શ્રી વીતરાગ પરમાત્માની વાણીનું પાન કરીને કૃતકૃત્ય બનેલા ભક્તિ અને મૈત્રી પૂર્ણ ભક્તાત્માના હૃદયનું આમાં ગાન છે.

ધીમે ધીમે ચાવી ચાવીને, હોંસ હોંસે એકાગ્રતાપૂર્વક આ પુસ્તકનું વાંચન-મનન કરવાની વિનંતિ છે. જો એમ થશે તો એમાંથી જીવનનો સાચો રાહ મળશે, આત્માનું ઘર જડશે, પરમાત્મા પ્રતિ ભક્તિ જાગૃત થશે, જગતના તમામ જીવો પ્રત્યે મૈત્રી જાગશે, પાપ પ્રવૃત્તિ મંદ પડશે ધર્મમાર્ગમાં પ્રવૃત્તિ સુલભ થશે, અને આત્મા પરમાનન્દ મોક્ષપદનો સાચો અધિકારી બનશે.

શ્રી નમિનાથ જૈન દેરાસર
નવરંગ કોલોની
નવરંગપુરા
અમદાવાદ-૯

પં. કુંદકુંદવિજય ગણી

# ગ્રન્થાર્પણ

"આસ્તિકતાનો આદર્શ" પામવો, એ આદર્શ આસ્તિકતાને વરેલા સત્પુરુષોની કૃપાનું જ એક ફળ હોઈ શકે. સત્પુરૂષોની સાચી કૃપા પામવાનું સૌભાગ્ય પણ સૌ કોઇને પ્રાપ્ત થઈ શકતું નથી. ઘણા આત્મા-ઓનું જીવન તો દુષ્કર્મના યોગે સત્પુરૂષોની વિરાધના કરવામાં જ પુરું થઇ જાય છે. એ વિરાધના, એમને ગુણપ્રાપ્તિમાં પરમ અંતરાય રૂપ નિવડે છે. આદર્શ આસ્તિક્તાદિ સર્વોત્કૃષ્ટ ગુણોને વરેલા સત્પુરૂષો આ જગત્માં કવચિત્ જ નજરે પડે છે; અને જેઓની નજરે ચઢે છે, તેઓમાંથી પણ થોડા જ તે સત્પુરૂષોને ઓળખી શકે છે. ઓળખ્યા બાદ પણ તેમનાથી લાભ તો તેથી પણ થોડાને જ થાય છે. તેનું કારણ 'સત્પુરૂષોની કૃપામાં ખામી હોય છે, એ નથી, કિન્તુ એ કૃપાને ઝીલનારની ખામી એમાં મુખ્ય કારણ છે. આસ્તિકતાદિ સદ્ગુણો પામવાના અર્થી આત્માએ, એ ખામી દૂર કરવા પ્રયાસ કરવો જોઈએ અને એમ થાય તો આજે પણ સત્પુરુષોની કૃપાના ફળરૂપે પ્રાપ્ત થતા આસ્તિકતાદિ સદ્ગુણોની પ્રાપ્તિ દુર્લભ નથી. જે સત્પુરુષની સત્કૃપા વડે લેખકને આસ્તિ-કતાદિ પરમ સદ્ગુણોનો યત્કિંચિત્ મહિમા હૃદયમાં અંકિત થવા પામ્યો છે, તે સત્પુરૂષના પવિત્ર કરકમલમાં આ લઘુ ગ્રન્થ સમર્પણ કરી લેખક કૃતાર્થતા અનુભવે છે. એ સત્પુરુષનું પવિત્ર નામ છે :–

પૂ. પરમ શાસનપ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ ગુરુવર્ય
આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

લી. મુનિ ભદ્રંકરવિજયજી

## વાતાવરણની અસર

બહારથી સુંદર લાગતી વર્તમાન જમાનાની મોહકતા પાછળ જે વિનાશકતા છૂપાએલી છે, તેનો તાગ મેળવવામાં, દુનિયામાં બુદ્ધિશાળી ગણાતો વર્ગ પણ આજે અસમર્થ બન્યો છે.

વાતાવરણની અસર, અયોગ્ય કેળવણીની અસર, ચલચિત્રોની અસર અગર જડવાદની અસર વગેરે જીવને ચકરાવે ચઢાવવાનું કેટલું સામર્થ્ય ધરાવે છે, એ નજરે નિહાળવા માટે વર્તમાન જમાનો એક આદર્શ પ્રદર્શન છે.

આસ્તિક પ્રજાને નાસ્તિક બનાવવા માટે, વિષયથી વિરક્ત પ્રજાને વિષયલંપટ બનાવવા માટે તથા ધર્મને પ્રધાન સમજનાર પ્રજાને 'લોકપ્રધાન બનાવવા માટે જે ઝેરી પ્રચારકાર્ય છેલ્લાં ૮૦-૯૦ વર્ષમાં આ ભારતભૂમિ પર થયું છે, તે તત્ત્વજ્ઞ અને વિચારક પુરુષોને આશ્ચર્યની સાથે ભારે ખેદ ઉપજાવનારું છે, એમ કહેવામાં લેશ માત્ર અતિશયોક્તિ નથી.

## તત્ત્વજ્ઞોનું દુઃખ

જગતના તત્ત્વને જાણનારા મહાપુરુષો વર્તમાન જમાનાની મોહકતા પાછળ છૂપાએલી વિનાશકતાને એટલી બધી સ્પષ્ટપણે નિહાળી રહ્યા છે કે, તેમાં ગળાબૂડ દુનિયાનું ભાવિ અનિષ્ટ તેમના હૃદયને ભારે દુઃખ ઉપજાવે છે. કિન્તુ તત્ત્વજ્ઞ પુરુષોના આ દુઃખને અતત્ત્વજ્ઞોની દુનિયા જોઈ કે જાણી શકતી નથી. તેમના દુઃખને જોનારા આત્માઓની સંખ્યા જગતમાં અતિઅલ્પ હોય છે.

જગત ન જોઈ શકે એટલા માત્રથી તત્ત્વજ્ઞ પુરૂષોની એ ચિંતા લેશ માત્ર ઓછી થઈ શકતી નથી. એ ચિંતાના બોજામાંથી તત્ત્વજ્ઞ પુરુષોને મુકત કરાવવાની ચિંતા જે આત્માઓના હૃદયમાં જાગે છે, તે આત્માઓ કૃતજ્ઞતા ગુણને સાર્થક કરે છે. તે સિવાયના આત્માઓ એટલે ઉપકારીઓના ઉપકારની કદર કરવા જેટલી યોગ્યતાને પણ હજુ પામ્યા નથી એમ સ્વીકારવું પડે.

## કૃતજ્ઞતા ગુણ

અધમ સ્થિતિમાં રહેલા આત્માને ઊંચે ચઢવા માટે અનેક પ્રકારના જે ગુણોનું અવલંબન લેવું અનિવાર્ય છે, તે સર્વ ગુણોમાં કૃતજ્ઞતા ગુણ સર્વપ્રથમ છે.

બીજા તરફથી પોતાના ઉપર થએલા તેમજ થતા ઉપકારોને જાણવા જેટલી યોગ્યતા પણ જે ધરાવતો

નથી, તે આત્મા પોતાના ઉપર કોઈ પણ પ્રકારનો ઉપકાર નહિ કરનાર આત્માઓ ઉપર પણ ઉપકાર કરી શકશે, એવી સમજ રાખતો હોય તો મિથ્યા છે.

પરોપકારાદિ મહાન ગુણો પામવા માટે કૃતજ્ઞતા એ પ્રથમ પગથિયું છે, કૃતજ્ઞતા ગુણની ખાતર પોતાની સમસ્ત જાતનો ભોગ આપવાની શકિત આવ્યા પછી જ, બીજા ગુણોની પ્રાપ્તિ આત્માને થવા માંડે છે.

કૃતજ્ઞ આત્મા તે છે, કે જે બીજાએ પોતાના ઉપર કરેલા ગુણને કદી વિસ્મરતો નથી. ઉપકારી મહર્ષિઓ ફરમાવે છે કે, 'બીજાએ પોતા ઉપર કરેલા ગુણને પણ નહિ જાણનાર આત્મા અતિ નિષ્ઠુર પરિણામને ધારણ કરનારો છે.' પરિણામની કોમળતા તેમજ વિશુદ્ધિ માટે કૃતજ્ઞતા ગુણ પરમ આવશ્યક છે, તે નિર્વિવાદ હકીકત છે.

## દુષ્પ્રતિકાર કોણ ?

ગુણની શરૂઆત જ્યારે કૃતજ્ઞતાથી થાય છે, ત્યારે સૌથી પ્રથમ જગતના જીવો તે ગુણ પામી શકે, એ માટે તત્ત્વદર્શી આત્માઓએ दुष्प्रतिकारौ मातापितरौનું વિધાન જગતના જીવોને બોધરૂપે બક્ષ્યું છે.

પોતાનાં સંતાનોનું ભલું ચાહવામાં કે ભલું કરવામાં કોઈ પણ પ્રકારનો પૌદ્ગલિક મોહ કે ઐહિક સ્વાર્થ જેમને

ન જ હોય, એવાં, માતા-પિતા આ જગતમાં ભાગ્યે જ જડે તે જાણવા છતાં પણ એ દીર્ઘદર્શી મહાપુરુષોએ માતા-પિતાને દુષ્પ્રતિકાર તરીકે ઓળખાવી, તેમની સેવા માટે જ જગતને પ્રેરણા આપી છે.

જગતની આગળ માતા-પિતાના મોહ કે સ્વાર્થને રજૂ કરવાને બદલે તેમના ઉપકારને જ રજૂ કર્યો છે. એ ઉપકારનો બદલો કદી પણ વળી શકે એવો નથી, એમ ભારપૂર્વક જણાવ્યું છે. તેમજ એ ઉપકારનો આંશિક બદલો જે પ્રકારે વાળી શકાય તેમ છે, તે પ્રકાર પણ સ્પષ્ટતાપૂર્વક દર્શાવ્યો છે.

## જ્ઞાનીઓનો ઈરાદો

'જગતના જીવો ઉપર માતા-પિતાનો ઉપકાર અમાપ છે. એ ઉપકારનો બદલો સામાન્ય ઉપાયોથી વળી શકે તેમ નથી, એ કારણે માતા-પિતા જીવે ત્યાં સુધી તેમની સર્વોત્તમ ભક્તિ કરવી એ ગૃહસ્થોનો ધર્મ છે,' એમ કહેવામાં જ્ઞાનીઓ લેશ પણ સંકોચ ધરાવતા નથી.

જ્ઞાનીઓના આ આદેશની પાછળ કોઈ પણ શુભ હેતુ હોય, તો તે કૃતજ્ઞતા ગુણનો વિકાસ કરાવવાનો છે. ગૃહસ્થપણામાં કૃતજ્ઞતા ગુણનો વિકાસ એ રીતે જ થઈ શકે એમ છે. એ ગુણના વિકાસની ખાતર માતા-પિતાના મોહ કે સ્વાર્થની સામે જોવાનો સ્પષ્ટ નિષેધ છે. એમનો મોહ કે સ્વાર્થ એમના માટે ગમે તેટલો નુકસાનકારક

હોય, તો પણ એનાથી જેઓને ઉપકાર થયો છે, તેઓએ તો આગળ વધવા માટે એ ઉપકારને જ મુખ્ય બનાવે છે.

એ ઉપકારને જેઓ મુખ્ય બનાવે નહિ, તેઓ કૃતજ્ઞતા ગુણને પામી શકે નહિ. અને જે આત્માઓ કૃતજ્ઞતા ગુણથી વંચિત રહી જાય, તે આત્માઓ બીજા એક પણ સાચા ગુણને કદી જ પામી શકે નહિ.

## ગુણોનું બીજ

દુનિયાની કોઈ પણ ચીજથી માતા–પિતાના ઉપકારને બદલો વળી શકે તેમ નથી, એનો સ્વીકાર કર્યા સિવાય આત્મા ધર્મના માર્ગમાં આગળ વધી શકતો નથી.

માતા–પિતાના ઉપકારો દુષ્પ્રતિકાર છે,' એવી માન્યતા ધરાવનાર આત્મા, જ્યાં સુધી સંસારમાં રહે છે ત્યાં સુધી તે પોતાના માતા–પિતાની ભક્તિમાં તત્પર રહે છે. એથી તે અનેક દુર્ગુણોનો ભોગ થતો બચે છે. જેના જીવનમાં માતા–પિતા કે વડીલોની ભકિતએ મુખ્ય છે, તેના જીવનમાં અભિમાનાદિ દુર્ગુણો કે વિષયવિલાસાદિ પાપવાસનાઓ અમર્યાદિતપણે કદી જ પ્રવેશ પામી શકતી નથી.

આ કૃતજ્ઞતા ગુણનું અધિકાધિક પાલન કરવા માટે આત્મા જેમ જેમ ઉત્સાહિત થતો જાય છે, તેમ તેમ તેનામાં બીજા અનેકાનેક ગુણો વિકાસ પામતા જાય છે, એ દૃષ્ટિએ કૃતજ્ઞતા એ ગુણોનું બીજ છે. એ બીજમાથી

જયારે અંકુરા પ્રગટવાની તૈયારી થાય છે, ત્યારે આત્મા માતા-પિતાના દુષ્પ્રતિકાર ઉપકારને સુપ્રતિકાર બનાવવાનો માર્ગ શોધવા તલસે છે.

## ધર્મસેવા

કૃતજ્ઞતા ગુણનું પરિપૂર્ણ પાલન કરવા માટે કૃતજ્ઞ આત્માને સૌથી પ્રથમ જે માર્ગનું દર્શન થાય છે, તે માર્ગનું નામ ધર્મની સેવા છે.

એક ધર્મની સેવા જ માતા-પિતાના દુષ્પ્રતિકાર ઉપકારને સુપ્રતિકાર બનાવે છે. એ જ્ઞાન થયા પછી આત્મા જે રીતે એ ધર્મની પ્રાપ્તિ માતા-પિતાને થાય તેવા ઉપાયો યોજે છે. તેના કૃતજ્ઞતા ગુણની પોતાના માતા-પિતા ઉપર પણ છાપ પાડે છે. એ છાપની અસર તળે આવેલ માતા-પિતા યા વડીલો ધર્મની પ્રાપ્તિ કરે છે. એ રીતના યોગ્ય પ્રયત્નો દ્વારા ધર્મને પામેલા તેઓ દુષ્પ્રતિકાર મટી સુપ્રતિકાર બની જાય છે.

ધર્મપ્રાપ્તિ માટે અયોગ્ય માતા-પિતા પણ કૃતજ્ઞ આત્માને તો ધર્મની સેવામાં આગળ વધારનાર જ થાય છે. કૃતજ્ઞ આત્મા એવાં માતા-પિતાને ધર્મી બનાવવા ખાતર સ્વયં ધર્મી બનવા પ્રયત્ન કરે છે અને એ ખાતર બીજો ઉપાય નહિ જણાતાં 'ग्लानौषध वत्' માતાપિતાનો ત્યાગ પણ કરે છે. એ રીતે માતાપિતાનો ત્યાગ કરનાર તે જ જન્મમાં અગર જન્માન્તરમાં તેવા

પ્રકારના સામર્થ્ય દ્વારા અનેક આત્માઓ ઉપર ઉપકાર સ્વયં દુષ્પ્રતિકાર બની જાય છે.

## વિચારણીય મુખ્ય વિષય

કૃતજ્ઞતા ગુણનું આ મહત્ત્વ સમજનાર પ્રત્યેક આત્મા એ ગુણના પાલન ખાતર હિતૈષી અને તત્ત્વજ્ઞ પુરુષોની ચિંતાના બોજાને હલકો કરવા માટે જેટલા શક્ય પ્રયાસો કરે, તેટલા ઓછા છે.

આપણે અહીં જે વિષય વિચારવાનો છે, તે એ છે કે, આજે તત્ત્વજ્ઞ પુરુષોની ચિંતાનું મુખ્ય કારણ કોઈ પણ હોય, તો તે વર્તમાન જમાનામાં ફેલાએલી નાસ્તિકતા આદિ વિનાશક બદીઓનો ભોગ થનાર પ્રજાનો ભાવિ અનર્થ છે.

સત્ત્વગુણઘાતક વાતાવરણ અને વિપરીત કેળવણી દ્વારા પ્રસાર પામતી નિર્ભિક નાસ્તિકતા, સર્વાઈહાર વિષયલંપટતા અને અજ્ઞાનતાભરી લોકહેરી ભારતવર્ષના અનેક નિર્દોષ આત્માઓનો કારમી રીતે ભોગ લઈ રહી છે.

આસ્તિકતાપ્રધાન, સંતોષપ્રધાન અને ધર્મપ્રધાન દેશની પ્રજામાં નાસ્તિકતા, અસંતોષ અને અધર્મનો પ્રચાર જેટલી ઝડપથી આજે થઈ રહ્યો છે એટલી ઝડપથી પૂર્વે કદી થયો હશે કે કેમ એ એક શંકાસ્પદ વાત છે.

તત્ત્વજ્ઞોની દૃષ્ટિએ મરકી, કોલેરા, ઈન્ફલ્યુએન્ઝા, કોઢ આદિ બાહ્ય રોગો એટલા ભયંકર નથી, જેટલા ભયંકર નાસ્તિકતા આદિ આન્તરિક ચેપી રોગો છે.

## નાસ્તિકતા

નાસ્તિકતા એ કોઈ શારીરિક રોગ નથી. એ જો શારીરિક રોગ હોત, તો એની ચિંતા કરનારા દયાળુઓ પણ આ દુનિયામાં ઊભરાયા વિના રહેત નહિ. કારણ કે શરીરના સુખને ચાહનારાની સંખ્યા આ દુનિયામાં ઘણી મોટી છે.

આમ તો શરીરસુખની ચિંતા લગભગ સહુ કોઈ કરે છે, કરતા હતા અને કરશે; પરંતુ પોતાને ભણેલા, ગણેલા અને સમજદાર કહેવડાવનારા વર્ગમાંથી કેવળ શરીરના સુખની ચિંતા કરનારા જેટલા આ જમાનામાં જન્મ્યા છે, તેટલા પૂર્વે ભાગ્યે જ જન્મ્યા હશે એમ કહેવામાં અતિશયોક્તિ જણાતી નથી.

આજના કહેવાતા ભણેલાઓની ચિંતા મુખ્યત્વે એક જ છે કે, 'શરીર–સુખ કેમ અધિક ભોગવાય ?' જેમ

જેમ ભણતર વધે તેમ તેમ શરીર–સુખનો મોહ વધે, તો ભણતરને સાચું ભણતર કહેવાય કે કેમ? એ પણ એક વિચારણીય મુદ્દો છે.

## ભણતર યાને વિદ્યા

ભણતરનો પર્યાય શબ્દ વિદ્યા જેમ જેમ વિદ્યા વધે તેમ તેમ અવિદ્યા નાશ પામે, એ એક સિદ્ધ બાબત છે.

પ્રકાશ અને અંધકાર એક સ્થાને કદી જ સાથે રહી શકતાં નથી. વિદ્યા એ પ્રકાશ છે. અવિદ્યા એ અંધકાર છે. એ બેઉને પરસ્પર વિરોધ છે. આજના જમાનામાં જો ભણતર યાને વિદ્યા જ વધી છે તેમજ વધે છે, તો શરીરસુખનો આટલો મોહ કઈ રીતે ટકી શકે?

આજના મોટા ભાગના માનવીઓએ પોતાના શારીરિક સુખના સંરક્ષણ ખાતર થતી હિંસાને હિંસા ગણી નથી અને પાપને પાપ ગણ્યું નથી. જીવતા પંચેન્દ્રિય પ્રાણીઓના સંહાર દ્વારા પણ પોતાને શરીર–સુખ મળતું હોય, તો તેનો આજના કહેવાના ભણેલાઓને ઈન્કાર નથી. મદિરા, માંસ આદિ મહાઅભક્ષ્ય પદાર્થોના પણ ભક્ષણ દ્વારા પોતાનું શારીરિક સ્વાસ્થ્ય સચવાતું હોય તો તેનું સેવન કરવા આજનો ભણેલો તૈયાર છે. શરીરસુખનો આ જાતનો મોહ, અવિદ્યામાં જન્મે છે કે વિદ્યામાંથી એની પણ આજના ભણેલા કહેવાતાઓને ગમ રહી નથી.

## અવિદ્યા શું છે?

અવિદ્યા એટલે એક જાતનું ઘોર અજ્ઞાન.

દુઃખને સુખ માનવું, અસ્થિરને સ્થિર સમજવું, અપવિત્રમાં પવિત્રપણાની બુદ્ધિ પેદા થવી અને અનાત્મ જડ પદાર્થોમાં આત્મત્વનો ભ્રમ થવો એ બધો અવિદ્યાનો વિસ્તાર છે. જો આજનો ભણેલો વર્ગ પણ એવી જ જાતના બુદ્ધિના ભ્રમમાં ઘેરાતો જતો હોય, તો એને તત્ત્વજ્ઞ પુરુષો ભણતર કહેવાની ના પાડે, એમાં આશ્ચર્ય જેવું કંઈ જ નથી.

તે ભણતર એ ભણતર જ નથી, કે જે ભણતર પ્રાપ્ત થયા પછી સ્વયં દુઃખસ્વરૂપ અને પરિણામે પણ દુઃખને જ આપનારાં કારણોને આત્મા સુખસ્વરૂપ કે સુખને જ આપનારાં સાધનો માને.

હિંસા એ સ્વયં દુઃખ છે કે સુખ? જૂઠ એ સ્વયં દુઃખ છે કે સુખ? ચોરી, અનીતિ કે અન્યાય એ સ્વયં દુઃખ છે કે સુખ? મૈથુન પરદારાગમન કે વિધવાગમન એ દુઃખ છે કે સુખ? પરિગ્રહ, લોભ, અહંત્વ કે મમત્વ એ દુઃખ છે કે સુખ?

જે ભણતર આટલો પણ વિવેક કરાવી આપવામાં નિષ્ફળ નીવડે છે, તે ભણતરને 'ભણતર' કહેવું કે કહેવડાવવું, ઓળખવું કે ઓળખાવવું એ ભણતર શબ્દની ઘોર વિડંબના છે. તત્ત્વજ્ઞાનીઓએ એને વિદ્યાનો પ્રચાર નથી માન્યો, કિન્તુ તેઓની દૃષ્ટિએ એ કેવળ અવિદ્યાનો પ્રચાર છે.

## દુઃખનાં પરમ કારણ

હિંસા, જૂઠ, અનીતિ, વ્યભિચાર કે પરિગ્રહ આદિ

ક્રિયાઓ એ કેવળ દુઃખરૂપ જ છે એમ નથી, પરંતુ દુઃખનાં પરમ નિમિત્ત છે.

'હિંસા જૂઠ, અનીતિ આદિ દુઃખ છે કે સુખ? અને તે દુઃખનાં નિમિત્ત છે કે સુખનાં? એ પ્રકારના પ્રશ્નને બુદ્ધિમાનો સમક્ષ અવકાશ જ નથી.

જગતનો કોઈ પણ માનવી હિંસા, જૂઠ, અનીતિ આદિ કાર્યો ને દુઃખરૂપ ન માનતો હોય, એવું છે જ નહિ: પરંતુ આસ્તિક અને નાસ્તિમાં અંતર એટલું જ છે કે, નાસ્તિક આત્મા જ્યારે પોતાનો કોઈ પીડે, પોતાને કોઈ ઠગે, પોતાના પ્રત્યે કોઈ અનીતિભર્યો વર્તાવ રાખે, ત્યારે જ માત્ર સામાને દુઃખ આપનાર અને પાપી માને છે.

આસ્તિક આત્મા તો જેવી રીતે પોતાને દુઃખ આપનાર, છેતરનાર કે વિશ્વાસઘાત કરનારને પાપી અને દુષ્ટ માને છે, તેવી જ રીતે પોતે પણ જે જે આત્માઓને પીડે છે, દુઃખ દે છે કે ઠગે છે, તેને પણ પાપ અને ગુન્હો માને છે, અને તેવા પાપ અને ગુન્હાઓનું માઠું ફળ પોતાને પણ ભોગવવું પડશે એમ સ્વીકારે છે,

હિંસા આદિ ઘોર પાપો પોતાના પ્રત્યે કોઈ આચરે, ત્યારે તેને પાપ માનવાં, અને પોતે બીજા પ્રત્યે આચરે ત્યારે તેને પાપ ન માનવાં આ પ્રકારનો ઘોર અન્યાય કર્મસત્તા જેવી ન્યાયી સત્તા ચલાવી લે, એ શું સંભવિત છે?

## કર્મસત્તા

પરંતુ દુઃખની વાત છે કે નાસ્તિક આત્માઓ કર્મ-સત્તા જેવી કોઈ સત્તા આ જગતમાં અસ્તિત્વ ધરાવે છે, એ માનવા જ તૈયારી નથી.

હિંસાદિક પાપો પોતાને જ્યારે દુઃખરૂપ છે અને પોતાની પ્રત્યે તેને આચરનારો સર્વ પ્રકારની શિક્ષાને પાત્ર છે, એવું માનનાર આત્મા પણ તે જ ક્રિયાઓ જ્યારે પોતે બીજા પ્રત્યે આચરે, ત્યારે તેનુ ફળ કે તેની શિક્ષા નથી એવું માનવાની ધૃષ્ટતા કરે, તેના જેવો અજ્ઞાન, અવિવેકી કે દયાપાત્ર બીજો કોણ હોઈ શકે?

## તત્ત્વજ્ઞોની ચિંતા

એવી જ રીતે નાસ્તિક આત્માની મતિમંદતાના ઉદાહરણો આ જગતમાં એટલા વિપુલ પ્રમાણમાં છે કે તત્ત્વજ્ઞ પુરુષોને તેમના જેવા દયાપાત્ર, પામર અને દીન આત્માઓ અન્ય કોઈ નજરે ચઢયા નથી.

પોતાની અજ્ઞાન અને વિવેકશૂન્ય માન્યતાઓના પ્રતાપે નાસ્તિક બનેલો આત્મા, આ મનુષ્યજીવનમાં એકલા પાપનો સંચય કરે છે. એ પાપના ભારથી ભારે થયેલો તે આત્મા, જીવન પૂરું થયા બાદ કારમા દુઃખનો ભોગ થઈ પડે છે. તે વખતે એના બચવા માટે એની પાસે કોઈ સાધન હોતું નથી તત્ત્વજ્ઞ પુરુષો આ બધી વસ્તુસ્થિતિ જાણતા હોવાથી જગતના નાસ્તિક આત્મા-ઓને સૌથી અધિક દયાની નજરે જુએ છે.

## નાસ્તિક મતનો પ્રચાર

નાસ્તિક મતનો પ્રચાર, એ જગતના જીવો માટે જોખમરૂપ બાબત છે, એ વસ્તુ આજે સારા ગણાતા માણસો પણ વિસરવા લાગ્યા છે. એના પ્રતાપે જગતમાં મતનો પ્રચાર અધિક વેગવંત બન્યો છે.

ચેપી રોગની જેમ ઘેર–ઘેર આજે નાસ્તિક–મતનો વાયુ પ્રવેશ પામી રહ્યો છે. લગભગ બધા એને જ ભણે છે અને એને જ વખાણે છે. એના ફેલાવાથી થતી તેમજ થનારી હાનીની વાત ભાગ્યે જ ક્યાંક સાંભળવા મળે છે. તેમજ પરિસ્થિતિ પણ એવી કથળી છે કે કોઈ વાત કરવા માગે તો તેને સાંભળવા જેટલી પણ ધીરજ, ફુરસદ કે દરકાર પણ રહી નથી.

## નાસ્તિકતાની ભીષણતા

નાસ્તિકતાના પ્રચાર માટે દુનિયામાં ભારે પ્રયત્નો થઈ રહ્યા છે, એ જ એક કારણે નાસ્તિકનો પ્રચાર અધિક વેગ પકડતો જાય છે, એમ પણ એકાંત નથી. જેટલા જોરથી આજે નાસ્તિકનો પ્રચાર થઈ રહ્યો છે. તેના કરતાં અનેક ગણા અધિક વેગથી આસ્તિકતાંનો પ્રચાર કરવામાં આવે, તો પણ નાસ્તિકતા જેટલો આસ્તિકતાનો પ્રચાર થવો તે શકય નથી.

એ ભૂલવા જેવું નથી કે નાસ્તિકતા એ એક પ્રકારનો ચેપ છે અને આસ્તિકતા એ એક પ્રકારનું ઔષધ છે.

છે. ચેપનો પ્રચાર સ્વયં પણ થઈ શકે છે ઔષધનો પ્રચાર પ્રયત્નસાધ્ય છે. વગર પ્રયત્ને નાસ્તિકતાનો પ્રચાર શક્ય છે, જ્યારે આસ્તિકતાનો પ્રચાર, પ્રયત્ન જેટલો પણ ફળે એવો નિયમ નથી.

નાસ્તિકતાનું ઉત્પત્તિસ્થાન વિષયલંપટતા છે. જગતનું પ્રત્યેક પ્રાણી વિષયલંપટતાને આધીન છે. પોતાની વિષય-લંપટતાના કારણે જગતના જીવોને નાસ્તિક માર્ગ જેટલો પસંદ પડે છે, તેટલો આસ્તિક–માર્ગ કદી પણ પસંદ પડતો નથી એટલા જ માટે જ્ઞાની પુરુષોએ નાસ્તિક આત્માઓનો સંસર્ગ દૂરથી ત્યજવા યોગ્ય છે, એવું ભાર-પૂર્વક જણાવ્યું છે.

## નાસ્તિકોનું પ્રિયસૂત્ર

નાસ્તિક મતનો પ્રભાવ કુમળી વયનાં બાળકોથી માંડી, વિદ્વાનમાં વિદ્વાન ગણાતા વર્ગ ઉપર પણ ઝડપથી ફેલાઈ જવાનું કોઈ પણ કારણ હોય તો તે વિષયલંપટ-તાને પોષનારું નાસ્તિકોનું નીચેનું પ્રિય સૂત્ર છે.

'तपांसि यातनाश्चित्राः, संयमो भोगवञ्चना ।'

નાસ્તિકોનું આ પરમ પ્રિય સૂત્ર છે. જગતમાં તપ અને સંયમ નકામાં છે, એવું નિર્ભિક શિક્ષણ આપવા માટે નાસ્તિક-મત સમાન કોઈ શાળા નથી.

તપ અને સંયમને નિર્ભયપણે બિનજરૂરી જાહેર કરવાનું જો કોઈએ પણ બીડું ઝડપ્યું હોય તો તે નાસ્તિક

મતે ઝડપ્યું છે, નાસ્તિક મત સિવાય કોઈ પણ મત તપ અને સંયમને નિરર્થક કહેવાની હિંમત કરી શકે તેમ નથી. એ જ કારણે આજે નાસ્તિક મત જગતના મોટા ભાગને બીજા બધા મતો કરતાં અધિક રૂચિકર બની ગયો છે.

## જર્જરિત કિલ્લો

એક નાસ્તિક–મતને છોડી પ્રત્યેક મતવાળાઓ આત્મા, પરલોક, પુનર્જન્મ આદિ પદાર્થોને કોઈ ને કોઈ સ્વરૂપે માનતા હોવાથી, પોતાના અનુયાયીઓને એક યા બીજા પ્રકારે તપ અને સંયમનું આચરણ કરવા માટે પ્રેરણા કરે છે.

પ્રાણીઓની અનાદિકાલીન સ્વાભાવિક વિષયલંપટતા એ પ્રેરણાની આડે આવે છે. નાસ્તિક–મતનો સહવાસ એ વિષયલંપટતાને ઉશ્કેરે છે. એ કારણે નાસ્તિક–મતનો સંસર્ગ અજાણતાં પણ ન થઈ જાય. એની સાવધાની રાખવા દરેક મતવાળા ફરમાવે છે.

એ સાવધાની પ્રત્યે જેટલી બેદરકારી–તેટલું આત્માનું પતન, એમ ભારપૂર્વક ઉપદેશે છે. એ ફરમાનોને અને ઉપદેશોને પ્રજા જ્યા સુધી વફાદાર રહી, ત્યાં સુધી નાસ્તિક-મત ગમે તેટલો મોહક હોવા છતાં, તેનો ચેપ પ્રજા ઉપર લાગી શકયો નથી.

નાસ્તિક–મતના જોરદાર પ્રચારકાર્યે આજે એ ઉપદેશો અને ફરમાનો ઉપર લોકોને પગ મૂકતા કરી દીધા છે.

એથી સુરક્ષિત પ્રજા અરક્ષિત બની ગઈ છે. હિતકર ફરમાનો ઉપર એક વખત પગ મૂકી દેવા રૂપ પતન વહોર્યા પછી, તેના તરફ પૂર્વવત્ બહુમાન દાખવવા માટેના પ્રયાસો મોટે ભાગે નિષ્ફળ જાય છે.

નાસ્તિકતાના પ્રચાર સામે રક્ષણ કરવાનો મજબૂતમાં મજબૂત કિલ્લો તેનો સંસર્ગ ત્યજવાનો હતો. તે આજે જર્જરિત બની ગયો છે. જ્યાં સુધી એ કિલ્લો ફરી સુદૃઢ ન બને, ત્યાં સુધી નાસ્તિક-મતના ચેપથી પ્રજાને સર્વથા સુરક્ષિત રાખવાનું કાર્ય સાધી શકાય તેમ નથી.

## જ્ઞાનીઓનું મંતવ્ય

તપ અને સંયમ એ નિરર્થક યાતના અને વંચના છે, એવું શીખવનાર નાસ્તિક-મત જગતના મોટા ભાગને પસંદ આવી ગયો છે. એનું કારણ આજના જીવોની બુદ્ધિમતા નથી, પણ વિષયલંપટતા છે. કોઈ કાળે બુદ્ધિમત્તા નાસ્તિકતાની તરફેણમાં ઊભી રહી નથી અને ઊભી રહી શકે તેમ પણ નથી.

# ૩ : એક વિવેકના અભાવે

## * પ્રમાણ વગરનો વાદ *

દુનિયામાં અનેક એવા મતો પ્રચલિત છે કે, જેની પાછળ તે મતોના સિદ્ધાંતોને સત્ય સાબિત કરવા તે-તે મતવાળાઓ પાસે કેટલાંક પ્રમાણો હોય છે. પરંતુ તે સર્વ મતોમાં નાસ્તિક મત, એ એવા પ્રકારનો મત છે કે, જે સર્વથા પ્રમાણશૂન્ય છે.

પોતાના મતને પણ મત કે દર્શન તરીકે સ્થાપન કરવા માટે પ્રત્યક્ષ પ્રમાણ તેને માન્ય છે, એવો દેખાવ જરૂર કરવો પડયો છે; પરંતુ તેનો એ દેખાવ એટલો બધો પોકળ છે કે વિચક્ષણ પુરુષો પાસે તે ટકી શકે તેમ નથી.

પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ એવી ઘણી વસ્તુઓ છે કે, જેનો સ્વીકાર કરવા જતાં નાસ્તિક-મતવાદીઓને પોતાના સિદ્ધાંતોનો ત્યાગ કરવો પડે તેમ છે. પ્રત્યક્ષ પણ તેને તેટલું જ માન્ય છે જેટલું તેને ઈન્દ્રિયપોષણમાં સહાયક હોય. પાંચે ઇન્દ્રિયોના ભોગો યથેચ્છપણે ભોગવી શકાય
૨ એજ નાસ્તિકમતનું લક્ષ્ય છે. એ ધ્યેયની આડે આવનાર

કોઈ પણ વસ્તુ, ચાહે તે પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થનારી હોય, તો પણ તેને માનવા તે તૈયાર નથી.

આત્મા આદિ અનેક પદાર્થો એવા છે કે, સ્વસંવેદન પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ હોવા છતાં પણ, નાસ્તિકમતવાળો પોતાની ભોગલાલસાના કારણે તેનો તિરસ્કાર કરે છે. એટલા જ માટે નાસ્તિકવાદ એ પ્રમાણ શૂન્યવાદ છે.

## * કેવળ ભોગનો અર્થ *

પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થનારી સઘળી વસ્તુઓ નાસ્તિકમતને માન્ય નથી એ વાત સારી રીતે ખ્યાલમાં હોવાથી દર્શનશાસ્ત્રવેત્તાઓએ નાસ્તિકમતની વ્યુત્પત્તિ અન્ય રીતે પણ કરી છે.

કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સ્વરચિત સ્વોપજ્ઞ **'અભિધાન ચિન્તામણિ'** નામમાળામાં નાસ્તિક શબ્દની વ્યુત્પત્તિ કરતાં ફરમાવે છે કે, " नास्ति पुण्यं पापमिति मतिरस्येति नास्तिकः "

અર્થાત્ અહીં વ્યુત્પત્તિકાર એમ નથી સમજાવતા કે, 'પ્રત્યક્ષ સિવાય અન્ય કોઈ પ્રમાણો નથી, એવી મતિ જેની હોય તે નાસ્તિક,' પરંતુ એમ કહે છે કે, "પુણ્ય અને પાપ, ઉપલક્ષણથી આત્મા અને પરલોક, સદ્‌ગતિ અને દુર્ગતિ આદિ પદાર્થો નથી, એવી જેની મતિ હોય તે નાસ્તિક.'

આ અર્થ બરાબર સંગત થાય છે. કારણ કે નાસ્તિકને પોતાનાં ઐહિક ભોગ-સુખને બાધક જેમ પરોક્ષ વગેરે પ્રમાણો માનવાં નથી, તેમ પ્રત્યક્ષ પ્રમાણો પણ માનવાં

નથી. તેવીજ રીતે પોતાનાં ઐહિક સુખોને સાધક પ્રત્યક્ષ પ્રમાણો માનવાં છે, તેમજ અનુમાનાદિ પરોક્ષ પ્રમાણો પણ માનવાં છે. અર્થાત્ તેનું ધ્યેય પ્રમાણ-અપ્રમાણ ઉપર નથી, પરંતુ મનગમતાં ભોગ-સુખોને ભોગવવા ઉપર છે.

જયારે અન્ય દર્શનકારોનું ધ્યેય તેનાથી વિપરીત છે. ભોગ-સુખની આડે આવતું પ્રમાણ તેમને ત્યાજય નથી, પણ માન્ય છે. અને તે પ્રમાણની આડે આવતાં ભોગ-સુખો તેમને ત્યાજય છે. અર્થાત્ નાસ્તિકમત, એ ભોગનો અર્થી છે કિન્તુ સત્યનો અર્થી નથી.

### * અમારું લક્ષ્ય *

સત્ય કરતાં પણ ભોગની કિંમત અધિક આંકવાના કારણે જ નાસ્તિકમત વિદ્વાનોમાં અપ્રિય થઈ પડયો છે. પરંતુ વિદ્વાનોમાં નાસ્તિક મત જેટલો અપ્રિય છે, તેટલો જ તે આજની દુનિયામાં પ્રિય થઈ પડયો છે.

એટલા જ માટે જ્ઞાની ભગવંતોને કહેવું પડે છે કે, આ જમાનો જ્ઞાનનો નથી, પરંતુ અજ્ઞાનનો છે. વિદ્યાનો નથી, પણ અવિદ્યાનો છે. સદાચારનો નથી, કિન્તુ અનાચારનો છે.

વર્તમાન જમાના માટે તત્ત્વવેત્તાઓ તરફથી અપાતાં આ વિશેષણો જે કોઈ આત્માને ખૂંચતાં હોય તે આત્માને અમે ભાગ્યવાન માનીએ છીએ.

આજે એવા ઘણા આત્માઓ છે કે, જેઓ આ જમા-

નામાં જ્ઞાનને બદલે અજ્ઞાનનો, વિદ્યાને બદલે અવિદ્યાનો અને સદાચારને બદલે અનાચારનો પ્રચાર થઈ રહ્યો હોવા છતાં, જાણતાં કે અજાણતાં તેને જ્ઞાનનો, વિદ્યાનો અને સભ્ય આચરણનો પ્રચાર માની રહ્યા છે. એવા આત્માઓની ભ્રાન્તિ નાશ પામે અને સત્ય જ્ઞાન, સત્ય વિદ્યા અને સત્ય આચરણ શું છે, તેનો ખ્યાલ આવે, તે લક્ષ્યપૂર્વકનું આ લખાણ છે.

વર્તમાન જમાનાના યથાર્થ નિરૂપણ દ્વારા, જ્ઞાન, વિદ્યા અને સદાચારના અર્થી આત્માઓને, જમાનાની લપસણી મોહકતા તેમજ આકર્ષકતા તરફ ખેંચાઈ જતા ઉગારી લેવાનું અમારું લક્ષ્ય છે.

## * બુદ્ધિનો દ્રોહ *

બાહ્ય સુંદરતા—મોહકતાની પાછળ પાગલ બનનારાઓની હાલત કેવી દયામણી બની જાય છે, એ આ દુનિયાના અનુભવીઓની જાણ બહાર નથી. દિવાની ઝળહળતી જ્યોતથી આકર્ષાઇને તેમાં ઝંપલાવતાં પતંગિયું તત્કાળ પોતાના પ્રાણ ખોઈ બેસે છે તે કોણ નથી જાણતું !

પતંગિયું ચાર ઈન્દ્રિયોવાળુ હોવાથી અસંજ્ઞી પ્રાણી છે, તેથી તે ભવિષ્યની આપત્તિનો વિચાર નથી કરી શકતું—એમ માની લઇએ, પણ મનુષ્ય તો સંજ્ઞી પંચેન્દ્રિય છે, ભવિષ્યની આપત્તિનો વિચાર કરવાની શક્તિવાળો છે, તેમ છતાં પણ ગણિકાના કે પરસ્ત્રીના બાહ્ય રૂપ કે અલંકારના બાહ્ય ચળકાટમાં અંજાઈ જઇને તે પણ

પતંગિયાની જેમ તેમાં ઝંપલાવી દે છે.

એ રીતે જે કોઈ આત્મા, બાહ્ય મોહકતા કે સુંદરતા જોઇને પોતાના ભવિષ્યનો ખ્યાલ કર્યા વિના જ તેના ઉપર મોહ પામે છે, તે આત્મા થોડા વખતમાં જ પોતાનો સર્વનાશ નોતરે છે, એમાં લેશ માત્ર સંદેહ નથી.

બુદ્ધિમાન પ્રાણી માટે ભવિષ્ય એ મુખ્ય વસ્તુ છે. વર્તમાનની મોહકતા ભવિષ્યની પાયમાલી ભૂલાવી દે તો તે બુદ્ધિમત્તાનું લક્ષણ નથી, પરંતુ અજ્ઞાનતા છે.

જેનાથી નિજ ભવિષ્યની પાયમાલી થતી હોય, તેવી વર્તમાનની મોહકતા ઉપર-ઉપરથી સુંદર દેખાતી હોવા છતાં ભીતરથી ભયંકર છે, કિંપાકના ફળ જેવી છે. આવી જેની સમજ છે, તે માનવી વિવેકી તેમજ બુદ્ધિમાન છે.

સંજ્ઞી અને અસંજ્ઞીમાં જો પાયાનો કોઈ ફેર પડતો હોય તો તે એ છે કે અસંજ્ઞી આત્માઓ કેવળ વર્તમાનકાળના નિર્વાહની ચિંતા કરે છે, જ્યારે સંજ્ઞી આત્માઓ વર્તમાનની સાથોસાથ ભૂત અને ભવિષ્યનો પણ વિચાર કરે છે.

ભૂત અને ભવિષ્યનો વિચાર નહિ કરનાર, જેમ સચેતન છતાં અસંજ્ઞી છે, તેમ વર્તમાનકાળના સુખની ખાતર ભવિષ્યનાં સુખોની ઘોર ખોદનારા બુદ્ધિમાન હોવા છતાં બુદ્ધિહીન છે.

કહેવાનો ભાવાર્થ એ છે કે, બાહ્ય મોહકતા અને સુંદરતા આકર્ષક હોવા છતાં, તેના આકર્ષણમાં પડી

આંતરિક અને યથાર્થ જીવનનો વિનાશ કરી નાખવો, એ પુણ્યથી મળેલી બુદ્ધિનો દ્રોહ કરવા બરાબર છે.

## * આસ્તિકો સામે પ્રશ્ન *

'અવિદ્યા એ નાસ્તિક–મતનું બીજ છે' એ પ્રતિપાદન ઉપર કોઇ ભણેલા માણસને શંકા થશે કે, 'આજની વિદ્યાને તમે અવિદ્યા કેમ કહો છો ?"

આ શંકા વ્યાજબી ગણાય. કારણ કે કોઈપણ વસ્તુનું જ્ઞાન મેળવવું એનું નામ વિદ્યા છે. અને એવી વિદ્યા આ જમાનામાં ખૂબ ખૂબ ફેલાવો પામી છે.

જેમ કે આજનો વિજ્ઞાનવાદ અને રસાયણવાદ, રેડીઓ અને વાયરલેસ, ટેલિફોન અને ટેલીગ્રાફી, રેલ્વે અને મોટર, એરોપ્લેન અને સબમરીન, સ્ટીમર અને ક્રુઝર, આંતરખંડીય પ્રક્ષેપણાસ્ત્રો અને હાઈડ્રોજન બોમ્બ, દુરબીન અને સૂક્ષ્મદર્શક યંત્રો, બોલતાં ચલચિત્રો વગેરે.

વિના વિદ્યાએ આમાંની એક પણ શોધ થવી શકય નથી. એવી હજારો શોધો થઈ ચૂકી અને સેંકડો નવી થતી જાય છે, તેમ છતાં આ જમાનો વિદ્યાનો નથી, એમ માનવું એ પ્રત્યક્ષ પ્રમાણનો અપલાપ કરવા સમાન છે. એજ કારણે વર્તમાન શિક્ષણ પામેલાઓ પૈકીના કેટલાક કહે છે કે, 'દુનિયાની આટઆટલી શોધોને પણ તમે વિદ્યા કહેવા તૈયાર ન હો અને કેવળ ધર્મસ્થાન કે ઘરના ખૂણામાં બેસી રહીને જૂના જમાનામાં લખાએલાં તેનાં તે પુસ્તકોને વારંવાર વાંચી, સમય નકામો બરબાદ કરવો

તેને જ જો તમે વિદ્યા કહેતા હો, તો તેવી વિદ્યા સ્વીકારવા માટે અમે તત્પરતા ન દાખવીએ-એમાં ખોટું શુ છે ? આજ સુધી અમારી અજ્ઞાન દશાનો લાભ લઈને તમે જેમ કહ્યું તેમ અમે કર્યું, પરંતુ હવે વર્તમાન દુનિયાએ અમારી આંખ ખોલી નાખી છે, તેથી ઝડપથી પ્રગતિ કરી રહેલા જમાનામાં આજ સુધી અમે જેટલા પાછળ પડી ગયા છીએ, તેટલા જ વેગથી આગળ વધવા માટે જૂના જમાનાની શાસ્ત્રીય વાતો ઉપર હવે અમે ધ્યાન આપવા તૈયાર નથી.'

## * વિવેકનો અભાવ *

આ રીતે વર્તમાન જમાનાની વિદ્યાનો પક્ષ કરનારા આત્માઓ છેક જ અજ્ઞાન છે અગર દુષ્ટ આશયવાળા છે, એમ આપણે ન કહી શકીએ.

પ્રગતિની દાઝ વિના, ઉન્નતિની ધગશ વિના અગર અમુક પ્રકારના જ્ઞાન વિના આટલા વિચારો આવવા એ શક્ય નથી. આ પ્રકારના વિચારો જેઓને આવતા હોય તેઓ પોતાની તેમજ સમાજની ઉન્નતિના અર્થી છે, એટલું જ નહિ પણ આપણે હવે વધુ પછાત ન પડી જઈએ, તેની પૂરેપૂરી કાળજીવાળા પણ છે. આ જાતની કાળજી અને આ જાતનું અર્થીપણું અવશ્ય વખાણવા લાયક છે.

પરંતુ આ બાબતમાં ખાસ નોંધપાત્ર મુદ્દો એ છે કે, એકલી ધગશ કે એકલી કાળજીથી કોઈપણ કાર્ય સિદ્ધ

થતું નથી. ધગશ અને કાળજીની પાછળ એક એવા પ્રકારની શક્તિની આવશ્યકતા રહે છે, કે જે ન હોય તો સઘળી ધગશ અને કાળજી ઉન્માર્ગે વપરાઈ જાય.

એ શકિતનું નામ છે વિવેક અને એ વિવેકનો આજે મહદ્અંશે અભાવ દેખાય છે. એક વિવેકના અભાવે આજે અનેક ઉછળતા લોહીવાળાઓની અમૂલ્ય શકિતઓ પ્રત્યાઘાતી કાર્યોમાં વપરાઈ રહી છે. જે શકિતઓનો સદુપયોગ ધાર્યું કાર્ય આપવા સમર્થ હતો, તે જ શકિતઓનો ઉપયોગ આજે ભીષણ અકાર્યોમાં થઈ રહ્યો છે.

વિવેકએ આત્માનો ગુણ છે. જડમાં એ ગુણ હોતો નથી.

સારૂં અને ખોટું, એનું પૃથક્કરણ કરવું એ વિવેકને આધીન છે. હિતકર, અને અહિતકર, એ બંનેની પરીક્ષ કરી હિતનો સ્વીકાર કરવો અને અહિતનો ત્યાગ કરવો એ વિવેકનું કાર્ય છે.

જડવાદનો આંધળો પ્રચાર, એ વિવેકગુણનો વિનાશક છે. એટલા માટે 'જડ શું ? અને ચૈતન્ય શું ?' એનો વિચાર કર્યા વિના વિવેકની પ્રાપ્તિ થવી શકય નથી. જેઓ કેવળ જડમાં જ આસક્તિ રાખીને, જડની ઉન્નતિમાં જ પોતાની ઉન્નતિ સમજે છે, તેઓ વિવેકગુણથી ખૂબ વેગળા છે.

જડની પૂજાનો યા જડની આસક્તિનો અર્થ અહીં એ છે જે, અચેતન પદાર્થોના ભિન્ન-ભિન્ન પ્રકારના આવિષ્કારો જોઇને હર્ષિત થાય અને આનંદ માને.'

આ દુનિયા, જડ અને ચેતન એ બે પ્રકારના પદાર્થોનું સંગ્રહસ્થાન છે.

જેને રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ છે, તે જડ કહેવાય છે.

જેને રૂપ નથી, રસ નથી, ગંધ નથી, સ્પર્શ નથી અને શબ્દ નથી, કિંતુ જ્ઞાન છે, બુદ્ધિ છે, સુખ–દુઃખનો અનુભવ છે, તે ચેતન કહેવાય છે.

સંસારીઓનું ચૈતન્ય જડની સાથે એવી રીતે ભળી ગયેલું હોય છે કે, જડની સહાય વિના રહી પણ શકતું નથી અને પ્રગટ પણ થઈ શકતું નથી. એનું એજ એક કારણ છે કે, 'સંસારસ્થ જીવો ચૈતન્યસ્વરૂપવાળા હોવા છતાં જડને ચાહે છે, જડની પ્રાપ્તિમાં આનંદ માને છે અને જડના વિયોગમાં દુઃખ અનુભવે છે.'

જડની સાથે આ રીતે એકમેક થઈ ગએલું ચૈતન્ય, એ અત્યારે જડને જ એક પોતાનો આધાર માને છે. આ જાતની જડની પરાધીનતા એજ ચૈતન્યના વિવેકગુણનો વિનાશ કરવા માટે પ્રબળ નિમિત્ત છે.

## * જડ–ચેતનનું પૃથક્કરણ *

ચેતન અને જડ એ આસપાસમાં એકમેક જેવા થઇને રહેલા હોવા છતાં, જડ તે જડ છે, ચેતન તે ચેતન છે.

જેમ દૂધ અને પાણી, લોઢું અને અગ્નિ, વાયુ અને જળ એ પદાર્થો ભિન્ન ભિન્ન હોવા છતાં, પરસ્પરમાં મળી જાય છે તે પછી, તેની ભિન્નતા અનુભવવી મુશ્કેલ પડે છે, તેમ ચેતન અને જડ એ બંને પરસ્પરમાં મળી જતાં, બેઉની ભિન્નતા કળવામાં મુશ્કેલી પડે છે. તો પણ

હંસની ચાંચ જેમ દૂધ અને પાણીને અલગ કરી શકે છે, જળનો છંટકાવ લોઢા અને અગ્નિનો વિયોગ કરાવી આપે છે અને પ્રયોગશાળામાંનો પ્રયોગ વાયુ અને જળનું પૃથક્કરણ કરી આપે છે, તેમ યોગ દ્વારા ચેતન અને જડ, એ બે સ્વતંત્ર દ્રવ્યોને અલગ કરી શકાય છે. એટલું જ નહિ પણ એ બેના સંયોગ વખતે પણ ચેતન અને જડ પોતપોતાનાં ભિન્ન લક્ષણો દ્વારા પોતાનો ભેદ સ્પષ્ટ દર્શાવી આપે છે.

સુખ-દુઃખનો અનુભવ જડ નહિ પણ ચેતન કરી શકે છે. જડને સુખ-દુઃખની લાગણી થતી નથી અને ચેતનને તે થાય છે, એ વાત સિદ્ધ કરવી પડે તેમ નથી. પરંતુ દરેકને સ્વાનુભવ-સિદ્ધ છે.

શરીર ઉપર થએલો પ્રહાર કે શરીરને પહેરાવેલો હાર, એ સુખ-દુઃખના અનુભવમાં નિમિત્ત બને છે. અને શરીરથી દૂર રહેલા જડ પદાર્થો ઉપર ચઢાવેલો હાર કે કરેલો પ્રહાર, તેને સુખ-દુઃખનો લેશમાત્ર અનુભવ કરાવનાર થતા નથી.

એથી એ સિદ્ધ થાય છે કે, 'સુખ-દુઃખનો અનુભવ કરનાર કોઈ પદાર્થ શરીરમાં જ રહેલો છે પણ શરીરની બહાર નથી.' એ પદાર્થનું નામ ચેતન છે. અને વર્તમાન અવસ્થામાં તે અચેતન એવા કર્મના બંધનથી બંધાએલો છે.

## * આસ્તિકવાદીઓનો પ્રશ્ન *

વર્તમાન જગત સામે આસ્તિકવાદીઓનો પ્રશ્ન છે કે,

'તમે શોધ-ખોળોની જે હારમાળાઓ જોઈ-જોઈને ખુશી થાઓ છો, તે શોધખોળોની હારમાળાઓમાં ચૈતન્ય-તત્ત્વનો વિકાસ થઈ રહ્યો છે કે જડ-તત્ત્વનો ?'

તાર કે ટેલિફોનથી મોહ પામનારા રેલ્વે, મોટરો કે હવાઈજહાજો જોઇને હરખાનારા, સિનેમાઓ અને ટોકીઝો જોઇને રાચી જનારા કોઇએ કદી એટલો વિચાર કર્યો છે કે, "આ બધા આવિષ્કારો જડના છે કે ચેતનના !" અને જો તે બધાજ ચેતનના નહિ, કિન્તુ જડના જ આવિષ્કારો છે, તો તેવા આવિષ્કારો આ જગતમાં કરોડોની સંખ્યામાં પણ પ્રગટ થઈ જાય, તો પણ તેનાથી ચેતનને કોઈપણ જાતનો ફાયદો થવાનો નથી.

ચેતનનો ફાયદો જડ પદાર્થોના વિવિધ આકાર પ્રકારોના પ્રગટીકરણમાં નથી, પણ સુખના અને જ્ઞાનના આવિર્ભાવોમાં છે.

હજારો અચેતન પદાર્થો, ચેતનના સુખ કે જ્ઞાનમાં વધારો કરી આપે, એ સ્વપ્ને શક્ય નથી. સુખ કે જ્ઞાનની વૃદ્ધિ માટે, જડની પાછળ પ્રયત્ન કરનારાઓ, માખણ માટે પાણી વલોવનારા જેવા ગણાય માખણ માટે છાશ વલોવવી પડે, પાણી નહિ; તેમ યથાર્થ સુખ અને જ્ઞાન માટે આત્માને ઢંઢોળવો પડે, જડને નહિ.

કહેવાતા વિજ્ઞાને આત્માના ચૈતન્યગુણના વિકાસની આડે જડની એવી ઝાકઝમાળ ઉભી કરી દીધી છે કે લોકો માર્ગ ચૂકીને જડની પૂજા માટે પડાપડી કરતા થઇ ગયા છે.

## * વિજ્ઞાનવાદની અસર *

જડની પૂજા પૂર્વે નહોતી એમ નહિ; કારણ કે જગતમાં નાસ્તિકવાદની હયાતિ પૂર્વે નહોતી અને પછી થઈ એમ નથી, કિન્તુ જગતની સાથોસાથ તેની હયાતિ પણ હતી અને છે. પણ તે મર્યાદિત હતી. નાસ્તિકવાદને અનુસરનારા માણસો, સજ્જન પુરુષોની અદબ જાળવતા, તેમની સામે ઊંચા મોંએ જોતાં પણ શરમાતા.

જયારે આજે કહેવાતા વિજ્ઞાનવાદથી, શું અધમ કે શું ઉત્તમ તે જાણી શકાય તેમ નથી, કારણ કે લગભગ સર્વત્ર નાસ્તિકવાદનું સામ્રાજ્ય પ્રવર્તે છે. આજનો કહેવાતો વિજ્ઞાનવાદ એ એના ખરા અર્થમાં જડવાદ હોવાથી, એને અનુસરનારા પણ અધિકાંશે જડ બન્યા છે.

તેઓ નાસ્તિક બનવામાં નાનમ સમજતા નથી, પણ ગૌરવ સમજે છે તેમજ આ જન્મ સિવાય અન્ય જન્મનો વિચાર કરવાનું બિનજરૂરી માને છે.

આ સ્થિતિ વિજ્ઞાનવાદની અસરથી પેદા થઈ છે એમ કોઈ પણ તટસ્થ વિચારકને કબૂલ કરવું પડે તેમ છે. અન્યથા, આ ભારતવર્ષની પ્રજા, પરલોકના વિચાર રહિત બને, એ વાત માન્યામાં ન આવે તેવી છે.

જે ભૂમિ પર, પરલોકની ખાતર આ લોકની મહાન રિદ્ધિસિદ્ધિઓને પણ ઠોકરે મારનારા અનેક મહાપુરુષો થઇ ગયા, તે ભૂમિ પર આ લોકના કહેવાતા રાજ્યની ખાતર, ધર્મને ઠોકરે મારનારા પેદા થાય એ લગભગ

અશકય છે. આવી અશકયપ્રાયઃ ઘટનાને પણ શકય બનાવનાર કોઈ હોય, તો તે કહેવાતા વિજ્ઞાનવાદનો વ્યામોહ છે, આંધળું અનુસરણ તેમજ અનુકરણ છે.

એ વિજ્ઞાનવાદના ચેપથી ન બચાય ત્યાં સુધી નાસ્તિકવાદના ચેપથી બચવું તે અશકય છે. ચેપી રોગ ફેલાઈ ગયા પછી સહેલાઇથી અંકુશમાં નથી આવતો, તેમ નાસ્તિકવાદ પણ અજ્ઞાન જગતમાં એક વખત ફેલાઈ ગયા પછી તેને અટકાવવાનું કામ ખૂબ જ અઘરું છે.

## * સુખ એ શું છે ? *

વિચારકોની સામે, 'સુખ એ શું વસ્તુ છે ?' એ એક ગહન પ્રશ્ન છે. એ પ્રશ્નના નિર્ણય ઉપર જ પ્રાણીઓની સઘળી પ્રવૃત્તિઓનો આધાર છે. સુખ માટે સહુ કોઈ તલસે છે, પણ સહુની પ્રવૃત્તિ ભિન્ન-ભિન્ન છે, તેથી 'સુખ કોને કહેવાય ?' એનો નિર્ણય સહુનો એક નથી, એમ નક્કી થાય છે.

આ દુનિયામાં સુખ માટેની કલ્પના કોઈ એક નથી, કિન્તુ અગણિત છે. પ્રત્યેક આત્માની સુખની કલ્પના જુદી છે, એટલું જ નહિ પરંતુ એકજ આત્માની સુખવિષયક કલ્પના અનેક છે. જેટલા સંયોગો ફરે છે તેટલી સુખની કલ્પના પણ ફરે છે.

નિર્ધનના સુખની કલ્પના ધનની પ્રાપ્તિમાં છે. ભૂખ્યાનાં સુખની કલ્પના ભોજનમાં છે, રોગીને સુખની કલ્પના આરોગ્યમાં છે અને નિરોગીને સુખની કલ્પના આરોગ્યના ભોગમાં છે.

આ રીતે પ્રત્યેક આત્માની સુખ માટેની કલ્પનાઓ ભિન્ન-ભિન્ન છે, એટલું જ નહિ, પણ પ્રત્યેક અવસ્થાઓમાં એક જ આત્માની તે કલ્પનાઓ બદલાતી જાય છે. આ સ્થિતિમાં 'સુખ એ શું છે ?' એ વસ્તુનો એક જ અભિપ્રાય નક્કી કરવો એ અત્યંત કઠિન કાર્ય છે.

## * ઉપકાર માટે જરૂરી *

'સુખ એ શું છે ?' એનો નિર્ણય કરવાનું કામ ગમે તેટલું કઠિન હોય, તો પણ એનો નિર્ણય કર્યા સિવાય જ કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ કરવી, એ બુદ્ધિમાનોને સંમત નથી એ નિર્ણય ઉપર જ બુદ્ધિનું ફળ અવલંબેલું છે.

જ્ઞાની પુરુષો ફરમાવે છે કે, જે આત્માઓ બુદ્ધિ મળવા છતાં તેનો ઉપયોગ તત્ત્વનો નિર્ણય કરવા માટે કરતા નથી; તેઓ બુદ્ધિહીન પશુઓ કરતાં ચઢિયાતા નથી.

' बुध्धेः फलं तत्त्वविचारणं च । '

બુદ્ધિનું ફળ તત્ત્વની વિચારણા છે; અને એ જ્ઞાનીઓનો પ્રસિદ્ધ સદુપદેશ છે.

સુખ માટેની જેટલી કલ્પનાઓ આ દુનિયામાં પ્રચલિત છે, તે યથાર્થ છે કે અયથાર્થ, એ સમજવા માટે જે આત્મા પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતો નથી, તે તત્ત્વજ્ઞોની દૃષ્ટિએ પ્રશંસાપાત્ર નથી. અને તેનું કારણ એ છે કે સુખનો યથાર્થ નિર્ણય કર્યા સિવાય સાચી પ્રવૃત્તિ થઈ શકતી નથી.

સાચી અને સ્વ.-પર હિતકર પ્રવૃત્તિ કરવા માટે અને તે સિવાયની પ્રવૃત્તિઓ છોડવા માટે, સુખના યથાર્થ નિર્ણય સિવાય બીજો કોઈ આધાર નથી.

જેઓ 'સુખ કોને કહેવાય ?' એનો વાસ્તવિક નિર્ણય કરવાની ઉપેક્ષા સેવે છે, તેઓ કોઈ પણ કાળે પોતાના જીવન દ્વારા સ્વ-પર ઉપકારક થઈ શકતા નથી. જીવનને સ્વ.-પર ઉપકાર બનાવવાની અભિલાષાવાળા પ્રત્યેક આત્માની એ પ્રથમ ફરજ છે કે, તેણે 'સુખ કોને કહેવાય ?' એ નિર્ણય સૌથી પ્રથમ કરી, પછી જ કાંઈ પણ પ્રવૃત્તિમાં જોડાવું જોઇએ. જેઓ એ પ્રકારના કોઈ પણ નિર્ણય ઉપર આવ્યા પહેલાં જ પરોપકારાદિ કરવા પ્રવૃત્ત થાય છે, તેઓ પરનો કે સ્વનો ઉંપકાર સાધવાને બદલે, કેવળ અપકારને જ સિદ્ધ કરે છે.

## * ઉપકારની ભાવના *

સ્વ-પરને અપકારક ન બની જવાય, એ ખાતર સુખનો યથાર્થ નિર્ણય પ્રથમ આવશ્યક છે. પરોપકાર કરવાના આવેશમાં જેઓ આટલો પણ નિર્ણય કરવા થોભતા નથી, તેઓ પરોપકારના નામે જ પરનો ઉપઘાત કરનારા થાય, એમાં લેશ માત્ર આશ્ચર્ય નથી.

સાચા પરોપકારરત મહાપુરુષો પોતાની કોઈ પણ પ્રવૃત્તિની શરૂઆતમાં જ આ જાતનો વિચાર કરે છે કે,
૫ 'મારી પ્રવૃત્તિથી ઉપકાર થવા સંભવે છે કે અપકાર ?'
જો અપકાર થવાનો સંભવ છે તો તે પ્રવૃત્તિ જગતને

ગમે તેટલી પ્રિય હોય, તો પણ તે મારે કલ્પે નહિ.'

આ જાતનો વિચાર કરનારા એક વખત જગતને અપ્રિય પણ બને છે, તો સાચા ઉપકારના અર્થી તેઓ, જગતને પ્રિય બનવાની ખાતર ઉપકારના માર્ગને કદી ગ્રહણ કરતા નથી.

કહેવાતા વિજ્ઞાનવાદ અને સાચા વિજ્ઞાનવાદમાં આજ મોટું અંતર છે. આધુનિક વિજ્ઞાનવાદમાં ઉપકાર-અપકારની વિચારણાને સ્થાન જ નથી. 'જગતને અપકારક હોય તેવી પ્રવૃત્તિઓ જગતને ગમે તેટલી આકર્ષક હોય તો પણ ન જ કરવી,' એ વિચાર વર્તમાન વિજ્ઞાનવાદમાં છે જ નહિ. વર્તમાનવાદનું ધ્યેય ઉપકારની સિદ્ધિ માટેનું નથી, પણ સ્વાર્થની સિદ્ધ માટેનું છે, એ વાત કોઈ પણ વિચારકને સમજાયા સિવાય રહે તેમ નથી.

જો ઉપકારની સિદ્ધિનું ધ્યેય પણ તેમાં હોત, તો આટલા વિપુલ પ્રમાણમાં પંચેન્દ્રિય પ્રાણીઓ અને મનુષ્યો સુદ્ધાંનો સંહાર કરનાર શોધો થઈ હોત નહિ. એલોપથી (હિંસક દવાઓ) અને કેમિસ્ટ્રી (રાસાયણિક શોધો) ટોરપીડો અને મશીનગનો, ઝેરી ગેસ અને પાઉડર એ વગેરે વસ્તુઓ ભલે નવી શોધાણી હોય, તો પણ તેની પાછળ જગત ઉપર ઉપકાર કરવાની લેશ માત્ર ભાવના હોય, એ સંભવિત નથી.

## * ભોગેચ્છાની પૂર્તિ *

કેવળ સંહારક વસ્તુઓની શોધો પાછળ જ સ્વાર્થની

ભાવના રહેલી છે અને બીજી શોધો પાછળ તે નથી, એમ પણ નથી.

રેલગાડી, હવાઈજહાજ, વાયરલેસ સેટ, કેમેરા, રેડીઓ મોટરો અને મશીનો આદિ વસ્તુઓ કે જે મનુષ્યોના સુખ અને તેમની સગવડો ખાતર શોધવામાં આવી છે એમ કહેવાય છે, તેની પાછળ પણ ઉપકારની ભાવના રહેલી છે, એમ સિદ્ધ કરી શકાય તેમ નથી.

જેટલા નવીન શોધકો છે અને જેટલા તેમના સહાયકો છે, તે બધા પોતાના કોઇને સ્વાર્થની સિદ્ધિમાં જ રમતા હોય છે. કોઈને કોઈ ધનનો સ્વાર્થ છે તો કોઇને રાજ્યનો, કોઈને નામનાનો સ્વાર્થ છે તો કોઇને કામનાનો અને કોઈને ભોગનો સ્વાર્થ છે.

વર્તમાન વિજ્ઞાનવાદની પાછળ પડેલા પ્રત્યેકને કોઈ ને કોઈ પ્રકારનો ઐહિક સ્વાર્થ વળગેલો જ છે. ઐહિક સ્વાર્થ સિવાય જ વિજ્ઞાનવાદમાં માનનારી પરોપકારી વ્યકિતઓની શોધ, વિજ્ઞાનવાદીઓમાંથી કરવા માગીએ, તો તેમાં નિરાશ થવું પડે તેમ છે. તેનું કારણ એ છે કે, જે કોઈએ એમાં ઝંપલાવ્યું છે અને જેઓ ઝંપલાવે છે તેઓ સાચા સુખનો વિવેક કરી શકવા જેટલી હદે પહોંચી શકયા નથી.

ઇન્દ્રિયોના પોષણને જ જ્યાં સાચું સુખ માની લેવાયું હોય, ત્યાં મનુષ્યોનાં સુખ અને તેમની સગવડોના નામે સારાં રૂપ, સારા રસ, સારા ગંધ, સારા સ્પર્શ અને સારા શબ્દ ભોગવવાનાં સાધનો રોજેરોજ ઊભા થતાં

જાય, એમાં નવાઈ નથી.

સારાં રૂપો જોવા માટે નાટક-સિનેમાઓ, સારા રસો ભોગવવા માટે હોટલ અને રેસ્ટોરન્ટ, સારી સુગંધ લેવા માટે બગીચાઓ, સારા સ્પર્શો અનુભવવા માટે અનેક પ્રકારની હોઝીઅરી તેમજ ફર્નિચર તથા સારા શબ્દો સાંભળવા માટે રેકોર્ડો અને રેડીઓ ઉભરાતા જાય છે.

આજના જમાનાના આ જાતના બધા આવિર્ભાવો, વ્યાપાર આદિ ઐહિક સ્વાર્થોની અને ભોગેચ્છાઓની પૂર્તિ માટે થઈ રહ્યા હોવા છતાં તેને મનુષ્યજાતિના સુખ તેમજ સગવડોની ખાતર ઉભા કરવામાં આવે છે, એમ કહેવું તે નિતાંત અસત્ય છે.

## * વિવેકશૂન્ય શોધો *

એમ છતાં વિજ્ઞાનની કેટલીક શોધો માટે એમ કહી શકાય તેમ છે કે, તે મનુષ્યજાતિનાં દુઃખો અને દર્દોને ઓછા કરવા માટે થઈ છે અને થઈ રહી છે. છતાં તે શોધોથી પણ મનુષ્યનાં દુઃખો કે દર્દો ઓછાં થયાં નથી, પણ વધ્યે જ જાય છે, એ પણ એક આશ્ચર્યની ઘટના છે.

મનુષ્યનાં શારીરિક અને માનસિક દર્દો ઓછાં કરવા માટે શોધાએલી દવાઓ અને ખોરાકો, રેસ અને રમતો, કસરત અને કુસ્તી પર વિવેકશૂન્ય હોવાના કારણે મનુષ્યોને આરામ કે શાન્તિ આપવામાં નિષ્ફળ નીવડેલ છે.

જેની પાછળ યાવત્ પંચેન્દ્રિય પ્રાણીઓની પણ રક્ષા નથી, કિન્તુ સંહાર છે; તે પ્રવૃત્તિઓ માનવદયાના નામે

પણ કરવામાં આવતી હોય, તો પણ તે અધર્મ છે અને જ્યાં અધર્મ છે, ત્યાં સુખ નથી. અધર્મ ત્યાં દુઃખ અને ધર્મ ત્યાં સુખ છે. જ્યાં ધર્મ નથી ત્યાં સુખ નથી અને જ્યાં સુખ નથી ત્યાં ધર્મ નથી.

આ પ્રકારની સુખ અને ધર્મની વ્યાપ્તિ સમજવા પહેલાં, અહીં એટલું જ વિચારવું જરુરી છે કે, વર્તમાન વિજ્ઞાનવાદની કહેવાતી સઘળી શોધો જગતના ઉપકાર માટે શોધાએલી છે કે સહુ–સહુના સ્વાર્થની સિદ્ધિ માટે છે ?

એ શોધોમાંની કેટલીક ધન અને રાજ્યની લોલુપતાથી થઈ છે, કેટલીક વ્યાપાર અને વાણિજ્યના લોભથી થયેલી છે તથા કેટલીક ઇન્દ્રિયો અને તેની વાસનાઓની તૃપ્તિ માટે થયેલી છે. જે કેટલીક દયાના નામે ઓળખાય છે, તે પણ વિવેકશૂન્ય હોવાથી દયાના પ્રચારના બદલે હિંસાનો જ ફેલાવો કરાવીને, પરિણામે તો મનુષ્યજાતિને અધમાધમ બનાવનાર છે.

## * સાચા ઉપકારી *

આ પ્રકારની પરિસ્થિતિ સુખવિષયક ઘોર અજ્ઞાનને આભારી છે.

આપણે જેને સાચો વિજ્ઞાનવાદ કહેવો છે, તેનાં શોધકોએ સૌથી પ્રથમ પ્રયત્ન સુખવિષયક જ્ઞાન સંપાદન કરવા અને કરાવવા માટે કર્યો છે. કારણ કે તેના સિવાય ઉપકારના નામે જ અપકાર થવાનો પૂરેપૂરો સંભવ છે.

ઉપકાર પણ તે જ સાચો મનાય છે કે જે એકાંતિક અને આત્યાંતિક હોય; એકાંતિક એટલે જે દુઃખથી મિશ્રિત ન હોય, પણ નિર્ભેળ હોય; આત્યંતિક એટલે જે મળ્યા પછી કાંઈ મેળવવાનું બાકી ન રહેતું હોય. તે સિવાયના ઉપકારો ભેળસેળવાળા (અનેકાન્તિક) અને ઊણા (અનાત્યાંતિક) હોવાથી, તેની ગણના તાત્ત્વિક ઉપકાર તરીકે થઈ શકતી નથી.

વિષયોપભોગનાં સાધનો અને તેને સિદ્ધ કરાવી આપનાર લક્ષ્મી આદિ પ્રાપ્ત કરવાના ઉપાયો એકાન્તિક અને આત્યન્તિક ઉપકારને કરનારા નથી. એ જ કારણસર જ્ઞાની પુરુષોએ એની ઉપેક્ષા કરી છે. જ્ઞાનીઓની એ ઉપેક્ષા જ્ઞાનજન્ય છે, તેથી તેની (જ્ઞાનીઓના તે કાર્યની) ઉપેક્ષા કરી શકાય તેમ નથી.

જેઓ જ્ઞાનીઓના આ ભાવને કળી શકતા નથી, તેઓ ભલે વર્તમાન વિજ્ઞાનવાદને પ્રધાનપદ આપે અને જ્ઞાનીઓના સાચા વિજ્ઞાનવાદની ઉપેક્ષા કરે, પરંતુ જેઓ પોતાની નિર્મળ બુદ્ધિ વડે એમ સમજી શકે છે કે, 'જગત ઉપર એકાન્તિક અને આત્યાંન્તિક ઉપકાર કરવાની ભાવનાથી જ જ્ઞાનીઓએ જડવાદની ઉપેક્ષા કરી છે,' તેઓ તો સાચા ઉપકારી તરીકે એક તેમને જ સ્વીકારશે.

મનુષ્યોની પાશવી વૃત્તિઓને ઉત્તેજન આપીને પોતપોતાનો સ્વાર્થ સાધવા ખાતર ઊભો થએલો વર્તમાનનો વિજ્ઞાનવાદ ક્યાં અને જગતના પ્રાણીમાત્ર ઉપર એકાન્તિક

અને આત્યાન્તિક ઉપકાર કરવાની સુવિશુદ્ધ ભાવનામાંથી ઉત્પન્ન થએલો અનંત જ્ઞાનીઓનો યથાર્થ વિજ્ઞાનવાદ ક્યાં ? એ બે વચ્ચે આકાશ–પાતાળ જેટલું અંતર છે. કારણ કે એકની ઉત્પત્તિ સ્વાર્થમાંથી છે અને બીજાની ઉત્પત્તિ પરમાર્થમાંથી છે.

## * સાચો વિજ્ઞાનવાદ *

સ્વાર્થ અને પરમાર્થના કારણે એ બંને જાતના વિજ્ઞાનવાદો વચ્ચે ઉત્તર અને દક્ષિણ જેટલું મોટું અંતર પડી જતું હોવાથી, એ બંને માટે એકજ પ્રકારની કલ્પના કરવી કે એ બંનેને એક જ ભાવે તોળવા, તે કોઈ પણ રીતે વ્યાજબી નથી, તર્ક કે ન્યાયસંગત નથી.

જગતના જીવોનું કલ્યાણ કરવા માટે ઉત્પન્ન થયેલો વિજ્ઞાનવાદ, કોઈનું પણ અકલ્યાણ થાય એવી પ્રવૃતિ કદીજ આચરે નહિ. જે વિજ્ઞાનવાદના આવિર્ભાવમાં સર્વનું હિત થતું હોય અને કોઈનું પણ અહિત ન થતું હોય તે જ વિજ્ઞાનવાદ પોતાના 'વિજ્ઞાનવાદ' નામને સાર્થક કરનારો છે.

વિજ્ઞાનવાદ એવું નામ ધારણ કરવા છતાં, તેના દ્વારા થતાં કાર્યો અજ્ઞાનવાદીઓને પણ ટપી જાય તેવાં હોય તો કોઈ પણ વિવેકી માણસ તેને વિજ્ઞાનવાદ તરીકે સ્વીકારવા તૈયાર થઈ શકે નહિ.

આધુનિક વિજ્ઞાનવાદ આ રીતે જગતના કલ્યાણમાં વૃદ્ધિ કરનારો નહિ હોવા છતાં, વર્તમાન જગતમાં તે પૂરતા પ્રમાણમાં પૂજાય છે તેમજ મનાય છે, તેનું કારણ

પણ આજના જમાનામાં વધી પડેલી વિષયલંપટતા છે.

નાસ્તિકતા અને આધુનિક વિજ્ઞાનવાદ ઉભયના પ્રચારનું પણ કારણ એક જ છે. અને તે બહોળા જનસમૂહમાં ઘર કરતી જતી. વિષયલંપટતા સિવાય બીજું કાંઈ નથી.

નાસ્તિકવાદ અને વિજ્ઞાનવાદમાં એટલો ભેદ અવશ્ય છે કે, નાસ્તિકવાદ કેવળ બુદ્ધિશૂન્ય છે અને વિજ્ઞાનવાદ બુદ્ધિયુકત છે. બુદ્ધિયુકત હોવાથી એકને વિજ્ઞાનવાદનું ઉપનામ અપાય છે અને બુદ્ધિશૂન્ય હોવાથી બીજાને નાસ્તિકવાદનું ઉપનામ અપાય છે.

બુદ્ધિના વિકાસ વિના જડ આવિર્ભાવો પણ આટલા વિપુલ પ્રમાણમાં શોધી શકવા તે શકય નથી. પરંતુ બુદ્ધિનો એ પ્રકારનો વિકાસ, વિજ્ઞાનવાદ જેવા પવિત્ર શબ્દનો સદુપયોગ કરાવવા માટે સમર્થ થઈ શકે તેમ નથી

જે બુદ્ધિનો વિકાસ જડના આવિર્ભાવોમાં સુખ મનાવવાનો પ્રયત્ન કરે છે, બુદ્ધિનો વિકાસ સર્વના વિનાશ માટે થાય છે; અને જે બુદ્ધિનો વિકાસ ચેતનના આવિર્ભાવોમાં જ સુખની બુદ્ધિ પેદા કરાવે છે, તે બુદ્ધિનો વિકાસ સર્વ કોઇના ઉદય માટે થાય છે, એ તો ઘણી જ સ્પષ્ટ હકીકત છે.

## * જડ પૂજા અનાવશ્યક *

જ્ઞાન અને વિજ્ઞાન, એ બંને શબ્દો જ્ઞાનને જ કહેવાવાળા હોવા છતાં, એક મિથ્યા જ્ઞાન માટે પણ

વાપરી શકાય છે અને બીજો યથાર્થ જ્ઞાન માટે વાપરવો એ જ વધુ યોગ્ય છે.

મરૂ–મરૂચિકા (મૃગજળ)માં જળનું જ્ઞાન કે છીપમાં રજતનું જ્ઞાન, એ જ્ઞાન નથી એમ નહિ પણ ભ્રાન્ત જ્ઞાન છે. એ જ્ઞાન ઉત્તરકાળની પ્રતીતિથી બાધિત છે. તેથી તેને યથાર્થ જ્ઞાન કહી શકાય તેમ નથી.

અહીં વિજ્ઞાનને આપણે 'વિશિષ્ટ જ્ઞાન' કહેવા માગીએ છીએ, અને તેનું વિશિષ્ટત્વ બીજું કોઈ નહિ લેતાં, માત્ર યથાર્થત્વ લેવા માગીએ છીએ.

યથાર્થજ્ઞાન એ વિજ્ઞાન છે અને સંશય–વિપર્યયાદિ ભ્રાન્ત જ્ઞાન યથાર્થ નહિ હોવા છતાં જ્ઞાન તો છે જ, તેવાં ભ્રાન્ત જ્ઞાનની વૃદ્ધિ જગતમાં ગમે તેટલી થાય, તો તેથી લેશ માત્ર પણ ખુશ થઈ જવા જેવું નથી. કારણ કે તેવા જ્ઞાનની વૃદ્ધિથી જગત ઉપર અનેક પ્રકારની આપત્તિઓ આવી પડે છે.

વર્તમાન વિજ્ઞાનવાદને આપણે ભ્રાન્ત જ્ઞાન એટલા માટે કહીએ છીએ કે તે જગતને સુખી બનાવવા માટે જડવાદના માર્ગ તરફ દોરી જાય છે. જડવાદનો વિકાસ એ સુખનો સાધક નથી, પણ બાધક છે.

સુખ એ ચેતનનો ધર્મ છે અને ચેતનનો ધર્મ જડમાંથી પ્રાપ્ત થઈ શકતો નથી.

ચેતનનો ધર્મ ચેતનમાંથી જ ઉદ્ભવ પામનારો છે. એટલા માટે સુખની અર્થી દુનિયાને જડવાદમાંથી ઉગારી

લેવામાં જ તેનું કલ્યાણ છે. સુખના માટે જગતને બહિર્મુખ બનાવનાર એવી જડ પૂજાથી મુક્ત બનાવી, અંતર્મુખ બનાવનાર એવા ચૈતન્યવાદની પૂજક બનાવવાની આવશ્યકતા છે.

ચૈતન્યવાદની પૂજા ચૈતન્યવાદીઓની પૂજા દ્વારા શક્ય છે અને ચૈતન્યવાદીઓની પૂજા ચૈતન્યવાદીઓની આજ્ઞાના પાલન ઉપર અવલંબેલી છે. ચૈતન્યવાદીઓની આજ્ઞાના પાલન માટે નાસ્તિકતા, વિષયલંપટતા અને લોકહેરીના ત્યાગની આવશ્યકતા છે.

નાસ્તિકતા, વિષયલંપટતા અને લોકહેરીનો ત્યાગ ગમે તેટલો મુશ્કેલ કે અરુચિકર હોય, તો પણ તે ત્રણેને છોડયા વિના ચૈતન્યવાદના માર્ગ ઉપર આવી શકાય તે શક્ય નથી.

સુખ એ જો ચેતનનો જ ધર્મ છે, તો તેની સિદ્ધિ માટે જે કોઈ ઉપાયો તેને અનુરૂપ હોય, તે સ્વીકારવા જ જોઇએ. નાસ્તિકતાદિ ભાવો ચૈતન્યના વિકાસને અનુરૂપ નથી. કારણ કે ચૈતન્યને ભૂલાવી, કેવળ જડના જ ભક્ત બનાવે છે. તેવી જડભક્તિ અનંતકાળ સુધી કરવામાં આવે, તો પણ તે દ્વારા ચેતનના સુખના એક અંશનો પણ આવિર્ભાવ કોઈ કાળે થઈ શકે તેમ નથી.

### * ચૈતન્યવાદનો આશ્રય *

જડ દ્વારા પણ ચેતનને સુખનો અનુભવ થાય છે, તેનું કારણ પણ ચેતન જ છે. પરંતુ તે સુખાનુભવ–સુખ

સ્વરૂપ છે કે દુઃખાભાવસ્વરૂપ છે, તે જોવું આવશ્યક છે.

જડ સાધનો દ્વારા થનારાં સુખ એ સુખ નથી, પણ દુઃખનો પ્રતિકાર છે. જ્યારે ચૈતન્યના વિકાસ દ્વારા થનારાં સુખ એ સુખસ્વરૂપ છે.

દુઃખના અભાવને સુખ માની લેવાથી અને દુઃખના પ્રતિકારોને સુખનાં સાધનો માની લેવાથી, આ જગતમાં પાર વિનાની ભ્રાન્તિ ફેલાઈ રહી છે. તે ભ્રાન્તિને દૂર કરવા માટે ચૈતન્યવાદનો આશ્રય લીધા સિવાય કોઈને પણ ચાલે તેમ નથી. ચૈતન્યવાદનો આશ્રય દુઃખાભાવ અને સુખ–એ બે વચ્ચેના ભેદને સ્પષ્ટ કરી આપે છે અને એ સ્પષ્ટીકરણ થયા પછી સુખની ખાતર જડ પદાર્થોની પાછળ ભટકવાની આત્માની વૃત્તિ શમી જાય છે.

જે ક્ષણે જડ પદાર્થોની પાછળ ભટકવાની આત્માની વૃત્તિ શમી ગઈ, એજ ક્ષણે આત્મા અપૂર્વ આનંદનો અનુભવ કરી શકે છે, કે જેના પરિણામે થોડા જ કાળની અંદર તે જ્યાં દુઃખનો સર્વથા અભાવ છે અને સુખનો સર્વદા સદ્ભાવ છે, ત્યાં કાયમ માટે જઈ વસે છે.

એ સ્થાન પ્રાપ્તવ્ય તરીકે જ્યાં સુધી આત્માને ભાસ્યું નથી, ત્યાં સુધી તેની સઘળી પ્રવૃત્તિઓ તેના જ અહિત માટે થાય છે એ કારણે જ્ઞાનીઓ સૌથી પહેલાં મેળવવા લાયક સ્થાનનો નિશ્ચય કરાવે છે. એ નિશ્ચય કરાવ્યા પછી ત્યાં પહોંચવા માટે વર્તમાન સ્થાન છોડવા લાયક છે તેવો બોધ કરાવે છે. એ બોધ થયા પછી એ છોડવા

માટેના ઉપાયો દર્શાવે છે. એ ઉપાયોનો જેટલા પ્રમાણમાં અમલ થાય, તેટલા પ્રમાણમાં દુઃખ છૂટતું જાય છે અને સુખ મળતું જાય છે.

આ પ્રકારના ઉપાયો દર્શાવનાર જે છે તેને આપણે ચૈતન્યવાદ કહીએ છીએ. અને એ ચૈતન્યવાદ એ જ એક, દુઃખથી ત્રસ્ત અને સુખની ઈચ્છુક દુનિયાને માટે પરમ આધાર છે.

## * સાચી શાન્તિ *

પાંચ ઇન્દ્રિયોના શબ્દાદિ પાંચ વિષયો છે. તેની અતિ આસક્તિ એ વિષયલંપટતા છે. નાસ્તિકતા અને લોકહેરી એ બંનેનો જન્મ વિષયલંપટતામાંથી થાય છે.

જ્યાં સુધી આત્મા કર્મનાં બંધનોથી બંધાએલો છે, ત્યાં સુધી તેને પ્રત્યેક જન્મે જુદા-જુદા દેહને ધારણ કર્યા સિવાય ચાલતું નથી. શરીર ધારણાની સાથે જ યોગ્યતા મુજબ ઇન્દ્રિયોની પ્રાપ્તિ અવશ્ય થાય છે. છેવટ એક સ્પર્શનેન્દ્રિય તો પ્રત્યેક પ્રાણીને હોય જ છે. કેટલાકને બે, કેટલાકને ત્રણ, કેટલાકને ચાર અને કેટલાકને પાંચે પાંચ ઇન્દ્રિયોની પ્રાપ્તિ થવાથી, પ્રત્યેક ઇન્દ્રિયો પોતપોતાના વિષયોને ગ્રહણ કરવામાં નિરંતર તત્પર રહે છે.

અનુકૂળ વિષયોના ગ્રહણ વખતે આત્મા સુખ અનુભવે છે અને પ્રતિકૂળ વિષયોના ગ્રહણ વખતે દુઃખ અનુભવે છે. આત્મા દુઃખનો દ્વેષી છે અને સુખનો અર્થી છે એ કારણે સુખની ઇચ્છાથી તે અનુકૂળ વિષયોના સંયોગ

માટે અને પ્રતિકૂળ વિષયોના વિયોગ અર્થે નિરંતર તલસે છે.

અનુકૂળ કે પ્રતિકૂળ વિષયો, એ બાહ્ય અને જડ હોવાથી, આત્માની સાથે તેને તાદાત્મ્ય-સંબંધ નથી, કિન્તુ સંયોગ-સંબંધ છે. સંયોગ હંમેશાં ભિન્ન દ્રવ્યોનો અને પરિમિત કાળનો જ હોય છે. પરિમિત કાળ પૂરો થતાં જ, સંયોગ-સંબંધથી જોડાએલા ભિન્ન-ભિન્ન દ્રવ્યો વિયોગને પામે છે.

આ રીતે વિષયોમાં સુખ-દુઃખની કલ્પનાવાળો આત્મા, તે વિષયોના પ્રત્યેક અને વિયોગ વખતે ચલચિત્ત રહ્યા કરે છે, તેથી સાચી શાન્તિનો કે મનઃસ્વાસ્થ્યનો તે અનુભવ કરી શકતો નથી.

## * દોષોની જનેતા—વિષયલંપટતા *

બહિરંગ તથા જડ વિષયોના પ્રાપ્તિ અને અપ્રાપ્તિમાં સુખ તથા દુઃખની કલ્પના કરનારો આત્મા, તે વિષયોને અધિક-અધિક મેળવવા અને ભોગવવા પ્રયાસ કરે છે. મળે છે તો આનંદ પામે છે અને નથી મળતા તો શોક કરે છે. ભોગવવામાં તેને રતિ ઉત્પન્ન થાય છે અને ન ભોગવી શકે તો તેને અરતિ યાને ગ્લાનિ થાય છે. મળેલા ન ચાલી જાય, એનો એને સદા ભય રહ્યા કરે છે. સારાના બદલે નરસા મળી જાય, તો દુર્ગંછા યાને જુગુપ્સા થાય છે.

બાહ્ય વિષયોમાં સુખ માનનારો હંમેશાં તેના લોભથી

ગ્રસ્ત રહે છે. મળે એ માટે અનેક પ્રકારની માયા આચરે છે. મળી જાય તો અભિમાન કરે છે અને ન મળે તો રોષ કરે છે.

વિષયના લોલુપી આત્માઓને હિંસા પાપસ્વરૂપ લાગતી નથી. હિંસા એ પાપ છે એમ તેને કોઈ સમજાવવા માગે તો તેને હસી કાઢે છે. વિષયોની પ્રાપ્તિ અર્થે કોઈ પણ જાતની શંકા રાખ્યા વિના તે હિંસા આચરે છે, અસત્ય બોલે છે. કોઈ પણ ન જાણી જાય એ રીતે ચોરી કે અનીતિ, વેશ્યા કે પરદારાગમન, અભક્ષ્ય-ભક્ષણ કે અપેયપાન કરવામાં આંચકો ખાતો નથી.

આ બધાં પાપો કરવા છતાં પોતે સભ્ય અને સારા તરીકે પ્રસિદ્ધિ પામી શકે, એ માટે તે નાસ્તિકતાને પસંદ કરે છે, નાસ્તિકમતના પ્રચારકોને અભિનંદન આપે છે અને આસ્તિકોની હાંસી ઉડાવવા માટે તેઓના ભેગો હળે છે, મળે છે અને ભળે છે. વિચારશીલ વ્યક્તિઓના વિચારોને વજન આપવાને બદલે નિર્વિચાર લોકોની બહુમતિને વજન આપવા માટે પ્રચાર કરે છે. જે કોઈ પ્રકારે પોતાની વિષયલંપટતા સભ્યતાના લેબાસમાં પ્રકાશતી રહે, એ જાતના સર્વ ઉપાયો તેને પસંદ આવી આવી જાય છે અને તેને તે આચરણમાં મૂકે છે.

## * વિષયવિરક્તિ—ગુણોની જનેતા *

વિષયલંપટતા એ જેમ દોષોની જનેતા છે, તેમ

વિષયો પ્રત્યે વિરક્તતા એ સર્વ પ્રકારના ગુણોની જનેતા છે.

વિષયો એ આત્મ-બાહ્ય અને અચેતન હોવાથી સુખ માટે તેને આધીન થવું, એ ઈરાદાપૂર્વક દુઃખી થવાનો રસ્તો છે.

સુખ માટે વિષયોને આધીન થનારો આત્મા, પોતાની સ્વભાવસિદ્ધ સ્વતંત્રતાને વેચી નાખે છે. સ્વતંત્ર આત્મા પણ વિષયોમાં સુખની કલ્પના કરીને સદાને માટે પરતંત્ર બને છે. વિષયોને આધીન બનેલો, જેટલાં પરિવર્તનો વિષયોમાં થાય છે, તેટલાં પોતાનાં માને છે. અને એ રીતે અનેક પ્રકારના નિરર્થક નાચ કરીને મહાદુ.ખી થાય છે. એ સઘળાં દુઃખોમાંથી છોડાવનાર વિષયવિરક્તિ છે.

વિષયવિરક્તિ રૂપી જડીબુટ્ટીનો નિરંતર પ્રયોગ કરનાર આત્મા, જગતનાં સર્વ પ્રકારનાં દુઃખોથી અલિપ્ત રહે છે. દુનિયાનાં સઘળાં પરિવર્તનો તેનું પરિવર્તન કરવામાં નિષ્ફળ નીવડે છે. નાસ્તિકતા તેનાથી દૂર ભાગે છે. લોકહેરી તેને સ્પર્શી શકતી નથી. લોભ તેનામાં સ્થાન પામી શકતો નથી. માયા કે દંભ તેનાથી હજારો કોશ દૂર રહે છે. હિંસા, અસત્ય, ચોરી અબ્રહ્મ કે અભક્ષ્ય-ભક્ષણાદિ ઘોર પાપો, વિષયોથી વિરક્તિ ધરાવનાર આત્મામાંથી ધીમે ધીમે નાબૂદ થતાં જાય છે.

વિષયવિરક્ત આત્મા થોડા જ કાળમાં સર્વ પાપથી રહિત બને છે. નિષ્પાપ બનેલો તે નવું પાપ ઉપાર્જન

કરતો નથી અને વિશુદ્ધ અધ્યવસાયો વડે જૂનાં પાપોનો પણ ક્ષય કરે છે. એ રીતે સર્વ પાપોનો ક્ષય કરીને તે આત્માનું સ્વભાવસિદ્ધ સ્વાતંત્ર્ય હસ્તગત કરે છે, અનંત કાળના અનંત આનંદનો ભોક્તા બને છે.

## * લોકહેરી *

નાસ્તિકતા જેમ વિષયલંપટતામાંથી જન્મે છે, તેમ લોકહેરી પણ તેમાંથી જ જન્મે છે. વિષયોથી વિરકત આત્માને લોકહેરી ત્યજવી જેટલી સુલભ છે, તેટલી જ વિષયલંપટ આત્માને તે ત્યજવી દુષ્કર છે.

જેમ પ્રત્યેક પ્રાણી સ્વભાવથી જ વિષયલંપટ છે, તેમ સ્વભાવથી જ લોકહેરીને અનુસરનાર છે. આહાર, નિદ્રા, ભય, મૈથુન તેમજ પરિગ્રહાદિ સંજ્ઞાઓ જેમ જીવને અનાદિકાળની છે, તેમ લોકસંજ્ઞા–અજ્ઞાન લોકને અનુસરવાની વૃત્તિ પણ તેટલી જ જૂની છે.

લોક એ અજ્ઞાન હોવા છતાં, જ્ઞાની આત્માઓ પણ લોકના સારા-ખોટા અભિપ્રાય સાંભળીને સુખી–દુઃખી થાય છે, તે અનાદિકાળની લાગુ પડેલી લોકસંજ્ઞાનો જ પ્રભાવ છે.

જે મહાપુરુષો અજ્ઞાન–લોકને અનુસરવાની આ કારમી વૃત્તિને સર્વથા જીતી ગયા છે, તેઓએ પોતાના જ્ઞાનને પૂરેપૂરું સાર્થક કર્યું છે.



ભવાભિનંદી અજ્ઞાન–લોકના અભિપ્રાયને વજન આપવું,

એ ઈરાદાપૂર્વક સન્માર્ગથી પોતાના આત્માને ભ્રષ્ટ કરવા બરાબર છે.

વિષયલંપટતા કરતાં પણ લોકહેરી એક પ્રકારે વધારે વિવેકશૂન્યતાને સૂચવનારી છે. કારણ કે વિષયો તો સાક્ષાત્ સંબંધ પામીને સુખ–દુઃખનો અનુભવ કરાવનારા છે, જયારે લોકહેરી તો દૂરથી લોકોનાં વચનો સાંભળીને સુખ–દુઃખની લાગણી ઉત્પન્ન કરે છે. અજ્ઞાન અને ભવાભિનંદી લોકોનાં વચનો સાંભળીને સુખી યા દુઃખી થવું, એ જ્ઞાનનું લીલામ છે. એટલા જ માટે સમ્યગ્જ્ઞાની મહાપુરુષો લોકહેરીને કદી જ વજન આપતા નથી.

## * સત્યાસત્યનો નિર્ણય *

જગતમાં લોકના બે વિભાગ પડી જાય છે, એક અજ્ઞાન અને ભવાભિનંદી; બીજો જ્ઞાની અને ભવવિરક્ત.

પ્રથમ વિભાગના લોક (માણસો) સંખ્યા, બીજા વિભાગ કરતાં હંમેશાં ઘણા મોટા પ્રમાણમાં હોય છે. એટલા જ માટે જ્ઞાની પુરુષોએ સત્યના નિર્ણયમાં બહુમતિ કે અલ્પમતિને સ્થાન આપ્યું નથી. બહુમતિ તરફેણમાં હોય તેથી અસત્ય, સત્ય બની જતું નથી. અને બહુમતિ વિરુદ્ધમાં હોય તેથી સત્ય, અસત્ય બની જતું નથી.

સત્યાસત્યનો આધાર તેના વકતા પર છે. વકતા જો જ્ઞાની અને વીતરાગ છે, તો તેણે કહેલું વચન સત્ય છે- વકતા જો અજ્ઞાની અને રાગદ્વેષથી યુકત છે, તો તેનું વચન અસત્ય છે.

એટલા માટે સત્યના અર્થીએ બહુમતિને અનુસરવું ન જોઇએ; કિન્તુ જ્ઞાની અને વીતરાગનાં વચનોને અનુસરવું જોઈએ. આ વાત સર્વથા સત્ય હોવા છતાં, અજ્ઞાન લોકહેરીને વશવર્તી થયેલા આત્માઓ બહુમતિના નામે, પોતાના તથા પરનાં જીવનોને બરબાદ કરે છે.

જે આત્માઓએ પોતાની જાતને જ્ઞાનીઓનાં વચનને વશવર્તી બનાવી દીધી છે, તે આત્માઓએ અજ્ઞાન લોકના ગમે તેવા અભિપ્રાયોથી લેશમાત્ર ભય પામવાની આવશ્યકતા રહેતી નથી. પોતાની પ્રત્યેક પ્રવૃત્તિ જ્ઞાનીનાં વચનોથી નિયંત્રિત છે કે નહિ, એટલો જ વિચાર કરવો જોઇએ. જો તે જ્ઞાનીઓનાં વચનોથી નિયંત્રિત છે, તો પછી લોકના અભિપ્રાય જાણવાની આવશ્યકતા રહેતી નથી. જો તે જ્ઞાનીઓનાં વચનથી નિયંત્રિત નથી, કિન્તુ સ્વમતિ કે લોકમતિથી વિકલ્પિત છે, તો તે સત્ય નથી, બુદ્ધિમાન માટે તે આચરવા લાયક નથી.

જ્ઞાનીઓનાં વચનોથી વિપરીત લોકમતિથી નિર્ણીત કે સ્વમતિ કલ્પિત જેટલી પ્રવૃત્તિઓ છે, તે આ દુનિયામાં ભલે ગમે તેટલી પંકાતી હોય, ગમે તેટલી સભ્ય અને આવશ્યક પણ ગણાતી હોય, તો પણ તેનાંથી હિત થનાર નથી.

## * હિતનો પરમ આધાર *

હિતનો પરમ આધાર જ્ઞાનીઓનું વચન છે. અલ્પજ્ઞ અને અનેક પ્રકારના રાગદ્વેષોથી ગ્રસ્ત આત્માઓ પણ જો

પોતાના કે પોતાથી પણ મંદતર લોકના અભિપ્રાયો ઉપર વજન આપીને ચાલે, તો વિનિપાત સુનિશ્ચિત છે.

જન્માંધ આત્મા પણ દેખતા માણસની જેમ લાકડીના ટેકા વિના સ્વતંત્રપણે ચાલવાનો આડંબર કરે, તો દુર્ભાગ્યે મળેલ અંધાપાની સાથે વગર કારણે હાથ, પગ આદિ બીજાં અંગોથી પણ રહિત બનીને વધુ અપંગ બને છે.

જન્માંધ હોવા છતાં પોતાની મરજી મુજબ ચાલવાની ઇચ્છા રાખનાર જેમ અનેક પ્રકારની નિરર્થક આપત્તિઓનો ભોગ બને છે તેમ અલ્પજ્ઞ અને અશુદ્ધ આત્માઓ પણ પોતાની ઇચ્છા મુજબ જ વર્તવાનો આગ્રહ સેવે, તો લાભ તો દૂર રહ્યો, પણ અનેક પ્રકારનાં નિરર્થક નુકસાનોનાં ભોગ બની પોતાની જાતને મહાદુઃખના ભાગીદાર બનાવનાર થાય છે.

એટલા માટે પોતાની જાતના જ હિત ખાતર આંધળા માણસે ચાલવા માટે બીજા દોરનારના કે લાકડી આદિના ટેકાને સ્વીકારવાની આવશ્યકતા છે, તેમ અજ્ઞાન અને અશુદ્ધ આત્માઓએ પણ પોતાના જ હિતની ખાતર સંપૂર્ણ જ્ઞાની અને સંપૂર્ણ વિશુદ્ધ પરમાત્માના વચનોનું અવલંબન લેવાની અનિવાર્ય આવશ્યકતા છે.

જે કોઈ માણસ પોતાની પ્રત્યેક પ્રવૃત્તિમાં જ્ઞાનીઓનાં વચનોનું આલંબન લે છે, તેવા આત્મા સર્વથા નિર્ભય બને છે.

વિષયલંપટતા, નાસ્તિકતા અને લોકહેરીને આધીન થઈ જે કોઈ આત્માઓએ અનંત જ્ઞાનીઓનાં વચનોનું આલંબન સ્વીકારવાનું છોડી દીધું છે, તે આત્માઓ પોતાની પ્રત્યેક પ્રવૃત્તિમાં ડગલે ને પગલે સ્ખલના પામે છે અને તેમને પ્રતિક્ષણ સ્ખલના પામતા આપણે જોઈ શકીએ છીએ. તેવા આત્માઓ જો એક મિથ્યા ઘમંડને આધીન ન હોત, તો તેઓ પોતાની પામર દશાને તત્કાળ પિછાની શક્યા હોત; પરંતુ મિથ્યા ઘમંડ તેટલો વિવેક કરવા દે, એ સંભવિત નથી.

## * વિષયોના શિકાર *

મિથ્યા ઘમંડથી નિર્વિવેકી બનેલી પોતાની જાતને વિવેકી બનાવવા જ્ઞાનીઓનાં વચનોનું અવલંબન લેવું એ પરમ આવશ્યક છે.

જ્ઞાનીઓનું વચન અજ્ઞાનતારૂપી સર્પનું ઝેર ઉતારી નાખવા માટે પરમ મંત્ર સમાન છે. અજ્ઞાનતારૂપી સર્પનું ઝેર ઉતરતાં જ નાસ્તિકતારૂપી અંધકાર પણ નાશ પામે છે. નાસ્તિકતાના વિલય સાથે જ વિષયલંપટતારૂપી પાપ પણ પલાયન થાય છે. વિષયલંપટતા વિદાય થતાં જ લોકહેરી પણ અદૃશ્ય બની જાય છે.

સર્વ ગુણોનું મૂળ જ્ઞાનીઓનાં વચનોનું અવલંબન છે. અજ્ઞાની આત્મા 'પરલોકાદિ નથી,' એમ કહી દે, એટલા માત્રથી જ જ્ઞાની આત્માઓએ પોતાના જ્ઞાનથી જાણીને જગજ્જંતુઓના એકાંત હિતને અર્થે પ્રકાશિત કરેલા પરલોકાદિ પદાર્થો અવિદ્યમાન બની જતા નથી.

આત્મા છે. પરલોક છે. સ્વર્ગ છે. નરક છે. પાપ છે.

પુણ્ય છે. બન્ધ છે, મોક્ષ છે. યાવત્ જેટલા પદાર્થો જ્ઞાનીઓએ પોતાના જ્ઞાનબળે જોઇને પ્રકાશિત કર્યા છે, તે ભલે બહિરિન્દ્રિયને પ્રત્યક્ષ ન થતા હોય, તો પણ તે જગતમાં છે જ. એમાં કોઈ પણ અજ્ઞાનીની તકરાર ચાલી શકે તેમ નથી

જે આત્માઓ વિદ્યમાન એવા અતીન્દ્રિય પદાર્થોને પણ વિષયલાંપટ્ય આદિ તુચ્છ વાસનાઓ પોષવાની ખાતર માનવાનો ઈન્કાર કરે છે, તે આત્માઓની દશા ઘણી ભયંકર થાય છે. મધના બિન્દુની લાલચથી નીચે રહેલા અંધાર કૂવા કે અજગર આદિના ભયંકર ભયોની અવગણના કરનાર વિષયલંપટ પુરુષની મૂર્ખતાને પણ તેવા આત્માઓની મૂર્ખતા ટપી જાય તેવી હોય છે.

ખરેખર વિષયની લાલચ એ બૂરી ચીજ છે. ઉત્તમને પણ તે અધમ બનાવે છે, અમૂઢને પણ તે મૂઢ બનાવે છે અને બુદ્ધિમાન પાસે પણ તે બુદ્ધિહીન જેવાં આચરણ કરાવે છે. જેઓ એ લાલચને વશ પડે છે, તેઓના હાલ બૂરા થાય છે.

મધુબિન્દુની અતિશય તુચ્છ લાલસાએ તે પુરુષની પાસે ઉપકારીનાં વચનોની પણ અવગણના કરાવી અને પરિણામે તે પુરુષે પોતાની જાતને સદાને માટે આપત્તિનો ભોગ બનાવી દીધી; એ જ રીતે વિષયલાંપટ્ય—આ દુનિયાના તુચ્છ વૈષયિક સુખોના ક્ષણિક ઉપભોગોની અધમ વૃત્તિ–સારા સારા માણસોને પણ અનંતજ્ઞાનીઓનાં વચનો ઉપર પગ મૂકવાની ધૃષ્ટતાના શિકાર બનાવે છે, એટલું જ નહિ પરંતુ નાસ્તિકતા આદિ વિવેકશૂન્ય વિચારોના શિકાર બનાવી દઈ પાયમાલ કરે છે.

## * જ્ઞાનનાં સાધન *

આત્મા, પરલોક આદિ અતીન્દ્રિય પદાર્થો, બાહ્ય ઇન્દ્રિયોને અગોચર હોવા છતાં, તે છે કે નહિ, તેનો નિર્ણય કેવળ બહિરિન્દ્રિય-પ્રત્યક્ષ દ્વારા કરવા તૈયાર થવું એ બુદ્ધિની ન્યૂનતા સૂચવે છે.

જે વસ્તુ જેના વિષયની બહાર છે, તે વસ્તુનો નિર્ણય તેના જ દ્વારા કરવાનો આગ્રહ સેવવો એ મિથ્યા અભિનિવેશ સિવાય બીજું કાંઈ જ નથી.

આત્મા જો મિથ્યા અભિનિવેશને આધીન થયેલો ન હોય, તો આત્મા આદિ બહિરિન્દ્રિયથી અગોચર પદાર્થોને બહિરિન્દ્રિય ગોચર કરવાનો આગ્રહ કદી જ સેવે નહિ.

આથી કોઈએ એમ માની લેવાનું નથી કે, 'આત્મા અતીન્દ્રિય પદાર્થો બહિરિન્દ્રિય દ્વારા પ્રત્યક્ષ થઈ શકતા નથી. માટે તે કોઈ પણ પ્રમાણથી સિદ્ધ થતા નથી અને તેમ છતાં તેને માની લેવાનો આગ્રહ સેવવામાં આવે છે.'

અહીં તો વાત એ છે કે જેઓ પદાર્થોનું જ્ઞાન

કરવા માટે કેવળ બહિરિન્દ્રિય-પ્રત્યક્ષનો જ આગ્રહ સેવે છે, તેઓ બહિરિન્દ્રિય પ્રત્યક્ષ કરતાં પણ અધિક સત્ય અને વિદ્યમાન એવાં અન્ય પ્રમાણોનો અયોગ્ય રીતે તિરસ્કાર કરનારા છે.

વસ્તુનું જ્ઞાન મેળવવા માટે બહિરિન્દ્રિય-પ્રત્યક્ષ, એતો એક અલ્પવત્ સાધન છે. બહિરિન્દ્રિય-પ્રત્યક્ષ (બાહ્ય ઇન્દ્રિયને ગોચર) જેમ અભ્રાન્ત છે, તેમ ભ્રાન્ત પણ છે, એટલું જ નહિ પરંતુ તે પ્રમાણ કેવળ વર્તમાનકાળનો જ વિષય કરનારું છે. જ્યારે બહિરિન્દ્રિય-પ્રત્યક્ષ સિવાયનાં આગમાદિ પ્રમાણો તો સર્વ વસ્તુ, સર્વકાળ અને સર્વદેશને વિષય કરનારાં છે. એટલું જ નહિ પણ સર્વથા અભ્રાન્ત પણ છે.

### * અભ્રાન્ત પ્રમાણો *

જ્ઞાનનાં સાધન-પ્રમાણ બે પ્રકારનાં છે.

એક ભ્રાન્ત (અયથાર્થ) અને બીજાં અભ્રાન્ત (યથાર્થ).

તે પ્રત્યેકના પણ બે પ્રકારો છે. એક પ્રત્યક્ષ અને બીજો પરોક્ષ.

કેવળજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અવધિજ્ઞાન આદિ પ્રત્યક્ષ છે. અને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ પરોક્ષ છે. અથવા બહિરિન્દ્રિયજન્ય જ્ઞાન એ પ્રત્યક્ષ પ્રમાણ છે અને સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન, આગમાદિ એ પરોક્ષ પ્રમાણ છે.

આ રીતે વસ્તુનું જ્ઞાન મેળવવા માટે અનેક પ્રકારનાં પ્રમાણો વિદ્યમાન હોવા છતાં, તે સઘળાંને ઈન્કાર કરી

કેવળ બહિરિન્દ્રિય પ્રત્યક્ષને જ મુખ્ય બનાવવું, એ પ્રમાણ સંબંધી વિજ્ઞાનની અજ્ઞાનતા સૂચવનાર છે.

આત્મા, પરલોક, સ્વર્ગ અને નરકાદિ બાહ્ય દૃષ્ટિને પ્રત્યક્ષ નહિ હોવા છતાં સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમાદિ પરોક્ષ અને કેવળજ્ઞાન, મનઃ-પર્યવજ્ઞાન અને અવધિજ્ઞાન આદિ પ્રત્યક્ષ પ્રમાણોથી સુજ્ઞાત છે.

કેવળજ્ઞાન આદિ પ્રત્યક્ષ પ્રમાણો આજે વિદ્યમાન નથી, એ વાત સાચી હોવાં, 'આગમાદિ પરોક્ષ પ્રમાણો પણ વિદ્યમાન નથી,' એમ કહેવું એ સર્વથા અસત્ય છે. એટલું જ નહિ પણ બહિરિન્દ્રિય પ્રત્યક્ષ કેવળ વર્તમાન-વિષયક અલ્પ પદાર્થોનું જ્ઞાન કરાવનાર છે, જ્યારે આગમાદિ પ્રમાણો ત્રિકાળવિષયક સર્વ પદાર્થોનું જ્ઞાન કરાવનાર છે, માટે તેના કરતાં અતિશય ચડીયાતાં છે.

## * આગમ — પ્રમાણ *

આપ્તવચન તે આગમ છે. અને યથાર્થ વક્તા તે આપ્ત છે, 'કહેવા લાયક વસ્તુને જે જેવી છે તેવી જાણે છે તેવી જ કહે છે,' તે યથાર્થ વકતા છે. એવા વકતાનું વચન અપ્રમાણ છે, એમ કોઈથી પણ કહી શકાય તેમ નથી.

કેવળ બહિરિન્દ્રિય-પ્રત્યક્ષથી જ નહિ, પરંતુ યથાર્થ વકતાના વચન પ્રમાણ દ્વારા જ જગતના તમામ લૌકિક અને લોકોત્તર વ્યવહારો અસ્ખલિતપણે ચાલી રહ્યા છે.

આથી એ જાતના વચન પ્રમાણની ઉપેક્ષા કરવામાં

આવે તો એકલો લોકોત્તર વ્યવહાર જ બંધ થઈ જાય છે એમ નથી, કિન્તુ લોક-વ્યવહાર પણ તે જ ક્ષણે સ્થગિત થઈ જાય છે. લૌકિક અને લોકોત્તર ઉભય પ્રકારના વ્યવહારના એકને એક કારણભૂત વચન પ્રમાણનો જેઓ તિરસ્કાર કરે છે, તેઓ પોતાની જાતને ઓળખવા માટે પણ નિષ્ફળ નીવડે છે.

'પોતે અમુક પિતાનો પુત્ર છે,' એવી જાતની જે માન્યતા ધરાવે છે, તે માન્યતાનું પણ મૂળ જો કોઈ પણ હોય તો તે **વચન પ્રમાણ** છે. માતાનું વચન, એ જ પિતાને ઓળખવાનું એકનું એક સાધન છે. બહિરિન્દ્રિય પ્રત્યક્ષ પ્રમાણ ત્યાં નિષ્ફળ નીવડે છે.

આ રીતે નાનાથી માંડી મોટા સુધી જગતનો તમામ વ્યવહાર જ્યારે યથાર્થ વકતાના વચન પ્રમાણ ઉપર અવલંબેલો છે, ત્યારે 'આગમ પણ ભ્રાન્ત છે' એમ કોઈના કહેવા માત્રથી જ જો તેનો તિરસ્કાર કરી દેવામાં આવે તો તે જેવી-તેવી મૂર્ખતા નથી.

## * શ્રી જૈનશાસનની વિશિષ્ટતા *

આગમપ્રમાણની ભ્રાન્તતા દૂર કરવા માટે માત્ર તેના પ્રણેતાની અયથાર્થતા દૂર કરવાની આવશ્યકતા રહે છે, નહિ કે આગમપ્રમાણને છોડી દેવાની.

પ્રણેતાની અયથાર્થતાના દોષે, યથાર્થ પ્રણેતાઓનાં વચનોનો પણ ત્યાગ કરી દેવામાં આવે, તો આ સંસારમાં

પ્રાણીઓને કેવળ અજ્ઞાનના અંધકારમાં જ આથડવાનું બાકી રહે છે.

અંધકારમાં આથડનારાઓ જેમ પોતાનાં અંગોપાંગને સાજાં રાખી શકતા નથી એટલું જ નહિ, કિન્તુ અનંતકાળ પર્યંત આથડવા છતાં ઈષ્ટ સ્થાનને પામી શકતા નથી, તેમ યથાર્થ વક્તાઓનાં વચનોરૂપી કિરણોના પ્રકાશનું આલંબન છોડી દેનારા આત્માઓ પણ અજ્ઞાનરૂપી અંધકારમાં આમથી તેમ ભટકી-ભટકીને જીવનને પાયમાલ કરી નાખે છે, એટલું જ નહિ પરંતુ અનંતકાળ સુધી ભટકવા છતાં ઈષ્ટ સ્થાનને મેળવી શકતા નથી.

પરલોકના માર્ગમાં કે અતીન્દ્રિય પદાર્થોના વિષયમાં આગમપ્રમાણ એજ એક પરમ આધાર છે.

પ્રત્યક્ષ પ્રમાણ કરતાં પણ અનુમાન અને આગમાદિ પ્રમાણો અધિક સત્ય હોઈ શકે છે, એવું પ્રતિપાદન કેવળ શ્રી જૈનશાસન જ કરે છે એમ નથી; કિન્તુ પ્રત્યેક શાસ્ત્ર પછી તે ધાર્મિક હો કે લૌકિક હો, એ સિદ્ધાન્તને સ્વીકારે છે. પણ તેમાં ફેર એટલો છે કે, શ્રી જૈનશાસન વક્તાની યથાર્થતા-અયથાર્થતા ઉપર જેટલો ભાર મૂકે છે, તેટલો ભાર ઈતર શાસ્ત્રો મૂકતા નથી,

## * શ્રી જૈનશાસનની યથાર્થતા *

શ્રી જૈનશાસન ઈતર શાસનોથી ભિન્ન પડતું હોય તો તે આ એક જ કારણે છે.

ઈતર શાસ્ત્રો તેના પ્રણેતાઓની અપૂર્ણતાઓ નિભાવી

લેવા તૈયાર છે, જ્યારે શ્રી જૈનશાસન પોતાના પ્રણેતાઓની કોઈ પણ અપૂર્ણતા નિભાવી લેવા તૈયાર નથી.

તે કહે છે કે, 'જો શાસનનો પ્રણેતા જ અપૂર્ણ, અલ્પજ્ઞ યા દોષવાન છે, તો તેનું નિરૂપણ વિશ્વસનીય કેવી રીતે થઈ શકે? અવિશ્વનીય નિરૂપણોને પણ જો વિશ્વસનીય માની લેવામાં આવે, તો તે વિશ્વાસ અંધ-વિશ્વાસનું જ એક રૂપાંતર છે. ઐન્દ્રિયક વિષયોમાં હજુ અમે અપૂર્ણ જ્ઞાનીનાં કથનોને સ્વીકારી લેવા તૈયાર છીએ, કિન્તુ અતીન્દ્રિય પદાર્થોના વિષયોમાં લેશ પણ અધૂરા જ્ઞાનીના કથન ઉપર વિશ્વાસ મૂકવા માટે અમે તૈયાર નથી.

બાહ્યેન્દ્રિય-ગોચર પદાર્થોમાં અપૂર્ણ વક્તાના દોષથી થયેલી ભૂલોને સુધારવા માટે, તે પદાર્થોને ઈન્દ્રિય-ગોચર કરીને પણ અમે થયેલી ભૂલોને સુધારી શકીશું. કિન્તુ બાહ્યેન્દ્રિય-અગોચર પદાર્થો સંબંધી અલ્પજ્ઞ અને અયથાર્થ વક્તાઓનાં કથનો દ્વારા થયેલી બ્રાન્તિઓનું નિવારણ કરવા માટે અમારી (છદ્મસ્થોની) પાસે આધાર શું છે!' ઇન્દ્રિયાતીત વિષયો સંબંધી અધૂરાં અને અયથાર્થ વક્તાઓનાં કથન ઉપર વિશ્વાસ મૂકી દઈએ, તો અમારી અનંતકાળની જિંદગી જોખમમાં મુકાઈ જાય. તેવું જોખમ ખેડવાની અમારી મુદ્દલ તૈયારી નથી.'

'અતીન્દ્રિય વિષયમાં અધૂરા જ્ઞાની અને રાગી-દ્વેષી વક્તાઓ અપ્રમાણ છે.' આ જાતના આગ્રહે જ શ્રી જૈન-

શાસનને આજ સુધી યથાર્થ શાસન તરીકે જગત સમક્ષ ટકાવી રાખ્યું છે.

## * સમ્યગદર્શનની નિર્મળતા *

આત્મા, પરલોક આદિ અતીન્દ્રિય પદાર્થો આ રીતે જો આગમપ્રમાણથી સિદ્ધ હોય, તો પછી તેને જાણવા માટે બીજાં પ્રમાણોનો આગ્રહ રાખવો તે એક જાતની હઠ છે. ન્યાયના માર્ગમાં એવી હઠ કામ આવી શકતી નથી.

પરંતુ આજે આગમપ્રમાણ સંબંધી અનેક પ્રકારની ફૂટ માન્યતાઓ પ્રચાર પામી રહી છે, તેથી અજ્ઞાન આત્માઓનાં હૃદયમાં આગમપ્રમાણ ઉપરાંત સર્વલોકસિદ્ધ અનુમાનાદિ પ્રમાણો દ્વારા પણ આત્મા અને પરલોક આદિ અતીન્દ્રિય પદાર્થો સિદ્ધ છે, એ વાતનો પણ નિશ્ચય કરી લેવો તે જરૂરી છે.

એક વાત ખાસ યાદ રાખી લેવા જેવી છે કે, અનુમાનાદિ લૌકિક પ્રમાણોના આધારે, આગમ દિ લોકોત્તર પ્રમાણોની સિદ્ધિ થતી નથી જ. 'પ્રમાણોમાં સર્વશ્રેષ્ઠ પ્રમાણ, શ્રી તીર્થંકરાદિ લોકોત્તર પુરુષોનાં વચનો છે.' એમાં એક રતિભર સંદેહ નથી. છતાં જગતના તમામ આત્માઓ તે લોકોત્તર પ્રમાણને પરમ પ્રમાણભૂત માની લે એટલી સહજસિદ્ધ યોગ્યતા કે અતિશય કર્મલઘુતાને પામેલા હોય, એ બનવું શકય નથી.

લઘુકર્મી આત્માઓને અનંતજ્ઞાનીનાં વચનો ઉપર શ્રદ્ધા કરવા માટે ઈતર પ્રમાણોની આવશ્યકતા રહેતી

નથી. કિન્તુ તેવા પ્રકારની કર્મલઘુતા ખૂબ જ નિકટભવી સિવાયના અન્ય આત્માઓમાં પ્રગટી શકતી નથી.

તેવા આત્માઓને લોકોત્તર પ્રમાણની પ્રતીતિ કરાવવા માટે તથા નિકટભવી અને લઘુકર્મી આત્માઓને પણ સુદૃઢ શ્રદ્ધાયુક્ત બનાવવા માટે અનુમાનાદિ પ્રમાણો પણ કારગત નીવડે છે, એમ જાણનાર જ્ઞાની પુરુષોએ અનુમાનાદિ લૌકિક પ્રમાણો દ્વારા પણ આત્મા આદિ અતીન્દ્રિય પદાર્થોની યથાર્થ સિદ્ધિ કેવી રીતે થાય છે, તે વિસ્તારપૂર્વક જણાવ્યું છે અને તે શાસ્ત્રને દ્રવ્યાનુયોગના એક મુખ્ય અંગ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. તેને ભણવાથી આત્માના સમ્યગ્દર્શન ગુણની અસાધારણ નિર્મળતા થાય છે, એમ ભારપૂર્વક ફરમાવવામાં આવ્યું છે.

## * છદ્મસ્થોનું કર્ત્તવ્ય *

મધ્યાહ્નકાળનો વાદળરહિત સૂર્ય વિદ્યમાન હોવા છતાં પણ, જેમ ભોંયરામાં રહેલા માણસને પ્રકાશ માટે દીપકની આવશ્યકતા રહે છે, તેમ જગતના તમામ પ્રકારના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી નાખવા માટે સમર્થ શ્રી જિનોક્ત આગમપ્રમાણ વિદ્યમાન હોવા છતાં પણ, તેવા પ્રકારના અયોગ્યતારૂપી આવરણથી ઢંકાએલા આત્માઓ માટે દીપક સમાન અન્ય પ્રમાણોની પણ આવશ્યકતા રહે છે.

'આત્મા, પરલોક, સ્વર્ગ, નરકાદિ પદાર્થો છે.' એવો એક વખત સામાન્ય નિશ્ચય થઈ ગયા પછી, વિશેષ નિશ્ચય કરાવનાર આગમ પ્રમાણનું અવલંબન અત્યંત ઉપકારક બની શકે તેમ છે.

અનુમાનાદિ પ્રમાણો દ્વારા થનારો નિશ્ચય, એ ગમે તેટલો યથાર્થ હોવા છતાં પણ, તે સામાન્ય નિશ્ચય છે, એ ભૂલવા જેવું નથી. આગમ એનો વિશેષ નિશ્ચય કરાવે છે. અને કેવળજ્ઞાન એનો સર્વાંશે નિશ્ચય કરાવે છે. સર્વાંશ નિશ્ચય કેવળજ્ઞાન સિવાય શકય નથી, પણ

ત્યાં સુધી ક્રમે-ક્રમે અધિક નિશ્ચય થાય તેવા પ્રયત્નો કરતા રહેવું એ છદ્મસ્થોનું કર્ત્તવ્ય છે.

## * યથાર્થ જ્ઞાન *

અહીં એટલી વાત સમજી લેવી જોઇએ કે, વિશેષ ધર્મોનો અધૂરો નિશ્ચય, યથાર્થ જ્ઞાનને અયથાર્થ કરી શકતો નથી. એક વ્યક્તિને મનુષ્ય તરીકે જાણી લીધા પછી, એ ક્યાંનો વતની છે અને કોનો દીકરો છે, એ વગેરે વિશેષ ધર્મોને નહિ જાણવા છતાં પણ, મનુષ્ય તરીકે થએલું તેનું જ્ઞાન એ કોઈ પ્રકારે અયથાર્થ ઠરતું નથી અર્થાત્ તેની યથાર્થતા યથાવત્ રહે છે.

સર્વ પર્યાયો સહિત સર્વ દ્રવ્યોનું જ્ઞાન કરાવવાનું સામર્થ્ય કેવળ એક કેવળજ્ઞાનરૂપી પ્રત્યક્ષ પ્રમાણમાં જ રહેલું છે. એટલા જ માટે છદ્મસ્થ આત્માઓએ અમુક મર્યાદા સુધીના (દ્રવ્યોના) જ્ઞાન દ્વારા સંતોષ માનવાનો હોય છે. એ જ્ઞાનમાં તરતમતા અવશ્ય રહેવાની છે, તો પણ સર્વવિશેષવિષયક જ્ઞાન છદ્મસ્થકાળમાં કદી થઈ શકનાર નથી.

## * દેહ અને આત્મા *

જે વસ્તુનો નિષેધ કરવામાં આવે છે, તે વસ્તુ જેમ અવશ્ય હયાતિ ધરાવે છે તેમ જે વસ્તુનો સંશય હોય છે, તે વસ્તુ પણ આ જગતમાં અવશ્ય હયાતિ ધરાવનાર હોય છે.

'આ છીપ કે રજત છે ?' 'આ રજ્જુ છે કે સર્પ છે ?' એ જાતનો સંશય ઉભય પદાર્થોની હયાતિનો નિશ્ચય હોય તો જ થાય છે. તેમ, 'આ દેહ છે કે આત્મા છે ? એ જાતનો સંશય જ એમ સાબિત કરવા માટે પૂરતો છે કે, આત્મા અને દેહ ઉભય પદાર્થો જગતમાં અસ્તિત્વ ધરાવે છે.

જો આત્મા ન જ હોય તો, 'દેહ એજ આત્મા છે કે તેનાથી ભિન્ન છે ?' એ જાતનો સંશય કદી ઉદ્ભવે નહિ. એજ રીતે દેહ અને આત્મા, એ બે શબ્દો જ, દેહ અને આત્માનું પાર્થક્ય આત્માની જુદાઈ-ભિન્તા સિદ્ધ કરવા માટે સમર્થ છે.

## * સ્વસંવેદન પ્રત્યક્ષ *

પ્રત્યક્ષ બે પ્રકારના છે.

એક વ્યવહારિક અને બીજો પારમાર્થિક.

વ્યાવહારિક પ્રત્યક્ષ પણ બે પ્રકારના છે.

એક ઐન્દ્રિયક (ઈન્દ્રિયોને) પ્રત્યક્ષ અને બીજું માનસિક સ્વસંવેદન પ્રત્યક્ષ.

આત્મા ઈન્દ્રિયોને અગોચર હોવાથી તે ઈન્દ્રિયોને પ્રત્યક્ષ નથી, તો પણ તેનો સ્વસંવેદન માનસિક પ્રત્યક્ષ સૌને અનુભવસિદ્ધ છે.

'હું છુ,' એવો અનુભવ સહુ કોઇને પ્રત્યક્ષ થાય છે. એ અનુભવ જો ભ્રાન્ત હોય તો બીજો કોઈ પણ અનુભવ અભ્રાન્ત બની શકે તેમ નથી જ્યાં સુધી આત્માને

પોતાની ભ્રાન્તિ છે, ત્યાં સુધી તે બીજા પદાર્થોનું અભ્રાન્ત જ્ઞાન ક્યાંથી કરી શકવાનો હતો ?

ઘટ, પટાદિ અન્ય પદાર્થોનું જ્ઞાન આત્માને અભ્રાન્ત રીતે થઈ શકે છે, એજ એમ બતાવે છે કે તેને પોતાનું જ્ઞાન તો સુતરાં અભ્રાન્ત છે. આત્મા જો સ્વસંવેદન પ્રત્યક્ષ ન હોય તો 'હું છું કે નથી ?' એવો સંશય પણ ઘટે નહિ. જેને એ પ્રકારનો સંશય થાય છે, તે જ આત્મા છે.

## * છદ્મસ્થ પ્રત્યક્ષ *

છદ્મસ્થ ( કેવળજ્ઞાની નહિ તે બધા ) ને સર્વ વસ્તુ દેશથી જ પ્રત્યક્ષ થાય છે. તેનો અર્થ એટલો જ છે કે, સ્થૂલ પદાર્થોના રૂપનો જ માત્ર એક દેશથી પ્રત્યક્ષ કહેવાય છે, સર્વ વસ્તુનો સર્વ પ્રકારે પ્રત્યક્ષ થવો એ કેવળજ્ઞાન સિવાય સંભવિત નથી.

રૂપી પદાર્થોનું પ્રત્યક્ષ જેમ તેના રૂપ-રસાદિ અમુક ગુણો દ્વારા થાય છે, તેમ અરૂપી આત્માદિ પદાર્થોનું પ્રત્યક્ષ પણ તેના ગુણોના પ્રત્યક્ષ દ્વારા જ થઈ શકે છે. એ નિયમ છદ્મસ્થો માટે સર્વસામાન્ય છે, અનિવાર્ય છે, નિરપવાદ છે.

છદ્મસ્થ આત્મા જે કોઈ વસ્તુને પ્રત્યક્ષ કરે છે તેના કેટલાક ગુણો કે પર્યાયોનું જ પ્રત્યક્ષ કરે છે. છતાં તે પ્રત્યક્ષ વસ્તુનું જ પ્રત્યક્ષ માનવામાં આવે છે. કારણ કે પર્યાય કે ગુણોથી વસ્તુ એ કોઈ ભિન્ન પદાર્થ નથી.

કેરીનું પ્રત્યક્ષ એ છદ્મસ્થો માટે તેના રૂપ-રસાદિ કેટલાક વિશેષોનું પ્રત્યક્ષ છે, નહિ કે સમસ્ત વિશેષો સહિત કેરીનું પ્રત્યક્ષ છે.

એજ ન્યાયે છદ્મસ્થ આત્માઓને આત્માનું પ્રત્યક્ષ તેના કેટલાક ગુણો અને પર્યાયો દ્વારા જ શક્ય છે. સ્મૃતિ, જિજ્ઞાસા, ચિકીર્ષા, સંશય, વિપર્યય આદિ જ્ઞાનવિશેષો એ આત્માના ગુણો છે અને તે બધા ગુણો પ્રત્યેક આત્માને સ્વસંવેદન પ્રત્યક્ષથી સિદ્ધ છે. છદ્મસ્થો માટે ગુણોનું પ્રત્યક્ષ એ જ ગુણીનું પ્રત્યક્ષ છે. કારણ કે ગુણીને છોડી ગુણો કદી અલગ રહી શકતા નથી.

## * આત્માને સિદ્ધ કરનારાં અનુમાનો *

આત્મા સંવેદન પ્રત્યક્ષ હોવા છતાં, તેની સિદ્ધિ માટે અનુમાન પ્રમાણો પણ અનેક છે.

## * શરીરનો કર્તા *

શરીર આદિમાન પ્રતિનિયત આકારવાળું છે, માટે તેનો કર્તા હોવો જોઈએ. જેમ ઘટ, પટાદિ આદિમાન પ્રતિનિયત આકારવાળા છે તેથી તેના કર્તા કુંભાર, વણકરાદિ અવશ્ય હોય છે.

દ્વીપ, સમુદ્ર, મેરુ પર્વત આદિ–આદિમાન નથી, તેના કોઈ કર્તા નથી અને મેઘ, મેઘધનુષ્યાદિ પ્રતિનિયત આકારવાળા નથી, માટે તેનો કોઈ કર્તા નથી. શરીર એ આદિમાન પણ છે અને પ્રતિનિયત આકારવાળું પણ છે, તેથી તેનો કર્તા અવશ્ય હોવો જોઈએ. જે કોઈ તેના કર્તા છે, તે જ આત્મા છે.

## * શરીરનો ભોક્તા *

શરીર ભોગ્ય છે, માટે તેનો કોઈ ભોક્તા હોવા જોઇએ જેમ ભોજન, વસ્ત્ર આદિ ભોગ્ય છે, તો તેનો કોઇ ને કોઈ ભોકતા અવશ્ય હોય છે.

## * ઈન્દ્રિયોનો અધિષ્ઠાતા *

ઈન્દ્રિયો એ જ્ઞાનનાં કારણ છે, માટે તેનો અધિષ્ઠાતા (ચૈતન્ય સંપાદક) હોવો જોઈએ. જેમ દંડ, ચક્ર, ચિવરાદિ કરણો છે, તો તેનો અધિષ્ઠાતા કુંભાર અવશ્ય હોય છે.

## * વિષયોનો આદાતા (ગ્રહણ કરનાર) *

ઈન્દ્રિયો આદાન છે, અને વિષયો આદેય છે. આદાન–આદેય હોય ત્યાં આદાતા અવશ્ય હોવો જોઈએ. જેમ સાણસો આદાન છે અને લોઢું આદેય છે, તો તેનો આદાતા લુહાર પણ છે. એજ રીતે ઈન્દ્રિયો દ્વારા વિષયોનું આદાન કરનારો જે છે, તે આત્મા છે.

## * શરીરનો સ્વામી *

શરીર પ્રતિનિયત સંઘાત અને રૂપાદિથી યુક્ત છે, માટે તેનો કોઈ અર્થી (સ્વામી) અવશ્ય હોવો જોઈએ. જેમ સંઘાત અને રૂપાદિથી યુકત ઘર વગેરેનો સ્વામી અવશ્ય હોય છે. પ્રતિનિયત સંઘાત અને રૂપાદિથી જે યુકત નથી, તેનો સ્વામી પણ કોઈ નથી. જેમ જંગલના ટેકરા અથવા રેતીના ઢગલા.

એ રીતે શરીર, ઈન્દ્રિયો વગેરેનો કર્તા પણ આત્મા સિવાય અન્ય કોઈ પદાર્થ સિદ્ધ થતો નથી.

## * પરલોક — સિદ્ધિ *

'આત્મા એ સત્ પદાર્થ છે, પણ અસત્ નથી.'

જે સત્ છે તે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણ ધર્મોથી યુક્ત હોય છે.

પ્રત્યેક વસ્તુનો અમુક ધર્મ વડે ઉત્પાદ અને અન્ય ધર્મ વડે વિનાશ થાય છે તથા વસ્તુ કાયમ રહે છે.

આત્મા એ સત્ પદાર્થ છે, પરંતુ તે જ્યાં સુધી કર્મથી સંબદ્ધ છે, ત્યાં સુધી નરકાદિ ચતુર્ગતિરૂપ સંસારમાં સંસરણ—પરિભ્રમણ પણ ચાલુ જ રહેવાનું અને આ પરિભ્રમણ જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી જીવનો નારકાદિ પર્યાયરૂપે ઉત્પાદ અને મનુષ્યત્વાદિ પર્યાયરૂપે વિનાશ પણ ચાલુ જ રહે છે. છતાં આ ઉત્પાદન અને વિનાશમાં પણ જીવનું જીવત્વ દ્રવ્ય સ્વરૂપે—અવસ્થાન તો—ત્રિકાલાબાધિત છે. કર્મ સંબદ્ધ જીવનો જે મનુષ્યત્વાદિ પર્યાયરૂપે વિનાશ, તે તેનું મરણ છે અને જે નારકત્વાદિ પર્યાયરૂપે ઉત્પાદ તે તેનો જન્મ છે. આનું જ નામ પરલોક છે.

## * કર્મની સિદ્ધિ *

આત્મા હયાત છે, માટે તેને પરલોક છે, અને તે પરલોક ચતુર્ગતિરૂપ સંસાર છે. તેનું કારણ કર્મ છે. કર્મથી સર્વથા મુક્ત બનેલ આત્માને ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરવાનું રહેતું નથી. પરંતુ તેમનો સિદ્ધશિલા ઉપર—લોકના અંત ભાગે—શાશ્વત નિવાસ હોય છે. આ સ્થાનને મુક્તિ, સિદ્ધિ, મોક્ષ કે પરમપદ વગેરે અર્થસંગત નામોથી ઓળખવામાં આવે છે.

એ અવસ્થા કર્મના સર્વથા વિનાશથી થનાર છે. જ્યાં સુધી આત્મા કર્મથી બદ્ધ છે, ત્યાં સુધી તેને ચતુર્ગતિરૂપ સંસાર છે.

આત્મા જેમ સ્વસંવેદ્ય પ્રત્યક્ષ છે, તેમ કર્મ સ્વસંવેદન પ્રત્યક્ષ નથી, કારણ કે તે આત્માનો ગુણ નથી; પરંતુ તે કાર્મણ વર્ગણાના સૂક્ષ્મ પુદ્ગલો છે. જે કેવળ સર્વજ્ઞોના જ્ઞાનને પ્રત્યક્ષ છે.

છદ્મસ્થ આત્માઓને વિદ્યમાન એવા કર્મના પુદ્ગલો પણ પ્રત્યક્ષ નથી, કારણ કે તે સૂક્ષ્મ છે. છતાં તેની વિદ્યમાનતા અનુમાનથી સાધ્ય છે. વિદ્યમાન એવા પરમાણુઓ અતિશય સૂક્ષ્મ હોવાથી જેમ ઈન્દ્રિયોને અગોચર છે, પણ સ્કંધાદિ કાર્ય દ્વારા અનુમાનગમ્ય છે, તેમ વિદ્યમાન એવા પણ કાર્મણ વર્ગણાનાં પુદ્ગલો આત્માની સાથે સંબદ્ધ હોવા છતાં ઇન્દ્રિયોને અગોચર છે, તેથી માત્ર તેનાં કાર્યો દ્વારા તે કેવળ અનુમાનગમ્ય જ બની શકે છે.

કર્મની સિદ્ધિ માટે અહીં ઘણાં અનુમાનો નહિ આપતાં, માત્ર બે-ત્રણ અનુમાનો જ આપીએ છીએ.

### * સુખ-દુઃખાનુભવનું કારણ *

સુખ-દુઃખનો અનુભવ એ કાર્ય છે, માટે તેનો હેતુ કર્મ છે. અંકુરરૂપ કાર્યનો હેતુ બીજ છે, તેની જેમ અહીં કોઈ એમ કલ્પના કરે કે, 'સુખ-દુઃખના અનુભવના હેતુભૂત આહાર કંટકાદિ પ્રત્યક્ષ વસ્તુએ તે છે.ડી, અપ્રત્યક્ષ

કર્મને માનવાની શી આવશ્યકતા છે ?' તો તે કલ્પના બરાબર નથી. કારણ કે આહાર-કંટકાદિરૂપ સુખ-દુઃખનાં તુલ્ય સાધનો જેને પ્રાપ્ત થયાં છે; એવી વ્યક્તિઓનાં પણ સુખ-દુઃખાનુભવરૂપ ફળમાં અનેક પ્રકારની તરતમતા અનુભવાય છે.

ફળની અનુભવાતી તરતમતા કાર્ય છે અને કાર્યની તરતમતા એ કારણની તરતમતા-વિષમતાને ધ્વનિત કરે છે. આવી તરતમતા વિષમતાવાળું જે કારણ છે, તેજ કર્મ છે. તે સિવાય અન્ય કોઈ નહિ.

### * બાળ—શરીરનું કારણ *

યુવાન શરીર જેમ બાળ-શરીરપૂર્વક છે, તેમ બાળ-શરીર પણ શરીરાન્તરપૂર્વક છે. બાળ-શરીરનું કારણ જે શરીર છે, તે શરીરનું નામ કાર્મણ-શરીર યાને કર્મ છે.

### * સુખી થોડા અને દુઃખી ઘણા તેનું કારણ *

ક્રિયા માત્ર ફળદાયી છે દાનાદિ પણ ક્રિયા છે. માટે તે પણ ફળદાયી છે.

'કૃષિ ક્રિયાની જેમ પ્રશંસા આદિ દૃષ્ટ ફળો જ દાનાદિ ક્રિયાનાં ફળ છે, કિન્તુ અદૃષ્ટ ફળ કાંઈ નથી.' એમ માનવા જતાં હિંસાદિ અશુભ ક્રિયાઓનું ફળ અપકીર્તિ આદિ દૃષ્ટ ફળ જ માનવું પડશે, કિન્તુ અદૃષ્ટ ફળ કાંઈ રહેશે નહિ. તેથી સઘળા પાપી આત્માઓનો પણ મરણ બાદ મોક્ષ થઈ જશે, કારણ કે દૃષ્ટ ફળ

પ્રાપ્ત થઇ ગયું અને અદૃષ્ટ ફળ તો છે નહિ. એ કારણે શુભ અગર અશુભ પ્રત્યેક ક્રિયાનું અદૃષ્ટ ફળ તો અવશ્ય છે.

જ્યારે દૃષ્ટ ફળ એકાન્તિક નથી. કોઇને થાય છે અને કોઇને થતું નથી.

એક જ પ્રકારની ક્રિયા કરવા છતાં તેના દૃષ્ટ ફળમાં અનેક પ્રકારની તારતમ્યતા જણાય છે, એજ હકીકત દૃષ્ટ ફળ, અનેકાન્તિક છે એમ સિદ્ધ કરે છે. એટલું જ નહિ પણ દૃષ્ટ ફળમાં જોવા મળતી એ પ્રકારની તારતમ્યતાવાળા કાર્યનું કારણ પણ કર્મ જ છે.

અદૃષ્ટ ફળ એકાન્તિક છે. કારણ કે સંસારમાં ઘણા જીવો કેવળ દૃષ્ટ ફળની ઇચ્છાથી જ ક્રિયા કરનારા છે, છતાં અનિચ્છાએ પણ તેમને અદૃષ્ટ ફળ ભોગવવું પડે છે!

સહુ સુખના અભિલાષી અને દુઃખના દ્વેષી હોવા છતાં, સંસારમાં સુખી થોડા અને દુખી ઘણા જણા જણાય છે, એ પણ અદૃષ્ટ ફળની એકાન્તિકતાનો પુરાવો છે.

દાનાદિ શુભ ક્રિયાઓ કરનારા થોડા છે અને હિંસાદિ અશુભ ક્રિયાઓ કરનારા ઘણા છે, તેથી શુભ અદૃષ્ટને બાંધનારા થોડા હોય અને અશુભ અદૃષ્ટને બાંધનારા ઘણા ઘણા હોય, એમાં કાંઈ આશ્ચર્ય નથી એજ એક કારણ છે કે સુખની ઇચ્છા સહુને હોવા છતાં, સુખી થોડા છે અને દુઃખની ઇચ્છા કોઇને પણ લેશ માત્ર નહિ હોવા છતાં દુઃખી ઘણા છે.

## * કર્મ અમૂર્ત નથી *

અમૂર્ત કર્મ સુખ દુ:ખાદિમાં નિમિત્ત બની શકે નહિ—જેમ આકાશ.

આકાશ અમૂર્ત હોવાથી તે આત્માને સુખ-દુ:ખાનુભવ કરાવી શકતું નથી. આત્માને સુખાનુભવ યા દુ:ખાનુભવ કરાવનાર મૂર્ત પદાર્થો છે, એ વાત પ્રત્યક્ષ સિદ્ધ છે. અનુકૂળ આહારાદિનાં પુદ્ગલો આત્માને સુખ આપે છે અને અગ્નિકંટકાદિ પ્રતિકૂળ પદાર્થો આત્માને દુ:ખ આપે છે.

અહીં એક શંકા થવી સંભવિત છે કે, 'સુખ-દુ ખાદિનો અનુભવ એ એક પ્રકારનું ચૈતન્ય છે અને એ જ્ઞાનાદિની જેમ અમૂર્ત છે. શરીરાદિ મૂર્ત છે માટે તેનું કારણ મૂર્ત કર્મ ઘટી શકે છે, પરંતુ અમૂર્ત સુખ-દુ:ખાદિનું કારણ મૂર્ત કર્મ કેવી રીતે ઘટી શકે ?'

આ શંકા તો જ વ્યાજબી ઠરી શકે, જો આપણે મૂર્ત કર્મને સુખ-દુ:ખાદિનું સમવાયી કારણ માનીએ. સુખ-દુ:ખાદિનું સમવાયી કારણ તો અમૂર્ત આત્મા છે, જ્યારે મૂર્ત કર્મ તો તેનું નિમિત્ત કારણ છે.

## * મૂર્તનો સંબંધ અને ઉપઘાત *

સંબંધ બે પ્રકારનો છે.

એક સંયોગસંબંધ, કે જે માત્ર ભિન્ન-ભિન્ન દ્રવ્યોનો જ હોય છે. અને બીજો સમવાયસંબંધ કે જે અભિન્ન એવા ગુણ-ગુણી, ક્રિયા ક્રિયાવાન, અવયવ અવયવી આદિની સાથે હોય છે.

આત્મા અને કર્મ એ બંને ભિન્ન દ્રવ્યો છે. તેથી તે બેઉનો ઘટ અને આકાશના સંબંધની જેમ સંયોગસંબંધ છે. બદ્ધાત્મા કથંચિત્ મૂર્ત હોવાથી, તેનો કર્મની સાથે કથંચિત સમવાયસંબંધ માનવામાં પણ હરકત નથી. કારણ કે મૂર્ત કર્મનો, અમૂર્ત આત્મા સાથે સમવાય-સંબંધ અવિરુદ્ધપણે ઘટી શકે છે

સંસારી આત્મા કથંચિત મૂર્ત છે. તેનો અર્થ એ છે કે તે અનાદિકાળથી ક્ષીરનીર અને લોહાગ્નિની જેમ કર્મ પુદ્ગલોથી બદ્ધ છે. પૂર્વે કદી પણ કર્મ પુદ્ગલોથી તે બદ્ધ નહોતો એમ નથી. એ કારણે તેનું વર્તમાન સ્વરૂપ સર્વથા અમૂર્ત નથી, કિન્તુ કંથચિત્ મૂર્ત છે, આત્માને જો સર્વથા અમૂર્ત માનીએ, તો મૂર્ત દ્વારા તેનો અનુગ્રહ થઈ શકે નહિ. કિન્તુ મદિરા આદિ અયોગ્ય દ્રવ્યો વડે આત્માને થતો ઉપઘાત અને બ્રાહ્મી ચૂર્ણાદિ ઉત્તમ દ્રવ્યો વડે આત્માને થતો અનુગ્રહ પ્રત્યક્ષ અનુભવાય છે. તેથી સંસારી જીવ એકાંતે અમૂર્ત નથી.

## * પુણ્ય અને પાપ *

આત્મા છે, તેનો પરલોક છે અને પરલોકનું કારણ કર્મનો સંબંધ પણ છે, તો પછી પુણ્ય અને પાપની સિદ્ધિ કરવા માટે કોઈ નવાં અનુમાનોની આવશ્યકતા નથી.

સુખાનુભવમાં નિમિત્ત થનારાં કર્મનાં શુભ પુદ્ગલો તે પુણ્ય છે અને દુઃખાનુભવમાં નિમિત્ત થનારાં કર્મનાં અશુભ પુદ્ગલો તે પાપ છે. પુણ્ય અગર પાપ બે એકજ

પદાર્થ છે, અથવા બેમાંથી એક પણ નથી, એમ માનવાથી જગતમાં સુખ–દુઃખાનુભાવની વ્યવસ્થા ઘટી શકે તેમ નથી.

પુણ્ય અને પાપ બંને ભિન્ન છે. કારણ કે તેના કાર્યભૂત સુખ અને દુઃખ એકીસાથે અનુભવી શકાતાં નથી. થોડું પુણ્ય એ સુખ અને થોડું પાપ એ દુઃખ, એમ માનીને પુણ્ય અગર પાપ બેમાંથી એક જ પદાર્થને માની લેવાથી પણ કામ ચાલી શકે તેમ નથી.

સુખ–દુઃખના કારણભૂત પુણ્ય અને પાપ એ બે જુદાં સ્વતંત્ર દ્રવ્યો છે. સમ્મીલિત પુણ્યપાપાત્મક એકજ કર્મ કોઇપણ રીતે ઘટિત થઈ શકતું નથી. કારણ કે તે પ્રકારના સમ્મીલિત પુણ્યપાપાત્મક કર્મના બંધનું કોઈ એવું સમ્મીલિત કારણ હોવું જોઇએ. પરંતુ તેવું કારણ આ જગતમાં હયાત નથી.

કર્મબંધનાં કારણ મિથ્યાત્વ, અવિરતિ આદિ હેતુઓ છે. તે સર્વ હેતુઓની સાથે મન–વચન–કાયાના યોગીરૂપી હેતુ તો રહેલા જ હોય છે. યોગ હંમેશા એક સમયે શુભ યા અશુભ એકજ હોઇ શકે છે, કિન્તુ શુભાશુભ ઉભય સ્વરૂપ યોગ એકજ સમયે કદી હોઈ શકતો નથી. એજ કારણે તેના કાર્યરૂપ પુણ્ય અને પાપ, એ બે સ્વતંત્ર છે; એમ સહજ રીતે સિદ્ધ થાય છે.

## * સ્વર્ગ અને નરક *

પરલોકની સિદ્ધિમાં આપણે એ જોઇ ગયા કે, ચતુ-

ગતિરૂપી સંસારમાં પરિભ્રમણ એજ આત્માનો પરલોક છે. એ ચાર ગતિઓમાં મનુષ્ય અને તિર્યંચ ગતિ સહુ કોઈને પ્રત્યક્ષ છે પરંતુ દેવ અને નારક એ બે ગતિ કોઈને પણ પ્રત્યક્ષ નથી. તો પછી તે પણ જગતમાં છે એમ શી રીતે માની શકાય ? આ પ્રકારનો પ્રશ્ન કરનાર આગમ-પ્રમાણને માનનારો નથી, એતો આપોઆપ સિદ્ધ થાય છે.

તેમ છતાં પણ દેવલોક અને નારકી પ્રત્યાક્ષાદિ પ્રમાણો દ્વારા જેટલી રીતે સિદ્ધ છે, તેટલી રીતે બતાવવાથી તેવા આત્માઓમાં પણ જે યોગ્ય છે, તેઓમાં આગમ પ્રમાણ પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન થવાનો સંભવ છે એ કારણે પ્રત્યક્ષાદિ પ્રમાણો આપવાં એ અનુચિત નથી.

દેવલોકને નહિ માનનારની આંખ સામે ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા આદિ જ્યોતિષ્ક દેવનાં વિમાનો રોજ ભટકાય છે. તેનો કોઈ પણ રીતે તે ઈન્કાર કરી શકે તેમ નથી. એ ઉપરાંત વ્યંતરાદિ દેવોકૃત અનુગ્રહ અને ઉપઘાત પણ પ્રત્યક્ષ નથી એમ કહેવું તે સર્વથા ખોટું છે.

અનુમાનથી પણ દેવગતિની વિદ્યમાનતાનો કોઈપણ બુદ્ધિમાનને સ્વીકાર કર્યા સિવાય ચાલે તેમ નથી. અતિશય પાપનું ફળ ભોગવવા માટે જેમ નરકગતિ માનવાની આવશ્યકતા છે, તેમ અતિશય પુણ્યનું ફળ ભોગવવા માટે દેવગતિને માન્યા સિવાય પણ છૂટકો નથી.

મનુષ્યગતિમાં અતિ સુખી મનુષ્યો પણ રોગ-જરાદિ દુઃખોથી ગ્રસ્ત છે અને તિર્યંચગતિમાં અતિ દુઃખી તિર્યંચો પણ સુખને આપનાર હવા, પ્રકાશ આદિની પ્રાપ્તિ કરી શકે છે, માટે અતિશય પુણ્ય અને અતિશય પાપનું ફળ એકાંત સુખ કે એકાંત દુઃખ ભોગવવા માટે દેવ અને નરક, એ બે ગતિઓને માન્યા સિવાય ચાલી શકે તેમ નથી.

## * દેવો કેમ આવતા નથી ? *

હવે પ્રશ્ન માત્ર એકજ રહે છે કે, 'નારકો તો દુઃખી અને પરાધીન હોવાથી અહીં આવી શકે નહિ, પરંતુ દેવો તો ઈચ્છા મુજબ ફરી શકનારા અને દેવતાઇ પ્રભાવથી યુક્ત છે. પછી તેઓ અહીં શા માટે આવતા નથી ?'

એનું સમાધાન એકજ છે કે, દેવો અત્યંત સુખી છે. અતિશય સુખી મનુષ્ય પણ જ્યારે પોતાના બંગલા, મોટરો અને મોજ-શોખોમાંથી પરવારતો નથી, તો પછી તેના કરતાં અનંતી ઋદ્ધિને પ્રાપ્ત થયેલ દેવો પોતાનાં સુખમય સ્થાનોને છોડી, દુર્ગંધથી ભારોભાર ભરેલા મનુષ્યલોકમાં પગ મૂકવાનું કેમ પસંદ કરે ? છતાં પણ ભક્તિમાન દેવો શ્રી જિનેશ્વરદેવોનાં કલ્યાણકો વખતે, પોતાના સંશય શ્રી તીર્થંકરદેવોને પૂછી તેનાં સમાધાનો મેળવવા માટે અથવા કોઇ મહર્ષિના તપોગુણથી આકૃષ્ટ થઈ આ મનુષ્યલોકમાં અનેકવાર આવે છે.

આજે પણ તેવા પ્રકારના પૂર્વજન્મના અનુરાગથી

અગર વૈરના અનુબંધથી, પૂર્વકૃત સંકેતથી કે કામાનુરાગથી દેવો મનુષ્યલોકમાં આવે છે. પરંતુ તેવા બનાવો આ કાળમાં ક્વચિત્ બનતા હોવાથી તેની તેટલી પ્રસિદ્ધિ દેખાતી નથી.

બીજી વાત એ છે કે, ઉત્તમ મનુષ્યોને કેટલીક વાર દેવની ઉપમા આપવામાં આવે છે, તે પણ મુખ્ય દેવની વિદ્યમાનતા સિદ્ધ કરે છે. મુખ્ય વસ્તુ કોઈ જગ્યાએ હોય તોજ તેનો ઉપચાર અન્યત્ર ઘટી શકે છે.

## * બન્ધ અને મોક્ષ *

આત્મા અને કર્મ એ બે પદાર્થોના સબંધથી જેમ પુણ્ય, પાપ, પરલોક, સ્વર્ગ, નરકાદિની સિદ્ધિ થાય છે, તેમ બન્ધ અને મોક્ષ, એ બે પદાર્થોની પણ સિદ્ધિ એ સંબંધ અને અ–સંબંધથી થાય છે.

આત્મા અને કર્મનું એક પ્રદેશાવગાહનરૂપ આપસમાં મળવું એ બંધ છે. અને કર્મની સાથે મળેલ આત્માનું એ કર્મના બંધનથી સર્વથા મુક્ત થવું એ મોક્ષ છે.

અહીં એક શંકા અવશ્ય ઉત્પન્ન થાય તેમ છે કે, 'જીવ અને કર્મનો સંબંધ આદિમાન છે કે અનાદિમાન ? જો આદિમાન છે તો પહેલાં જીવ શુદ્ધ હતો. તો તેને કર્મ લાગ્યાં શી રીતે ? શુદ્ધાત્માને પણ જો વગર કારણે કર્મનો બંધ થઈ તો મુક્તાત્માને કેમ ન થાય ? એ આપત્તિ ટાળવા માટે જો જીવ અને આકાશનો સંબંધ જેમ અનાદિમાન હોવાથી અંત વિનાનો છે જીવ અને કર્મનો સંબંધ પણ કદી દૂર થઈ શકશે નહિ.'

જીવ અને કર્મના સંબંધ માટે ઉપર જણાવેલી બંને પ્રકારની યુક્તિઓ સર્વથા અયોગ્ય છે જીવ અને કર્મનો સંબંધ બીજાંકુરની જેમ હેતુ-હેતુમદ્ (કાર્ય-કારણ) ભાવવાળો છે, તેથી તે અનાદિ હોવા છતાં પણ અંતવાળો માનવામાં કોઈ પણ જાતનો વિરોધ નથી.

બીજાંકુર, પિતાપુત્ર આદિની અનાદિ પરંપરા પણ કયારેક કાર્યને ઉત્પન્ન કર્યા વિના નાશ પામે, તો નાશ પામી શકે તેમ છે અથવા સુવર્ણ અને માટીનો સંયોગ અનાદિ હોવા છતાં અગ્નિ આદિના તાપથી તેનો અંત આણી શકાય છે.

અભવ્ય આત્માઓનો કર્મસંબંધ અનાદિ અનંત પણ હોય છે. કિન્તુ ભવ્ય આત્માઓનો સંબંધ તેવા પ્રકારનો હોતો નથી. યોગ્ય સામગ્રી અને પ્રયત્નો દ્વારા તેનો અંત પણ કરી શકાય છે.

લોકમાં પણ જેમ પ્રાગભાવ અનાદિ હોવા છતાં સાંત છે, તેમ તેવાં પ્રકારના આત્માઓનું ભવ્યત્વ અનાદિ હોવા છતાં પણ સાંત છે.

પ્રાગભાવ અવસ્તુરૂપ છે, તેમ પણ નથી, કારણ કે ઘટનો પ્રાગભાવ માટીના પિંડ-સ્વરૂપ હોવાથી ભાવરૂપ છે. એ રીતે અનાદિબદ્ધ આત્મા પણ બંધના હેતુઓને દૂર કરી, યોગ્ય ઉપાયો દ્વારા પૂર્વબદ્ધ કર્મોનો ક્ષય કરી સર્વકર્મનિર્મોક્ષ-સ્વરૂપ આત્માની સ્વાભાવિક સ્થિતિરૂપ મોક્ષને પામી શકે છે.

## * મોક્ષમાં સુખ શું ? *

'સર્વ કર્મોનો ક્ષય એજ જો મોક્ષ છે, તો તેવા મોક્ષમાં શરીરાદિનો અભાવ હોવાથી, સુખ પણ શી રીતે હોઈ શકે ?'

આ પ્રશ્ન, શ્રી જૈનશાસનથી અપરિચિત, ભલભલાને પણ મૂંઝવે તેવો છે. પરંતુ તેવા આત્માઓ સુખના સ્વરૂપને સમજવા જેટલા સમ્યગ્જ્ઞાનને પામ્યા નથી, તેથીજ તેમને આ જાતની મૂંઝવણ થાય છે. સમ્યગજ્ઞાનના સ્પર્શ પછી આ મૂંઝવણ ટળી જાય છે.

દેહ અને ઇન્દ્રિયો દ્વારા શબ્દાદિ વિષયોનો ઉપભોગ એ સુખ નથી, કિન્તુ ઈન્દ્રિયાદિજન્ય ઔત્સુક્યાદિ દુ:ખનો પરિહાર માત્ર છે.

સિદ્ધાત્માઓ તો જ્ઞાનાવરણીયાદિ ઘાતિ-કર્મોના આવરણોથી રહિત થયેલા હોવાથી ઉત્કૃષ્ટ જ્ઞાનવાન છે. અને દુ:ખના હેતભૂત વેદનીયાદિ અઘાતિ-કર્મોનો ક્ષાય થયેલો હોવાથી સુખી છે. શરીર અને ઈન્દ્રિજન્ય સુખ એ સુખ નથી કિન્તુ સુખાભાસ છે પરંતુ તે દુ:ખના પ્રતિકારરૂપ હોવાથી મોહ મૂઢ આત્માઓને સુખની કલ્પના કરાવે છે. રોગની ઉપશાન્તિ માટે લીધેલું કડવું ઔષધ દુ:ખરૂપ હોવા છતાં પણ સુખરૂપ મનાય છે, તેમ મોહજન્ય ઔત્સુક્યથી થયેલ અરતિરૂપ દુ:ખનો પ્રતિકાર હોવાથી વિષય સુખ એ ઉપચારથી લોકમાં સુખ મનાય છે.

ઉપચાર, સત્ય વસ્તુનો જ હોય છે. અને એ સત્ય સુખ છે બીજું નહિ, પણ સર્વ-કર્મ-રહિત મુક્તાત્માઓનું સુખ છે.

## ※ પરસ્પરની હિતચિંતા ※

આત્મા, પરલોક, કર્મ, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, બંધ અને મોક્ષ આદિ અતીન્દ્રિય પદાર્થો શ્રી સર્વજ્ઞ વચનના પ્રામાણ્યથી સિદ્ધ છે, તેમ પ્રત્યક્ષ અનુમાનાદિ પ્રમાણો દ્વારા પણ ગમ્ય છે, એ વાત આપણે બને તેટલા વિસ્તારથી જોઈ આવ્યા છીએ.

અસાર વિષયલંપટતાની ખાતર જે કોઈ આત્મા પ્રમાણસિદ્ધ પરલોકાદિ તરફ બેદરકાર બની, કેવળ આ લોક તરફ જ મીટ માંડીને પોતાનું સમગ્ર જીવન પસાર કરી નાખે છે, તે આત્માનું ભાવિ અતિશય ભયાનક બને છે, એમાં લવલેશ સંદેહ નથી.

પરલોકને ભૂલી આ લોકની મોજ ઉડાડવામાં મશગુલ બનનારા જ્ઞાનીઓની દૃષ્ટિએ અતિશય દયાપાત્ર મનુષ્યો છે. પરલોક તરફ જેટલું દુર્લક્ષ્ય આજના મનુષ્યોમાં નજરે પડે છે. તેટલું દુર્લક્ષ્ય પૂર્વે નહોતું. (અહીં 'પૂર્વ' શબ્દનો અર્થ વર્તમાન વીસમી સદીની પૂર્વની સદીઓ કરવાનો છે. બાકી ત્રિકાળ દૃષ્ટિથી તો આ પ્રકારના મોહમૂઢ ભાવો આ જગતમાં અનંતીવાર

અન્ધા છે; કિન્તુ વર્તમાનકાળની દૃષ્ટિએ આ વીસમી સદીમાં જે જાતનું પરલોક પ્રત્યેનું દુર્લક્ષ્ય વધી પડયું છે, તે જાતનું દુર્લક્ષ્ય પૂર્વની સદીઓમાં નહોતું.)

પરસ્પરના હિતની ચિંતા કરનારો વર્ગ હયાત હોય છે ત્યારે આ જાતની પરિસ્થિતિ હોતી નથી.

આજે મનુષ્યોમાંથી પરહિત ચિંતારૂપ સાચી મૈત્રીભાવના જ મોટા ભાગે નષ્ટ થઈ ગઈ છે. મોટા ભાગના માણસો પોતપોતાના જ ઈહલૌકિક સ્વાર્થની ચિંતા કરે છે. બીજાના ઈહલૌકિક સ્વાર્થની ચિંતા કરનારા આત્માઓ આ દુનિયામાં વિરલ રહ્યા છે.

પરહિતચિંતારૂપ મૈત્રીભાવના નષ્ટપ્રાયઃ થવાથી ઉત્પન્ન થએલી સ્વાર્થમય પરિસ્થિતિ આજની દુનિયાને કારમી રીતે પીડી રહી છે.

વિજ્ઞાનવાદ જેવા 'સભ્ય' શબ્દને આગળ ધરી, લગભગ સહુ કોઇ પોતાનો જ એક સ્વાર્થ સાધવાની તનતોડ મહેનતમાં પડયા છે. પોતાને સુધરેલા દેશો તરીકે અને સુધરેલા મનુષ્યો તરીકે ઓળખાવનારા સહુ કોઈ સ્વાર્થની જ મોટી ચિંતામાં ગળાબૂડ છે.

આ જાતની સ્વાર્થી ચિંતાએ માનવીઓને માનવી મીટાવી દાનવતુલ્ય બનાવ્યા છે. મનુષ્યોને માનુષી વૃત્તિથી ભ્રષ્ટ કરનાર અને દાનવી વૃત્તિવાળા બનાવનાર કોઈપણ હોય, તો તે મર્યાદા વટાવી ગએલ આજની દુનિયાની સ્વાર્થાંધતા છે.

કેવળ આ લોકના જ સ્વાર્થની ચિંતાથી પરલોકને ભૂલાવનાર નાસ્તિકતાને આ કારણે હદ બહારનું બળ મળ્યું છે.

'एतावानेव लोकोऽयं यावानिन्द्रियगोचरः ।'

આ જાતના નાસ્તિક પ્રલાપોએ આજે બુદ્ધિમાનોને પણ ઘેરી લીધા છે. તેનું પરિણામ એ આવ્યું છે કે, ઈચ્છા મુજબની વિષયલંપટતાને અસાધારણ ઉત્તેજન મળ્યું છે. એ વિષયલંપટતાને પોષવા અજ્ઞાન લોકોના અભિપ્રાયોને પણ કીમતી ગણવાના પ્રયાસો થઇ રહ્યા છે.

આ રીતે જોતાં જણાશે કે, સઘળા અનર્થોનું મૂળ, પરની હિતચિંતાનો અભાવ અને પોતાની સ્વાર્થચિંતાનો અમર્યાદ પ્રાદુર્ભાવ છે.

## * સાચા હિતચિંતકો *

પરહિત ચિંતારૂપ મૈત્રીભાવ પ્રગટ કરવા માટે, પરહિતચિંતક મહાપુરુષો પ્રત્યે હ્રદયનો શુદ્ધ પ્રમોદભાવ પ્રગટાવવાની પ્રથમ આવશ્યકતા છે.

આ દુનિયામાં જેમ સ્વાર્થની ચિંતા કરનારા છે, તેમ સ્વ-પરની હિતચિંતા કરનારા પણ છે. કિન્તુ તેઓ વર્તમાન જગતના લક્ષ્યની બહાર છે. સ્વ-પર હિતની જ એક ચિંતા કરનારા મહાપુરુષો વર્તમાન જગતની દષ્ટિ બહાર એટલા માટે છે કે, 'સાચા હિતચિંતક મહાપુરુષો દુનિયાનાં આ લોકનાં સુખોની તેટલી દરકાર કરનારા હોતા નથી, કે જેટલી પરલોક માટેની દરકાર કરનારા હોય છે.'

પરલોકને ભૂલી આ લોકને જ પ્રધાન માનનાર દુનિયા, પરલોકની કાળજીવાળા મહાપુરુષોની દરકાર ન કરે, એમાં લેશમાત્ર આશ્ચર્ય નથી.

આ લોકનાં કાલ્પનિક સુખોની મોટી મોટી લાલચો આપી પ્રજાને મહાસંકટમાં નાખનારાઓને પણ જે પ્રજા પરમેશ્વર માફક પૂજનારી છે, તે પ્રજા સ્વ-પરના સાચા હિતચિંતક મહાપુરુષોની સામે દૃષ્ટિ પણ ન દોડાવે, એમાં પ્રધાન કારણ એની ક્ષુદ્ર વિષયલંપટતા જણાય છે.

પણ જગત તેમના તરફ દરકારવાળું છે કે બેદરકાર છે, તેની ચિંતા સ્વ-પરના સાચા હિતચિંતકોને કદી હોતી નથી. એનું જ એ કારણ છે કે, એ સાચા હિતચિંતકો પ્રત્યે આટલી હદ સુધી બેવફા બનેલી પ્રજા હોવા છતાં પણ- 'સન્માર્ગ પામો' એ જાતની તેઓની કારૂણ્યભાવના લેશ પણ શુષ્ક બનતી નથી.

કરૂણા અને દયાની સ્વભાવસિદ્ધ ભાવનાથી તરબોળ બનેલ સાચા હિતચિંતક મહાપુરુષો પોતાને મળેલાં સાધનો અને સામગ્રીઓ દ્વારા જગતના જીવોને નાસ્તિકતા આદિ મહા અનર્થોથી બચાવવા માટે પોતાની જેટલી શક્તિ હોય તે સઘળી શક્તિ વડે અવિરત પ્રયત્નો કરી રહ્યા હોય છે.

તેવા સાચા સ્વ-પર હિતચિંતક મહાપુરુષોનો યોગ પામનાર યોગ્ય આત્માઓને અનુપમ પ્રકારનો લાભ થયા વિના રહેતો નથી. કદાચ બીજાઓને લાભ ઓછો કે

સાધારણ થાય તો પણ તેઓને પોતાને તો તે પ્રયત્નો મહાન લાભ આપનારા નીવડે જ છે, એમા લેશ માત્ર સંદેહ નથી.

## ❋ આંતર અને બાહ્ય રોગો ❋

આંતરિક ચેપી રોગો અને બાહ્ય ચેપી રોગો વચ્ચે મોટું અંતર છે. બાહ્ય ચેપી રોગોને દૂર કરવાના ઉપાયો રોગીની ઈચ્છા ન હોય તો પણ દયાળુ વૈદ્યો કરી શકે છે, જ્યારે આંતરિક દર્દોના ઉપાયો રોગી જ્યાં સુધી ઇચ્છે નહિ, ત્યાં સુધી ગમે તેવા ઉપકારીઓ પણ કરી શકતા નથી.

પ્લેગ, કોલેરા આદિ દર્દોના ભોગ બનેલા દર્દીઓની દવા કરવા માટે તમામ દુનિયા તૈયાર છે અને દર્દીઓની ઇચ્છા ન હોય તો પણ બળાત્કારે તેનો ઉપયોગ કરાવવા પડે છે.

આંતરિક દર્દોની વાત તેનાથી તદ્દન વિપરીત છે. પ્રથમ તો તે રોગો છે, એવું ભાન દર્દીને થવું પણ દુષ્કર છે, તો પછી તેનું ભાન અન્ય લોકોને થવું એ તેના કરતા પણ વધુ દુષ્કર જ હોય ને ?

વળી માનો કે, તે આંતરિક રોગોનું ભાન કદાચ થઈ જાય, તો પણ બાહ્ય રોગોથી જેમ તેનાં માટે બળાત્કારે ઔષધ–પ્રયોગો થઇ શકતા નથી,

જો કોઈ બળાત્કાર કરવા માગે તો લોકલાગણી બાહ્ય રોગોના બળાત્કાર માટે જેટલી અનુકુળ છે, તેટલી જ

અહીં પ્રતિકૂળ લોકલાગણી છે. અનુકૂળ પણ હોય, તો ઘણા દર્દી પોતાને રોગી ન માને અને રોગી માન્યા પછી પણ તે રોગ દૂર કરવાની ઈચ્છા ન ધરાવે, ત્યાં સુધી ગમે તેવા દયાળુ વૈદ્યોના ઔષધ-પ્રયોગો પણ તેના ઉપર જોઈતા પ્રમાણમાં કારગત નીવડતા નથી.

## * લાભ નહી થવાનું કારણ *

બાહ્ય રોગ અને આંતર રોગ, એ બે વચ્ચેનો આ જાતનો તફાવત જે આત્માઓ સમજી શકે છે, તે આત્માઓ એવી શંકા કદી જ નહિ કરે, 'આંતર રોગોના ઔષધ બનાવનારા હિતચિંતકો હોય, તો અમને તેમનો સમાગમ કેમ થાય ?' કારણ કે એવો સમાગમ અનેકવાર થવા છતાં પણ, પોતાની જાતને રોગી નહિ માનનાર અગર માનવા છતાં તેમનું શરણું નહિ સ્વીકારનાર આત્માઓ તે નિષ્કારણ પરોપકારીઓ તરફથી લાભને પામી શકતા નથી.

નાસ્તિકતા આદિ એ શરીરના દોષો નથી, કિન્તુ આત્માના છે. તેથી તે બેના પ્રતિકારમાં અવશ્ય ભેદ રહેવાનો જ છે.

શારીરિક રોગોના પ્રતિકારો રોગીની ઈચ્છા વિના બળાત્કારે પણ કરી શકાય છે અને આત્મિક રોગોના પ્રતિકારો રોગીની ઈચ્છા વિના કેવળ બળાત્કારે કરી શકતા નથી. એ જ એક કારણ છે કે, શારીરિક રોગોથી જગતને મુક્ત કરવાની દયા-ભાવનાવાળા કરતાં આત્મિક

રોગોથી પીડાતા પ્રાણીઓને રોગમુક્ત કરવાની ભાવનાવાળા અત્યધિક દયાળુ અને શક્તિમાન હોવા છતાં પણ બધાને લાભ કરી શકતા નથી.

આત્મિક રોગોનો પ્રતિકાર આ રીતે જ્યારે અત્યંત દુષ્કર છે, ત્યારે તે રોગથી રિબાતા કલ્યાણાર્થી આત્માઓએ વધારે સાવધાન બનવું જોઈએ.

શરીરના રોગોથી બચવાની સાવધાની અનાદિકાળથી કોઠે પડી ગએલી છે, જ્યારે આત્મિક રોગોથી બચવા માટે તેવી સાવધાની અંશથી પણ પ્રગટ થવી એ પણ અતિશય કઠિન છે. તે ગમે તેટલુ કઠિન હોય, પરંતુ જો તે બાબતમાં બેદરકાર રહેવામાં આવે તો નુકશાન પોતાને જ છે, અને તે પણ અસાધારણ પ્રકારનું છે. જો આટલું સમજાઈ જાય તો તે સમજ ધરાવનાર આત્મા, સાવધ બન્યાં સિવાય રહેતો નથી.

જો કે આટલું તેના વાસ્તવિક સ્વરૂપમાં સમજાઈ જવું એ સહેલું નથી.

આત્મામાં કોઇક પણ લઘુકર્મિતાના યોગે પ્રગટતી યોગ્યતા પ્રગટયા વિના આ વસ્તુ હૈયે જચવી મુશ્કેલ છે. છતાં સામાન્ય પ્રકારે તો એમ જ કહી શકાય કે, 'યોગ્ય પ્રયત્નને આ દુનિયામાં શું અસાધ્ય છે ?'

તત્ત્વજ્ઞ મહાપુરુષો આ જ કારણે ફરમાવે છે, કે, 'જે આત્માઓને આત્માના રોગો તથાવિધ સ્વરૂપે સમજાય તે આત્માઓ પણ પરમ ભાગ્યશાળી છે.'

## * નાસ્તિકતાની ભયંકરતા *

વિષયલંપટતા એ નાસ્તિકતાને ઉત્પન્ન કરનાર છે, એ વાત સાચી હોવા છતાં જે આત્મા સર્વના વિષયલંપટતાનો ત્યાગ ન કરી શકે, એ આત્મા પણ પોતાનામાં નાસ્તિકતાનો પ્રવેશ ન કરી જાય એટલી હદ સુધીની વિષયલંપટતાને આધીન ન થાય, તો બસ છે. તેથી પણ તેનો ઘણો બચાવ થઈ શકે છે.

જેમ મિથ્યાત્વથી સહચરિત કાષાયિક પરિણતિ અનંત સંસારનો અનુબંધ કરાવનારી થાય છે, તેમ નાસ્તિકતા-સહચરિત વિષયલંપટતા આત્માને ભયંકર રીતે પાયમાલ કરનારી બને છે. એ રીતે નાસ્તિકતા-સહચરિત લોકહેરીનું અનુસરણ અને નાસ્તિકતા પ્રવેશ ન પામી હોય તેવી સાવધાનીપૂર્વકની લોકહેરીનું અનુસરણ, એ વચ્ચે પણ તેટલો જ તફાવત પડી જાય છે.

અસત્ય અને ચોરી, એ ગુન્હાહિત કાર્યો હોવા છતાં, અસત્ય બોલનાર અને ચોરી કરનાર આત્મા પકડાયા પછી પોતાના ગુન્હાને કબૂલ કરે છે, તો તેટલા પ્રમાણમાં શિક્ષાપાત્ર બનતો નથી, કે જેટલા પ્રમાણમાં શિક્ષાપાત્ર પોતે ગુન્હો કર્યા પછી પણ તેને નહિ કબૂલ કરનારા બને છે.

એજ ન્યાયે વિષયલંપટતા અને લોકહેરી, એ કારમા દુર્ગુણો હોવાં છતાં પણ, તે દુર્ગુણોને વશ પડેલાં આત્માઓ તેને દુર્ગુણો નહિ માનવારૂપ નાસ્તિકતાને આધીન થતા નથી, તો તેઓનો બચાવ થવો તેટલો દુષ્કર બનતો નથી.

કિન્તુ જે આત્માઓ વિષયલંપટતાને પોષવા ખાતર જ્ઞાનીઓનાં વચનો ઉપર પગ મૂકી અજ્ઞાન લોકનાં વચનોને અને અભિપ્રાયોને આગળ કરનારા છે, તે આત્માઓ બેવડા ગુન્હેગાર બને છે; એટલું જ નહિ પરંતુ તેમના તે ગુન્હાઓનું પાપ વજ્રલેપ સમાન બની જાય છે.

વિષનો વધાર અને શસ્ત્રનો અવળો પ્રયોગ જે રીતે તત્કાળ પ્રાણનો નાશ કરનાર અને પોતાના જ શરીરનો ઘાત કરનાર થાય છે, તે રીતનો તત્કાળ નાશ વધાર્યા વિનાના વિષથી કે પોતાના શરીરનો ઘાત સીધા શસ્ત્ર-પ્રયોગથી કદી થતો નથી.

એ રીતે નાસ્તિકતા એ પાપરૂપી વિષ ઉપર માયાનો વધાર છે અને વિષયલંપટતારૂપી શસ્ત્રનું અવળું ધારણ છે. આથી જેઓએ પોતાના ભાવપ્રાણોનું સંરક્ષણ કરવું હોય, તેઓએ નાસ્તિકતાપૂર્વકની વિષયલંપટતાને અને એજ રીતે નાસ્તિકતાપૂર્વકની લોકહેરીને પણ સર્વાંશે ત્યજવા સૌથી પહેલાં કટિબદ્ધ થવું જ જોઈએ.

## * સાચી આસ્તિકતા *

ગુન્હાને બેવડો કે વજ્રલેપ સમાન બનાવનાર કોઈ હોય, તો તે માત્ર નાસ્તિકતાનો જન્મ મિથ્યાત્વમાંથી થાય છે. એટલા માટે શ્રી જૈનશાસનની પરિભાષા પ્રમાણે, મિથ્યાત્વ એજ નાસ્તિકતા છે.

'આત્મા, પરલોકાદિ અતીન્દ્રિય પદાર્થો નથી,' એવી બુદ્ધિ એ નાસ્તિકતા છે, એ સર્વજનમાન્ય લૌકિક વ્યાખ્યા છે.

જ્યારે આત્મા-પરલોકાદિ અતીન્દ્રિય પદાર્થોને માનવા છતાં, તે છે તે કરતાં અન્ય સ્વરૂપે માનવા, એ પણ સ્પષ્ટ નાસ્તિકતા જ છે. એમ શ્રી જૈનશાસન પ્રબોધે છે.

શ્રી જૈનશાસનમાન્ય નાસ્તિકતાની આ લોકોત્તર વ્યાખ્યા છે.

એટલા માટે સાચી આસ્તિકતાની વ્યાખ્યા તો એકજ છે કે, तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं 'તે જ સાચું અને શંકા વિનાનું, કે જે સર્વજ્ઞ એવા શ્રી જિન-વરેન્દ્રોએ ફરમાવ્યું છે.'

આ પ્રકારનો વાસ્તવિકવિશ્વાસ, એજ સાચી આસ્તિકતા છે. છતાં પણ, 'પરલોકાદિ પદાર્થો છે જ નહિ,' એવી માન્યતાવાળા નાસ્તિક આત્માઓ કરતાં, કોઈ પણ સ્વ-રૂપવાળા પરલોકાદિ પદાર્થો વિદ્યમાન છે, એમ લૌકિક રીતે પણ માનનારા (તે) આત્માઓ સ્વભાવથી જ ઘણા ઉત્તમ દરજ્જાના છે.

નાસ્તિક આત્માઓની જેમ અમર્યાદિત વિષયલંપટતા કે માત્રાતીત લોકહેરી તેઓમાં કદી જ પ્રવેશ પામી શકતી નથી. એટલા પૂરતો તે આત્માઓનો ભાવિ અનર્થોથી બચાવ થઈ જવામાં કોઈ જાતનો સંદેહ નથી. કિન્તુ સર્વ પ્રકારના અનર્થોથી બચવા માટે તો સાચી આસ્તિકતા પામવી તે આવશ્યક છે જ.

સાચી આસ્તિકતાની પ્રાપ્તિ થયા સિવાય અનર્થોથી સંપૂર્ણપણે બચી શકાતું નથી. જો કે સાચી આસ્તિકતાની

પ્રાપ્તિ થયા પછી પણ વિષયલંપટતા અને લોકહેરીનો સર્વથા વિલય થવા માટે વખત જોઇએ છે. પરંતુ આત્મામાં સાચી આસ્તિકતા પ્રગટયા પછીથી, અમુક સમયમાં તો તે વિષયલંપટતા અને લોકહેરી જેવી વિનાશક બદીઓથી, સર્વથા વિમુકત બની જવાય છે, એમાં કશોજ સંદેહ નથી.

## * પ્રાપ્તિના ઉપાયો *

સાચી આસ્તિકતાની પ્રાપ્તિ, મિથ્યાત્વના ત્યાગ ઉપર અવલંબેલી છે અને મિથ્યાત્વનો ત્યાગ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ઉપર આધાર રાખે છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે શ્રી જૈનશાસનમાં અસંખ્ય માર્ગો દર્શાવેલા છે. તે સઘળા આ સ્થળે દર્શાવવા તે શકય નથી. શકય હોય તો પણ તે સઘળાનું એકીસાથે પાલન થવું તો સર્વથા અશક્ય છે.

સમ્યક્ત્વ ગુણની પ્રાપ્તિના ઉપાયરૂપે ૬૭ પ્રકારના વ્યવહારો આચરવા માટે જ્ઞાની પુરુષોએ દર્શાવ્યા છે. આ વ્યવહારો ગુણપ્રાપ્તિના આશયવાળી બુદ્ધિએ સેવાય તો સમ્યક્ત્વ નહિ પામેલાઓ જરૂર સમ્યક્ત્વને પામી શકે તેમ છે, તથા પામેલાઓ તેને પણ ચાલ્યું ન જાય તેવું સુદૃઢ બનાવી શકે તેમ છે. કલ્યાણવાંચ્છુ આત્માઓએ તે ૬૭ વ્યવહારો સમજી, તે વ્યવહારોથી જીવનને ઓતપ્રોત બનાવી દેવાની આવશ્યકતા છે.

નાસ્તિકતા આદિ દોષો ગમે તેટલા દુષ્ટ અને ચેપી હોય, તો પણ આ ૬૭ પ્રકારના વ્યવહારથી પોતાના જીવનને ઓતપ્રોત બનાવી દેનાર આત્મા ઉપર પોતાનો લેશ પણ પ્રભાવ બતાવી શકે તેમ નથી.

સમ્યક્ત્વના એ ૬૭ પ્રકારો (બોલ) એટલા બધા પ્રસિદ્ધ છે કે, તેનો આટલો બધો મહિમા જાણ્યા પછી તેને સમજીને જીવનમાં ઉતારવા માટે સાચા દિલથી જે કોઈ આત્મા ઈચ્છા અને પ્રયત્ન કરે, તેને તે સમજવા અને પાળવાનાં સાધનો આજે પણ મળી શકે છે. સહુ કોઈ કલ્યાણકામી આત્માઓ તે બધા વ્યવહારોને સારી રીતે સમજી, શક્તિ મુજબ આદર કરતા બનો, એવી અમારી હાર્દિક અભિલાષા છે.

આ સ્થિતિ પ્રાપ્ત કરતાં જેટલો વિલંબ લાગે તેટલા વખત દરમ્યાન પણ આત્મા નાસ્તિકતા આદિ દોષોનાં આક્રમણોથી બચી આસ્તિકતા આદિ મહાગુણોની સન્મુખ પહોંચી શકે; એ ખાતર સહુ કોઈને યાદ રહી જાય તેમજ સુખે આચરી શકાય એવો એક ઉપાય અહીં દર્શાવીએ છીએ.

તે ઉપાયનું નામ છે, પરમ પવિત્ર કૃતજ્ઞતા ગુણનું આસેવન.

ચેપી રોગોનાં જંતુઓથી શરીરનું સંરક્ષણ કરનાર દવાઓનાં ઈન્જેક્ષનો લઈને ડાકતરો ચેપી રોગોના લત્તાઓમાં પણ નિર્ભયપણે ફરી શકે છે, તેમ શ્રી જિનેશ્વરદેવના

શાસ્ત્રને ફરમાવેલા અને જગતમાં તમામ સજ્જન મનુષ્યોએ માન્ય રાખેલા કૃતજ્ઞતા ગુણરૂપી બખ્તરથી પોતાના આત્માને સુસજ્જ બનાવીને ફરનાર આત્મા, નાસ્તિકતાદિ ચેપી રોગોના શરૂડાઓથી ઘેરાએલા ભયંકરમાં ભયંકર જમાનામાં પણ પોતાને યથાર્થપણે સુરક્ષિત રાખી શકે છે,

એ કૃતજ્ઞતા ગુણ, બીજા ગુણો કરતાં સમજવો પણ સહેલો છે અને પાળવો પણ તેટલો જ સહેલો છે! થોડું પણ સજ્જનપણું યા આત્માર્થીપણું જે આત્મામાં પ્રગટ્યું છે, તે આત્માને આ કૃતજ્ઞતા ગુણનું પાલન સાવ સહેલું છે.

કૃતજ્ઞતા ગુણનો રૂઢ અર્થ, 'પોતાના ઉપર બીજાઓએ કરેલ ઉપકારને ન ભૂલી જવો, પણ બરાબર યાદ રાખવો' તે છે, તે અર્થ ઉપરાંત આપણે અહીં તેનો યૌગિક અર્થ પણ સ્વીકારવો છે. એ રૂઢ અને યૌગિક ઉભય અર્થને સ્વીકારી કૃતજ્ઞતા ગુણનું આરાધન કરનાર આત્મા, નાસ્તિકતા આદિ સર્વ દોષોના ભયથી નિર્ભય બની શકે છે.

## ❊ યૌગિક અર્થ ❊

કરેલા ગુણને જાણવા કિન્તુ ભૂલી ન જવા, એ કૃતજ્ઞતા શબ્દનો રૂઢ અર્થ છે. તે અર્થનું પાલન પણ આત્માને સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિમાં મહાન સહાયક છે.

અકૃતજ્ઞ કે કૃતઘ્ન આત્માઓ દુનિયાના લૌકિક વ્યવહારો માટે પણ અયોગ્ય છે, તો લોકોત્તર તત્ત્વની પ્રાપ્તિ માટે તો સુતરાં અયોગ્ય હોય, એમાં લવલેશ શંકા નથી.

'કૃતજ્ઞ' શબ્દનો યૌગિક અર્થ કરેલાને જાણવું એવો થાય છે. એ અર્થ ઉપકાર–અપકાર ઉભયને જાણવા માટે પ્રેરિત કરે છે. આ અર્થ આપણે એટલા માટે કરવો પડે છે કે, દુનિયામાં બે પ્રકારના પદાર્થો છે. એક ઉપકાર કરનારા અને બીજા અપકાર કરનારા.

અહીં કેવળ આત્માની વાત હોવાથી, આત્માને ઉપકાર કરનારા જેમ આસ્તિકતાદિ ગુણો છે, તેમ આત્માને અપકાર કરનારા નાસ્તિકતાદિ દોષો પણ છે.

એજ રીતે જગતનાં પ્રાણીઓ ઉપર અકારણ ઉપકાર કરવામાં તત્પર, આસ્તિકતાદિ ગુણોથી ભરેલા તત્ત્વચિંતક મહાપુરુષો જેમ છે, તેમ જગતનાં પ્રાણીઓના હિતનો અકારણ સંહાર કરનારા નાસ્તિકતાદિ દુર્ગુણોથી ભરેલા અતત્ત્વજ્ઞ આત્માઓ પણ છે.

એજ કારણે કરેલા ઉપકારને જાણવાથી અને નહિ ભૂલી જવાથી જેમ આત્માને અપૂર્વ લાભ થાય છે, તેમ કરેલા અપકારને પણ જાણવાથી અને યાદ રાખવાથી આત્માનું સારી રીતે સંરક્ષણ થાય છે.

## * ઉપસંહાર *

એ રીતે ઉભય અર્થમાં વાપરેલો 'કૃતજ્ઞતા' શબ્દ અને તેના ઉપરથી નીકળતો, 'કરેલા ઉપકાર અને અપકાર ઉભયને જાણવાપણું,' એ અર્થ આત્માને નાસ્તિકતાદિ મહાદોષોથી ઉગારી લઈ, આસ્તિકતાદિ મહાગુણોનો અધિકારી બનવા સમર્થ છે.

નાસ્તિકતા આદિ દોષોના સેવન દ્વારા થનારા વર્તમાન અને ભાવિ મહા અનર્થો અને એના પ્રતિપક્ષી આસ્તિકતા આદિ સદ્ગુણોના આસેવનથી થનારા વર્તમાન અને ભાવિ મહાલાભો, એ ઉભયનો જે નિરંતર વિચાર કરે છે અને નાસ્તિકતા આદિ દુર્ગુણોના સેવનથી ભવિષ્યમાં થનારા મહાદોષોની પરંપરા અને આસ્તિકતા આદિ સદ્ગુણોના સેવનથી ભવિષ્યમાં થનારી ઉત્તમોત્તમ ગુણોની પરંપરાને જે કદી પણ વિસરતો નથી, તેવો કૃતજ્ઞ આત્મા થોડા જ કાળમાં સર્વ પ્રકારનાં ઇચ્છિતોને સિદ્ધ કરવા સમર્થ થાય છે.

એ રીતે કૃતજ્ઞ બનેલો આત્મા, પોતાના સાચા ઉપકારીઓને પ્રતિ પળે યાદ કરે છે અને પોતાના અપકારીઓથી સદા સાવધ રહે છે.

નાસ્તિકતા, વિષયલંપટતા અને લોકહેરી આત્માને લેશમાત્ર ગુણ કરનારી નથી; જ્યારે આસ્તિકતા, વિષયવિરક્તિ અને જ્ઞાનીઓનાં વચનોનું અનુસરણ આત્માને અચિન્ત્ય લાભ કરી આપનાર થાય છે.

આ વાત જેમ આપ્તપુરુષોના કથનથી સિદ્ધ છે, તેમ પ્રત્યેક વિચારશીલ વ્યક્તિઓને અનુભવપ્રમાણથી પણ ગમ્ય છે. જે કોઈ આત્મા પોતાની બુદ્ધિનો સદુપયોગ કરી અપકારી અને ઉપકારી ઉભયને યથાસ્થિતપણે ઓળખી, ઉપકારીની સેવામાં અને અપકારીના ત્યાગમાં પોતાનું જીવન અર્પણ કરી દેશે, તે આત્મા અનેક પ્રકારની

માંગલિક માળાઓનું પોતાના કંઠમાં આરોપણ કરીને થોડાજ કાળમાં સિદ્ધિવધૂનો ભોક્તા બનશે, એમાં લેશમાત્ર સંદેહ નથી.

ધન્ય છે તે મહાપુરૂષોને કે જેઓ કર્મલઘુતાના યોગે નાસ્તિકતાના ભીષણ વાતાવરણ વચ્ચે પણ તેનાથી સર્વથા અલિપ્ત રહી, પરમ આસ્તિકતા, પરમ વિષયવિરક્તતા અને અજ્ઞાન-લોકહેરીથી સર્વથા વિમુક્તતા આદિ ગુણોને જીવનમાં વિકસાવી સ્વ-પરનો સાચો ઉપકાર સાધી રહ્યા છે.

## * બુદ્ધિમાન અને બુદ્ધિહીન વચ્ચે અંતર *

જગતમાં કોઈપણ વિચારશીલ વ્યક્તિને એવો વિચાર આવ્યા વિના રહેતો નથી કે, 'આ જન્મ લીધા પહેલા હું હતો કે નહિ? અગર હતો તો કયાં અને કેવો હતો? હું કયાંથી આવ્યો છું અને વર્તમાનમાં હું કેવો છું? અહીંથી હું કયારે મરીશ અને મરણ બાદ મારું અસ્તિત્વ રહેશે કે નહિ? જો અસ્તિત્વ રહેશે તો કયાં અને કેવા પ્રકારે રહેશે? મારું અંતિમ લક્ષ્ય શું છે અને તેનાં સાધનો કયાં છે?

બુદ્ધિમાન અને બુદ્ધિહીન વચ્ચે અંતર એટલું જ છે કે, બુદ્ધિમાન આ પ્રશ્નો પર કાયમ માટે વિચાર અને વિમર્શ કરે છે, જયારે બુદ્ધિહીન આ પ્રશ્નો પર ક્ષણભર માટે પણ વિચાર કરતો નથી.'

કોઈ વિચાર કરે યા ન કરે; પણ એ વાતમાં લેશ પણ સંદેહ નથી કે, 'ચિંતનશીલ યા મૂર્ખ બંનેના હૃદયમાં આ પ્રશ્નોનો અનુભવ સમાન રૂપથી થાય છે.

એક એના રહસ્યનો તાગ મેળવવા માટે આવશ્યક

પ્રયત્નો ચાલુ રાખે છે, બીજો એ માટેના કોઈપણ પ્રયત્નો પોતાના જીવનમાં કરતો નથી.'

આથી એમ માની લેવાનું નથી કે, ચિંતનશીલ પ્રત્યેક વ્યક્તિ આ પ્રશ્નોનો યથાર્થ તાગ મેળવી શકે છે.' ચિંતનશીલ યા વિચારશીલ વ્યક્તિઓમાંથી પણ એવી ઘણી જ અલ્પ વ્યક્તિઓ છે કે જેઓ કાયમ માટે આપોઆપ ઉઠનારા ઉપર્યુક્ત પ્રશ્નોનો સાચો નિર્ણય કરી શકે છે.

ચિંતન યા વિચાર નહિ કરનાર વ્યક્તિઓની જેમ ચિંતન યા વિચાર કરનારાઓનો પણ મોટો ભાગ, ઉપર્યુક્ત પ્રશ્નોનો નિર્ણય પ્રાપ્ત કર્યા સિવાય જ જીવનનો અંત કરે છે અને જે કોઈ થોડા એ પ્રશ્નોના કાંઈ પણ નિર્ણય ઉપર આવે છે, તેઓમાં પણ મોટો ભાગ યથાર્થ નિર્ણયના બદલે અયથાર્થ નિર્ણયને જ યથાર્થ તરીકે માનનાર હોય છે.

## * ગંભીર વિચારની આવશ્યકતા *

આ એક એવો વિષય છે કે, જેના પર સઘળાયે વિચારશીલ પુરુષોએ ગંભીરતાપૂર્વક વિચાર કરવાની આવશ્યકતા છે.

આ વિષયનો નિર્ણય મેળવવા માટે જો પૂરતી સાવધાની રાખવામાં ન આવે. તો ભાગ્યે જ યથાર્થ નિર્ણય પ્રાપ્ત કરી શકાય છે. પૂરેપૂરી સાવધાની અને ગંભીરતાથી યોગ્ય સાધનો દ્વારા એકસરખું અધ્યયન અને કરવામાં

આવે, તો મધ્યસ્થ બુદ્ધિવાળો આત્મા આ અતિ ગૂઢ પ્રશ્નોના યથાર્થ રહસ્યને પામવા અવશ્ય સફળ બની શકે તેમ છે.

આથી એ વાત સ્વયંસિદ્ધ થાય છે કે, જ્યાં સુધી આ પ્રશ્નોનો યથાર્થ નિર્ણય ન થાય, ત્યાં સુધી એનો નિર્ણય મેળવવા માટે સાવધાનીપૂર્વક અવિરત પ્રયત્નો કરવા, એ પ્રત્યેક વિચારશીલ વ્યક્તિનું મુખ્ય કર્તવ્ય થઈ પડે છે.

જ્યાં સુધી, 'હું કોણ હતો? શું છું? એને કેવો થવા ઈચ્છું છું?' એનો જ પોતાને પત્તો નથી, ત્યાં સુધી જીવન ધ્યેયશૂન્ય રહે છે. ધ્યેય વગરના જીવનવાળો જે કોઇ પ્રયત્ન કરે છે, તે અસ્તવ્યસ્ત હોય છે. એ પ્રયત્નો એને કોઈ નિશ્ચિત સ્થાન પર લઈ જનાર બની શકતા નથી. ધ્યેયશૂન્ય આત્મા ધ્યેય સુધી પહોંચવાના માર્ગ કે સાધનોનો પણ જેમ વિચાર કરતો નથી, તેમ જીવનમાં માનસિક શાંતિનો પણ તેવા પ્રકારનો અનુભવ કરી શકતો નથી. માનસિક શાંતિ તથા વ્યવસ્થિત પ્રયત્ન નિશ્ચિત ધ્યેયવાળા જીવનમાં જ સંભવિત છે.

'હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? અને હવે મારે ક્યાં જવું યોગ્ય છે?' એનો વિચાર કરનાર આત્મા જ પોતાના જીવનને નિશ્ચિત ધ્યેયવાળું બનાવી શકે છે. અને પછી તેના બધા પ્રયત્નો ધ્યેય-સન્મુખતા પ્રાપ્ત કરે છે.

## * આત્માનું અસ્તિત્વ *

'આત્મા જેવી કોઈ વસ્તુ છે કે નહિ ?' એ બાબતનો નિશ્ચય જ્યાં સુધી ન હોય ત્યાં સુધી 'હું ભૂતકાળમાં કેવો હતો ? અને ભવિષ્યકાળમાં કેવો હોઈશ ?' એનો વિચાર કરવાનું કોઈ પ્રયોજન રહેતું નથી એ કારણે સૌથી પહેલાં, જગતના અન્ય પદાર્થોના અસ્તિત્વની જેમ આત્માનું પણ અસ્તિત્વ છે, એ પ્રકારનો નિશ્ચય પૂરેપૂરો જરૂરી છે.

આત્માનું અસ્તિત્વ છે. એ સમજવા માટે સરળમાં સરળ ઉપાય એ છે કે, પ્રત્યેક પ્રાણીને 'અહં' અર્થાત્ 'હું' એવું જે જ્ઞાન થઈ રહ્યું છે, તેનો વિષય શું છે ? એની ખોજ કરવી. એની ખોજ કરવાથી ખાતરી થાય છે કે, 'અહં' પદલક્ષી 'હું'થી શરીર, ઇન્દ્રિય કે એવી બીજી કોઈપણ બાહ્ય વસ્તુનું ગ્રહણ થતું નથી, પણ જેનું ગ્રહણ થાય છે, તે જ આત્મા છે.

શરીર, ઇન્દ્રિય કે મન વગેરે આત્મા નથી, પણ આત્માની સાથે સંબંધ પામેલ અન્ય વસ્તુઓ છે. એ સંબંધ સ્વ-સ્વામીભાવનો છે કે જે છઠ્ઠી વિભક્તિ દ્વારા વ્યક્ત થાય છે.

'હું શરીર', 'હું ઈન્દ્રિયો' કે 'હું મન' એવો અનુભવ થવાને બદલે, 'મારું શરીર,' 'મારી ઇન્દ્રિયો', 'મારું મન' એવી જાતનો જ અનુભવ પ્રત્યેક આત્માને થાય છે. એથી સિદ્ધ થાય છે કે, 'અહં-પદલક્ષ્ય' એ શરીરાદિ નથી, પણ શરીરાદિથી ભિન્ન, શરીરાદિનો સ્વામી કોઈ અન્ય છે.

## * લક્ષણની પરીક્ષા *

આત્માના અસ્તિત્વનો નિર્ણય થયા બાદ, આત્માનું સ્વરૂપ અને લક્ષણ શું ? એ વાતનો નિશ્ચય કરવો જરૂરી છે.

આત્માના સ્વરૂપ અને લક્ષણનો ખ્યાલ આવી જાય, તો આત્મા ક્યાંથી આવ્યો અને ક્યાં જવાનો ? એ વગેરે પ્રશ્નોનો નિકાલ ઘણી જ સહેલાઈથી થઈ શકે એમ છે.

કોઈપણ પદાર્થનું લક્ષણ યા સ્વરૂપ શું છે ? એ નક્કી કરવા માટે પ્રથમ એ પદાર્થના ભ્રમાત્મક લક્ષણ, જેને સંસ્કૃતમાં ઉપલક્ષણ યા ઉપાધિ કહેવામાં આવે છે તે તથા જેનો ત્રણે કાળમાં કદી પણ વિયોગ થતો નથી એવાં તથ્ય લક્ષણ, ઉભયનો વિચાર કરવો આવશ્યક બને છે.

પ્રથમ પદ્ધતિ એ 'વિશ્લેષણાત્મક' પદ્ધતિ છે અને બીજી પદ્ધતિ એ 'સમન્વયાત્મક' છે.

જળનું લક્ષણ નક્કી કરવું હોય, ત્યારે વિશ્લેષણાત્મક પદ્ધતિ વડે આપણે એ નક્કી કરી શકીએ છીએ કે, ઉષ્ણુતા એ જળનું લક્ષણ નથી પણ ઉપલક્ષણ યા ઉપાધિ છે. તે ઉષ્ણુતા અગ્નિ સંયોગરૂપ ઉપાધિથી જળમાં ઉત્પન્ન થયેલી છે. તે ઉપાધિ દૂર થતાંની સાથે જ ઉષ્ણુતાનો વિલય થવા માંડે છે અને જળની સ્વાભાવિક શીતતા પ્રગટ થાય છે.

એ રીતે ઉષ્ણુતા એ ત્રિકાળ સહવર્તિની નહિ હોવાથી જળનું લક્ષણ બની શકતી નથી, કિન્તુ ઉપલક્ષણ બને

છે. એટલે તે જળનું યથાર્થ જ્ઞાન કરાવવા માટે સમર્થ થઈ શકતી નથી, કિન્તુ ભ્રમાત્મક જ્ઞાન કરાવે છે.

સમન્વયાત્મક પદ્ધતિનું કાર્ય, પદાર્થનું યથાર્થ સ્વરૂપ યા યથાર્થ લક્ષણ શું છે? તેનું ભાન કરાવવાનું છે.

જળનું યથાર્થ યાને અભ્રમાત્મક લક્ષણ શીતતા છે, એનું ભાન સમન્વયાત્મક પદ્ધતિ કરાવે છે. કોઇપણ પદાર્થનું લક્ષણ પ્રાકૃતિક છે યા કૃત્રિમ છે? એને સરળતાથી જાણવાનો ઉપાય છે કે, જ્યાં કૃત્રિમ લક્ષણ જોવામાં આવે છે, ત્યાં 'શાથી? એવો પ્રશ્ન ઉઠ્યા સિવાય રહેતો નથી.

જળને ઉષ્ણ જોતાંની સાથેજ 'આ જળ શાથી ઉષ્ણ છે?' એવો પ્રશ્ન તરત ઊભો થાય છે. જ્યારે જળનો જે પ્રાકૃતિક (Natural) ધર્મ છે, તે શીતળતાનો અનુભવ કરતી વખતે કોઈને પણ, 'શાથી શીતળ છે?' એવો પ્રશ્ન ઉઠતો જ નથી. એજ એમ બતાવે છે કે, 'જળમાં ઉષ્ણતા' એ કૃત્રિમ છે અને 'શીતતા' એ સ્વાભાવિક છે.

તેથી સ્વાભાવિક લક્ષણનો નિર્ણય કરાવી આપનાર 'સમન્વયાત્મક' પદ્ધતિ છે અને વૈભાવિક લક્ષણનો નિર્ણય કરાવી આપનાર 'વિશ્લેષણાત્મક' પદ્ધતિ છે.

## * પદાર્થોનું સનાતન અસ્તિત્વ *

આત્માનું પ્રથમ લક્ષણ કોઈ હોય, તો તે 'સત્' યાને અસ્તિત્વ છે.

આત્મા સનાતન છે. અર્થાત્ આત્માનું અસ્તિત્વ ત્રિકાલાબાધ્ય છે. એ વસ્તુ સમજવા માટે સૌથી પહેલાં એ નિર્ણય કરવો પડશે કે, 'આ જગતમાં અવિદ્યમાન વસ્તુ કોઈ ઉત્પન્ન થતી નથી અને વિદ્યમાનનો કદાપિ વિનાશ થતો નથી.'

'नासतो विद्यते भावो, नाऽभावो विद्यते सतः।'

'જે કદી હોતું નથી તે ઉત્પન્ન થતું નથી અને જે છે તેનો કદી અભાવ થતો નથી.'

મતલબ કે કોઈ પણ દ્રવ્યનો વિનાશ થતો જ નથી. માત્ર તેનું રૂપ, આકાર, નામ કે સ્થાન બદલાય છે.

દાખલા તરીકે. સુથાર ખુરશી યા પાટલી બનાવે છે, ત્યારે તે કોઈ નવો પદાર્થ ઉત્પન્ન કરતો નથી, પરંતુ બજાર યા જંગલમાંથી લાવેલ લાકડાના યોગ્ય ટુકડા કરી, તેને યોગ્ય ઈચ્છિત આકારે ગોઠવે છે.

આ રીતે દરેક ચીજમાં સ્થાન, આકાર યા નામનું પરિવર્તન થવા સિવાય નવું કાંઇ ઉત્પન્ન થતું નથી. મૂળથી અસ્તિત્વમાં જ ન હોય, તેવા કોઇપણ પદાર્થનું સર્જન યા વિનાશ આ જગતમાં છે જ નહિ.

આધુનિક પદાર્થ-વિજ્ઞાનના શોધકોને પણ આ જ વાતનો એક યા બીજા શબ્દોમાં સ્વીકાર કરવો પડયો છે.

કોઈ એને 'પદાર્થની અનશ્વરતા' કહે છે. કોઈ એને 'પદાર્થનું અનુત્પાદ્યત્વ' કહે છે, તો કોઈ એને 'શકિતનું નિત્યત્વ કહીને' સ્વીકારે છે.

આત્માના વિષયમાં પણ એ જ રીત લાગુ પડે છે. કોઈ પ્રશ્ન કરે કે, 'જન્મ લીધો તે પૂર્વે હું હતો કે નહિ?' અગર મૃત્યુ થયા બાદ હું રહીશ કે નહિ?' તો તેને એક જ ઉત્તર આપવાનો રહે છે કે, 'વર્તમાન સમયમાં તું વિદ્યમાન છે કે નહિ?' એ પ્રશ્નનો તું જે ઉત્તર આપે, તેના ઉપર તારા પ્રશ્નોનો જવાબ અવલંબેલો છે.

કોઈ પણ એમ કહી શકે એમ નથી કે, વર્તમાન સમયમાં હું વિદ્યમાન નથી.' એથી જ સિદ્ધ થાય છે કે, 'જો તું વર્તમાન સમયે વિદ્યમાન છે, તો તું પહેલા પણ અવશ્ય વિદ્યમાન હતો, અને હવે પછી પણ અવશ્ય વિદ્યમાન રહીશ.' કારણ કે જે પહેલાં નથી તેની હમણાં ઉત્પત્તિ થઇ શકતી નથી અને જે હમણાં 'વર્તમાન' છે, તેનો ધરમૂળથી અભાવ કદી થઈ શકતો નથી. અલબત્ત, લાકડું જેમ ખુરશી અને પાટલીરૂપે પરિવર્તન પામી ગયું, તેમ તારામાં પણ અનેક પ્રકારનાં પરિવતનો થતાં રહેવાનાં, કિન્તુ તારો સર્વથા અભાવ કદી થઈ શકતો નથી.

આત્મા સનાતન છે અને આત્માનું અસ્તિત્વ ત્રિકાલાબાધિત છે, એ વસ્તુ સમજવા માટે દર્શનશાસ્ત્રનું કે ભૌતિક પદાર્થ-વિજ્ઞાનનું આથી અધિક જ્ઞાન મેળવવાની આવશ્યકતા રહેતી નથી, એમ સામાન્યતયા કહી શકાય.

## * અમરત્વ સ્વાભાવિક ગુણ *

આત્માના અસ્તિત્વની સિદ્ધિમાં આપણે એ વાત નક્કી કરી કે, આત્મા તે પદાર્થ છે, કે જેનો સંકેત, જેનું સંબોધન અને જેની ઓળખાણ આપણે 'હું' શબ્દથી કરીએ છીએ. 'હું' પદનું સંબોધન, 'હું' પદનો સંકેત કે હું પદથી ઓળખાનાર જે વસ્તુ છે તે જ આત્મા છે. કારણ કે આત્મા સિવાય અન્ય કોઈ પણ વસ્તુ 'હું' એ પદનો સંકેત બની શકતી નથી.

જ્યાં સુધી જગતમાં 'અહં' યા 'હું' પદનો વ્યવહાર વિદ્યમાન છે, ત્યાં સુધી આત્માની સત્તાનો નિષેધ કરનાર નાસ્તિકો પોતાની કોઈ પણ યુક્તિ વડે સફળતા મેળવી શકે એ સંભવિત જ નથી. આસ્તિક જેમ 'અહં' પદથી વ્યવહાર કરે છે, તેમ નાસ્તિક પણ પોતાની જાતને ઓળખવા માટે 'અહં' પદનો જ પ્રયોગ કરે છે.

'આત્મા છે,' એ સિદ્ધ કરવા માટે આના કરતાં બીજું કોઈ મોટું પ્રમાણ નથી. આ એક જ પ્રમાણની આગળ આત્મસત્તાનો નિષેધ કરનારી સઘળી યુક્તિઓ પાંગળી બની જાય છે.

'અહં' પદના સંકેતથી જ્યારે આત્માનું અસ્તિત્વ સિદ્ધ થાય છે, ત્યારે 'હું' અને મરી ગયો' અથવા 'હું' અને 'નથી' એ પ્રકારના વાક્યોના પ્રયોગ જ અસંભવિત બને છે.

ડોકટર અથવા સંબંધી રોગીની નાડી જોઈને કહે છે કે, 'આ મરી ગયો છે.' અથવા રોગીને સ્વયં શંકા

યા ભય રહે છે કે, 'હું મરી જઈશ.' પરંતુ એ વાક્ય· પ્રયોગો ઔપચારિક છે. મરવાનો વાસ્તવિક માનસિક અનુભવ કોઇને પણ થતો જ નથી.

'હુ' અને 'મર્યો છુ' એ અનુભવ જ અસંભવિત છે. 'હુ' અને 'નથી' એ બે શબ્દોનો એક સાથે પ્રયોગ કરવો એ જેમ અસત્ય છે, તેમ 'હું' અને 'મરી ગયો' એ શબ્દોનો પ્રયોગ પણ અનુભવ વિરૂદ્ધ છે.

'હું મરી રહ્યો છુ' એવો વાક્યપ્રયોગ કેટલીક વાર અનુભવાય, ત્યાં પણ કેવળ વર્તમાન યા ભૂતકાળનો પ્રયોગ નથી, પરંતુ અપૂર્ણ વર્તમાન કાળનો પ્રયોગ છે. એનો સંબંધ ભવિષ્યત્ કાળ સાથે છે, તેથી એ પ્રયોગ પણ વાસ્તવિક મનોવિજ્ઞાનને અનુસરતો નથી, કિન્તુ ઉપચારજન્ય છે.

આ વિષયને વધારે સ્પષ્ટતાપૂર્વક સમજવા માટે નિદ્રાનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે.

નિદ્રાના વિષયમાં આપણે એમ કહી શકીએ છીએ કે, 'હું ઊંઘી ગયો હતો' અથવા 'હું ઊંઘવા માટે જઈ જઈ રહ્યો છુ' અથવા 'મને ઘણી ઊંઘ આવે છે.' વગેરે; પરંતુ આપણે એ કદી પણ કહી શકતા નથી કે, 'હું ઊંઘું છું.' કારણ કે એ શબ્દનો ઉપયોગ કરતી વખતે આપણે ઊંઘી ગયેલા નથી પણ જાગતા છીએ. એ જ વાત એ વાક્યને અસત્ય ઠરાવવા માટે મોટું પ્રમાણ છે.

આમ જ્યારે નિદ્રા શબ્દનો પ્રયોગ પણ 'હું' પદની સાથે અસંભવિત છે, ત્યારે 'મરવું' એ શબ્દનો પ્રયોગ તો 'હું' ની સાથે સોએ સો ટકા અસંભવિત ઠરે છે. અર્થાત્ આત્માના સંબંધમાં મૃત્યુનું કથન જ 'અસંભવ' દોષનું ગ્રસિત છે.

વ્યવહારમાં 'તે મરી ગયો,'–'હું મરી જવાનો છું,' 'હું ઊંઘી ગયો છું,' 'તે હું નથી.' ઈત્યાદિ શબ્દોનો પ્રયોગ થાય છે, તે આત્માની ભિન્ન–ભિન્ન અવસ્થા માત્રને જ સૂચવનાર છે, કિન્તુ તેમાંનો એક પણ પ્રયોગ આત્માના સર્વથા અભાવને સૂચવતો નથી.

## * મૃત્યુ એ સ્વભાવ નથી *

જીવન જેમ આત્માનો સ્વાભાવિક ધર્મ છે, તેમ મૃત્યુ એ આત્માનો સ્વાભાવિક ધર્મ નથી જીવનની જેમ મરણ પણ આત્માની સ્વાભાવિક અવસ્થા હોત, તો એનું નિવારણ કરવા માટે, મૃત્યુથી બચવા માટે કોઇ પણ પ્રયત્ન કરત નહિ.

જે પોતાને માટે સહજ યા સ્વાભાવિક હોય છે, તેનાથી બચવા માટે આ જગતમાં કોઈપણ પ્રયત્ન કરતું નથી. જે સ્વભાવ નથી, તેનાથી જ બચવા માટે સર્વ કોઈના પ્રયત્ન જોવામાં આવે છે.

માછલી માટે પાણીમાં રહેવું એ સ્વાભાવિક છે, તેથી જ તે પાણીમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરતી નથી. પૃથ્વી પર રહેવું તે તેને માટે અસ્વાભાવિક છે.

તેથી પૃથ્વી પર તો તરફડે છે અને પાણીમાં જવા પ્રયત્ન કરે છે. તેવી જ રીતે જીવવાથી કોઈ ગભરાતું નથી અને મરવાથી સહુ ગભરાય છે. એ જ એમ બતાવે છે કે, જીવવું એ સ્વાભાવિક છે અને મરવું એ અસ્વાભાવિક છે.

મૃત્યુ પણ જો આત્માનો ધર્મ યાને સ્વભાવ હોત, તો મૃત્યુથી બચવા માટે કોઇ પણ આત્મા પ્રયત્ન કરત નહિ. પરંતુ સઘળા આત્માઓ મોતથી બચવા માટે પ્રયત્નો કરે છે અને જીવવાની સદાકાળ ઇચ્છા રાખે છે. એ જ વાત 'જીવન' એ આત્માનો સ્વભાવ છે, એ હકીકતને સિદ્ધ કરવા માટે પુરતું પ્રમાણ છે.

જે વાત જીવન અને મૃત્યુને લાગુ પડે છે, એ જ વાત સ્વાસ્થ્ય અને રોગને લાગુ પડે છે.

સ્વાસ્થ્યને સહુ કોઈ ચાહે છે અને રોગને કોઈપણ ચાહતું નથી. એથી જ સિદ્ધ થાય છે કે, સ્વાસ્થ્ય એ સ્વાભાવિક છે અને રોગ એ અસ્વાભાવિક છે. માંદાને દરેક પૂછે છે કે, 'શાથી માંદા પડયા?' પણ સાજાતાજાને કોઈ પૂછતું નથી, કે—'તમે સાજાતાજા સાથી છો?'

એથી એ સ્પષ્ટ થાય છે કે, 'સ્વાસ્થ્ય સ્વાભાવિક છે, તેથી એનું કારણ જાણવાની આવશ્કતા રહેતી નથી.'

નિરોગિતા અને રોગની બાબતમાં જયારે નિરોગિતા એ સ્વભાવ સાબિત થાય છે, તો જીવન અને મૃત્યુના સંબંધમાં તો, 'જીવન એ સ્વાભાવિક અને મૃત્યુ એ

અસ્વાભાવિક'–એ સ્પષ્ટતયા સિદ્ધ થાય છે. એથી પણ એજ તારણ પર અવાય છે કે 'આત્મા સનાતન' છે.

### * જન્મ અને મૃત્યુનો શબ્દાર્થ *

સંસ્કૃતમાં જન્મ શબ્દ માટે મુખ્યત્વે નીચે મુજબ ત્રણ શબ્દો છે.

એક 'जन्' ધાતુથી બને છે. એનો અર્થ 'આગળ આવવું યા પ્રગટ થવું' થાય છે.

'જન્મ' માટે બીજો શબ્દ ઉત્પત્તિ છે. જે 'उत' પૂર્વક 'पद्' ધાતુથી બને છે. તેનો અર્થ પણ 'ઉપર આવીને પ્રગટ થવું' એ છે. બીજા શબ્દોમાં કહીએ તો જે આજ સુધી ઢંકાએલું હતું તે પ્રગટ થઈને ઉપર આવી ગયું.

ત્રીજો શબ્દ 'સૃષ્ટિ' છે. સૃષ્ટિ 'सृज् વિસર્ગે' એ ધાતુથી બન્યો છે. એનો અર્થ પણ, 'અવ્યક્તને વ્યક્ત કરવું,' એ થાય છે.

આ ત્રણે સંસ્કૃત શબ્દોનો આંતરિક ભાવ એ છે કે 'કોઈ વસ્તુ નવી ઉત્પન્ન થતી નથી, કે જે પહેલાં નહોતી.' જન્મ, ઉત્પત્તિ કે સૃષ્ટિ–એ ત્રણે શબ્દો એટલું જ સૂચવે છે કે, 'જે વસ્તુ પહેલાં અમુક પર્યાયરૂપે અવ્યક્ત હતી, તે અત્યારે અમુક પર્યાયરૂપે વ્યક્ત થઇ.'

મતલબ કે સંસ્કૃત ભાષામાં જન્મ શબ્દનો આ ત્રણથી અતિરિક્ત કોઈ એવો ચોથો પર્યાય શબ્દ નથી કે જે એનાથી વિપરીત સંકેતને કરતો હોય.

એજ રીતે 'મરણ' માટે સંસ્કૃતમાં કોઈ શબ્દ હોય, તો તે નાશ છે.

नश् अदर्शने એ ધાતુથી નાશ શબ્દ બનેલો છે. એનો અર્થ, અવ્યક્ત યા અદૃશ્ય થઈ જવું, એવો હોય છે. એટલા માટે નાશ શબ્દનો પ્રયોગ ત્રણે અવસ્થાઓમાં થઈ શકે છે.

જન્મ અને મૃત્યુના શબ્દાર્થથી પણ એ સિદ્ધ છે કે, જન્મ યા મરણ જીવનની આદિ અથવા અંત નથી. કિન્તુ અનાદિ-અનંત જીવનની અમુક અવસ્થાઓ છે. જે જન્મ દ્વારા વ્યક્ત થાય છે.

આ રીતે સંસ્કૃત ભાષાનો શબ્દકોષ પણ આત્માના અમરત્વની સાક્ષી પૂરે છે અને આત્માના અમરત્વના નિર્ણયને મહોર મારે છે.

જેમ સત્, અસ્તિત્વ અથવા અમરત્વ એ આત્માનું લક્ષણ છે, તેમ આત્માનુ બીજું લક્ષણ 'ચિત્' અથવા 'જ્ઞાન' છે. જે ત્રણે કાળમાં આત્માથી પૃથક્ કરી શકાતું નથી. આત્માની કોઈપણ અવસ્થા એવી નથી કે જે અવસ્થામાં આત્મા થોડા પણ જ્ઞાનવાળો ન હોય.

અજ્ઞાનમાં અજ્ઞાન આત્મા પણ એટલું તો અવશ્ય જાણે છે કે, 'હું કાંઈ પણ જાણતો નથી.' એ અનુભવ કરાવનાર પણ એક પ્રકારનું જ્ઞાન જ છે. આપણે જ્યારે કોઈ માણસને એમ બોલતો સાંભળીએ છીએ કે, 'હું અમુક વિષયમાં કાંઈ જાણતો નથી.'–તે વખતે એને એટલો તો નિશ્ચય થાય છે કે, 'અમુક વિષયમાં હું કાંઈ જાણતો નથી.' એ નિશ્ચય કરાવનાર કોણ છે?

સહુને કબૂલ કરવું પડશે કે, અજ્ઞાનતાનો પણ નિશ્ચય કરાવનાર એક પ્રકારનું જ્ઞાન જ છે, એ જ્ઞાન પૂર્ણ છે કે અપૂર્ણ છે, યથાર્થ છે અયથાર્થ છે, થોડું છે કે અધિક છે? તેનો નિર્ણય આપણે અહીં નથી કરવો પણ તે એક પ્રકારનું જ્ઞાન જ છે, એટલો જ નિશ્ચય આપણે અહીં કરવો છે.

'સર્વ પ્રકારના જ્ઞાનથી આત્માને સર્વથા અલગ કરી શકાય છે કે કેમ ? એજ આપણે અહીં જોવાનું છે. વિચાર કરતાં સહુને એ નિશ્ચય થઈ શકે એમ છે કે, આત્માની પ્રત્યેક આત્માની પ્રત્યેક અવસ્થામાં કોઈને કોઈ રૂપમાં, કોઈ ને કોઇ પરિણામમાં અથવા કોઇ ને કોઈ અંશમાં જ્ઞાન અવશ્ય હયાત રહે છે, એ સહુને અનુભવસિદ્ધ છે. એટલા જ માટે આત્માનું બીજું લક્ષણ જ્ઞાન છે.

કેવળ જાગ્રત યા સ્વપ્નાવસ્થામાં જ જ્ઞાન કાયમ હોય છે એમ નહિ, સુષુપ્ત અવસ્થામાં પણ જ્ઞાન હયાત હોય છે. અલબત્ત, સુષુપ્ત યા નિદ્રાવસ્થામાં જે ચેતના રહે છે, તે એટલી દબેલી હોય છે કે, સ્પષ્ટપણે અનુભવી શકાતી નથી. નિદ્રાવસ્થામાં પણ અવ્યક્ત ચેતના વિદ્યમાન હોય છે, એનો સર્વને અનુભવસિદ્ધ પુરાવો એ છે કે, ભરનિદ્રામાં સૂતેલા હોઈએ છીએ ત્યારે આપણા શરીરના અમુક ભાગ પર એક મચ્છર આવીને કરડે છે, તે વખતે ઊંઘમાં ને ઊંઘમાં હાથ ઉંચો કરીને આપણે એ ભાગને ખંજવાળીએ છીએ. જ્યારે આપણે જાગીએ છીએ અને શરીરના એ ભાગ પર લોહી એકઠું થયેલું જોઈએ છીએ, ત્યારે જ આપણને એ નિશ્ચય થાય છે કે ત્યાં મચ્છર કરડયો હોવો જોઈએ. અને નખ વતી આપણે ખણેલું હોવું જોઇએ.

સુષુપ્ત અવસ્થામાં પણ અવ્યક્ત ચેતન ન હોત તો

 હાથ ઊંચો નીચો કરવાની તથા ખંજવાળવાની ક્રિયા કઈ

રીતે શક્ય બનત ? એથી એ સિદ્ધ થાય છે કે, સુષુપ્ત, જાગ્રત, સ્વપ્ન કોઈપણ અવસ્થામાં કોઈ ને કોઈ રૂપે ન્યૂનાધિક માત્રામાં જ્ઞાન નિરંતર બન્યું રહે છે.

બીજા શબ્દોમા કહીએ તો, 'જ્ઞાન એ આત્માનું બીજું લક્ષણ છે. જે સ્વરૂપભૂત છે, નૈસર્ગિક છે અને આત્માની સાથે સદા જોડાએલું છે.'

## * જ્ઞાન પૂર્ણ છે કે અપરિપૂર્ણ *

ચિત્ અથવા જ્ઞાન એ આત્માનું બીજું લક્ષણ છે, તો તે જ્ઞાન પૂર્ણ છે કે અપૂર્ણ ? એ પ્રશ્ન સહેજે ઉપસ્થિત થાય છે.

આપણા રોજિંદા જીવનમાં આપણે અનેક ભૂલો કરીએ છીએ એજ એમ બતાવે છે કે, આપણું જ્ઞાન પરિપૂર્ણ નથી, પરિપૂર્ણ જ્ઞાનવાન ભૂલ કરે જ નહિ.

નાની યા મોટી, સામાન્ય યા ભયંકર અનેક પ્રકારની ભૂલો અને તેનાં સ્વ અને પર ઉભયને થતાં દુઃખદ પરિણામો રોજ અનુભવવા છતાં; આપણો આત્મા પૂર્ણ જ્ઞાનવાન છે એમ માનવું એ કોઇપણ રીતે સંગત નથી.

શાસ્ત્રો કહે છે કે, 'આત્માનું લક્ષણભૂત જ્ઞાન ખંડ નહિ પણ અખંડ છે : પરિચ્છિન્ન નહિ પણ અપરિચ્છિન્ન છે; સીમિત નહિ પણ નિઃસીમ છે. આત્મા સદા ચિત્-સ્વરૂપ અર્થાત્ પૂર્ણ પ્રકાશસ્વરૂપ છે.' પરંતુ એ વાત ભૂલવી જોઈએ નહિ કે, 'પરિપૂર્ણ જ્ઞાન એ લક્ષણ, બદ્ધ આત્માનું નથી કિન્તુ મુક્તાત્માનું છે.'

મુક્તાત્માઓનું જ્ઞાન નિરપેક્ષ, નિઃસીમ, સર્વવ્યાપક અને પરિપૂર્ણ છે.

બદ્ધાત્માનું જ્ઞાન પણ સ્વરૂપે પરિપૂર્ણ હોવા છતાં અનેક પ્રકારનાં અજ્ઞાનનાં આવરણોથી ઢંકાએલું હોય છે. એ આવરણો હટી જવાની સાથે જ સંપૂર્ણ જ્ઞાન પ્રકાશિત થાય છે.

સૂર્ય યા પ્રકાશનાં કિરણોના દૃષ્ટાંતથી આ વાત અધિક સ્પષ્ટ થશે.

બારી-બારણાં બંધ કરેલા એક ઓરડામાં નાનકડી કોઇ વા-બારી કે છિદ્ર દ્વારા, સૂર્યનું એકજ કિરણ અંદર પ્રવેશ પામે, તેથી શું એમ કહેવું ઉચિત થશે કે, સંસારમાં સૂર્યનો પ્રકાશ આટલો જ છે ? સૂર્યનો પ્રકાશ તો અપરિમિત છે, કિન્તુ એકજ છિદ્ર વાટે તે આવે છે, એટલે તેના ઉપરથી સૂર્યનાં સમસ્ત કિરણોનું વાસ્તવિક માપ નીકળી શકે નહિ.

એજ પ્રક્રિયા અનુસાર અજ્ઞાનનાં આવરણોથી ઢંકાએલું સંપૂર્ણ જ્ઞાન, જેટલા પ્રમાણમાં તે આવરણ ખસે છે, તેટલા પ્રમાણમાં બહાર પ્રકાશિત થાય છે.

## * જ્ઞાન અંતરમાં છુપાએલું છે *

સંપૂર્ણ જ્ઞાન આત્મામાં છે. તેને બહાર શોધવાની જરૂર નથી. એ વાતને વધુ સ્પષ્ટ સમજવા માટે અગ્નિનું દૃષ્ટાંત છે.

અગ્નિ પ્રગટાવવો હોય ત્યારે તેને બહારથી લાવવો પડતો નથી. બે અરણિયોના (એક જાતનું લાકડું) મંથનથી, ચકમકના (એક જાતનો પથ્થર) બે ટુકડાઓના પરસ્પર આઘાતથી અથવા દીવાસળીને બાકસના મસાલા પર ઘસવાથી અગ્નિ પ્રગટ થઈ જાય છે. તે વખતે અગ્નિ કાંઈ બહારથી આવતો નથી. પરંતુ તે અવ્યકતરૂપે ત્યાં હતો તે અમુક પ્રકારના પ્રયોગથી વ્યકત રૂપમાં પ્રગટ થાય છે.

એજ રીતે લાકડા યા પાષાણમાંથી મૂર્તિ કંડારનાર કોઈપણ દેવતાની મૂર્તિ બહારથી લાવીને તે લાકડા યા પાષાણમાં દાખલ કરતો નથી જગતમાં જેટલા આકારોની કલ્પના કરી શકાય છે, તે સઘળા આકારો લાકડા યા પાષાણમાં પહેલેથી જ અવ્યકતરૂપે રહેલા હોય છે. પરંતુ મૂર્તિ બનાવવાવાળાને એ સઘળા આકારોની આવશ્યકતા નથી. એને તો એક વિશિષ્ટ આકારની આવશ્યકતા હોય હોય છે. એ આકારને સાકાર બનાવવા માટે તે એની આડે આવતાં સર્વ પ્રકારનાં આવરણોને સાધનો દ્વારા દૂર કરે છે.

કારીગરના છોલવા દ્વારા અગર શિલ્પીના ઘડવા દ્વારા તે વિશિષ્ટ આકારનાં પ્રતિબંધક બધાં આવરણો દૂર થવાની સાથે જ, ઈચ્છિત મૂર્તિના આકાર, જે અંદર છુપાએલો હતો, તે બહાર આવે છે.

જ્ઞાનના સંબંધમાં પણ આત્માને તે બહારથી લાવ-

વાનું હોતું નથી, પણ યોગ્ય ઉપાયો દ્વારા તેને અંદરથી પ્રગટ કરવાનું હોય છે. અર્થાત્ અંદર રહેલા જ્ઞાનને પ્રકટ કરવાનું છે.

## * કેળવણીની વાસ્તવિક દૃષ્ટિ *

આ દૃષ્ટિએ વિચારતાં એ સ્પષ્ટ થાય છે કે જ્ઞાન, શિક્ષણ કે કેળવણી શબ્દનો પ્રયોગ ત્યાં જ કરવો વ્યાજબી છે, કે જ્યાં અંતરમાં છુપાએલા જ્ઞાનને પ્રગટ થવાનાં-કરવાનાં-સાધનો અધિકાધિક પ્રમાણમાં પૂરાં પાડવામાં આવતાં હોય.

કેળવણીની જે કોઈ પદ્ધતિમાં બહારથી જ્ઞાન અંદર ઘુસાડવાના પ્રયત્નો થતા હોય, તે પદ્ધતિને મૌલિક કેળવણી (genuiue eduction) કહેવાને બદલે ગોખણપટ્ટી યા (ડાકટરી) ઇન્જેક્ષન (Injection) કહેવું, એજ વધારે વ્યાજબી છે.

આથી એ પણ સિદ્ધ થાય છે કે જેટલાં જ્ઞાન અમુક પ્રકારના શારીરિક દંડના ભયથી અથવા પરીક્ષામાં નિષ્ફળ નીવડવાના ભયથી થનારા આર્થિક યા માનસિક દંડના ભયથી આપવામાં આવે છે, તે કેળવણી (Education) નથી, પણ ઇન્જેક્ષન એટલે ઝીણી સોય દ્વારા શરીરની નાડીઓમાં દવાઓનો પ્રવેશ કરાવવા બરાબર છે. પરંતુ એ રીતે બળજબરીથી જ્ઞાનને બુદ્ધિમાં પ્રવેશ કરાવવા પ્રયત્ન કરવો, તેથી વાંછિત અર્થ સરતો નથી.

આપણે એ જોઇ ગયા કે, ગરમ પાણી પોતામાં ભળી ગએલી ઉષ્ણતાનો એટલા માટે ત્યાગ કરી દે છે કે, ઉષ્ણતા એ એનું અંતરંગ લક્ષણ નથી, કિન્તુ બહારથી આવેલું ઉપલક્ષણ છે.

એ સિદ્ધાંત અનુસાર જે જ્ઞાન વાસ્તવમાં આત્માનું આંતરિક લક્ષણ નથી, કિન્તુ બહારથી અંદર લાવવામાં આવે છે, તે જ્ઞાનથી આત્માને કોઈ સ્થાયી લાભ થઇ શકવાનો નથી.

નહિ ભણવાથી આજીવિકા નહિ ચાલી શકે અથવા સમાજમાં ઊંચું સ્થાન પ્રાપ્ત નહિ થાય એવી જાતના ભય અગર પ્રલોભનથી કેળવણી આપવાના જેટલા પ્રયત્નો થાય છે, તે સઘળા ક્ષણિક લાભ આપવા સિવાય આત્માની શાશ્વત શાન્તિ માટે સહેજ પણ ઉપયોગી થઇ શકતા નથી.

## * સાચા શિક્ષક *

તે જ શિક્ષણ આત્માને શાશ્વત શાંતિ આપવા સમર્થ બનાવી શકે છે, કે જે શિક્ષણ, આત્મામાં છૂપું રહેલું જ્ઞાન આવિષ્કૃત–પ્રગટ–થાય એ જાતના પ્રયાસો કરે છે.

જે જ્ઞાન આત્માના સ્વરૂપ અથવા સ્વભાવનો સહજ અગર અભિન્ન અંશ નહિ હોય, તે પ્રકારનું બહારથી આવેલું સઘળું જ્ઞાન, થોડા જ સમયમાં–જળ જેમ પોતાની ઔપાધિક ઉષ્ણતાને છોડી દે છે તેમ–નષ્ટ થઈ જનારું છે.

આથી એ સ્પષ્ટ પ્રમાણિત થાય છે કે, સઘળું જ્ઞાન પહેલેથી જ આત્માની અંદર રહેલું છે. જે શિક્ષક, ગુરૂ કે આચાર્ય ભીતરમાં છુપાઈને રહેલા એ જ્ઞાનને પ્રગટ કરવા માટે યોગ્યતા મુજબ ઉત્તમોત્તમ સાધનોનો પ્રયોગ કરે છે, તે જ શિક્ષક, ગુરૂ કે આચાર્ય વસ્તુતઃ શિક્ષક, ગુરૂ કે આચાર્ય કહેવડાવવાને લાયક છે. બાકીના બીજા તો માત્ર નામધારી છે. પોતાની તથા પોતાના શિષ્યોની વંચના માત્ર કરનારા છે.

વાસ્તવમાં શિક્ષણ અથવા સંસ્કારો દ્વારા કોઈ નવા જ્ઞાનની ઉત્પત્તિ થાય છે એમ નથી, કિન્તુ એ શિક્ષણ આત્માની અંદર રહેલા સ્વાભાવિક જ્ઞાનને બહાર લાવી એના દ્વારા જોવા, જાણવા, અનુભવવા આદિ અનેક પ્રકારના લાભ ઉઠાવવામાં આત્માને સહાય કરે છે.

મતલબ કે શિક્ષણ અથવા સંસ્કારથી આત્માની પ્રકૃતિ બદલાતી નથી, પરંતુ એ પ્રકૃતિની અભિવ્યક્તિ અને વિકાસ કરવાનો પૂરો મોકો મેળવી આપે છે. અર્થાત્ આત્માની પ્રકૃતિના બંધનને તોડી આત્માને સ્વતંત્ર કરી આપે છે.

સઘળાંનો સારાંશ એ છે કે, આત્મા અખંડ જ્ઞાન-સ્વરૂપ છે અને એ જ્ઞાનને પ્રગટ કરવા માટે બાહ્ય ભયો યા પ્રલોભનો એ વાસ્તવિક ઉપાય નથી. કિન્તુ એ જ્ઞાનને દબાવી દેનાર મોહનીયાદિ દુષ્ટ કર્મોને ખસેડી દેવાં, એજ સાચો ઉપાય છે.

મોહનીયાદિ દુષ્ટ કર્મોને દૂર કરવાનો યથાર્થ ઉપાય બતાવે, એજ સાચું શિક્ષણ, કેળવણી કે શાસ્ત્રાધ્યયન છે. અને એ પ્રકારનું શિક્ષણ, કેળવણી કે શાસ્ત્રાધ્યયન કરાવનાર હોય તે જ સાચા શિક્ષક, સાચા ગુરુ અને સાચા આચાર્ય છે.

## ૧૩ આત્માનો ત્રીજો, ચોથો અને પાંચમો ગુણ

### * આત્માનો ત્રીજો ગુણ આનંદ *

અમરત્વ અને અનંત જ્ઞાન : આત્માનાં એ બે લક્ષણો નિશ્ચિત થયા પછી, આત્માને ઓળખવાનું ત્રીજું લક્ષણ શું છે એ આપણે જોઈએ.

શાસ્ત્રો કહે છે કે, 'સત્ અને ચિત્ એ જેમ આત્માનાં લક્ષણ છે, તેમ નિત્ય, શુદ્ધ અને પૂર્ણ આનંદ એ પણ આત્માનું લક્ષણ છે.'

આત્માનો સ્વભાવ જો આનંદ હોય, તો જગતનાં પ્રાણીઓ નિરંતર શોક અને દુઃખનો અનુભવ કરી રહ્યાં છે, તે કેમ બને? એવો પ્રશ્ન અહીં પણ ઊઠવો સહજ છે. પણ પૂર્વોક્ત યુક્તિઓ દ્વારા એનું સમાધાન પણ સહજ અને સુગમ છે.

આત્માનું લક્ષણ સંપૂર્ણ જ્ઞાન હોવા છતાં મોહ અને અજ્ઞાનના આવરણથી જેમ તે જ્ઞાન દબાઈ ગએલું છે, તેમ અનંત આનંદ એ પણ આત્માનો સહજ ધર્મ હોવા છતાં મોહનાં ગાઢ આવરણોથી આવરિત છે.

અનાદિના મોહાભ્યાસથી વિપરીત શ્રદ્ધા અને વિપરીત વર્તનને પરવશ બનેલો આત્મા, પોતાના સ્વાભાવિક આનંદને પામી શકતો નથી. એટલું જ નહિ પણ વિપરીત શ્રદ્ધા અને વિપરીત વર્તનથી દુઃખ અને શોકના મહાસાગરમાં સદાય ડૂબેલો રહે છે.

આનંદ, એ આત્માનો સ્વભાવ છે, એ વાતને અધિક સ્પષ્ટતાથી સમજવા માટે રડતા મનુષ્યનું દૃષ્ટાન્ત ઉપયોગી છે.

કોઈ મનુષ્ય રડતો નજરે પડે છે, ત્યારે લોકો તેની પાસે જઈને પૂછે છે કે, 'તું કેમ રડે છે? પરંતુ નહિ રોનાર પાસે જઈને કોઇ એમ નથી પૂછતું કે, 'તું કેમ નથી રડતો?' એ જ બતાવે છે કે રૂદન એ આત્માનો સ્વભાવ નહિ હોવાથી, એનું કારણ જાણવાની આવશ્યકતા રહે છે અને 'નહિ રોવું' એ આત્માનો સ્વભાવ હોવાથી, એનું કારણ જાણવાની આવશ્યકતા રહેતી નથી.

આથી એ સિદ્ધ થયું કે દુઃખી થવું એ આત્માનું લક્ષણ નથી કિન્તુ કોઇ તેવા પ્રકારના તાત્કાલિક બાહ્ય કારણરૂપ ઉપાધિથી ઉત્પન્ન થયેલ ઉપલક્ષણ માત્ર છે. આગળ વધીને વિચારીએ તો જે મનુષ્ય સ્ત્રીપુત્રાદિકના વિયોગ વખતે એટલા બધા દુઃખને અનુભવે છે કે, 'હવે મારું જીવન અંધકારમય બની ગયું, હું લૂંટાઈ ગયો.' તે જ માણસ દિવસો વીતતાં આ શોકને સર્વથા વિસરી જાય છે. એ દૃષ્ટિએ, શું દુઃખ એ જળની

ઉષ્ણતાની જેમ બાહ્ય કારણથી આવેલ માત્ર ઉપાધિ જ નથી ?

જળની ઉષ્ણતા માટે બાહ્ય કારણ (બળતણ આદિ) ની અપેક્ષા પણ રહે છે, કિન્તુ એ ઉષ્ણતાને જવા માટે કેવળ કાળના સ્વાભાવિક અતિક્રમણ સિવાય અન્ય કોઈ કારણ ન મળે તો તેની અપેક્ષા પણ રહેતી નથી. તેમ આત્મામાં દુઃખ ઉત્પન્ન થવા માટે બાહ્ય કારણોની અપેક્ષા રાખ્યા સિવાય ઓસરી જાય છે.

આથી એ સિદ્ધ થાય છે કે, દુઃખ એ આત્માનું સ્વાભાવિક સ્વરૂપ નથી, કિન્તુ આનંદ એ જ તેનું સ્વાભાવિક સ્વરૂપ છે.

આત્મા જ્યારે બાહ્ય કારણોથી દુઃખી પણ થાય છે, ત્યારે પણ આત્માનો આનંદ, આત્માની બહાર ચાલ્યો જતો નથી, કિન્તુ આત્માની અંદર દબાએલો પડયો રહે છે. એ જ કારણે એ આનંદ ક્રમશઃ પોતાનું પ્રભુત્વ પ્રાપ્ત કરીને બહારથી આવીને અધિકાર જમાવનારા દુઃખને દૂર કરી નાખે છે અને પૂર્વની માફક પોતે (આનંદ) વ્યકત રૂપ ધારણ કરી લે છે.

### * આનંદ પ્રાપ્તિ કયારે ? *

સત્, ચિત્ અને આનંદ એ ત્રણ આત્માનાં લક્ષણ છે, આત્માના સ્વભાવ છે. આનંદ પ્રાપ્ત કયારે ! અથવાં આત્માનું સ્વરૂપ છે, એ વાત જેમ શાસ્ત્ર દ્વારા સિદ્ધ છે, તેમ યુકિત અને અનુભવ દ્વારા પણ સિદ્ધ છે.

યુકિતવાદની દૃષ્ટિથી કે પ્રત્યક્ષ અનુભવની દૃષ્ટિથી

વિચારતાં પણ એ સ્પષ્ટ થાય છે કે, સદા જીવિત રહેવાની ઈચ્છા એ જ આત્માના અમરત્વ સ્વભાવની સાબિતી છે.

એ જ રીતે પદાર્થોને જાણવાની ઈચ્છા એ જ આત્માના જ્ઞાન સ્વભાવથી સાબિતી છે તથા એ જ રીતે નિરંતર આનંદની ખોજ કરવી, એ આત્માના આનંદ-સ્વભાવની સાબિતી છે.

સદા જીવિત રહેવાની તથા પદાર્થોને જાણવાની ઈચ્છા એ જેમ અનંત જીવન અને નિઃસીમ જ્ઞાન એ આત્માનું સ્વરૂપ છે એમ સિદ્ધ કરે છે, તેમ સર્વ આત્માઓ હંમેશાં આનંદની જ શોધમાં રહે છે એ જ એક નિશ્ચિત અને પર્યાપ્ત પ્રમાણ છે કે, આનંદ એ પણ અંતરાત્માનો સ્વભાવ છે.

જે પ્રકારે માછલી કોઈ કારણસર જળની બહાર આવી જાય છે, તો ફરી પાછી જળમાં જવાને માટે જ ઉદ્યમ કરે છે, કારણ કે જળ એ જ એનું સ્વાભાવિક સ્થાન છે. એ જ પ્રકારે આત્મા પણ કોઈ કારણવશાત્ આનંદથી દૂર થાય છે, તો પાછો તરત જ એ આનંદને પ્રાપ્ત કરવા સતત ઉદ્યમ કર્યા કરે છે, કારણ કે આનંદ જ આત્માનો મૂળ સ્વભાવ છે એટલું જ નહિ પણ આનંદ એ એનું સ્વરૂપ જ છે.

આત્મા જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તે આનંદની પ્રાપ્તિના લક્ષ્યથી જ કરે છે. જો કે એ આનંદની પ્રાપ્તિ માટે ઉચિત સાધનોનો પણ ઉપયોગ કરે છે અને અવિદ્યા-

વશાત્ અનુચિત સાધનોનો પણ ઉપયોગ કરે છે તથા પોતે કેવા આનંદને ઈચ્છે છે એને નિરૂપણ કરી શકતો નથી; પરંતુ એ એક જુદો જ પ્રશ્ન છે.

આત્માનો સ્વભાવ આનંદ છે, એ વસ્તુના નિર્ણયમાં ઊંધી પ્રવૃત્તિ કરવી કે નિરૂપણ ન કરી શકવું, એ લેશમાત્ર બાધક નથી. આત્મા જે આનંદને ચાહે છે, તે આનંદ પરિપૂર્ણ, અનિતશાયી અને અક્ષીણ આનંદ છે, અને તે આત્માની અંદર જ રહેલો છે. તેને મેળવવા માટે બાહ્ય પદાર્થોની આવશ્યકતા નથી. માત્ર એ આનંદને પ્રગટ થવામાં અંતરાય કરનાર વિપરીત ચેષ્ટાઓનો જ પરિત્યાગ કરવાની ખાસ આવશ્યકતા છે.

## * આત્માનો ચોથો ગુણ : સ્વતંત્રતા *

અમર જીવન, સર્વવિષયક જ્ઞાન અને અનંત આનંદ એ જેમ આત્માના ગુણ છે, તેમ સ્વતંત્રતા એ પણ આત્મધર્મ છે. કારણ કે આત્મા જ્યાં સુધી સ્વતંત્રતા પ્રાપ્ત કરતો નથી, ત્યાં સુધી તેને સંતોષ થતો નથી.

સદા જીવિત રહેવાનું હોય, સર્વ પદાર્થોને જાણવાનું સામર્થ્ય પણ હોય અને મનોવાંછિત આનંદનો ઉપભોગ પણ કરવાનું હોય, છતાં એ સઘળી વસ્તુઓનો આત્મા પોતાની ઈચ્છાનુસાર ભોગ ન કરી શકે અગર બીજાની દયાથી ભોગવી શકે, તો એ પરાવલંબન પણ આત્માને ભારરૂપ અને અસહ્ય લાગ્યા સિવાય રહેતું નથી. પોતાના

અસામર્થ્યના કારણે કદાચ તે બંધનોને આત્મા ન પણ તોડી શકે અગર બંધનોનો સ્વીકાર પણ કરી લે, કિન્તુ એ સ્વીકાર સ્વેચ્છાથી નહિ, કેવળ વિવશતાથી યા પરાધીનતાથી છે.

સ્વતંત્રતાની ઇચ્છા કેવળ મનુષ્યમાં રહેલી છે એમ નથી બંધનમાંથી છૂટવાની ઈચ્છા કહો યા સ્વતંત્રતા પ્રાપ્ત કરવાની ઇચ્છા કહો, મનુષ્યથી માંડી પ્રત્યેક સચેતન પ્રાણીમાં વ્યકત યા અવ્યકતપણે એક સરખી રહેલી છે. પોતાના વિવેકનું અભિમાન ધરાવવાવાળા મનુષ્યમાં તો તે સવિશેષ હોય તે તદ્દન સ્વાભાવિક છે.

બંધનમાંથી છૂટવાની સ્વતંત્ર થવાની એ ઉત્કટ ઈચ્છાને શાસ્ત્રમાં મુમુક્ષુતા કહેલી છે. એ મુમુક્ષુપણું કોઈમાં અધિક અંશમાં હોય છે. તો કોઇ આત્મામાં અલ્પ અંશમાં હોય છે. તેનો સર્વથા અભાવ કોઇપણ પ્રાણીમાં હોતો નથી.

સ્વતંત્રતા મેળવવા માટેની સદાની જે ઉત્કટ અભિલાષા, એ જ સ્વતંત્રતા. એ આત્માનો સ્વભાવ છે, એ સમજવા માટે પર્યાપ્ત પ્રમાણ છે. એટલા માટે જ મોક્ષ એટલે સર્વ પ્રકારનાં બંધનોથી છૂટકારો, એ આત્માનો ચોથો સ્વભાવ છે.

## * પાંચમો ગુણ ઐશ્વર્ય *

સત્ અર્થાત્ શાશ્વત જીવન, ચિત્ અર્થાત્ અનંતજ્ઞાન

આનંદ અર્થાત્ અસીમ સુખ અને મોક્ષ અર્થાત્ સર્વ પ્રકારની સ્વતંત્રતા, એ જેમ આત્માનો સ્વભાવ છે તેથી પ્રત્યેક આત્મા તેને ચાહે છે, તેમ તે ચારથી અલગ-ભિન્ન અતિરિકત એક અન્ય પદાર્થ પણ છે, કે જેને સર્વ લોક એટલા જ પ્રેમથી ચાહે છે. પ્રત્યેક વ્યકિત જેને હૃદયથી ચાહે છે, એ પાંચમી વસ્તુ પ્રથમ ચાર પ્રકાર કરતાં વિલક્ષણ પ્રકારની છે.

એ પાંચમી આંકાક્ષા ઐશ્વર્યની છે. પ્રથમ ચાર કરતાં એ વિચિત્ર પ્રકારની છે, એનું કારણ એ છે કે, એક બાજુ આત્મા પોતે પોતા માટે સંપૂર્ણ સ્વતંત્રતાને ઈચ્છે છે, અર્થાત બીજાઓની ઈચ્છાથી કે આધીનતાથી સંચાલિત થવા ઇચ્છતો નથી, પરંતુ બીજી બાજુ એ જ આત્મા, 'બીજાઓ પોતાની ઈચ્છા મુજબ ચાલે. અર્થાત્ પોતાની ઇચ્છાનું બીજા બધા અનુસરણ કરે' એવી તીવ્ર આકાંક્ષા ધરાવે છે.

સૌથી વધુ આશ્ચર્યજનક વાત તો એ કે તદ્દન અજ્ઞાન અને અનુભવહીન બાળક એ ચાહે છે કે એના પિતા કે જે એની અપેક્ષાએ અનેકગુણા અનુભવી અને બુદ્ધિમાન છે, તે પણ પોતાની (બાળકની) ઇચ્છા મુજબ ચાલે.

આ ઉપરથી એ નિયમ સર્વથા અપવાદરહિત ફલિત થાય છે કે, પ્રત્યેક મનુષ્ય પોતાના હૃદયથી કેવળ જીવવું જ્ઞાન પ્રાપ્ત કરવું; સુખી થવું અને સ્વતંત્ર બનવું એટલું

જ નથી ઇચ્છતો, કિન્તુ બીજાઓ પર શાસન કરવાને પણ ઈચ્છે છે. કેવળ શાસન જ નહિ, કિન્તુ યદિ સંભવ હોય તો અખિલ બ્રહ્માંડનું સ્વામિત્વ ઈચ્છે છે. એટલા માટે ઐશ્વર્ય પણ આત્માનો સ્વભાવ છે, એ યુક્તિ અને અનુભવ ઉભય દૃષ્ટિએ સત્ય ઠરે છે.

અખિલ બ્રહ્માંડના સ્વામિત્વની ઈચ્છા છતાં, આત્મા વર્તમાનમાં ઐશ્વર્યહીન અવસ્થા અનુભવી રહ્યો છે. તેનું કારણ સ્પષ્ટ જ છે.

આત્માનું સ્વાભાવિક અનંત ઐશ્વર્ય વર્તમાનમાં એને રોકનાર કર્મનાં આવરણોથી ઢંકાએલું છે. અનંત દાન, અનંત લાભ, અનંતભોગ, અનંત ઉપભોગ અને અનંત વીર્ય—એ આત્માનું સ્વાભાવિક ઐશ્વર્ય છે.

અન્ય આત્માઓનાં દાન, લાભ, ભોગ આદિમાં અંતરાયો નાખીને આત્મા પોતાના સ્વભાવિક ઐશ્વર્યને ગુમાવીને બેઠો છે.

જ્યાં સુધી બીજાઓના દાનાદિમાં અંતરાયભૂત થવાનું કાર્ય આત્મા ચાલુ રાખે છે, ત્યાં સુધી તેની અનંત દાનાદિ શક્તિઓ પ્રગટ થઈ શકતી નથી. પરંતુ અધિક ને અધિક દબાતી જાય છે. જેટલા જેટલા અંશે તે બીજાઓને વિઘ્નાદિ કરતો અટકે છે, તેટલે તેટલે અંશે તેની દાનાદિ શક્તિઓ પ્રગટ થતી જાય છે જે દિવસે આત્મા બીજાઓને વિઘ્નભૂત થતો સર્વથા અટકી જાય છે, તે દિવસે તેનું દાનાદિ સંપૂર્ણ ઐશ્વર્ય તેનાથી દૂર રહેતું નથી,

## * આત્મા ને ઈશ્વર *

આપણે જોઈ ગયા કે, સત્, ચિત્, આનંદ, મોક્ષ અને ઐશ્વર્ય એ પાંચ (વસ્તુઓ) આત્માના સહજ ગુણ છે.

ગરમ કરવામાં આવેલ ઉષ્ણ જળની સ્વાભાવિક શીતળતા જેમ થોડા સમય માટે, ભલે દબાઈ જાય છે, પરંતુ સદાને માટે જળમાંથી નાબૂદ કરી શકાતી નથી, તેમ આત્મામાંથી એ પાંચ ગુણો સદાને માટે નિર્મૂળ કરી શકાતા જ નથી.

આથી એ સિદ્ધ થાય છે કે–સંસારના પ્રાયઃ સર્વ ધર્મગ્રન્થો ઈશ્વરને જે વિશેષણો આપે છે, તે બધાં પ્રત્યેક આત્માના વાસ્તવિક, આંતરિક એવાં નૈસર્ગિક ગુણ છે. જાણતાં કે અજાણતાં, સર્વ આત્મા હૃદયથી પોતાની શકય શક્તિ દ્વારા એ ગુણોને પ્રાપ્ત કરવા માટે અવિરત પ્રયત્નો કર્યા કરે છે

ઈશ્વર જેમ સત્ સ્વરૂપ, ચિત્ સ્વરૂપ, આનંદસ્વરૂપ મુક્તસ્વરૂપ અને ઈશ્વરસ્વરૂપ છે, તેમ આત્મા પણ ઈશ્વર સમાન ગુણવાળો છે. એ વાતનો નિશ્ચય થયા પછી, હવે એ નિર્ણય કરવો બાકી રહેતો નથી કે, આત્માનું ગન્તવ્ય સ્થાન બીજું કોઈ નહિ પણ ઈશ્વરનું જેસ્વરૂપ છે એ જ છે.

 આત્માને પહોંચવાનું સ્થાન ઈશ્વરસ્વરૂપ છે, એ

નિર્ધાર થયા પછી, એ સ્થાન સુધી પહોંચવાના સાચા માર્ગો કયા હોઈ શકે? એનો નિશ્ચય પણ આવશ્યક બને છે.

ઈશ્વરની સાથે આત્માની નૈશ્ચયિક સમાનતા છે. કારણ કે આત્મા સ્વયં ઈશ્વર બનવા યા ઈશ્વરના સમાન બનવા નિરંતર તલસી રહ્યો છે. એને માટેનાં યોગ્ય સાધનોનું અવલંબન તે ગ્રહણ કરતો નથી, તેના જ કારણે તે ઈશ્વર બની શકતો નથી.

જે સમયે આત્મા સ્વયં ઈશ્વર યા પરમાત્મસ્વરૂપ બનવા માટેનાં યોગ્ય સાધનોનો સ્વીકાર કરી તે માર્ગે ચાલવા પ્રયત્ન કરે છે, તે સમયથી આત્મા પોતાના સ્વાભાવિક ગુણોને પ્રગટ કરતો જાય છે. જ્યારે તેનો પ્રયત્ન સંપૂર્ણ બને છે ત્યારે સ્વાભાવિક ગુણો ઉપરનાં આવરણો પણ સંપૂર્ણતયા નાશ પામે છે અને સત્, ચિત્ અને આનંદરૂપે પરિપૂર્ણ પ્રકાશિત થાય છે.

આ રીતે આત્માનો વિચાર કરનાર પરલોકનો જેમ નિશ્ચય કરી શકે છે; તેમ પોતાના પ્રાપ્તવ્ય સ્થાનનો પણ નિશ્ચય કરી શકે છે. પ્રાપ્તવ્ય સ્થાનના નિશ્ચયવાળાની સઘળી પ્રવૃત્તિ સફળ પ્રવૃત્તિ બને છે. એથી ઉલટી રીતે આત્માના સ્વરૂપના નિશ્ચય વિનાના આત્માઓ ધ્યેયશૂન્ય હોવાથી, પોતાની સઘળી પ્રવૃત્તિઓ નિષ્ફળ બનાવે છે. એટલું જ નહિ પણ આત્માના સ્વભાવિક ગુણોના વિકાસને રોધનારી વિપરીત પ્રવૃત્તિઓ દ્વારા ગન્તવ્ય સ્થાનને

દૂર ને દૂર હડસેલે છે. પરિણામે ભય, અજ્ઞાન, દુઃખ, દરિદ્રતા અને પરાધીનતાનો ભોગ બની અનંતકાળ સુધી ભીષણ સંસારમાં ભટકે છે.

એ પ્રકારની અનિષ્ટ દશામાંથી ઉગરી જવા માટે પ્રત્યેક વિચારશીલ વ્યક્તિએ વહેલામાં વહેલી તકે આત્મનિશ્ચય કરવો પરમ આવશ્યક છે, અને આત્માના સહજ ગુણોની આડે આવતાં કર્મોનો વિનાશ કરવા ઉદ્યમશીલ બનવું એ પરમ કર્તવ્ય છે.

## * સુખ એ અનાત્મ ધર્મ નથી *

જ્ઞાન એ જેમ આત્માનો ગુણ છે, તેમ સુખ એ પણ આત્માનો ધર્મ છે. જ્ઞાન કે સુખ એ જડ પદાર્થોનો ગુણ કે ધર્મ નથી.

અચેતન પદાર્થો જેમ જ્ઞાનશૂન્ય છે તેમ સુખશૂન્ય પણ છે, એ પ્રત્યેકને પ્રત્યક્ષ છે. સુખ એ જ્યારે આત્માનો સ્વભાવ છે, ત્યારે તેને મેળવવા માટે બાહ્ય પદાર્થો પાછળ ભટકવું, એ ઈરાદાપૂર્વક દુઃખી થવાનો રસ્તો છે.

જ્ઞાન અને તન્મયતા સિવાય સુખ રહી શકતું જ નથી. જ્ઞાન અને તન્મયતાની પરિપૂર્ણતા આત્મા સિવાય બીજે હોઈ શકતી નથી. જેટલું જ્ઞાન અને તન્મયતા અધિક એટલું સુખ અધિક; જ્યાં પરિપૂર્ણ જ્ઞાન અને પરિપૂર્ણ તન્મયતા, ત્યાં અખંડ અને પરિપૂર્ણ સુખ છે. સુખના અર્થી આત્માએ જ્ઞાનવાન અને સુખમય આત્માને છોડીને પર પદાર્થોમાં શા માટે ભટકવું જોઈએ?

પરનો સ્વભાવ પોતાનો થઈ શકતો નથી અને

પોતાનો સ્વભાવ જે છે તેનો કદી વિયોગ થઈ શકતો નથી.

સુખ એ આત્માનો સ્વભાવ હોવા છતાં, બાહ્ય નિમિત્તોથી તે આચ્છાદિત થાય છે અને તેના પરિણામે અસ્થિરતા અને અશાન્તિ વધે છે. એ કારણે સ્વભાવની પ્રાપ્તિ અને પરિપૂર્ણતા એ જ વાંછનીય છે. પોતાનું પૂર્ણત્વ પોતાના ગુણોથી જ થઈ શકે છે. પરની ઉન્નતિ કે પૂર્ણતા, એ કદી પોતાની બની શકતી નથી. એ જ કારણે ધર્મ એ ઉપાદેય છે અને અધર્મ એ હેય છે.

પોતાનો સ્વભાવ અને તેને વિષે તન્મયતા એ જ વાસ્તવિક ધર્મ છે.

ધર્મની આ વ્યાખ્યા સર્વ દેશ અને સર્વ કાળ માટે એક સરખી રીતે નિર્બાધ છે. સર્વ પ્રકારના આચારો ધર્મ યા અધર્મરૂપ હોવાની કસોટી કોઈ હોય, તો પણ તે આ જ છે. સર્વ સત્યોનું સત્ય કોઈ હોય, તો પણ તે આ જ છે.

જગતભરમાં જેટલા સારામાં સારા નીતિ-નિયમો છે, કાયદા-કાનૂનો છે. રીત-રિવાજો છે, ઉપદેશ-આદેશો છે અને કર્મ તથા ભાવનાઓ છે, તે બધાનો મૂળ આધાર કે અંતિમ લક્ષ્ય કોઈ હોય, તો તે ધર્મની ઉપર્યુક્ત વ્યાખ્યા જ છે.

આત્માનો પોતાનો સ્વભાવ જ્ઞાન અને સુખ છે. એ સ્વભાવની સાથે તન્મયતા એ જ પારમાર્થિક ધર્મ છે.

એવા સ્વભાવની સાથે તન્મયતાની પ્રાપ્તિ કરાવી આપનાર જેટલા ધર્મો છે, એ સઘળા વ્યવહાર-ધર્મ છે. સર્વ આત્મા, તત્ત્વથી એક જ સ્વભાવવાળા છે, એ કારણે એ સર્વનો ધર્મ પણ એક જ છે. એનાં સાધનો ભલે પ્રત્યેકની વર્તમાન યોગ્યતાને લીધે ભિન્ન-ભિન્ન હોય, પરંતુ એ સઘળાં સાધનોનો અંતિમ ઉદ્દેશ તો એક જ અવસ્થાની પ્રાપ્તિ છે.

## * આત્માનો સ્વભવ કેવો છે ? *

'આત્માનો સ્વભાવ શું છે ?' એનું જ્ઞાન શાસ્ત્રોથી પણ થઈ શકે છે, સત્સંગતિથી પણ થઈ શકે છે અને એથી પણ અધિક દુરાગ્રહરહિત સ્વયં મનન કરવાથી થઈ શકે છે.

એ વાત તો સ્થૂલ દૃષ્ટિથી પણ સ્પષ્ટ છે કે, ધન-સંપત્તિ, કુટુંબ-પરિવાર, યશ, અધિકારાદિ આત્માથી જુદા છે, તો પછી પોતાનાં સુખ-દુઃખને એ પદાર્થોનાં આશ્રિત બનાવવાં એ જાણી જોઇને પરાધીનતા સ્વીકાર સિવાય બીજું શું છે ? એથી અધિક બારીક દૃષ્ટિએ જોવાથી શરીર એ પણ પર પદાર્થ છે, એ સ્પષ્ટ થયા વિના રહેશે નહિ.

શરીરનું સ્વાથ્ય કે ઘસારો, એ આપણા હાથમાં નથી. શરીરનો વિનાશ તો એક દિવસ અવશ્ય થનારો જ છે. એનાં પ્રત્યેક અંગો, ઉપાંગો કે ઉપાદાનો જો જુદાં

જુદાં– લઈને વિચારવામાં આવે, તો તે જડ પદાર્થ છે, એમ કોઈ પણ સુજ્ઞને સમજાયા વિના રહેશે નહિ. ચૈતન્યનો એક અંશ પણ તે એકેયમાં નથી. આત્માનું જ્ઞાન કે શાંતિ આદિ ગુણ પણ હમેશા શરીરને આશ્રિત નથી. વ્યાધિની હાલતમાં પણ શાંતિ તથા તંદુરસ્તીની હાલતમાં પણ અશાંતિનાં સેંકડો ઉદાહરણો નજરે પડે છે.

એથી સિદ્ધ થાય છે કે, શાંતિ, ધૈર્ય, જ્ઞાન આદિ ગુણ સર્વથા શરીરને જ આશ્રિત છે એમ નથી, પણ શરીર સિવાય અન્ય કોઈ પદાર્થને જ આશ્રિત છે. એ જ કારણે શરીરનું બળ, શરીરનું રૂપ આદિનું અભિમાન કરવું અને શરીરના નિમિત્તથી પોતાની જાતને સુખી યા દુઃખી માનવી, એનું જ નામ અધર્મ છે.

મગજમાં જે વિચાર ઉઠે છે તે પણ સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં આત્માના નથી એમ નિશ્ચિત થાય છે. કારણ કે આત્મા પોતે પોતાને, એ વિચારોનો કેવળ જ્ઞાતા છે, એવી પ્રતીતિ કરે છે. એ વિચારોમાં 'હું'પણાનો અનુભવ નથી કરતો, પણ 'મારા'પણાનો અનુભવ કરે છે.

જેવી રીતે 'હું છું'–'હું જાણું છું'–'હું સુખને ચાહું છું'–એ પ્રકારની પ્રતીતિ 'હું'પણાથી પૃથક્ પડી શકતી નથી, તેવી રીતે 'હું વિચાર કરું છું' એ પ્રતીતિ 'હું'પણાથી પૃથક્ પડી શકતી નથી એમ નથી, અર્થાત્ પૃથક્ પડી શકે છે. એટલા જ માટે અસ્તિત્વ (સત), જ્ઞાન (ચિત) અને સુખ, શાંતિ યા આનંદ (આનંદ,–એ

ત્રણ આત્માના સ્વભાવ છે, એમ સ્પષ્ટ પ્રતીત થાય છે.

બીજા શબ્દોમાં એ સિદ્ધ થાય છે કે, 'આત્મા સ્વભાવથી અમર છે, સંપૂર્ણ જ્ઞાનમય છે તથા અસીમ શાંતિ અને અપાર સુખમય છે.

એથી આત્માનું અમરત્વ સિદ્ધ છે. જ્ઞાનની શક્તિ જ્ઞેયોને જાણવાની છે, એ શક્તિ આત્મા ધરાવે છે, માટે આત્મા જ્ઞાતા છે એ સિદ્ધ છે. એ જ્ઞાન ગુણની સાથે જેટલી તન્મયતા તેટલી શાંતિ અને તેટલું સુખ આત્મા અનુભવે છે. જ્ઞાન ગુણને છોડીને પર વસ્તુની સાથે જેટલી તન્મયતા તે કરે છે, તેટલાં દુઃખ અને અશાંતિનો ભોગ તેને બનવું પડે છે.

એથી સુખ અને શાંતિ એ પણ આત્માનો ધર્મ છે, એ નિશ્ચિત થાય છે. પર પદાર્થના ભોગની બુદ્ધિ અને પ્રવૃત્તિથી આત્માના સુખ અને શાંતિનો લોપ થતો દેખાય છે અને જ્ઞાન ગુણની સાથે તન્મયતા સાધવાથી આત્મા સુખ અને શાંતિનો સ્વાભાવિક અનુભવ કરતો માલૂમ પડે છે.

આથી એ સ્પષ્ટ થાય છે કે અમરત્વ, જ્ઞાતૃત્વ અને સુખમયત્વ–એ ત્રણ ધર્મો, એ આત્માનો સ્વભાવ છે. એ સ્વભાવના વિકાસમાં સહાયક થનાર સર્વ કોઇ આચાર, વિચાર કે ઉચ્ચાર એ ધર્મ છે અને એ સ્વભાવના વિકાસમાં અંતરાયભૂત થનાર સર્વ પ્રકારના આચાર, વિચાર કે ઉચ્ચાર એ અધર્મ છે.

ધર્મની આ વ્યાખ્યા ત્રિકાલાબાધિત છે. કોઈ પણ દેશમાં કે કોઈ પણ કાળમાં કોઈ પણ વ્યક્તિથી એનો ઇન્કાર થઈ શકે એમ નથી.

## * સુખની અભિવ્યક્તિ *

પોતાના અસ્તિત્વ કે જ્ઞાનશક્તિનું ભાન (પછી ભલે તે અલ્પ કે ભ્રમાત્મક હોય પણ તે) તો પ્રાયઃ પ્રત્યેક પ્રાણીને હોય છે. પરંતુ સુખ અને શાંતિ એ પણ પોતાનો જ ધર્મ છે, પોતાનો જ ગુણ છે. એનો અનુભવ સાધારણ જીવોને હોતો નથી. જો કે ઈચ્છા દ્વારા એની અભિવ્યક્તિ પ્રત્યેક પ્રાણીમાં હોય છે. પરંતુ અસ્તિત્વ કે જ્ઞાતૃત્વની જેમ તેનો શાશ્વત અનુભવ થતો નથી. એનું કારણ બીજું કોઈ પણ નથી, પરંતુ સાધારણ જીવોનું શ્રદ્ધાન અને તન્મયત્વ સદા પર પદાર્થો પ્રત્યે ઝૂકેલું હોય છે, એ જ છે.

પર પદાર્થ સ્વરૂપમાં એકબીજાથી વિસદૃશ હોવાના કારણે. સાધારણ જીવોની આ વૃત્તિ રાગ દ્વેષાત્મક રૂપ ધારણ કરી લે છે: અર્થાત્ રૂચિને જે અનુકૂળ હોય તેના પ્રતિ રાગ અને પ્રતિકૂળ હોય તેના પ્રતિદ્વેષ જન્મે છે. તે વખતે રૂચિને અનુકૂળ પદાર્થના જ્ઞાનથી આત્મા રાગાત્મક સુખને અનુભવે છે અને રુચિને પ્રતિકૂળ પદાર્થના જ્ઞાનથી આત્મા દ્વેષાત્મક દુઃખનો અનુભવ કરે છે. એ પ્રકારના રાગદ્વેષથી આત્માનો શાન્તિ કે સુખ અનુભવવાનો ગુણ દબાઈ જાય છે.

એ રીતે રાગદ્વેષાત્મક સુખદુઃખને પરાધીન બની

જવાથી, શાન્તિ કે સુખને માટે સદા તલસવા છતાં, આત્મા શાન્તિ કે સુખનો આસ્વાદ અનુભવી શકતો નથી. અનુકૂળ કે પ્રિય પદાર્થના સંયોગજન્ય રાગાત્મક સુખમાં પણ આત્માને અપ્રિય પદાર્થનો દ્વેષ તથા ભય કાયમ હોવાથી, એનું એ ક્ષણિક સુખ પણ સર્વથા નિરાકૂળ કે પૂર્ણ હોતું નથી.

રાગદ્વેષ કેવળ શાન્તિને જ હરે છે એમ નથી, પરંતુ એ જ્ઞાનને પણ પૂર્ણ રૂપમાં પ્રગટ થવા દેવામાં અંતરાયભૂત બને છે, એ હયાત હોય છે ત્યાં સુધી જ્ઞાનમાં તેવા પ્રકારની રૂચિ કે તન્મયતા પેદા થવા દેતા નથી.

પર પદાર્થો પ્રત્યે શ્રદ્ધાન યા તન્મયતાના કારણે શરીર આદિ પર પદાર્થોમાં મારાપણાની ભ્રાન્તિ થાય છે. તથા એ પર પદાર્થોનો જીવની સાથેનો સંબંધ સ્વભાવથી જ અસ્થાયી હોવાથી આત્માને પોતાના સતની અવિનાશશીલતામાં પણ ભ્રમ થઈ જાય છે.

આથી શ્રદ્ધાન અને તન્મયતાનું વિકૃત થવું પર પ્રવૃત્ત બનવું, એ અધર્મ થાય છે. અને શુદ્ધ સ્વભાવમાં રત થવું એ જ ધર્મ છે.

આત્માના ગુણ તો સદા આત્મામાં જ વિદ્યમાન રહે છે. કારણ કે કોઈ પદાર્થ કયારે પણ પોતાના સ્વભાવથી રહિત પર કે પરસ્વભાવમય બની શકતો જ નથી. પરંતુ જયારે

વિશ્વાસ અને તન્મયતા મોહિત બને છે, વિકૃત બને છે, અર્થાત અવિશ્વાસ અને ચંચળતા જીવનમાં પ્રવેશ કરે છે ત્યારે તે જ આત્માને, આત્મ-વિસ્મૃતિ થવામાં પરમ બીજભૂત બને છે. અને એના પ્રભાવે જ આત્મા પોતાના સહજ ધર્મરૂપ શાન્તિનો સદાકાળ એક સરખો અનુભવ કરી શકતો નથી.

## * સુખ માટે સંગત્યાગની આવશ્યકતા *

પર પદાર્થોના કેવળ સંસર્ગથી યા જ્ઞાનથી જ પાપ યા દુઃખ થાય છે એમ નથી, કારણ કે જાણવું એ તો આત્માનો સ્વભાવ જ છે. પરંતુ એને પોતાના માનવાથી અને એમાં તન્મયતા કરવાથી જ, આત્મા પતિત યા દુઃખિત થાય છે. પર પદાર્થો પ્રત્યેનો મોહ અને આસક્તિ, એ જ આત્માને પોતાના સ્વભાવિક સુખના અનુભવથી ભ્રષ્ટ કરનાર છે તેમજ અનંતકાળ સુધી દુઃખના દરિયામાં ડુબાવનાર છે.

જૈન-સિદ્ધાન્તની પરિભાષામાં એવા પર પદાર્થો પરની શ્રદ્ધા અને તન્મયતાને જ દર્શનમોહ અને ચારિત્રમોહ તરીકે વર્ણવેલ છે. એ બે જ સંસારનાં મૂળ બીજ છે.

વિપરીત દર્શન અને વિપરિત ચારિત્ર, એ બે બીજ સંસારરૂપી વૃક્ષને વધારનાર અને વિકસાવનાર તરીકે જૈનશાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.

પર પદાર્થોના મોહથી અને આસક્તિથી આત્મા દુઃખિત થાય છે એટલા માટે સૌથી પહેલાં પર વસ્તુઓના સંસર્ગના ત્યાગનું વિધાદિ જૈનશાસ્ત્રોમાં વિનિત થએલું છે.

વાસનાગ્રસ્ત આત્માની વાસના, પ્રાયઃ વસ્તુના સંગથી જ ઉત્તેજિત થાય છે. સંગના અભાવમાં વાસના પ્રાયઃ શાન્ત રહેતી હોવાથી આત્માને પોતાની શક્તિનો સંચય કરવાનો અવસર મળે છે. અને એ શક્તિ દ્વારા–પરિણામે વાસનાનો સમૂળ નાશ કરવા માટે પણ આત્મા સમર્થ બને છે,

### * ધર્મ અને અધર્મની અનેક પ્રકારે સિદ્ધિ *

અત્યાર સુધી આપણે એ સિદ્ધ કરી આવ્યા કે, 'જે જેટલા અંશોમાં આત્મસ્વભાવને અનુકૂળ છે; તે તેટલા અંશોમાં ધર્મ છે. અને જે જેટલા અંશોમાં આત્મ-સ્વભાવને પ્રતિકૂળ છે તે તેટલાં અંશોમાં અધર્મ છે.

દા. ત. અબ્રહ્મચર્ય.

એ શાથી પાપ છે? એથી જ કે, અબ્રહ્મના સેવનમાં આત્મા પોતાના સુખને સ્ત્રી આદિ બાહ્ય પદાર્થોનું આશ્રિત બનાવે છે.

બ્રહ્મચર્યનું પાલન એ સ્વભાવને અનુકૂળ છે, તેથી ધર્મ છે અને અબ્રહ્મનું સેવન એ સ્વભાવને પ્રતિકૂળ છે. તેથી અધર્મ છે, કારણ કે એમાં સુખની પ્રાપ્તિ માટે સ્વભાવનો આશ્રય નહિ લેતાં, પર પદાર્થોનો આશ્રય લેવો

પડે છે. બ્રહ્મચર્યના પાલનમાં પર પદાર્થોનો આશ્રય મુદ્દલ લેવો પડતો નહિ હોવાથી, તેટલા અંશમાં તે ધર્મરૂપ બને છે.

એ જ રીતે સ્વસ્ત્રી સંતોષમાં, સ્વસ્ત્રી સિવાય અન્ય સર્વ સ્ત્રીઓ પ્રત્યે વાસનાનો ત્યાગ થાય છે, તેથી તેટલા અંશમાં તે પણ ધર્મ બને છે: પરંતુ બ્રહ્મચર્યનો ઘાત જેટલા અંશમાં થાય છે, તેટલા અંશમાં તો, તે પણ અધર્મ જ છે, સ્વસ્ત્રીની સાથે પણ કેવળ પશુવત્ વિષય-ભોગની અપેક્ષાએ મર્યાદિત ભોગ એ ધર્મ છે, કેમ કે એમાં અધિક વાસનાથી છૂટકારો છે.

## * સત્ય શાથી ધર્મ છે ? *

એ જ રીતે સત્ય વચનનું ઉચ્ચારણ એ ધર્મરૂપ બને છે, એનું કારણ પણ એમાં સ્વ-સ્વભાવની અનુકૂળતા રહેલી છે, એજ છે.

આત્મા શુદ્ધ સ્વભાવથી તો મન, વચન અને કાયાથી રહિત છે. એથી વાસ્તવિક સત્ય તો સર્વથા મૌન યા શાન્તિ છે. પરંતુ વ્યવહારમાં જે સત્ય કહેવાય છે, તેમાં અસત્ય અને અહિતકર વચનોનો ત્યાગ છે તથા સત્ય વચન બોલવામાં સરળતા અધિકાંશ હોવાના કારણે કપટાચરણની અપેક્ષાએ એમાં મનોવ્યાપાર આદિની ક્રિયાઓ પણ અલ્પ થાય છે, અને એથી પોતાને તથા પરને શાન્તિ અધિક થાય છે, એટલાં

જ માટે અસત્ય ભાષણની અપેક્ષાએ સત્ય ભાષણ એ ધર્મ છે.

## * અહિંસા પણ શાથી ધર્મ છે? *

આત્મા સ્વભાવથી ન તો કોઈને બાધા કરનારો છે, ન કોઈથી બાધા પામનારો છે. એટલા જ માટે અહિંસા અબાધા એ ધર્મ છે અને હિંસા-બાધા એ અધર્મ છે.

સ્વ-સ્વભાવથી પરિપૂર્ણ પૂર્ણાત્મા જ પૂર્ણ અહિંસક બની શકે છે અને પોતાના તરફથી સર્વને પૂર્ણ અભય આપી શકે છે. તે સિવાયના આત્માઓ જેટલા અંશે પરને બાધા આપવાની પ્રવૃત્તિથી વિરામ પામે છે, તેટલા અંશે અહિંસક અને અભયદાતા બની શકે છે, જેટલા અંશમાં અહિંસક અને અભયદાતા બને છે, તેટલા અંશમાં એ ધર્મ છે અને શેષ અંશમાં અધર્મ છે.

## * પાપ અને ધર્મ *

એ જ રીતે આત્મા અમર છે માટે જ મૃત્યુનો ભય એ પાપ છે. આત્માને કોઇ દુઃખ પહોંચાડી શકતું નથી, અથવા આત્માના ગુણોનું કોઈ અપહરણ કરી શકતું નથી, એ જ કારણે દુઃખી યા હીન બનવું અગર કોઇના તરફથી હાનિનો ભય રાખવો એ પાપ છે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. સમસ્ત પદાર્થોને અને પોતાને પૂર્ણ રૂપથી અને સમ્યક્ પ્રકારે જાણવા સમર્થ છે. એટલા

જ માટે અજ્ઞાન. ભ્રમ કે મિથ્યા પ્રતીત એ પાપ છે.

આત્મા સર્વ શક્તિમાન છે, એટલા જ માટે નિર્બળતા ધારણ કરવી એ પાપ છે આત્મા મન-વચન કાયાથી રહિત છે, એટલા માટે મન-વચન-કાયા દ્વારા થતી ક્રિયાઓ પ્રત્યે મોહ યા આસક્તિ ધરાવવી એ પાપ છે, અને એના સ્વભાવથી થતી એ પ્રવૃત્તિઓ પ્રત્યે ઉદાસીન રહેવું, મધ્યસ્થતા કેળવવી એ ધર્મ છે.

### * ક્રોધાદિ એ આત્માના સ્વભાવ છે ? *

આત્મા સ્વયંપૂર્ણ, અખંડ-જ્ઞાનાત્મક તથા આત્મલીન હોવાથી, ક્રોધાદિ એના માટે અસ્વાભાવિક છે, એમ સ્પષ્ટ પ્રતીત થાય છે.

ક્રોધાદિ સમયે શરીર બળે છે, ધ્રુજે છે અને આત્મા બેચેની અનુભવે છે. ક્રોધાદિને રોકવાનો પ્રયત્ન કરવાથી તે રોકી શકાયછે. ઓછા કરી શકાય છે અને એ ઓછા થવાથી આત્મામાં શાન્તિ, જ્ઞાન આદિ ગુણ વધે છે. એથી પણ ક્રોધાદિ એ અસ્વાભાવિક અને ક્રોધાદિનો અભાવ એ સ્વાભાવિક છે એ સિદ્ધ થાય છે.

### * ઈચ્છા પણ અસ્વભાવિક *

એ રીતે ઇચ્છા પણ વધી કે ઘટી શકે છે. ઈચ્છાથી અશાન્તિ થાય છે એટલું જ નહિ પણ આત્મા સ્વયં, ઈચ્છાને વ્યાધિ સમાન અનુભવે છે. તેથી એને મિટાવવા નાશ કરવા કે તૃપ્ત કરવા અવિરત પ્રયત્નો કરે છે. એટલા માટે ઈચ્છા એ પણ શુદ્ધ આત્મ-સ્વભાવ નથી.

ઈચ્છા એક તરફ આત્માને પર પદાર્થોનો ભિખારી બનાવે છે. અને બીજી તરફ આત્માની પરાધીનતા વધારે છે. ઈચ્છાની સદા ચંચળતા અને નિરંતર અતૃપ્તતા પણ એ જ સૂચવે છે કે ઈચ્છા એ આત્માનો સ્વભાવ નથી, કારણ કે આત્મા સ્વભાવથી ચંચળ નથી પણ સ્થિર છે. તથા અતૃપ્તતાના નથી પણ પરિપૂર્ણ હોવાથી સ્વ-ગુણો વડે જ તૃપ્ત છે. પૂર્ણતાના અનુભવ વિના આત્માને શાન્તિ મળતી નથી, એથી પણ ઈચ્છા એ સ્વાભાવિક નથી, પણ અસ્વાભાવિક છે, એમ સિદ્ધ થાય છે.

### * રાગદ્વેષ આત્મસ્વભાવ નથી *

આત્મા સંપૂર્ણ જ્ઞાન અને આનંદમય હોવાથી, એને કોઈ વસ્તુના જ્ઞાનથી રતિ અને કોઈ વસ્તુના જ્ઞાનથી અરતિ થવી, એ પણ સાહજિક નથી પણ અસાહજિક છે. એથી રતિ, અરતિ અથવા અન્ય શબ્દોમાં, રાગ અને દ્વેષ એ પણ અસ્વભાવિક છે. એટલું જ નહિ પણ જે સમયે એક વસ્તુ ઉપર રાગ છે, એ જ સમયે અન્ય વસ્તુ ઉપર દ્વેષ છૂપાએલો જ છે. તેથી આત્માની ચચળતા અને અસ્થિરતા થવામાં પણ રાગ-દ્વેષ એ જ કારણ છે.

વાસ્તવમાં આત્માનો સ્વભાવ અસ્થિર કે ચંચળ નથી, એથી રાગ-દ્વેષ એ આત્માના સ્વભાવ બની શકતા નથી.

### * અશુદ્ધ પ્રવૃત્તિઓ શાને ? *

'કામ, ક્રોધ, ઇચ્છા, રતિ, અરતિ, ભય, રાગદ્વેષાત્મક સુખ દુઃખ આદિ જ્યારે અસ્વાભાવિક છે, ત્યારે તે આત્મામાં શાથી ઉત્પન્ન થાય છે તથા એ બધા આટલા

સ્વાભાવિક જેવા કેમ પ્રતીત થાય છે?' એ પ્રશ્નનો ઉત્તર આપણે પ્રથમ જ આપી ગયા છીએ કે, 'એનું કારણ આત્માની વિપરીત શ્રદ્ધા તથા વિપરીત તન્મયતા છે.' એ કારણે આત્માની વિપરીત તથા અશુદ્ધ પ્રવૃત્તિ થાય છે.

એ અશુદ્ધ પ્રવૃત્તિનું એક કારણ તો સ્વયં આત્માની જ એવા પ્રકારની યોગ્યતા યા શકિત છે. કારણ કે આવી અશુદ્ધ પ્રવૃત્તિની શકિત એનામાં સ્વભાવથી જ સર્વથા ન હોત, તો એવી પ્રવૃત્તિ કદી થઈ શકત જ નહિ.

અને આવી અશુદ્ધ પ્રવૃત્તિનું બીજું કારણ બાહ્ય છે, જેને પ્રકૃતિ યા કર્મનો સંબંધ કહેવાય છે. જો બાહ્ય કારણરૂપ કર્મનો તેવા પ્રકારનો સંબંધ માનવામાં ન આવે, તો કેવળ સ્વભાવથી જ શુદ્ધ અને અશુદ્ધ અવસ્થાઓ એકસાથે અને એક સમયમાં કાયમ રહેવી જોઈએ. એટલું જ નહિ પણ એનાથી આત્માનો કોઈપણ કાળે છૂટકારો પણ અસંભવિત બનવો જોઈએ. કારણ કે સ્વભાવથી છૂટકારો શી રીતે થઈ શકે?

સર્વજ્ઞ ભગવંતો ફરમાવે છે કે, આત્મા અનાદિ કાળથી માયા, પ્રકૃતિ યા કર્મથી સંબદ્ધ થઈને પોતે પોતાને ભૂલી, બાહ્ય પદાર્થોમાં લીન થઈ રહ્યો છે અને એથી હમેશ માટે અપૂર્ણતાનો અનુભવ કરતો રહીને ઈચ્છા, રતિ, અરતિ, સુખ, દુઃખ આદિ ભોગવી રહ્યો છે.

એ ભોગ અને એ અનુભવ એનો એટલા કાળથી
૯ અને એટલી માત્રામાં થઈ રહ્યો છે કે જેથી ઈચ્છાદિક

એ આત્માને એટલી આવશ્યક, અભિન્ન અને સ્વાભાવિક જેવી લાગે છે, કે જેટલી એક મદિરાઘેલાને મદિરા લાગે.

## * આત્મા અનાદિથી અશુદ્ધ છે *

યુક્તિથી પણ આત્મા અનાદિથી જ અશુદ્ધ છે એમ સિદ્ધ થાય છે.

આત્મા સત્ હોવાથી, અનાદિ અનંત છે, એમાં તો કાંઈ વિવાદ છે જ નહિ.

હવે જો એને પ્રથમથી શુદ્ધ રહેલો માનવામાં આવે, તો પૂર્ણજ્ઞાનનો ભોક્તા શુદ્ધ આત્મા કેવી રીતે અશુદ્ધ બને? અને શુદ્ધ આત્મા પણ અશુદ્ધ બને, તો જે આત્મા શુદ્ધ થઈ ગયા છે તે પણ અશુદ્ધ બનીને દુઃખના ચક્રમાં ફરી કેમ ન ફસાય?

એથી આત્મા અનાદિથી જ અશુદ્ધ છે એ નક્કી થાય છે.

'જે અનાદિ હોય, તેનો અંત કેવી રીતે થઈ શકે?' એ પ્રશ્ન અહીં ઊભો જ રહે છે. પરંતુ એનું સમાધાન તદ્દન સ્પષ્ટ છે. કર્મ અને એનાથી ઉત્પન્ન થનાર સંસ્કારો સમુદાય યા પ્રવાહ રૂપથી અનાદિ છે, પરંતુ પ્રત્યેક કર્મ અને તજ્જન્ય સંસ્કાર તો સાદિ છે અને કેટલોક કાળ જ રહેવાવાળા છે. એનો સંબંધ સકારણ હોવાથી, એ કારણના નશામાં કે અભાવમાં એ સંબંધનો નાશ કે અભાવ પણ સ્વતઃ સિદ્ધ છે.

એ રીતે કર્મનો અંત પણ સંભવિત છે. કારણ કે બાહ્ય કારણરૂપ કર્મનો સંબંધ નહિ રહેવાથી, આત્માની

શ્રદ્ધા અને તન્મયતા પણ શુદ્ધ અને સ્વાભાવિક બની જાય છે.

## * ધર્મ અને અધર્મનું ફળ *

ધર્મ અને અધર્મ પોતાનું ફળ કેવી રીતે આપે છે?

જગતમાં બીજને અનુરૂપ જ ફળ હોય છે. પાપરૂપી બીજથી આત્માની પરાધીનતા દૃઢ થાય છે અને પુણ્યરૂપી બીજથી એથી વિપરીત ફળ થાય છે. એજ પાપ અને પુણ્યના ફળનું રહસ્ય છે.

એકજ બીજ જેમ તથાવિધ સામગ્રીના બળે અનેક ફળોને આપવા સમર્થ બને છે, તેમ એકજ પાપ યા એક જ પુણ્ય અનેકગુણા ફળની સાથે આત્માનો સંબંધ કરાવે છે. મોહ અને આસક્તિ એજ પાપ છે. તીવ્ર મોહ અને તીવ્ર આસક્તિમાં પરાધીનતા અધિક સૂચિત થાય છે. એથી એના ફળરૂપે તીવ્ર આત્મવિસ્મૃતિ, તીવ્ર વાસના અને તીવ્ર ઈન્દ્રિયપરાયણતા જન્મે છે.

તીવ્ર ઈન્દ્રિય-વિષયભોગ-પરાયણતાથી ક્રોધ, લોભ, માનાદિ કષાયો, ક્રૂરતા, જૂઠ, ચોરી આદિ પાપો થાય છે. મંદ મોહ અને મંદ આસક્તિમાં ઓછી પરાધીનતા પ્રગટ થાય છે. એથી એમાં પાપ પણ ઓછું થાય છે. અને એને અનુરૂપ અલ્પાધિક આત્મબોધ, અલ્પાધિક સંતોષ, મંદ વાસના અને મંદ ક્રોધાદિ થાય છે.

તીવ્ર પાપથી આત્માની વાસના અર્થાત્ પર પદાર્થોની ઈચ્છા અને પરાધીનતા અધિક વધે છે. કારણ કે તીવ્ર

પાપમાં બીજાઓના હિતનો ઘાત અધિક થાય છે. બીજાઓની પ્રતિકૂળતા પણ વધે છે અને વાસનાની તૃપ્તિ પર પદાર્થોના યોગે પણ થઈ શકતી નથી. તેથી એ બધાનું પરિણામ એ થાય છે કે, વાસના વધે છે અને વાસના વધવાની સાથે વાસનાતૃપ્તિનાં સાધનો ઓછાં થાય છે. જેનું ફળ દુઃખ સિવાય બીજું કાંઈ આવતું નથી.

મંદ પાપમાં વાસના ઓછી હોય છે, તેથી આત્માની દશા એથી વિપરીત થાય છે. એને વાસનાતૃપ્તિનાં સાધન ન પણ મળે, તો પણ તેથી વિશેષ દુઃખ થતું નથી.

એજ રીતે મંદ પાપકર્મ બીજાઓનાં હિતોને સહાયક યા અવિરોધી બનવાથી, એના ફળસ્વરૂપ વાસનાતૃપ્તિનાં સાધન વધે છે અને એ સર્વનું અંતિમ ફળ શાન્તિ અને સુખમાં આવે છે.

મોહ અને આસક્તિના સર્વથા અભાવથી આત્મા પર પદાર્થોથી સર્વથા નિઃસ્પૃહ અને સ્વાધીન બને છે. તેથી પૂર્ણ શાન્તિ અને પૂર્ણ આનંદનો પોતે પોતામાં પોતાના દ્વારા જ અનુભવ કરે છે તથા બાહ્ય કારણ જે કર્મ તેના સંબંધનાં કારણોનો અભાવ થવાથી, શરીરાદિ પર પદાર્થોના સંબંધથી પણ સર્વથા મુક્ત થઈ જાય છે.

## * સત્કર્મ એ સત્કર્મ ક્યારે ? *

પુણ્ય યા સત્કર્મ સ્વયં પણ અલ્પ યા અધિક સમતા યા શાન્તિરૂપ છે. કારણ કે તેમાં તદનુરૂપ શાન્તિ અને સમતાનો તત્કાલ અનુભવ થાય છે.

જે પુણ્ય યા સત્કર્મમાં શાન્તિ, સ્વાધીનતા અને પર પદાર્થોના ત્યાગની ભાવના નથી, તે સત્કર્મ કહેવાતું હોય, તો પણ તેના કરનારને સાચું શાન્તિદાયક થતું નહિ હોવાથી, તે સત્કર્મ જ નથી.

### * શુભ કર્મો અને આત્મલક્ષ્ય *

કેવળ આત્મિક શાન્તિ માટે જ નહિ, પરંતુ સાંસારિક સુખ અને શાન્તિ માટે પણ વાસનાની મંદતા થવી આવશ્યક છે.

સાંસારિક સુખ માટે પણ કેવળ બાહ્ય સામગ્રી પર્યાપ્ત નથી. એક કરોડપતિ પોતાની વિશાળ સંપત્તિથી પણ તેટલું જ સુખ પ્રાપ્ત કરી શકે છે, જેટલો તેને પોતાની સંપત્તિથી સંતોષ છે, અને એથી અધિક લોભનો અભાવ છે.

જેને સંપત્તિની તૃષ્ણા ઓછી હોય છે, તે તેની પૂર્વની મંદ વાસનાના સંસ્કારનું જ ફળ છે. પૂર્વે શુભ કર્મ કરતી વખતે અથવા એની આગળ-પાછળ જેને અતિતૃષ્ણાના યોગે વિપરીત સંસ્કાર પડયા હોય છે, તે ધનવાન છતાં પણ અતિ કૃપણ યા અતિ તૃષ્ણાવાન બને છે.

શુભ કર્મ યા શુભ ભાવનાઓ આત્મજ્ઞાન યા આત્મશાન્તિના ધ્યેય વિના કરવામાં આવે છે, તો તે સાંસારિક

સુખોને આપે, પરંતુ તે સુખો આત્માને એના ભોગ વખતે એટલો મોહિત કરે છે અને એટલી આસક્તિ પેદા કરે છે કે તેનું પરિણામ દુઃખ-રૂપ જ આવે છે,

એ જ શુભ કર્મો અને શુભ ભાવનાઓ જો આત્મ-લક્ષ્યપૂર્વક કરવામાં આવે તો નિર્મળતર ભાવના યોગે અધિક સાંસારિક સુખ આપવા સાથે આત્મજ્ઞાનના સંસ્કારથી આત્માને એ સુખોમાં મોહિત થવા દેતી નથી, કિન્તુ પરંપરાએ મુક્તિની સાધક બને છે.

## * સંસ્કારોની અસર *

પાપથી આત્મામાં પાપના સંસ્કાર પડે છે અને ધર્મથી ધર્મના સંસ્કાર પડે છે.

પ્રત્યેક સંસ્કાર, યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને પ્રાપ્ત કરીને પ્રગટ થઈ જાય છે અને પોતાની શક્તિ નષ્ટ ન થાય ત્યાં સુધી ફળ આપ્યા કરે છે; એટલું જ નહિ પણ તે કાળ દરમ્યાન પોતાના જેવા અનેક નવીન સંસ્કારોના નિમિત્ત કારણ બની જાય છે.

કેટલાક સંસ્કારોની અસર પ્રાયઃ તત્કાળ પ્રાપ્ત કરીને શરૂ થઈ જાય છે અને કેટલાકની દીર્ઘકાળે યા જન્માંતરોમાં થાય છે. અધિક દીર્ઘકાળ સુધી લાગટ અસર કરવાવાળા સંસ્કારોની અપેક્ષાએ થોડા કાળ સુધી લાગટ અસર કરવાવાળા

સંસ્કારો, સાધારણ તથા જલ્દી પરિપક્વ થઈને પોતાનું ફળ આપવું શરૂ કરી દે છે. પ્રબળ સંસ્કાર તો પરિસ્થિતિઓની પણ અપેક્ષા રાખતા નથી.

ભિન્ન-ભિન્ન પદાર્થો તરફ પ્રાણીઓને જે રૂચિ-અરૂચિ પ્રગટ થાય છે, એનું કારણ અધિકાંશે તેના પૂર્વજન્મથી ચાલી આવેલી આદતોના બળે પડેલા સંસ્કારો સિવાય બીજું શું બતાવી શકાય તેમ છે?

એથી પણ સંસ્કારોનું હોવું સિદ્ધ થાય છે. સંસ્કારોની પરંપરા જન્મ-જન્માંતરો સુધી ચાલતી રહે છે. એની અભિવ્યક્તિ માટે યોગ્ય શરીરાદિનું નિર્માણ યા બાહ્ય સંયોગાદિની સામગ્રીની અપેક્ષા રહે છે.

### * નરક અને સ્વર્ગ *

કેટલાંક પાપ એવાં હોય છે કે જે દીર્ઘકાળપર્યંત લાગલાગટ ફળ દેનારાં હોય છે, એ ફળને માટે આ પૃથ્વી પર જે સંભવિત દુ:ખ અને એને ભોગવવા માટેનાં પૂરતાં ઉપલબ્ધ સઘળાંએ સાધનો છે તે પર્યાપ્ત પૂરતાં નથી, એટલે એને ભોગવવા માટે નિશ્ચિત જે સ્થાન છે તે-નારકલોક છે, તેમાં શંકા કરવી તે આસ્તિકતા સાથે જરા પણ સંગત નથી.

એ જ રીતે કેટલાંક પુણ્ય એવાં હોય છે કે, જેમાં વાસના અત્યંત મંદ અત્યંત પાતળી હોય છે અને જેનાં

ફળને માટે આ પૃથ્વી પર જે સંભવિત સુખ અને ઉપલબ્ધ સંપૂર્ણ શરીરાદિક સાધનો છે તે અપૂરતાં છે તેથી એના માટે 'સ્વર્ગલોક'નું અસ્તિત્વ સ્વીકાર્યા વિના ચાલી શકે તેમ નથી.

## * પુણ્ય-પાપનાં ફળો ઉપર વિચાર *

આત્માની જે શક્તિનો વિશેષ ઉપયોગ થાય છે, તે શકિત, વિશેષ વ્યક્ત થતી જાય છે અને જે શક્તિનો અલ્પ ઉપયોગ થાય છે, તે શક્તિ, ઓછી વ્યક્ત થાય છે. એ નિયમથી પણ પાપ-પુણ્યનાં ફળો પર વિચાર કરી શકાય છે.

જે આત્માઓ ઇન્દ્રિયોનો ભોગોમાં અધિક આસક્ત છે, તે આત્માઓ પોતાની વિવેકશકિતનો ઓછો ઉપયોગ કરે છે. એના ફળ સ્વરૂપ એ આત્માઓ એવી અવસ્થા પ્રાપ્ત કરે છે, જેમાં વિવેકશકિતની અભિવ્યકિત અતિ અલ્પ યા બિલકુલ થતી નથી.

ઇન્દ્રિયભોગ-પરાયણોમાં પણ જે આત્મા કોઈ એક ઇન્દ્રિયના વિષયભોગમાં જ વિશેષ આસકત રહે છે, તે એવી અવસ્થાને પ્રાપ્ત કરે છે, કે જેમાં એ એક ઇન્દ્રિયનું જ્ઞાન અત્યલ્પ યા બિલકુલ થતું નથી.

આત્માના જ્ઞાનાદિ ગુણોમાં અલ્પાધિક રૂચિ રાખનારમાં તે-તે પ્રમાણમાં આત્માની જ્ઞાનાદિ શકિતઓની અલ્પાધિક અભિવ્યકિત થાય છે. એટલું જ નહિ પણ

એને માટેનાં યોગ્ય ઈન્દ્રિયાદિ બાહ્ય સાધનોની પ્રાપ્તિ પણ થઇ જાય છે.

કોઈ પદાર્થના ગુણથી મોહિત થનાર આત્માને તે પદાર્થ ઉપર અત્યધિક આસક્તિ થઈ જવાથી, તે પદાર્થ જેવો જ દેહ મળે છે. એ રીતે પ્રત્યેક ક્ષણનાં કર્મો પોતાનાં ફળ આપવા તરફ સદા પ્રવૃત્ત રહે છે.

વાસનાની મંદતા થવાથી આસક્તિ કમ થાય છે અને પર પદાર્થોની આસક્તિ કમ થવાથી આત્માની વિવેકાદિ શક્તિઓનો અધિક ઉપયોગ થાય છે. એની કાળાંતરે અધિકાધિક શક્તિઓની અભિવ્યક્તિ થતી રહે છે.

## * આત્મિક વિકાસનો ક્રમ *

સ્થાવર જીવોને ઇન્દ્રિયોમાં માત્ર એક સ્પર્શનેન્દ્રિય અને સ્પર્શજ્ઞાન હોય છે. જેમ-જેમ આસક્તિ કમ થતી જાય છે, તેમ તેમ રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રવણ અને બુદ્ધિ, એ ઈન્દ્રિયો તથા એની શક્તિઓની અભિવ્યક્તિ થતી જાય છે. એ શક્તિઓમાં આત્મા જો ફરીથી અનુચિત રીતે આસક્ત થઈ જાય, તો તે શક્તિઓ પુનઃ અવ્યક્ત થઈ જાય છે કમ સે કમ સ્પર્શ શક્તિ કાયમ રહે છે એ પણ જો અવ્યક્ત થઈશકતી હોત, તો આત્મા સંપૂર્ણતયા જડરૂપ બની જાય, કે જે એના સ્વભાવ વિરુદ્ધ છે.

આ જ વિકાસનો ક્રમ છે. ચોર્યાસી લાખ યોનિઓમાં આવાગમનનું પણ આ જ રહસ્ય છે, અપૂર્ણ મટી પૂર્ણ

બની જવા પછી, આત્માને આ ચક્રભ્રમણથી છૂટી મળી જાય છે, કેમ કે પછી તેની ન તો અવનતિ થઇ શકે છે કે ન ઉન્નતિને માટે તેને પ્રયાસ કરવાનું બાકી રહે છે. અર્થાત્ કૃતકૃત્ય થઈ છે.

## * પૂર્ણતા કેવી રીતે પ્રાપ્ત થાય? *

'પૂર્ણતા કેવી રીતે પ્રાપ્ત થાય?' અર્થાત્ 'પાપથી આત્માની મુક્તિ કેમ થાય?' એનો ઉત્તર એ છે કે, પૂર્ણતા તો સ્વયં આત્મામાં સદાય રહેલી છે. માત્ર આત્માની મિથ્યા શ્રદ્ધા તથા અશુદ્ધ તન્મયતા (ચારિત્ર) એ પૂર્ણતાની અભિવ્યક્તિ થવામાં–એનો અનુભવ થવામાં વિઘ્ન કરે છે. એટલા જ માટે મિથ્યા શ્રદ્ધા તથા વિપરિત ચારિત્ર એ જ પાપ છે અને બીજાં સર્વ પાપોનું મૂળ છે. એનાથી મુક્ત થવા માટે પ્રારબ્ધ અને પુરુષાર્થ બંનેની આવશ્યકતા છે. એથી પ્રારબ્ધ અને પુરૂષાર્થ ઉપરાંત બીજાં પણ સહકારી કારણો છે, પણ તેમાં આ બે મુખ્ય છે.

પૂર્વ-સંસ્કારોને પ્રારબ્ધ કહેવાય છે. જે આત્મામાં પોતાનાં જ કર્મોથી ઉત્પન્ન થાય છે. પરંતુ એક વાર ઉત્પન્ન થયા પછી એ આત્મા માટે નિયંતા જેવું બની જાય છે. નીચી કોટિના જીવો તો સર્વ પ્રકારે પ્રારબ્ધના જ વશમાં રહે છે.

પ્રારબ્ધની અનુકૂળતા થવાથી મનુષ્યાદિને ઉચ્ચ યોનિઓમાં જન્મ, વિવેકશક્તિ, સત્સંગતિ, વાસનાઓથી થોડીયઘણી સ્વાધીનતા વગરે સારાં સાધનો મળે છે અને એથી આત્મ સુખ તરફ થોડી રૂચિ પણ થાય છે. આત્મા આ સાધનોનો અને તેમાં ખાસ કરીને વિવેકનો, કે જે પુરુષાર્થનું મુખ્ય સાધન છે તેનો, સદુપયોગ કરી શકે છે. આનું જ નામ પુરુષાર્થ છે.

ત્યાર બાદ પુરુષાર્થથી આત્મા પોતાની શક્તિઓને વધારતો જતો, વિશેષ ને વિશેષ અનુકૂળ સાધનોને બનાવતો રહે છે. અંતમાં પ્રારબ્ધથી સંપૂર્ણ સ્વાધીન બની, પોતાની પૂર્ણ ઉન્નતિ કરી લે છે. અર્થાત્ પછી તેને માટે પ્રારબ્ધ જેવું કાંઈ રહેતું જ નથી.

## * આત્મજ્ઞાનનો અર્થ *

બુદ્ધિ દ્વારા આત્માને પોતાનું તથા પરનું જ્ઞાન થાય છે. અને એ જ જ્ઞાન શ્રદ્ધા થવા બાદ સમ્યગ્જ્ઞાન બની જાય છે.

સમ્યગ્જ્ઞાન યોગે તદનુસાર ચારિત્ર્ય ઘડવાની પ્રવૃત્તિ થાય છે. સાચા આત્મજ્ઞાનનો અર્થ કોરું શાસ્ત્રીય જ્ઞાન કે કેવળ બૌદ્ધિક વિજ્ઞાન જ નથી. પરંતુ આત્મામાં ગાઢ શ્રધ્ધા અને ગાઢ રૂચિ ઉત્પન્ન થઈ જવી તે છે.

ગાઢ રૂચિ થઇ જવા બાદ, આત્માના સ્વરૂપથી

થવાને માટે, આત્મા પોતાના વર્તનને તદનુસાર બનાવવના પ્રયત્નો કરે છે. એવા જ્ઞાનીમાં કપટાચરણનો સંભવ નથી, એવો જ્ઞાની પરમાર્થને જાણવા છતાં, પોતાની સ્થિતિને. ઉચિત વ્યવહારને છોડતો નથી. અર્થાત્ આત્માવી શુદ્ધ સ્થિતિને જાણવા છતાં પણ, જ્યાં સુધી એ શુદ્ધ સ્થિતિનો પોતાને અનુભવ નથી થયો, ત્યાં સુધી પોતાની વર્તમાનસ્થિતિનો, ઉચિત કર્તવ્યોનો અહંકારથી ત્યાગ કરતો નથી.

ક્ષારથી મળેલું જળ, તત્ત્વદૃષ્ટિએ ખારું નહિ હોવા છતાં પણ, જ્યાં સુધી એનાથી ક્ષાર ભિન્ન ન થાય. ત્યાં સુધી વ્યવહારમાં તો પૃથક્ કરવા માટે જેમ એ જાણવું જરૂરી છે કે એનો અસલી સ્વભાવ ખારો નથી અને એ ક્ષારથી પૃથક્ થઇ શકે છે, તેમ એ પણ જાણવું ખાસ જરૂરી છે કે, વર્તમાનમાં તો તે ક્ષારથી મળેલું છે. અન્યથા, વ્યવહારમાં પણ સત્યતા નહિ થાય તથા ક્ષારનેથી જળ અલગ કરી દેવાની દિશામાં પ્રવૃત્તિ પણ નહિ થાય.

એ જ રીતે પોતે તો સોયના સ્પર્શથી પણ આકુળ થઈ જતો હોય, પરંતુ બીજા પર તલવાર ચલાવતી વખતે આત્માની અમરતા તથા સુખ-દુ:ખ-રહિતતાની વાતો કરે, પોતે ઈન્દ્રિયાસક્તિને તો છોડે નહિ અને આત્માને શુદ્ધ, નિરંજન, નિરાકાર કહીને સત્કર્મની ઉપેક્ષા કરે. પારકાનું ધન હરણ કરતી વખતે 'सर्वं खल्विद ब्रह्म'

નો પોકાર મચાવે અને ક્રોધ કે લોભના અંશને પણ ન છોડે, એ કપટાચરણનાં ઉદાહરણો છે.

સાચા જ્ઞાનીમાં એવું કપટાચરણ હોતું નથી, પણ સદાચરણ જ હોય છે.

## * આત્મજ્ઞાનનું ફળ *

સાચા આત્મજ્ઞાનથી નવીન કર્મ તો બંધાતાં નથી, પરંતુ પૂર્વનાં કર્મ પણ નષ્ટ થાય છે યા વિર્બળ બને છે.

આત્મજ્ઞાન અત્માની દશા તથા ભાવનાને સુધારી દે છે અને એનું પૂર્વ-કર્મવશ ક્રોધાદિને ઉત્તેજિત કરનાર પરિસ્થિતિઓના થએલા સંયોગ વખતે પણ એ આત્મા ક્રોધાદિ નથી કરતો, પરંતુ સમતાને ધારણ કરે છે. એથી ક્રોધાદિ પૂર્વ–સંસ્કારો નાશ પામે છે.

એ સંભવિત છે કે, કેટલાક પૂર્વ–સંસ્કાર એટલા પ્રબળ હોય છે કે એના કારણે આત્માના ચારિત્ર્યની પૂર્ણતા કેટલાક કાળ સુધી ન પણ થાય, તો પણ સાચુ આત્મજ્ઞાન થવાથી એ સંસ્કારો કંઈક મંદ તો જરૂર બને છે. અને ધીરે-ધીરે મંદતર બની અંતે સર્વથા નષ્ટ થઇ જાય છે.

નિર્મળ શ્રધ્ધા અને નિર્મળ આત્મબોધ પ્રાપ્ત કરી લેવા બાદ, આત્મા જો પ્રબળ સંકલ્પ કરે તો, એક જ

ક્ષણમાં અનાદિકાળની સમસ્ત બંધ-સંતતિનો વિનાશ કરી શકે છે. પરંતુ સાધારણતયા પૂર્વસંસ્કારોને વશ પડેલો આત્મા મોહની વાસનાઓનો એકદમ સર્વથા ત્યાગ નથી કરી શકતો અને સંકલ્પની એવી અસાધારણ પ્રબળતા પ્રાયઃ મોટા ભાગના જીવોને સુલભ નથી.

થોડાં વર્ષોની આદતો છોડવી એ પણ કેટલી મુશ્કેલ છે, તો પછી સંસ્કાર તો અનાદિથી ચાલ્યા આવે છે, તેથી એ અનાદિકાળની બૂરી આદતો છે, તેનો એકદમ ત્યાગ સર્વ આત્માઓ માટે કેવી રીતે શક્ય બને?

કમ-સે-કમ જે કામનાઓ જીવનમાં અનાવશ્યક છે, એનો ત્યાગ તો કલ્યાણનો કામી પ્રત્યેક આત્મા અવશ્ય કરી શકે છે. એથી બુદ્ધિ એકાગ્ર અને નિર્મળ બને છે. અને આ જ જ્ઞાનનું અંતિમ લક્ષ્ય છે. શાસ્ત્રજ્ઞાન આપણને અહીં સુધી લઈ જાય છે ત્યાર બાદ આત્મા પોતે જ પોતાનો ગુરૂ બની જાય છે, અને સમસ્ત સદાચરણ ધીમે-ધીમે અથવા એકી સાથે સ્વતઃ આત્મામાં પ્રગટ થઈ જાય છે.

સમસ્ત સદાચરણ આત્મામાં પ્રગટ થવાની સાથે જ આત્મા, કે જેનો પોતાનો સ્વભાવ સંપૂર્ણ જ્ઞાનમય, અનંત સુખમય અને અસીમ સામર્થ્યમય છે, તેને પ્રાપ્ત કરી લે છે.

આ જ આત્માની શુદ્ધાવસ્થા અથવા મુક્તાવસ્થા છે. એ અવસ્થાની પ્રાપ્તિ માટે પાપને હેય અને ધર્મને ઉપાદેય માન્યા સિવાય બીજો કોઇ ઉપાય નથી,

એટલા જ માટે પાપ એ હેય અને ધર્મ એ ઉપાદેય છે, એ સિદ્ધાન્ત ત્રિકાલાબાધ્ય છે.

*** બે પ્રકારના શત્રુઓ ***

આત્મકલ્યાણકર તત્ત્વોમાં શ્રદ્ધા સ્થાપીને તદનુરૂપ વર્તન દ્વારા પરમ આત્મવિશુદ્ધિ સાધી શકાય છે, એ શાસ્ત્રવચનમાં સો ટચની નિષ્ઠા આરોપનારા આત્માઓએ, તે પણ જાણી લેવું જરૂરી છે કે, આત્માનું અહિત કરનારા 'અંતરંગ શત્રુઓ' કયા છે અને કેવા છે.

શત્રુઓ બે પ્રકારના હોય છે :

એક બહિરંગ અને બીજા અંતરંગ.

બહિરંગ શત્રુઓ જેટલું નુકશાન કરી શકે છે, તેના કરતાં અનેકગણું અધિક નુકશાન અંતરંગ શત્રુઓ કરે છે. એટલું જ નહિ પણ બહિરંગ શત્રુઓ તરફથી થનારા નુકશાનથી બચાવી લેનારાં સાધનો જેટલાં વિપુલ અને સુલભ હોય છે, તેટલા વિપુલ અને સુલભ અંતરંગ શત્રુઓના ભયનું નિવારણ કરવાનાં સાધનો હોતાં નથી.

એટલે અહીં તો આંતરિક ભયોનું જ વર્ણન કરવામાં આવનાર છે. બહિરંગ ભયો અને તેનાથી બચવાના ઉપાયો માટે પ્રયત્ન કરનારા ઘણા છે, કિન્તુ આંતરિક ભયોથી ભય પામનારા કે પમાડનારાનો આ કાળમાં લગભગ દુકાળ છે. તો પછી તે ભયોથી બચવાના ઉપાયો જાણનાર અને જણાવનારની સંખ્યા તેથી પણ ઓછી હોય એ સમજી શકાય તેવી વાત છે.

આજે સમાજશરીર એટલે માનવસમુદાયને આપત્તિમાંથી ઉગારવાનો પ્રયત્ન કરનારા નથી રહ્યા એવું નથી.

પરોપકાર વૃત્તિ એ મનુષ્ય જાતિનો સાહજિક ધર્મ છે જ્યાં સુધી મનુષ્યજાતિ હયાત રહેશે, ત્યાં સુધી પરોપકાર વૃત્તિ પણ હયાત રહેશે જ. બીજા શબ્દોમાં કહીએ, તો પશુવૃત્તિ અને મનુષ્યવૃત્તિ વચ્ચે જે તફાવત છે, તે પરોપકારાદિ ગુણોના વિકાસને અંગે જ છે.

પરોપકારાદિ ગુણો જ્યાં વિકસ્યા નથી હોતા, તે મનુષ્યોને મનુષ્યો તરીકે ગણવાની જેમ પ્રાચીન તત્ત્વજ્ઞાનીઓ ના પાડે છે, તેમ અર્વાચીન તત્ત્વગવેષકો પણ ના જ પાડે છે.

અર્થાત્ મનુષ્યજાતિ ગમે તેટલી નીચી કોટિએ ઉતરી ગયેલી હોય, તો પણ તેમાં કોઇ ને કોઇ પરગજુ અને

 પરોપકારી આત્માઓ ઉત્પન્ન થયા સિવાય રહેતા નથી.

એવા આત્માઓ પોતાના સ્વાર્થની ચિંતાની સાથે અન્યના સ્વાર્થની ચિંતા પણ કરે છે જ. એટલું જ નહિ પણ કેટલીક વખત સ્વાર્થચિંતા કરતાં પરાર્થચિંતામાં અધિક આનંદ અનુભવે છે.

સ્વાર્થને ગૌણ બનાવી, પરાર્થમાં આનંદ માણનાર આત્માઓ મનુષ્યજાતિમાં કોઈ વખત અધિક તો કોઈ વખત અલ્પ, પણ અવશ્ય હોય છે. એ ન્યાયે વર્તમાન-કાલમાં પણ પરાર્થમાં આનંદ અનુભવનારા મનુષ્યો મળી આવવા સહજ છે, કિન્તુ તેઓની એ પરાર્થવૃત્તિ માન-વજાતિને બહિરંગ–બાહ્ય–ભયોથી બચાવી લેવા પૂરતી જ હોય છે. અંતરંગ આંતરિક–ભયો, બહિરંગ ભયો કરતાં અનેકગણા અધિક અનર્થદાયક હોવા છતાં, તેના પ્રત્યે પરાર્થપ્રધાનવૃત્તિવાળા આત્માઓ પણ મોટે ભાગે ઉદાસીન જ રહેતા હોય છે.

"અંતરંગ ભયો અતિશય અનર્થકારક હોવા છતાં અને બહિરંગ ભયોનું મૂળ પણ એ અંતરંગ ભયો પ્રત્યેની ઉપેક્ષા હોવા છતાં, પરોપકાર–પ્રધાનવૃત્તિવાળા પુરુષોનું પણ ધ્યાન તે તરફ ઓછું કેમ રહે છે?" એમ જો કોઇ પૂછે તો, કહેવું જોઈએ કે તેનાં અનેક કારણો છે. તેમાંનું મુખ્ય કારણ એ છે કે. અંતરંગ ભયો માનસિક છે અને બહિરંગ ભયો શારીરિક છે. શારીરિક ભયો જેટલા સુગ્રાહ્ય છે, તેટલા સુગ્રાહ્ય માનસિક ભયો નથી.

મનુષ્યને મનુષ્યથી ભય, મનુષ્યને હિંસક પશુઓથી ભય, મનુષ્યને સર્પ, વીંછી આદિનો ભય, ચોર, લૂંટારા, ખીસાકાતરૂ વગેરેથી ભય, આજીવિકા તૂટી જવાની સંભવતાથી થતો ભય, વિવિધ અકસ્માતોનો ભય, ધન, કીર્તિ, સત્તા ચાલી જવાનો ભય, ફેલાતા અનેક ચેપી રોગોનો ભય, આ બધા જ ભયોથી દુનિયા પૂરેપૂરી સુપરિચિત છે. એનું દુઃખ કેટલું ભારે છે, તેનો અનુભવ પ્રાયઃ પ્રત્યેક મનુષ્યને સ્વાનુભવસિદ્ધ છે.

## * આંતરિક ભયોની ઉપેક્ષા *

જ્યારે એના કરતાં વિપરિત આંતરિક ભયો, એ માનસિક હોવાથી, સુબુદ્ધિમાન મનુષ્યો સિવાય બીજાઓથી તે જાણવા અને સમજવા પણ શક્ય નથી. એજ કારણે અકસ્માત અપયશ અને રોગાદિના ભયો કરતાં, આંતરિક ભયો કોટિગુણા ભયાનક હોવા છતાં તેનાથી બચવાના અને બચાવવાના પ્રયત્નો આ દુનિયામાં બહુ ઓછા થઈ રહ્યા છે.

આજે આર્થિક બેકારીથી મનુષ્યજાતિને ઉગારી લેવાની બૂમો સંભળાય છે, કિન્તુ આંતરિક ગુણોની અછત વધતી જાય છે તેની બૂમો ભાગ્યે જ સાંભળવા મળે છે.

આગથી બચાવવા માટે બંબાઓ થયા, પરંતુ વિષયકે તૃષ્ણાની આગબુઝાવવા માટેના નવા બંબાઓ થવા દૂર રહો, પરંતુ ક્યાંક-ક્યાંક જૂના પણ રહી ગયા હોય, તો તે બિનજરૂરી છે-એવા પોકારો થવા લાગ્યા છે.

સમુદ્રમાં ડૂબતી સ્ટીમરોને બચાવી લેવાનાં સાધનો થયાં, પણ સંસારના મધ્ય–દરિયે ડૂબતી મનુષ્યની જીવન-રૂપી નાવને બચાવી લેવાનું એક પણ નવું સાધન ન સર્જાયું એ જ તેના પ્રત્યેની ઉપેક્ષાનું પ્રમાણ છે.

રોગ અને ઝેરી જંતુઓના હુમલા સામે મનુષ્યનું સંરક્ષણ કરવા માટે અથાગ પરિશ્રમો લેવાઇ રહ્યા છે, કિન્તુ માનસિક મહારોગો અને તેને વધારનાર દુરાશા અને પિપાસાઓનો પ્રતિકાર કરવા માટે એક પણ યોજના ઘડવામાં આવતી નથી, એ જ આંતરિક ભયથી બેપરવા બનેલા માનવસમાજનું સાચું પ્રતીક છે.

આજની કોર્ટો ચોર અને ખૂની આદિઓથી મનુષ્ય–જાતનું સંરક્ષણ કરવામાં ઈતિકર્તવ્યતા માને છે, કિન્તુ માનવજાતિના સાચા દુશ્મનોથી, આંતરિક ધનના ચોરોથી અને આંતરિક ગુણોના સંહારકોથી, માનવજાતને બચાવવા માટે, એક પણ કોર્ટ કે કચેરી છે નહિ અને થતી પણ નથી. આ બધી હકીકતો, એ પણ આંતરિક ભયો પ્રત્યેની મનુષ્યજાતિની બેદરકારીના સબળ પુરાવાઓ છે.

## * સૌથી મોટો આંતરિક ભય *

આંતરિક ભયોમાં સૌથી મોટો ભય મિથ્યાત્વનો છે. અવિરતિ, કષાય, પ્રમાદ, દુષ્ટ યોગો આદિ તરફથી ભય નથી એમ નહિ, પરંતુ એ સર્વ ભયોથી અધિક ભય મિથ્યાત્વ તરફથી છે.

શ્રી જૈનશાસને મિથ્યાત્વની જે વ્યાખ્યા બાંધી છે, તે ખાસ સમજવા જેવી છે.

## * મિથ્યાત્વની વ્યાખ્યા *

સુદેવાદિને ન માનવા અગર ખોટા માનવા, તથા-કુદેવાદિને સાચા માનવ અગર ખોટા ન માનવા, એ શ્રી જૈનદર્શને સ્વીકરેલી મિથ્યાત્વની પ્રધાન વ્યાખ્યા છે. એ મિથ્યાત્વ માનવ-સમાજનો મોટામાં મોટો શત્રુ છે, આત્માના સર્વસ્વનો સંહારક છે, અને ગુણ-ધનનો મોટામાં મોટો ચોર છે.

શ્રી જૈનશાસનને સંકુચિત વૃત્તિનો એક સંપ્રદાય કહીને હસી કાઢનારને શ્રી જૈનશાસનની આ વાત એટલી મહત્ત્વની ન પણ લાગે, પરંતુ શ્રી જૈનશાસનને જેઓ સંપૂર્ણ જ્ઞાની મહાપુરૂષનું શાસન માને છે, તેઓને મિથ્યાત્વરૂપી ભયાનક શત્રુની પિછાણ જેવી રીતે શ્રી જૈનશાસન કરાવે છે, તેવી રીતે માનવામાં કોઈ પણ જાતનો સંદેહ નહિ જ રહે.

## * સર્વોચ્ચ શાસન *

શ્રી જૈનશાસન એ કોઈ વાડો, સંપ્રદાય કે સંકુચિત મનોવૃત્તિ ધરાવનાર માનવીનું શાસન નથી. પરંતુ ત્રણે જગતના બધા જ જીવોના મહા-કલ્યાણની સર્વોચ્ચ ભાવનાથી ઓતપ્રોત થએલું એક સર્વોચ્ચ શાસન છે.

તેને સંકુચિત દૃષ્ટિએ જોવા કરતાં; તે જેવી ધરાવે છે તેવી વિશાળ દૃષ્ટિએ જોવું, તે જ ન્યાયસંગત છે.

સમસ્ત જગતના કલ્યાણની દૃષ્ટિએ જ શ્રી જૈનશાસને મિથ્યાત્વને સર્વહિતસંહારક ઘોર દુશ્મન માનેલો છે અને મનાવેલો છે.

એક મિથ્યાત્વની હાજરીમાં આંતરિક સર્વ પ્રકારના દોષો નવપલ્લવિત બન્યા રહે છે અને એક મિથ્યાત્વના નાશમાં આંતરિક સર્વ દોષોનો થોડા યા અધિક કાળમાં અચૂક નાશ થાય છે.

શ્રી અરિહંતાદિ સુદેવ, સુગુરૂ અને સુધર્મતત્ત્વની શ્રધ્ધાપૂર્વક આરાધના, એ મિથ્યાત્વના નાશનો પરમ ઉપાય છે.

મિથ્યાત્વ એ મોટો શત્રુ છે એમ જે કહેવામાં આવે છે, તેનું કારણ છે કે, તે માનવીની સત્શ્રધ્ધા ઉપર કુઠારાઘાત કરે છે. અને એક વાર ઉત્તમ વસ્તુઓ પ્રત્યેની શ્રધ્ધાથી માનવી ભ્રષ્ટ થાય છે તે પછી તેના પતનને કોઈ અટકાવી શકતું નથી.

"જૈન" સિવાયનાં દર્શનોએ પણ ગાયું છે કે :—

'श्रद्धावांल्लभते ज्ञानम् ।'
'संशयात्मा विनश्यति ।'

મતલબ કે વિના શ્રદ્ધા જ્ઞાનની પ્રાપ્તિ શક્ય નથી. અને શ્રદ્ધાથી ભ્રષ્ટ થનારનું પતન સુનિશ્ચિત છે.

શ્રદ્ધા એ સર્વ ગુણોનું મૂળ છે.

પરમાર્થના માર્ગમાં કે વ્યવહારનાં માર્ગમાં શ્રદ્ધાભ્રષ્ટ આત્માઓ સર્વદા દયાપાત્ર મનાયા છે. કોઇપણ આત્માને તેના કલ્યાણમાર્ગથી ભ્રષ્ટ કરવો હોય, તો તેનો સરળમાં સરળ ઉપાય એ છે કે, સૌથી પ્રથમ તેને તેના કલ્યાણમાર્ગની શ્રદ્ધાથી ભ્રષ્ટ કરવો.

માનસશાસ્ત્રીઓનું પણ કહેવું છે કે, વિચાર એ આચારને ઘડનારા છે.

કોઈ માણસને સુધારવો યા બગાડવો હોય તો સૌથી પહેલાં તેના વિચારોને ફેરવવા પ્રયત્ન કરવો જોઇએ. જયાં સુધી તે પોતાના વિચારોમાં મક્કમ હશે, ત્યાં સુધી તેને તેના આચારમાર્ગથી ખસેડવો દુઃશકય છે.

વિચારોની એ મક્કમતાનું નામ જ શ્રદ્ધા છે. એ શ્રધ્ધા જ્ઞાનથી ઘડાય છે. એ વાત સાચી છે, તો પણ સર્વ પ્રકારનું જ્ઞાન શ્રધ્ધાને ઘડનારૂં કે દૃઢ કરનારૂં જ થાય છે, એમ કહેવું એ સાચું નથી. જ્ઞાનથી જેમ વિચારો અને શ્રધ્ધા મક્કમ બને છે, તેમ જ્ઞાનથી જ વિચારો અને શ્રધ્ધા નષ્ટ થાય છે યા શિથિલ બને છે.

શ્રધ્ધાને ઘડનારૂં, સ્થિર કરનારૂં કે વધારનારું જ્ઞાન જેમ સહાયક અને આદરણીય છે, તેમ શ્રદ્ધાને બગાડનારું ઉખેડનારું કે નાશ કરનારું જ્ઞાન તેટલું જ અનર્થકારક અને અનાદરણીય છે.

બધાનો સાર એ જ છે કે, માનવીને ચઢાવવો હોય કે પાડવો હોય, તો સૌથી પ્રથમ એની વિચારણાને પલટાવવાની જ મોટામાં મોટી આવશ્યકતા રહે છે. અને એટલા માટે કોઈ પણ ક્ષેત્રના આગેવાનો સૌથી પ્રથમ પ્રયત્ન તેને માટે જ કરે છે.

આ વસ્તુસ્થિતિને જાણનારા સહેલાઈથી સમજી શકશે કે શ્રી જૈનશાસને મિથ્યાત્વને પરમ શત્રુ તરીકે સ્વીકાર્યું છે, તે સોએ સો ટકા વ્યાજબી છે.

શ્રી જૈનશાસન, એ સમસ્ત માનવસમાજ માટેનો જ નહિ, કિન્તુ ચરાચર વિશ્વ માટેનો એકનો એક કલ્યાણ-પથ હોવા છતાં, શ્રી જૈનશાસનની તે પ્રકારની વિશાળ દૃષ્ટિને નહિ સમજી શકનાર આત્માઓ, તેની વાતને અમુક વ્યક્તિઓની, સમ્પ્રદાયની કે કોમની વાત માની લે, તેમાં શ્રી જૈનશાસનનો અપરાધ નથી.

સમસ્ત જગતના કલ્યાણને પોતાની ભાવનામાં સમાવી લેનાર વિશાળ દૃષ્ટિવાળા શ્રી જૈનશાસનને, મિથ્યાત્વને સમસ્ત માનવગણનો જ નહિ, પરંતુ પ્રાણીમાત્રનો મહાશત્રુ માનેલો છે.

પ્રાણીમાત્રમાં માનવપ્રાણીની ગણના મુખ્ય હોવાથી, આપણે અહીં કેવળ માનવસમાજને ઉદ્દેશીને વિચાર કરી રહ્યા છીએ.

એ માનવસમાજ અનેક આપત્તિઓથી સદા ગ્રસ્ત છે. પરોપકારી પુરુષો તેની તે આપત્તિઓ ઓછી કરવા માટે અનેક પ્રયાસો કરે છે, તો પણ તેઓના પ્રયત્નો કેવળ બાહ્ય આપત્તિઓથી રક્ષણ પૂરતા હોય છે, જ્યારે શ્રી જૈનશાસનની ઘોષણા બાહ્ય આપત્તિઓના પણ મૂળ સુધી પહોંચી જઇ બાહ્ય અને અભ્યંતર સર્વ પ્રકારની આપત્તિઓથી પ્રાણીગણની રક્ષા માટે કારણરૂપ બની જાય છે.

## * આંતર-બાહ્ય આપત્તિઓનું બીજ *

આંતર આપત્તિઓ એ બાહ્ય આપત્તિઓનું પણ બીજ છે, કારણ કે તે તેમાંથી ઉદ્ભવેલી છે અને તેના નાશથી જ નાશ પામનારી છે. તેથી ખરાં ભયનાં સ્થાનો આંતરિક આપત્તિઓ જેનાથી ઉત્પન્ન થનારી છે, તે છે: અને એ ભયનાં સ્થાનોમાં મુખ્ય સ્થાન; 'મિથ્યાત્વ'નું જ છે.

કલિકાલસર્વજ્ઞ ભગવાનશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા, મિથ્યાત્વની ભયાનકતાનું વર્ણન કરતાં, એક સ્થળે ફરમાવે છે કે :—

**"मिथ्यात्वं परमं रोगो, मिथ्यात्वं परमं तमः**
**मिथ्यात्वं परमः शत्रु–मिथ्यात्वं परमं विषम् ॥१॥**
**जन्मन्येकत्र दुःखाय, रोगो ध्वान्तरिपुर्विषम् ।**
**अपि जन्मसहस्त्रेषु, मिथ्यात्वमचिकित्सतम् ॥२॥"**

અંધકાર, રોગ, વિષ અને શત્રુ એ આ જગતમાં દુઃખનાં કારણ મનાય છે. પરંતુ એ સઘળાંને ટપી જાય એવું દુઃખનું નિમિત્ત તો માત્ર એક મિથ્યાત્વ છે રોગ, અંધકાર, શત્રુ અને વિષ તો એક જ જન્મમાં દુઃખ દેનારાં છે. જ્યારે મિથ્યાત્વ; જો પ્રતિકાર કરવામાં ન આવે તો, હજારો જન્મોમાં દુઃખ આપનાર થાય છે.

મિથ્યાત્વની આ ભયાનકતા વર્ણવનારા મહાપુરુષો મહાજ્ઞાની છે, નિઃસ્પૃહ છે, તેમજ અસત્ય બોલવાનું તેમને કોઇ પ્રયોજન નથી આવા મહાત્માઓ પણ જ્યારે મિથ્યાત્વની આટલી ભયાનકતા વર્ણવે છે, ત્યારે હિતાર્થી આત્માઓએ તેના ઉપર ગંભીર વિચાર કરવાની આવશ્યકતા છે.

મિથ્યાત્વ એ બુધ્ધિનો વિપર્યાસ છે. આત્માના વિચારોને વસ્તુસ્થિતિથી વિપરીત ઘડનાર છે. બુદ્ધિમાં વક્રતા ઉત્પન્ન કરે છે. આ કારણે એ દોષ સર્વ દોષોમાં રાજા સમાન છે. જીવ માત્રનો ભયાનકમાં ભયાનક શત્રુ છે.

શ્રધ્ધા યાને સન્માર્ગ પ્રત્યેની રૂચિ, એ માનવ-સમાજનું અમૂલ્ય ધન છે. એ ધન જેટલું અમૂલ્ય છે, તેટલું જ તેનું રક્ષણ કરવું તે કઠિન છે.

વ્યવહારમાં પણ કીમતી અલંકારો વગેરે ઉપર અધિક ભય ઝઝૂમતા હોય છે, તો યથાર્થ શ્રદ્ધા તો અણમોલ ધન ગણાય છે; એટલે તેના ઉપરના ભયોનું તો પૂછવું જ શું ?

નિસર્ગથી (કુદરતી રીતે) મનુષ્ય સન્માર્ગ યાને સુખી થવાના માર્ગ માટે ઝંખે છે. અને એને જ આપણે શ્રધ્ધા શબ્દથી (અહીં) સંબોધીએ છીએ. એ સુખી થવાનો માર્ગ અને તેને પ્રાપ્ત કરવાની નૈસર્ગિક ઝંખના, એ મનુષ્યની ઉન્નતિમાં ઉત્તરોત્તર અપૂર્વ સહાયક છે. કિન્તુ તેની તે નૈસર્ગિક ઝંખનાને અયોગ્ય માર્ગે વાળી દેવા માટે અગર નષ્ટ કરી નાખવા માટે વિવિધ પ્રકારના ધાડપાડુઓનાં ટોળેટોળાં આ જગતમાં પરિભ્રમણ કરી રહ્યાં હોય છે. એ સઘળાંઓની ધાડમાંથી થોડાક જ

આત્માઓ પોતાના શ્રદ્ધારૂપી ધનની રક્ષા કરવા સમર્થ બની શકે છે. બાકી સર્વ કોઈ લૂંટાઈ જાય છે. અને જે દશામાં જન્મ્યા હોય છે, તેના કરતાં પણ અધિક દયાપાત્ર દશાવાળા બનીને મરણને શરણ થાય છે.

## * મોટું જોખમ *

ધનમાલને લૂંટી લેનારા ધાડપાડુઓથી બચવા માટે જરૂરી જે જાગૃતિ, કુનેહ તેમ જ બળની જરૂર પડે છે, તેના કરતાં અધિક જાગૃતિ, કુનેહ તેમજ દૃઢતા સિવાય શ્રદ્ધા-રૂપી ધનને લૂંટી લેનારા ધાડપાડુઓથી બચવું તે ખૂબ કઠિન થઇ પડે છે.

સુખની અભિલાષાવાળો માનવી, સન્માર્ગમાં ટકી રહેવારૂપી શ્રધ્ધાથી ભ્રષ્ટ ન થાય તેની ચિંતા સેવનારા તેમજ કાળજી રાખનારા જાગૃત આત્માઓ આ કાળમાં ખૂબ જ ઓછા છે, જ્યારે લોભામણાં વચનો દ્વારા એકાં-તમતના પ્રરૂપકો ઘણા જ છે અને તે શ્રદ્ધાસંપન્ન આત્માઓ માટે મોટા જોખમરૂપ છે.

## * ઉપકારક દર્શન *

આવા એકાંતમત પ્રરૂપકોથી પોતાની શ્રદ્ધાને બચાવી લઈને, સત્યની પ્રાપ્તિ માટે શ્રી જૈનશાસનને રાગ-દ્વેષ અને મોહથી રહિત તેમજ કેવળજ્ઞાનથી અલંકૃત એવા શ્રી જિનેશ્વરદેવોના અગર તો શ્રી જિનેશ્વરદેવોને યથા-

ર્થપણે અનુસરનારાઓના જ વચન ઉપર આધાર રાખવા માટે ફરમાવ્યું છે. એ એનો જગત ઉપર મોટામાં મોટો ઉપકાર છે. કારણ કે અતીન્દ્રિય સત્ય પામવા માટે એ સિવાય બીજો કોઈ આધાર જ નથી.

જ્યાં સુધી રાગ-દ્વેષ અને મોહથી લપટાએલા આત્માઓને, એ ત્રણે દોષોથી સર્વથા રહિત એવા શ્રી જિનેશ્વરદેવોનાં વચનો પ્રત્યે સમર્પિતભાવનો અભાવ છે. ત્યાં સુધી અસત્ય-પ્રરૂપણાનાં કારણો ટળતાં જ નથી અને જેઓના મહાદોષો ટળી ગયા છે, અગર જેઓ તેમને સમર્પિત થયા છે, તેઓને અસત્ય કથન કરવાનાં કારણો રહેતાં પણ નથી.

શ્રી જૈનદર્શને આ સિદ્ધાન્તનું જેટલા ભારપૂર્વક કથન કરી બતાવ્યું છે એટલી જ દૃઢતાપૂર્વક તેનું પાલન પણ કરી બતાવ્યું છે.

એટલે ન્યાયની કસોટી પર કસતાં આ દર્શન અજોડ તેમજ અનન્ય ઉપકારક દર્શન તરીકે પુરવાર થયું છે, થાય છે, તેમજ થવાનું છે.

ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય કે ગમ્યાગમ્યના વિવેકનો લેશ (અંશ) પણ જ્યાં ન હોય, ત્યાં પણ ધર્મ છે, એવું

જણાવનાર જે મતો આ જગતમાં પ્રચલિત છે, તે મતો અસત્ય વક્તાઓના કહેલા છે, એ પુરવાર કરવા માટે બુદ્ધિમાનો પાસે બહુ પ્રમાણો ધરવાની આવશ્યકતા નથી.

આ રીતે ધર્મના નામે થતો અધર્મનો પ્રચાર અટકાવવા માટે, શ્રી જૈનશાસને જગતમાં ભારેમાં ભારે પ્રયાસ કર્યો છે. જેના પરિણામે અનેકાનેક આત્માઓ ઉન્માર્ગના ભોગ થતા બચી ગયાં છે.

જીવને સન્માર્ગ પમાડવાના, તેમજ સન્માર્ગ પર ટકાવી રાખવાના, શ્રી જૈનશાસનના ઉપકારક કાર્યની આડે હરેક કાળમાં વિવિધ પ્રકારનાં વિઘ્નો તેમજ અંતરાયો ઊભા થયા, તેમજ કરાયા હોવા છતાં, એ બધાનો પ્રતિકાર કરવાની સાથોસાથ શ્રી જૈનશાસને જીવને સન્માર્ગ રૂચિવાન બનાવવાનું પરોપકારનું કાર્ય ચાલુ જ રાખ્યું છે. શ્રી જૈનશાસનનો ઇતિહાસ વાંચનાર તેમજ વિચારનાર વિવેકીને આ સત્ય સમજાય તેવું છે.

## * મોટો ભય-સર્વમત સમાનતાવાદનો *

માનવસમાજને સત્યથી વંચિત કરવા માટેની જે રીતો પૂર્વકાળમાં હતી, તે કરતાં વર્તમાનની રીતો નવીન પ્રકારની પણ હોય છે. તો પણ તેને ઓળખી લેવા તથા તેનાથી પણ માનવોને બચાવી લેવા માટે કર્તવ્ય માનીને પ્રયાસ કરનારા ઉપકારી સત્પુરૂષો વર્તમાનકાળમાં પણ છે જ.

પૂર્વની રીતો કોઈ પણ એક મતને સત્ય માની, તેની તરફ આકર્ષવાની હતી. જ્યારે વર્તમાનની રીતો તેનાથી વિપરીત છે.

કોઈપણ એક મતના પ્રચારક તરફથી આજે માનવ-સમાજને ઠગવાનો તેટલો ભય નથી, કે જેટલો ભય સર્વ મતને સરખા ગણાવનારા અને પોતે કોઈ પણ મતના અનુયાયી નહિ હોવાનો દાવો કરવા છતાં પણ, પોતાની વાતને મક્કમપણે વળગી રહેનારાઓ તરફથી છે.

કોઈપણ એક મતનો પ્રચારક સાચો છે કે ખોટો, તેની પરીક્ષા તો તેના મતના અભ્યાસથી પરીક્ષક વર્ગ અવશ્ય કરી શકે છે. પરંતુ 'અમે કોઇપણ મતના અનુ-યાયી નથી,' એમ કહીને 'સર્વ મત સાચા' અગર 'સર્વ મત ખોટા' એવાં બુદ્ધિવિહીન પોતાના મતને સિધ્ધ કર-વાનો પ્રયાસ કરનારા આત્માઓ પ્રજાને માટે ભારે ભય-રૂપ છે. કારણ કે પરીક્ષામાં ઉતરવામાટે તેઓની પાસે કોઈ મત જ નથી.

સામાન્ય પ્રજા તેઓની આ દાંભિક વૃત્તિને કળી શકવા નિષ્ફળ નીવડે છે, તેથી તેઓની વાગ્જાળમાં આબાદ ફસાઈ જાય છે. અને તે પછી એમ માનવા લાગી જાય છે કે, 'દરેક મતોમાં કાંઈ ને કાંઈ ખોટાપણું અવ-શ્ય હોય છે, તો તેના અનુયાયી બનીને તેના ખોટા-પણાને શા માટે પોષણ આપવું અગર તે આપવામાંથી

શા માટે ન બચી જવું? થોડા પણ અસત્યથી મિશ્રિત એવા મતોને પોષણ આપવાથી કે તેના જ એક અતિ આગ્રહી બનવાથી, જગતમાં ક્લેશોની જ વૃદ્ધિ થવા પામે છે અને પરિણામે અનેક પ્રકારની મારામારી, જોરજુલ્મી અને અશાન્તિનાં વાતાવરણ ઉભાં થાય છે, એના કરતાં સર્વને સમાન ગણવા અથવા સર્વથી તટસ્થ બનવું એ શું ખોટું?"

આ પ્રકારની વિચારસરણીથી દોરવાઈ ગએલા માણસો, આજે પોતે કોઇપણ મતના અનુયાયી નહિ હોવાનું અભિમાન લે છે, અને અભિમાનપૂર્વક જાહેર કરે છે કે, 'અમારા જેવા સત્યના પક્ષપાતી બીજા કોઇ નથી.' પરંતુ આ મતની પાછળ કેટલી પક્ષપાતિતા, કેટલી આગ્રહિતા અને કેટલી અજ્ઞાનતા ભરેલી છે તેના ઉપર વિચાર કરતાં ભારે વ્યથા થાય છે.

કોઈપણ એક મતનો સ્વીકાર કરનારને પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવાની જેટલી તક મળે છે અગર તે મતના અનુયાયીઓ તરફથી જેટલી તક આપવામાં આવે છે. તેની એક રતિભર તક પણ કોઇ મતના અનુયાયી નહિ હોવાનો દાવો કરનાર પોતે મેળવતો નથી અગર બીજાને મેળવવા દેતો નથી.

આ નવા મતના અનુયાયીઓ પોતાની બુદ્ધિનાં બારણાં બંધ કરીને બેઠા હોય છે અને એને ઉઘાડવા

માટે જે કોઈ પ્રયાસ કરે છે, તે સર્વે તેમને શત્રુ જેવા ભાસે છે. તેઓએ પોતાની ટૂંકી દૃષ્ટિએ ઉપકાર તેમાં માન્યો છે કે, કોઈ પણ જાતની પરીક્ષા કરવા માટે બુદ્ધિ દોડાવવી જ નહિ અને બુદ્ધિમાનપણાના મળેલા જન્મમાં પણ, ભવિષ્યના અનંત જીવનનો જેના ઉપર આધાર છે, તે વિષયમાં પણ નિર્બુદ્ધિમાન જન્મ્યા હોઈએ તે રીતે જ જીવીને મરી જવું. પરંતુ તેમની આ નીતિ સ્વ-પર-હિતવિઘાતક છે, તેમ સાચા બુદ્ધિમાનો તરતમાં જ પારખી શકે છે.

મારામારી, બળજબરી કે ધમાધમી કેવળ મતપ્રરૂપકો જ કરે છે કે બીજાઓ પણ કરે છે?

આ જગતમાં તામસી વૃત્તિવાળા આત્માઓ છે ત્યાં સુધી એક સત્ય શોધવા માટેના પ્રયાસ છોડી દેવા માત્રથી મારામારી આદિ બંધ થઈ જનાર છે? મારામારી આદિમાં અશાન્તિ જોનારા અને માનનારાઓની તો સૌથી મોટી ફરજ એ થઇ પડે છે કે, તેઓએ જગતમાં શાન્તિ સ્થાપી શકે તેવા એક સત્ય મતની શોધ કરવી અને જગતના જેટલા માનવીઓ તેને પામે, તેટલાને તે પમાડવાનો પ્રયત્ન કરવો.

કોઈપણ મતના અનુયાયી નહિ બનવાનું અભિમાન ધરાવનાર, છતાં પણ અલ્પબુદ્ધિના ધણી એવા પોતાના મતના આજીવન આગ્રહી રહેનારા મતવાદીઓના મતનો
૧૨ એક ફણગો છે. 'સર્વ-ધર્મ-સમભાવ.'

આ મતવાળાઓનું કહેવું છે કે, 'સર્વ ધર્મસંસ્થાઓને પોતાની ધર્મસંસ્થા જેટલી જ પવિત્ર માનવી. એમ કરવાથી સહિષ્ણુતા ગુણ કેળવાય છે અને પરમત–દ્વેષ નાશ પામે છે.' પરંતુ તેઓની આ વાત બકરું કાઢીને ઊંટને પેસાડવા' જેવી છે.

તેઓને પરમત પ્રત્યેના દ્વેષ (?) રૂપ 'બકરા'ને કાઢવા જતાં કથીરને પણ કુંદનના ભાવે તોળાવરૂપ 'નિર્વિવેક્તારૂપી 'ઊંટ'ને સ્થાન આપવું પડે છે. પણ આ સત્ય તેઓને સમજાતું નથી તે આશ્ચર્ય છે!

'ધર્મ' પદાર્થની યોગ્યતાને સર્વથા બંધબેસતા નહિ એવા મત, પંથ કે સમ્પ્રદાયને પણ ધર્મના પ્રરૂપક, પ્રેરક તેમજ પવિત્ર માનવાનો દુરાગ્રહ તેઓ પાસે સત્યનું ખંડન કરવાના અનેકવિધ પ્રયત્નો કરાવે છે, કારણ કે અયોગ્યને યોગ્ય સાબિત કરવું હોય તો કાપકૂપ યોગ્યમાં જ કરવી પડે. આ નીતિ ભયાનક છે, હિતઘાતક છે.

જે જમાનામાં આવા અજ્ઞાન મતને પણ આંધળીઆ કરીને ઉત્તેજન આપવામાં આવતું હોય, તે જમાનાને વિજ્ઞાનનો એટલે વિશિષ્ટ જ્ઞાનનો જમાનો કહેવો કે પછી વિગતજ્ઞાનનો જમાનો કહેવો, એ બુદ્ધિમાનોએ સ્વયં વિચારવા યોગ્ય છે.

પોતાને પંડિત તરીકે ઓળખાવનારાઓ આજે સર્વ ધર્મ સમભાવના કલ્પિત સિદ્ધાન્તને ભોળા તેમજ અજ્ઞાન

લોકો ઉપર ઠોકીને બેસાડવા માટે તનતોડ પ્રયાસ કરી રહ્યા છે, અને મધુરી ભાષામાં તેનું સમર્થન કરવા માટે લાંબા લાંબા લેખો અને પુસ્તકો દ્વારા પંડિતાઈ બતાવી રહ્યા છે, પરંતુ તેઓનો તે પ્રયાસ કોઈ પણ અપેક્ષાએ આત્મહિતકર નથી જ.

આવા પંડિતોને સર્વ–ધર્મ સમભાવ શીખવવા માટે દર્શનશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રને જુદું પાડવું પડે છે. તેઓ કહે છે કે, 'દર્શનશાસ્ત્ર ભૂલભરેલું હોવાથી તેણે બતાવેલ ધર્મશાસ્ત્ર સત્ય ઠરતું નથી.

દર્શનશાસ્ત્ર એ બુદ્ધિમાન મનુષ્યોને બુદ્ધિનાં અખાડાનું જ માત્ર શાસ્ત્ર છે એના ઉપરથી ધર્મશાસ્ત્રનું માપ કાઢવાનો પ્રયત્ન કરવો એ મિથ્યા છે. દર્શનોના પરસ્પર-વિરોધથી ધર્મમાં પરસ્પર-વિરોધ કલ્પવો એ મૂર્ખતા છે.'

તેઓનું આ કથન સર્વજ્ઞપણાના અસ્વીકારની બુધ્ધિમાંથી જ જન્મેલું છે. તેઓના મતે, દર્શનશાસ્ત્ર એ હંમેશને માટે ચર્ચાનો જ એક વિષય છે. તેનાથી ધર્મમાં જેટલી સહાય મળે તેટલી મેળવી લેવી. અન્યથા તેની ઉપેક્ષા કરવી. કારણ કે દર્શનશાસ્ત્રના સિદ્ધાન્તોનું સ્થાપન કરનાર કોઈ પરિપૂર્ણ જ્ઞાની વર્તમાનમાં છે જ નહિ, પૂર્વે થયો નથી. અને ભવિષ્યમાં થનાર પણ નથી. તેના ઉપર ખોટા ઝઘડા કરી મરવું; એ કોઇ પણ રીતે યોગ્ય નથી.'

આ રીતે સર્વ–ધર્મ સમભાવી એક પછી એક ભૂલોમાં આગળ વધતો જ જાય છે અને જગતમાં કોઈ

સર્વજ્ઞ છે જ નહિ, એવા નિશ્ચિત સિદ્ધાન્ત ઉપર આવીને ઠેરે છે. પરંતુ 'જગતમાં કોઈપણ સર્વજ્ઞ છે નહિ.' એ પ્રકારનો નિશ્ચય પોતે સર્વજ્ઞ થઈને કરે છે કે અસર્વજ્ઞ થઈને કરે છે? એનું એને ભાન રહેતું નથી.

કોઈને પણ સર્વજ્ઞ નહિ માનનાર પોતાની જાતને સર્વજ્ઞ માને એ બનવાજોગ નથી અને પોતાની જાત અસર્વજ્ઞ છે, તો પછી તેણે કરેલો નિર્ણય એ અંતિમ કોટિનો છે, એવા આગ્રહમાં આવી જવું એ લવલેશ ન્યાયસંગત નથી. પરંતુ અનંત સંસારમાં ભટકાવનારો માત્ર દુરાગ્રહ છે.

## * વસ્તુસ્થિતિ જુદી જ છે *

ધર્મશાસ્ત્રનો મુખ્ય આધાર દર્શનશાસ્ત્ર છે.

જેનું દર્શનશાસ્ત્ર ખોટું છે, તેનું આંશિક સાચું પણ ધર્મશાસ્ત્ર, માગી લાવીને ચઢાવેલા આભૂષણ તુલ્ય છે. તે તેને શોભા આપનાર નથી, કિન્તુ વિટંબણા કરાવનાર છે.

સત્ય દર્શનશાસ્ત્રના આધાર વિનાનું ધર્મશાસ્ત્ર, એ પ્રાણ વિનાના દેહ જેવું છે, દેવ વિનાના મંદિર જેવું છે, જળ વિનાના જળાશય જેવું છે. ધર્મશાસ્ત્રને શોભાવનાર, દીપાવનાર કે ટકાવનાર, દર્શનશાસ્ત્ર, સિવાય બીજું કોઈ નથી.

જો દર્શનશાસ્ત્રે દર્શાવેલ આત્મા નથી; આત્મા કર્મથી બંધાતો નથી, કર્મથી છૂટતો નથી કે કર્મના યોગે સંસારમાં ભટકતો નથી, તથા પુણ્ય નથી કે પાપ નથી, સ્વર્ગ નથી કે અપવર્ગ નથી; તો પછી ધર્મને આચરવાનો સવાલ જ ક્યાં રહે છે?

દર્શનશાસ્ત્રના સિદ્ધાન્ત વિનાનો અથવા દર્શનશાસ્ત્રના

સિદ્ધાન્તથી વિપરિત સિદ્ધાન્તવાળો ધર્મ આચરવાનો ઉપદેશ, એ ઉન્મત્તના પ્રલાપ તુલ્ય છે. એટલે કોઈ વિવેકી આત્મા તેને અનુસરતો નથી.

## * કેવળજ્ઞાનના પ્રતાપે *

જગત્પ્રકાશક કેવળજ્ઞાનની હયાતીથી જ સત્ય તત્ત્વજ્ઞાનની હયાતી છે. અને સત્ય તત્ત્વજ્ઞાનની હયાતીથી સમાજ યા વિશ્વને સુખ અર્પનાર ધર્મ અને તેના આચરણની હયાતી છે.

મતલબ કે ધર્માચરણની સાંકળ કેવળજ્ઞાન છે. એ સાંકળ તૂટી, ત્યાં ધર્માચરણ બંધ પડવાનું જ છે. અગર અધર્માચરણ પણ ધર્માચરણ મનાવાનું છે.

ઉઘાડી આંખે જગત સામે નજર નાખનારને આ વસ્તુ સમજાયા સિવાય રહી શકે તેમ નથી. પરંતુ જેઓને પોતાના જ મતનો આગ્રહ છે તેઓને આ સત્ય હકીકત પણ ગળે ન ઉતરે તે બનવા જોગ છે.

## * ભાવમાર્ગના ધાડપાડુઓ *

એટલા જ માટે કેવળજ્ઞાનનો અપલાપ કરનારને અમે ભાવમાર્ગના મોટામાં મોટા ધાડપાડુ કહીએ છીએ. કેવળજ્ઞાની ભગવંતોએ પાથરેલા પ્રકાશની બહાર ધકેલી દીધા સિવાય, આવા ધાડપાડુ, અજ્ઞાન તેમજ ભોળા માનવોને શ્રદ્ધાભ્રષ્ટ કરવા યાને સન્માર્ગથી વિચલિત કરવા અર્થાત

લૂંટી લેવા શક્તિમાન બની શકતા નથી. કારણ કે અંધકાર એ લૂંટારાનો સહાયક છે અને પ્રકાશ એનો દુશ્મન છે.

પ્રકાશને દુશ્મન માનનાર અને અંધકારને મિત્ર માનનાર લૂંટારાઓ જ્યાં સુધી જગતના માનવીઓને કેવળજ્ઞાનરૂપી સૂર્યના પ્રકાશથી દૂર ન લઈ જાય, ત્યાં સુધી તેઓ પોતાની લૂંટનું કાર્ય નિર્વિઘ્ને ન જ કરી શકે, એ વાત પણ સાવ સાચી છે.

એ જ એક કારણે કેવળજ્ઞાનથી પ્રકાશિત થએલા અનેક ભાવોને પોતાની નજરે અનુભવવા અને દેખવા છતાં પણ, તેનો અપલાપ કરનારા સ્વાર્થભૂખ્યા માણસોથી સાવધ રહેવામાં સ્વ-પરનું હિત છે.

'સર્વ-ધર્મ-સમભાવ' જેવા કૂટ અને વંચક સિદ્ધાન્તનું સમર્થન કરવા ખાતર, કેવળજ્ઞાન અને તે દ્વારા પ્રકાશિત થએલા યથાર્થ દર્શનશાસ્ત્રની અવહેલના કરવા પ્રયત્ન કરવો, એ અયોગ્ય છે.

## * સિદ્ધાન્તભક્તિની મુખ્યતા *

ભિન્ન-ભિન્ન ધર્મના અનુયાયીઓની પ્રીતિને સંપાદન કરવા માટે જેમ બુદ્ધિ અને યુક્તિથી શૂન્ય એવા સર્વ ધર્મ-સમભાવ આદિ વાદો નીકળ્યા છે, તેમ એક સમાજમાં રહેલા પરસ્પર ભિન્ન અથવા સર્વથા વિરુદ્ધ મત-

વાળાઓની એકસરખી પ્રીતિને પ્રાપ્ત કરવા માટે પણ તેવી જ જાતના વાદોનું શરણું લેવું પડે, એમાં આશ્ચર્ય જેવું કાંઈ નથી.

જેઓએ સિદ્ધાન્તભક્તિ છોડી દઈ ને, સર્વની પ્રીતિ સંપાદન કરવી, એને જ એક મુખ્ય ધ્યેય બનાવ્યું છે અથવા 'સર્વની પ્રીતિ અને સિદ્ધાન્તભક્તિ એ બંને સમકક્ષામાં કર્તવ્ય છે.' એમ સ્વીકાર્યું છે, તેઓમાં માર્ગ-ભ્રષ્ટ થવાનું બીજ અવશ્ય રોપાઈ ગયું છે અગર રોપાઈ જવાનું છે, એમાં કશો જ સંદેહ નથી. અનુભવ આ વાતને મજબૂત ટેકો આપે છે.

સિદ્ધાન્તભક્તિ નિષ્ઠા ગૌણ બન્યા સિવાય, સિદ્ધાન્ત નહિ માનનાર અગર તેની છડેચોક અવગણના કરનારની પ્રીતિ સંપાદન કરવાની ભાવના જાગૃત થવી, એ અશક્ય જ છે.

એનો અર્થ એ નથી કે સિદ્ધાન્તને નહિ માનનારની સાથે ઝઘડવું. પરંતુ 'સિદ્ધાન્તની ભક્તિ પ્રદર્શિત કરતાં સામો આત્મા નારાજ થતો હોય, તો તે માટે ભક્તિ પ્રદર્શિત કરનાર જવાબદાર બને છે.' એમ માનવું તે યોગ્ય નથી.

ભક્તિ કરવામાં પ્રદર્શિત થતી અવિધિને દૂર કરવાનો સઘ-ળોય પ્રયત્ન કરવા છતાં પણ સિદ્ધાન્ત ભક્તિ પ્રદર્શિત કરનાર ઉપર નારાજ થનાર સિદ્ધાન્તવિરોધી વર્ગ રહેવાનો જ છે.

એ ખાતર જો સ્વ-પરના એકાંત હિતકારક સિદ્ધા-ન્તનો ભોગ આપી દેવા જેટલી વૃત્તિએ પહોંચી જવાય. તો રળવા માટે કરેલા વેપારથી જ ખોટ ખાવાનું કાર્ય સિધ્ધ થાય. અને એવી ખોટ ખાવાનું તો તે જ પસંદ કરે, કે જેને મન રળવું કે ખોટ ખાવી એ બંને સમાન છે. અને આવી સમાનતા કોઈ વિવેકી માણસ તો કદીએ ન દાખવી શકે.

બધા માણસોની પ્રીતિ સંપાદન કરવાની લાલસા-માંથી જ અનુક્રમે સર્વમત-સહિષ્ણુતા, સર્વ-ધર્મ-સમ-ભાવ આદિ મતો મોટે ભાગે પ્રગટ થાય છે એવો જ્ઞાની-ઓનો મત છે અને વર્તમાન સમાજનો અનુભવ છે. તો પછી તેને જ એક લક્ષ્ય બનાવવું એ શું માર્ગભ્રષ્ટ થવાનું કે કરવાનું મોટામાં મોટું નિમિત્ત નથી? છે, તો એ નિમિત્ત જ્યાં જ્યાં જણાય, ત્યાં-ત્યાં સાવધ બનવાની ચેતવણીનો સૂર કાઢવો એ હિતસ્વીઓનું કર્ત-વ્ય છે અને એ ચેતવણીને વધાવી લેવી એ હિતવાંચ્છુ આત્માઓની ફરજ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે સિધ્ધાન્તનિષ્ઠાને ધકકો પહોંચાડાનરાં પરિબળોથી પૂરેપૂરા સાવધ રહેવાની સાથો-સાથ બપી આત્માઓને પણ તેમા જ જોડાવાની પ્રેરણા કરવી જોઈએ.

સિધ્ધાન્તના ભોગે સાંપડતી પ્રીતિ એટલે સોનાની વીંટી સાટે સાંપડતી સડેલી સેવ. તેનાથી બચવામાં જ સ્વ-પરનું કલ્યાણ છે.

## નકલના ભયથી કીમતી વસ્તુની ઉપેક્ષા ન થાય

વૈરાગ્ય, એ એક મહાન સદ્ગુણ છે. વૈરાગ્યની કોટિના સદ્ગુણો બીજા બહુ ઓછા છે. એક વૈરાગ્ય એવો સદ્ગુણ છે, કે જેને પ્રાપ્ત થઈ જાય છે, તે આત્મા અનેક ગુણોની પરંપરાને આપોઆપ પ્રાપ્ત કર્યા કરે છે.

પરંતુ વૈરાગ્ય એ જેટલો ઊંચો સદ્ગુણ છે, તેટલો જ તેનો દુરૂપયોગ અધિક થાય છે.

કેવળ વૈરાગ્ય માટે જ તેમ બને છે એમ નહિ, કોઈ પણ સારી અને કીંમતી વસ્તુ એવી મળવી જ અશકય છે, કે જેનો દુરૂપયોગ આ જગતમાં ન થતો હોય.

કીમતી ગણાતી વસ્તુઓની જ જગતમાં નકલ થાય છે. હીરા અને મોતી કે સોના-ચાંદીની નકલ થતી દેખાય છે, પરંતુ કોઇ પણ સ્થળે કે કોઇ પણ કાળે ધૂળ, ઢેફાં અને કોલસાની નકલ કરવાનો કોઇ પ્રયાસ કરતું નથી.

સારી ચીજોની નકલ થાય છે, એટલા જ માટે જો

સારી ચીજો ત્યાગ કરી દેવા લાયક હોય, તો હીરા-મોતી અને સોનું-ચાંદી આદિ વસ્તુઓ પ્રથમ નંબરે ત્યાગ કરી દેવા લાયક ઠરશે; પરંતુ એ ન્યાયને આજ સુધી કોઈએ પણ માન્ય રાખેલ નથી,

સહુ કોઈ હજારો નકલમાંથી પણ અસલ વસ્તુને શોધી કાઢી તેને જ ગ્રહણ કરવા પ્રયાસ કરે છે. કિન્તુ નકલના ભયથી ડરી જઈને અસલ વસ્તુને પણ છોડી દેવા પ્રયાસ કરતું નથી.

અસલ વસ્તુને છોડી દેવાનો એવો પ્રયાસ કરનારા કાં તો અસલ વસ્તુનું મૂલ્ય જ સમજ્યા નથી અગર સમજ્યા છે તો પણ તેને પ્રાપ્ત કરવાની પોતાની અશક્તિ હોવાથી, બીજાની આગળ તેના મૂલ્યને ઇરાદા-પૂર્વક છુપાવે છે.

વૈરાગ્ય માટે પણ તેવી જ હકીકત છે. તે એક મહાન વસ્તુ હોવાથી, તેની સેંકડો નકલ આ જગતમાં વિદ્યમાન છે. એટલું જ નહિ પણ જે કોઈ આત્મા પોતાની અશ-ક્તિ યા અયોગ્યતાના કારણે તેને પ્રાપ્ત નથી કરી શકતા તેમાંનો મોટો વર્ગ તેની નિંદા કરવાનો જ માર્ગ અખ-ત્યાર કરે છે. પરંતુ તેટલા માત્રથી વૈરાગ્ય એ સદ્‌ગુણ મટી જતો નથી. તેની અનેક નકલો તથા તેના પ્રત્યેના અનેક કટાક્ષો જ એ હકીકત પુરવાર કરે છે કે, અસલ વૈરાગ્ય એ મહામૂલ્યવાળી ચીજ છે અને તેની પ્રાપ્તિ

કાંઈ ભાગ્યવાન આત્માને જ થઇ શકે છે.

## * જેની પાછળ દંભ નથી એ અસલ વૈરાગ્ય *

નકલી વસ્તુને અસલ વસ્તુના મૂલ્યથી ખપાવવાનો પ્રયાસ કરવા માટે જેમ અનેક પ્રકારની માયાનું અવલંબન લેવું પડે છે, તેમ નકલી વૈરાગ્ય પણ અસલ વૈરાગ્યના મૂલ્યે પ્રસિદ્ધ કરવા માટે મુખ્ય આલંબન દંભનું જ ગ્રહણ કરવું પડે છે. એટલા માટે વૈરાગ્યના જ્ઞાતા હાપુરુષો દંભને અસલ વૈરાગ્યના મૂળમાં અગ્નિ મૂકનાર તરીકે વર્ણવેલ છે.

દંભને ધારણ કરનાર આત્મા જગતમાં પોતાની વૈરાગ્યવાન તરીકે પ્રસિદ્ધિ કરી શકે છે, પરંતુ તે પોતે તો અનંતકાળ સુધી વૈરાગ્યના સદ્‌ગુણથી સર્વથા વંચિત જ રહી જાય છે.

એટલા માટે શ્રી જિનશાસનમાં મુકિતમાર્ગના આરાધકો માટે. સૌથી પ્રથમ શરત, જીવનમાંથી દંભને દેશવટો આપવાની મૂકવામાં આવી છે. જીવનમાંથી દંભને સર્વથા દૂર કર્યા સિવાય. મુક્તિ માટેના એક પણ સદનુષ્ઠાનની સાચી આરાધના થઇ શકતી નથી.

શાસનપ્રભાવક પ. પૂ. ઉપાધ્યાય ભગવંત શ્રી યશોવિજયજી મહારાજા અધ્યાત્મસાર નામના પ્રકરણરત્નમાં

અધ્યાત્મનું સ્વરૂપ તથા તેની પ્રાપ્તિ અને વૃદ્ધિ કોને થઈ શકે, એ વિષે વિવેચન કરતાં ફરમાવે છે કે,

'अतो ज्ञानक्रियारूपमध्यात्मं व्यवतिष्ठते ।
एतत्प्रवर्धमानं स्या,–न्निर्दम्भाचारशालिनाम् ॥९॥

'અધ્યાત્મ, એ જ્ઞાનક્રિયા ઉભયાત્મક છે અને તેની વૃદ્ધિ નિષ્કપટ આચારવાળા મહાપુરુષોને જ થઈ શકે છે.'

દંભ, એ વૈરાગ્યના માર્ગમાં મોટામાં મોટું વિઘ્ન છે.

આપણે એ જોઇ ગયા કે, જગતમાં જે વસ્તુનું મૂલ્ય અધિક ઉપજી શકતું હોય, તે વસ્તુના ભાવે ઓછા મૂલ્યવાળી વસ્તુ વેચવાના ધંધા પણ ધમધોકાર ચાલે છે. અને ચાલે એ સહજ છે. એ કોઇથી પણ અટકાવી શકાય તેમ નથી. એવાઓને ઓળખી કાઢી તેઓની જાળમાં ન ફસાવું, એટલું જ માત્ર શકય છે. અથવા એવાઓને, 'દંભ દ્વારા મહાન સદ્ગુણને પણ પાપનું સાધન બનાવતાં અટકાવવા શકય પ્રયાસ કરવો' એ કર્તવ્ય છે. પરંતુ એટલા માત્રથી વૈરાગ્યની નકલ સર્વથા નાબૂદ થઇ જાય એ શકય નથી.

વૈરાગ્ય એ અમૂલ્ય ચીજ છે અને તેની નકલો આ જગતમાં રહેવાની જ છે, તો પછી અસલ વૈરાગ્યના અર્થી આત્માઓએ, અસલી અને નકલી વૈરાગ્યને ઓળખતાં શીખવું એ જ આવશ્યક થઇ પડે છે. અને એ

માટે વિશેષ પ્રયાસ કરવાની જરૂર નથી.

'જે વૈરાગ્યની પાછળ કોઈ પણ પ્રકારનો દંભ નથી, એ વૈરાગ્ય અસલી છે અને જે વૈરાગ્યની પાછળ થોડેક પણ દંભ છે તે અસલી નહિ પણ નકલી છે.' એટલું જ સમજવું પર્યાપ્ત છે,

બીજાઓના હૃદયમાં રહેલ વૈરાગ્ય કેવો છે–એની પરીક્ષા કરવા માટે તો ઉપરની કસોટી બસ છે.

પોતે મુક્તિ માટેનું જે કોઈ સદનુષ્ઠાન કરે છે, તેનીપાછળ કોઈપણ પ્રકારની માયા છુપાએલી છે કે કેમ ? એની શોધ તરત કરવાથી જ સાચા–ખોટા વૈરાગ્યની ખાત્રી થઇ શકે છે.

સાચા વૈરાગ્યમાં દંભનું નામનિશાન હોતું નથી. દંભરહિત દશા વૈરાગ્ય માટેની મોટામાં મોટી કસોટી છે. એ કસોટી ઉપર પોતાના આત્માને કસ્યા પછી જ, પોતે સાચા વૈરાગ્યને વરેલ છે કે નહિ ? તેનો નિર્ણય વૈરાગ્યના અર્થી આત્માએ કરવો જોઈએ.

એ રીતે કસોટી ઉપર કસીને શુદ્ધ વૈરાગ્યને પામેલા આત્માઓ, નિર્દંભ ચેષ્ટાઓના અનુમાનથી અન્યના શુદ્ધ વૈરાગ્યની પણ પરીક્ષા કરી શકે છે.

## * દંભ ત્યાજ્ય છે, નહિ કે વૈરાગ્ય *

આ રીતનો વૈરાગ્યની પરીક્ષાનો રાજમાર્ગ હોવા છતાં, તેને છોડી દઈને, જે આત્માઓ નકલી વૈરાગ્યની

બહુલતાઓ જોઈ સાચા વૈરાગ્ય પ્રત્યે પણ ઉદાસીનભાવ સેવે છે, તે આત્માઓ વૈરાગ્યના અમાપ સામર્થ્યને કાંતો પિછાણી શકયા જ નથી અથવા પિછાણવા છતાં પોતે તેની પ્રાપ્તિ નહિ કરી શકવાના કારણે, તેના મૂલ્યને છુપાવે છે. તેના ગુણોને દુષિત કરે છે. યાવત્ તેને નિંદવાનો નિંદનીય માર્ગ પણ અપનાવે છે.

કોઇ પણ સારી વસ્તુની અયોગ્ય રીતે થતી નિંદા સહી લેવી એ વિવેકી આત્માઓનું કર્તવ્ય નથી.

વૈરાગ્ય એ પણ જો સારી વસ્તુ છે, તો તેને નહિ ઓળખી શકનાર કે નહિ પામી શકનાર આત્માઓ તરફથી અયોગ્ય રીતે થતી તેની નિંદાનો પ્રતિકાર કરવો, એ તેના ગુણને પિછાણનારા આત્માઓનું કર્તવ્ય થઈ પડે છે.

એ જ ન્યાયે આ જગતમાં નકલી વૈરાગ્યના બહાને અસલી અને અમૂલ્ય એવો વૈરાગ્ય પણ જો નિંદાઈ જતો હોય અગર ઉપેક્ષણીય બનતો હોય, તો તેને અટકાવવાનું કાર્ય કરવું, એ ગુણ ગ્રાહી સજ્જનોને માટે પરમ કર્તવ્યરૂપ જ છે.

દંભસહિત ત્યાગ અને વૈરાગ્ય જેટલા નિંદનીય છે, તેટલા જ દંભરહિત ત્યાગ અને વૈરાગ્ય પ્રશંસનીય છે, ત્યાગ અને વૈરાગ્યમાં પ્રવેશ પામતો દંભ એ ત્યાજ્ય છે, પરંતુ ત્યાગ અને વૈરાગ્ય કદી પણ ત્યાજ્ય નથી.

દંભ જેટલો ત્યાજ્ય છે, તેટલો જ વૈરાગ્ય ઉપાદેય છે. દંભના કારણે વૈરાગ્યને પણ જેઓ ત્યજી દેવા ઇચ્છે છે, તેઓ વિવેકહીન કાયર છે.

દૂધમાં પાણી ભેળવાતું હોય છે એ એક માત્ર કારણસર 'દૂધ છોડી દેવા જેવું છે,' એમ કહેનારો મૂર્ખમાં ખપે છે તેમ વૈરાગ્યની પાછળ પણ નિર્દંભતા કરતાં દંભ અધિક રહેલો હોય છે, એ જ કારણે નિર્દંભ વૈરાગ્યનો પણ ત્યાગ કરી દેવા તૈયાર થવું એ પણ ભારે ગાંડપણ છે.

વૈરાગ્યમાં પ્રવેશ પામતો દંભ એ અવશ્ય ત્યાજ્ય છે, પરંતુ વૈરાગ્ય એ કદાપિ ત્યાજ્ય નથી, એ ખૂબ વિચારપૂર્વક સમજી લેવી જરૂરી છે.

### * દંભનાશનો ઉપાય *

આપણો ચાલુ વિષય તો વૈરાગ્ય એ એક મહાન સદ્‌ગુણ છે એ સિદ્ધ કરવાનો છે. અને વૈરાગ્ય બીજો કોઈ નહિ પણ દંભના લેશ વિનાનો હોય તે જ !

વહાણમાં નાનકડું છિદ્ર હોય છે, તો પણ જેમ તેને તથા તેમાં બેસનાર સર્વને ડુબાડે છે, તેમ વૈરાગ્યમાર્ગમાં જરા જેટલો પણ દંભ તે વૈરાગ્ય અને તેને ધારણ કરનાર આત્માઓનો અવશ્ય વિનાશ કરે છે.

દંભરહિત વૈરાગ્યની પ્રાપ્તિનો આધાર, ભવસ્વરૂપની ચિંતા છે. જે આત્માઓના અંતરમાં ભવસ્વરૂપનો ચિંતા-રૂપી અગ્નિ પ્રજ્વલિત થાય છે, તે આત્માઓના અંતરમાં વૈરાગ્યના સ્વરૂપનો વિનાશ કરી નાખનાર દંભરૂપી વેલડી એક ક્ષણવાર પણ ટકી શકતી નથી.

સંસારસ્વરૂપની ચિંતાથી ભવ પ્રત્યે અબહુમાન પ્રગટ થાય છે અને ભવ પ્રત્યે અબહુમાન પ્રગટયા પછી અંતરમાં દંભને પ્રવેશ પામવા માટે જરા જેટલો પણ અવકાશ રહેતો નથી.

કોઈપણ આત્માના અંતરમાં દંભને પ્રવેશ પામવાનો અવકાશ ત્યાં સુધી જ રહે છે, કે જ્યાં સુધી તે આત્માને આ ભવ ઉપર થોડો પણ રાગ યા બહુમાન બાકી રહ્યું હોય.

ભવસ્વરૂપની વાસ્તવિક ચિંતા ભવ પ્રત્યેના સઘળા બહુમાનને મૂળથી ઉખેડી નાખે છે અને અંતરમાંથી એ મૂળ ઉખડી ગયા પછી ભવના કારણે તે આત્માને કોઈ પણ પ્રકારની માયા કરવાનું રહેતું નથી.

## * માયાનું કારણ *

માયા આચરવાનું મૂળ–કારણ–કોઈ હોય તો તે ગુણની પ્રાપ્તિ યા દોષોનો ત્યાગ કર્યા સિવાય જ લોકો તરફથી ખ્યાતિ, બહુમાન તેમજ પૂજા મેળવવાનો લોભ છે.

એ લોભ સંસારના સ્વરૂપનો અને તેમાં વસનાર લોકના સ્વભાવનો તાત્ત્વિક વિચાર કરનારને રહેતો જ

નથી. ભવસ્વરૂપની ચિંતાથી જેમ ખ્યાતિ-પૂજા અને માન-સત્કાર મેળવવાનો લોભ નાશ પામે છે, તેમ એ ખ્યાતિ-પૂજા અને માન-સત્કારની પ્રાપ્તિ અર્થે કરાતી માયા પણ આપોઆપ નાશ પામે છે.

તાત્પર્ય એ છે કે, વૈરાગ્યમાં દંભનો પ્રવેશ ભવ-સ્વરૂપના વાસ્તવિક જ્ઞાન અને ચિંતનથી રહિત આત્માઓમાં જ સંભવે છે, કિન્તુ ભવસ્વરૂપના પરમાર્થના જ્ઞાતા અને વિચારકોમાં એ કદી પણ પ્રવેશ પામી શકતો નથી કે ટકી શકતો નથી.

## શ્રી જિનવચનની પ્રાપ્તિ ઉપર અવલંબતું વૈરાગ્ય

એટલા માટે શ્રી જૈનશાસને સ્વીકારેલ વૈરાગ્યની વ્યાખ્યામાં મુખ્ય શરત, ભવસ્વરૂપના જ્ઞાનની અને તેનાથી ઉત્પન્ન થયેલ ભવનિર્ગુણતાની દૃષ્ટિની છે.

જ્યાં ભવસ્વરૂપનું જ્ઞાન નથી કે એ જ્ઞાનથી ઉત્પન્ન થયેલ ભવનૈર્ગુણ્ય-દૃષ્ટિ નથી, ત્યાં દંભરહિત વૈરાગ્ય પણ નથી.

દંભને લાવનાર લોભ છે અને એ લોભ ભવનિર્વેદ વિના કદી નાશ પામતો નથી. તેથી જેને દંભના અંશ વિનાના વૈરાગ્યની આવશ્યકતા છે, તેને ભવના વાસ્તવિક સ્વરૂપથી પરિચિત થવું જ પડે છે, અને ભવના વાસ્તવિક સ્વરૂપથી પરિચિત થનાર આત્માને ભવની નિર્ગુણતાનો પરિચય આપોઆપ થઈ જાય છે.

'ભવ એટલે ચાર ગતિરૂપ સંસાર અને એ સંસારની ચારે ગતિમાંથી કોઈપણ ગતિમાં આત્મપક્ષે સુખનો લેશ પણ નથી.' એ સત્ય યથાર્થ રીતે સમજવા માટે શ્રી જિનવચન સિવાય અન્ય કોઈ આધાર નથી.

ચારે ગતિનું યથાર્થ સ્વરૂપ સર્વજ્ઞ ભગવંતોના જ્ઞાન સિવાય બીજી કોઈપણ રીતે જાણવું સુલભ નથી એજ કારણે વાસ્તવિક વૈરાગ્યની પ્રાપ્તિ શ્રી જિનવચનની પ્રાપ્તિ ઉપર અવલંબેલી છે, એમ કહેવું એ જરાપણ ખોટું નથી.

## શ્રી જિનવચનની સામાન્યથી અને વિશેષથી પ્રાપ્તિ

શ્રી જિનવચન એ સર્વજ્ઞ-વચન છે અને સર્વજ્ઞનું વચન એ સર્વ પદાર્થોને વિષય કરનાર જ્ઞાનથી ઉત્પન્ન થયેલું હોવાથી અતિ વિશાળ છે. એને સંપૂર્ણતયા જાણવું, સમજવું, ધારણ કરી રાખવું એ લગભગ અસંભવિત છે. તો પછી શ્રી જિનવચનની પ્રાપ્તિ જેને થાય તેને જ સાચો વૈરાગ્ય પ્રાપ્ત થઈ શકે, બીજાને નહિ, એમ કહેવું એ શું વ્યર્થ ઠરતું નથી?

આવો પ્રશ્ન કરનાર જગતના પદાર્થોની વ્યવસ્થાને સમજવા જેટલી શક્તિ નથી ધરાવતો એ નક્કી થાય છે. કારણ કે જગતની પ્રત્યેક વસ્તુ સામાન્ય અને વિશેષ, એમ ઉભય ધર્મયુક્ત હોય છે. વિશેષ ધર્મોનું જ્ઞાન નહિ કરી શકનારો માનવી, સામાન્ય ધર્મોનું જ્ઞાન પણ ન કરી શકે, એમ કહેવું એ સર્વથા ખોટું છે.

શ્રી જિનવાણીને સર્વ વિશેષો સહિત જાણવી, એ તેવા પ્રકારના વિશિષ્ટ ક્ષયોપશમને ધારણ કરનાર મહા-પુરુષો સિવાય બીજાઓ માટે ભલે અશક્ય હો, પરંતુ તેટલા ઉપરથી મંદ ક્ષયોપશમવાળા આત્માઓ સામાન્યતયા યા થોડા પણ વિશેષો સહિત તેને ન જાણી શકે, એમ કહેવું એ વ્યાજબી નથી.

મંદમાં મંદ ક્ષયોપશમવાળો આત્મા પણ જો સંજ્ઞી-પંચેન્દ્રિય-પર્યાપ્તપણાને ધારણ કરનાર હોય, તો તે શ્રી જિનવાણીના સામાન્ય સ્વરૂપને ખુશીથી સમજી શકે છે. શ્રી જિનવાણીરૂપી મહાસાગરમાં વર્ણવેલ ચાર ગતિના સમસ્ત સ્વરૂપને નહિ જાણી શકનાર આત્મા પણ, શ્રી જિનેશ્વરદેવના વચન અનુસાર જો એટલું જ જાણે, સમજે કે,

" ईह खलु अणाइजीवे, अणाइजीवस्स भवे, अणाइ म्म-संजोगनिव्वत्तिए, दुःक्खरुवे, दुक्खफले, दुक्खाणुबन्धे । "

અર્થ : આ સંસારમાં નિશ્ચયથી જીવ અનાદિ છે. જીવનો સંસાર અનાદિ છે, એ સંસાર અનાદિ કર્મસંયોગથી થયેલો છે તથા દુ:ખરૂપ છે, દુ:ખના ફળવાળો છે અને દુ:ખનો જ અનુબંધ કરાવનાર છે.

એટલું જાણે તો પણ, તેને શ્રી જિનવચનની પ્રાપ્તિ થયેલી છે, એમ માનવામાં કોઈ વાંધો નથી.

સામાન્યથી શ્રી જિનવચનના એક પણ પદની પ્રાપ્તિ

કરીને આજ સુધી અનંતા આત્માઓ સિદ્ધિપદને વર્યા છે, એવું મહર્ષિઓનું કથન છે.

એક પદ પણ જો તે શ્રી જિનભાષિત છે, શ્રી જિન-વચનને બરાબર અનુસરતું છે, તો તે પણ આત્માને સંસાર-સાગરથી તારનારું થાય છે. આ હકીકત જ એ વાતને સિદ્ધ કરે છે કે; સામાન્યથી શ્રી જિનવચનની પ્રાપ્તિ કોઈપણ સંજ્ઞી-પંચેન્દ્રિય-પર્યાપ્ત ભવ્ય આત્માને અશક્ય નથી અને એજ સત્ય વૈરાગ્યની પ્રાપ્તિ માટે બસ છે.

ભાવથી થએલ સામાન્ય જિનવચનની પ્રાપ્તિ, એ વિશેષ જિનવચનની પ્રાપ્તિમાં પ્રતિબંધક નથી, કિન્તુ સહાયક છે અને સામાન્ય યા વિશેષ ઉભયમાંથી કોઈપણ પ્રકારની પ્રાપ્તિ એ વસ્તુની જ પ્રાપ્તિ છે. બેમાંથી કોઈપણ પ્રકારે શ્રી જિનવચનની ભાવથી પ્રાપ્તિ કરનાર આત્મા શ્રી જિનકથિત નિર્દંભ વૈરાગ્યને પણ અવશ્ય પ્રાપ્ત કરી શકે છે.

## * કાચા પાયા ઉપરની ઈમારત *

વૈરાગ્ય માટે આટલી સામાન્ય વાત સમજી લીધા પછી, હવે એ શંકા નહિ રહે કે, 'થોડા જ્ઞાનવાળાનો વૈરાગ્ય ખોટો હોય અને અધિક જ્ઞાનવાળાનો વૈરાગ્ય જ સાચો હોય.'

થોડું પણ જ્ઞાન, શ્રી જિનવચનના અનુસારે હોય; તો તેનાથી ઉત્પન્ન થએલો વૈરાગ્ય સાચો જ છે અને

ઘણું પણ જ્ઞાન શ્રી જિનવચનથી વિપરીત હોય, તો તેનાથી ઉદ્‌ભવેલો વૈરાગ્ય સાચો નથી, આભાસ માત્ર છે, વિપરીત સંયોગોમાં ચાલી જવાવાળો છે.

એજ રીતે શ્રી જિનવચનાનુસારી જ્ઞાનયુક્ત આત્માનો થોડો પણ વૈરાગ્ય દંભરહિત હોય છે અને શ્રી જિન-વચનથી વિપરીત જ્ઞાનયુક્ત આત્માનો ઘણો પણ વૈરાગ્ય દંભયુક્ત હોવાનો પૂરેપૂરો સંભવ છે. કારણ કે જ્યાં સુધી આત્માને સંસારના સ્વરૂપનું યથાસ્થિત ભાન થયું નથી, ત્યાં સુધી તેનો ઉત્પન્ન થએલો વૈરાગ્ય, કાચા પાયા ઉપરની ઈમારત જેવો છે, તેને તૂટી પડતાં વાર લાગવાની નથી.

## * ભાવસહિત અને ભાવરહિત જ્ઞાન *

શ્રી જિનવચનાનુસારે ઉત્પન્ન થએલ સંસારની અસારતાનું જ્ઞાન ચાહે વિસ્તારથી હો કે સંક્ષેપથી હો, કિન્તુ તે યથાર્થ હોય છે.

અહીં કોઈને શંકા થશે કે, શ્રી જિનેશ્વર ભગવંતો સંસારને અસાર કહે છે, એટલું જ માત્ર જેણે જાણ્યું છે, કિન્તુ શાથી અસાર કહ્યો છે એ વગેરે હેતુઓનું જ્ઞાન મેળવ્યું નથી, તેવા અતિશય અલ્પ જ્ઞાનવાળાને નિર્દંભ વૈરાગ્ય કેવી રીતે સંભવે ?'

આનો ઉત્તર ઉપર અપાઈ ગયો છે કે- 'ભાવસહિત શ્રી જિનવચનના એકપણ પદને પ્રાપ્ત કરીને આજ સુધી અનંત આત્માઓ શ્રી સિદ્ધિપદને વર્યા છે. સાચા વૈરાગ્યની

પ્રાપ્તિ માટે સંક્ષિપ્ત યા વિસ્તૃત જ્ઞાન ઉપર ભાર દેવાને બદલે ભાવપૂર્વકના જ્ઞાન ઉપર ભાર દેવાની આવશ્યકતા છે.

શ્રી જિનવચનનું જ્ઞાન પણ વિસ્તૃત હોવા છતાં, જો તે ભાવસહિત નથી કિન્તુ ભાવરહિત છે, તો તે સાચા વૈરાગ્યની ઉત્પત્તિનું કારણ બની શકતું નથી. ઉલટ પક્ષે, સંક્ષિપ્ત જ્ઞાન પણ ભાવસહિત છે, તો તેનાથી નિર્દંભ વૈરાગ્યની પ્રાપ્તિ નિઃસંશયપણે થઈ શકે છે.

ભાવસહિત 'મા રૂષ મા તુષ' એવું એકાદ પદનું જ્ઞાન પણ માષતુષાદિ મહામુનિવરોને તીવ્ર વૈરાગ્યની પ્રાપ્તિ કરાવી અંતે મોક્ષ આપનાર થઈ શક્યું હતું અને ભાવ વિનાનાં સાડા-નવ પૂર્વ પર્યંતનાં જ્ઞાન પણ અભવ્યાદિ જીવોને ભવની વૃદ્ધિ કરાવનારાં નીવડયાં હતાં.

એનું ખરું કારણ એ છે કે, ભાવસહિત થોડું પણ જ્ઞાન-સમ્યગ્ જ્ઞાન-વિશેષ જ્ઞાનની પ્રાપ્તિમાં બાધક નથી, કિન્તુ સાધક છે.

જે આત્માઓ પોતાને પ્રાપ્ત થએલા થોડા પણ જ્ઞાનથી સંતુષ્ટ બની જઈને અધિક જ્ઞાનની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરવાનું જ માંડી વાળે છે તે આત્માઓનું તે કહેવાતું થોડું સમ્યગ્જ્ઞાન ભાવથી પ્રાપ્ત થએલું છે, એમ કહી શકાય જ નહિ.

ભાવથી પ્રાપ્ત થએલ સમ્યગ્જ્ઞાનનો અર્થ એ છે કે, તે જ્ઞાન તેને અતિશય રૂચિ ગયું હોય. અને જે વસ્તુની

તીવ્ર રૂચિ આત્મામાં એક વખત જાગ્રત થઈ જાય છે, તે વસ્તુની અધિક પ્રાપ્તિ માટે તે આત્મા છતી શક્તિએ ઉદ્યમ કર્યા વગર રહી શકતો જ નથી.

## * હિતકારિતાનું જ્ઞાન જોઈએ *

અહીં પણ એ શંકા ઊભી થવાનો સંભવ છે કે, અલ્પ બોધથી તીવ્ર રૂચિ પેદા શી રીતે થાય ?'

તેનું સમાધાન એ છે કે કોઈપણ વસ્તુ પ્રત્યે પ્રેમ સંપાદન કરવાની રીત જ એ છે કે તેના ગુણોનું પ્રથમ સારી રીતે જ્ઞાન મેળવવું. એ જ્ઞાનમાં જેટલી કચાશ તેટલી પ્રેમમાં પણ કચાશ જ રહેવાની.

આ વાત સત્ય હોવા છતાં પણ, 'સારી રીતે' જ્ઞાન મેળવવાનો અર્થ, 'સર્વ વિશેષો સહિત' એવો જો કોઈ કરતું હોય, તો તે પણ સાચું નથી. અહીં 'સારી રીતે'નો અર્થ 'તીવ્ર રૂચિ પેદા કરાવે' તેવો અને તેટલો જ ગ્રહણ કરવાનો હોય છે.

'તીવ્ર રૂચિ પેદા કરાવે' તેટલું જ્ઞાન પામવા માટે સર્વ વિશેષોના જ્ઞાનની આવશ્યકતા છે, એમ કહેવું એ ખોટું છે.

બાળકને પોતાની જનેતા પ્રત્યે તીવ્ર રૂચિ હોય છે, તેનું કારણ તે માતાના સ્વરૂપને સર્વ રીતે ઓળખે તે નથી. કિન્તુ મારી માતા હિતસ્વિની છે તેનો જ માત્ર ખ્યાલ કારણરૂપ છે.

માતાની કોઈ પણ ચેષ્ટા કે પ્રવૃત્તિ બાળકના અહિત માટે હોતી નથી, એ જાણીને જ બાળક માતા પ્રત્યે પ્રેમવાળું બને છે. એટલે માતા પ્રત્યે બાળકના પ્રેમનું કારણ, માતાના સંપૂર્ણ સ્વરૂપનું જ્ઞાન નથી, કિન્તુ તેની હિતકારિતા માત્રનું જ્ઞાન છે.

'રૂચિ અગર પ્રેમનો આધાર જ્ઞાન જ છે,' એ વાત સત્ય હોવા છતાં, તે જ્ઞાન જે પદાર્થ પ્રત્યે રૂચિ અગર પ્રેમ ઉત્પન્ન કરવો છે. તે પદાર્થની 'હિતકારિતા' સિવાય બીજી બાબતનું નહિ જ, એ બરાબર સમજી લેવું જોઈએ.

પદાર્થની 'હિતકારિતા' ઉપરાંત તેના બીજા ધર્મોનું જ્ઞાન હોય તો હરકત નથી, કિન્તુ તે જ્ઞાન સાધક હોવું જોઈએ, બાધક નહિ.

માબાપ બાળકનાં હિતચિંતક હોવા છતાં, તેવા તેવા પ્રકારનાં ઉદ્દંડ તોફાની બાળકોની સોબતથી રખડેલ બનેલા બાળકને–'રમતગમત ઉપર અંકુશ મૂકનાર માતા-પિતા મારા સુખમાં અંતરાય કરનાર છે.'–એવી બુદ્ધિ થાય તો એ જાતનું જ્ઞાન, માબાપ પ્રત્યેની ભક્તિ યા પ્રેમમાં સાધક નથી, પરંતુ બાધક છે.

તે જ રીતે શ્રી જિનવચન અને તેણે ફરમાવેલા માર્ગ પ્રત્યે રુચિ યા ભક્તિનું કારણ શ્રી જિનવચન યા તેણે દર્શાવેલા માર્ગના સર્વ વિશેષોનું જ્ઞાન નથી, કિન્તુ તેની હિતકરતાનું જ માત્ર જ્ઞાન છે. જેઓને તેની હિત-

કરતા નિસર્ગથી યા ઉપદેશથી સમજાય છે, તેઓને તેના પ્રત્યે પ્રેમ અખંડ જાગી શકે છે.

## * સમ્યગ્દર્શનનું અસાધારણ કારણ *

શ્રી જૈનશાસ્ત્રની પરિભાષા પ્રમાણે ચતુર્થ ગુણ-સ્થાનકની પ્રાપ્તિ, કોઈ પણ સંજ્ઞી-પંચેન્દ્રિય-પર્યાપ્ત ભવ્ય આત્મા કરી શકે છે. પછી તેનું જ્ઞાન એક પદનું હોય કે યાવત્ ચૌદ-પૂર્વનું હોય.

ફલિતાર્થ એ છે કે, સમ્યગ્દર્શન પ્રાપ્ત થવા માટે જ્ઞાન એ કારણ છે, પરંતુ તે સાધારણ કારણ છે, કારણ કે તેટલું જ્ઞાન તો સંજ્ઞી-પંચેન્દ્રિય-પર્યાપ્ત કોઈ પણ આત્મામાં હોઇ શકે છે.

અસાધારણ કારણ, દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ છે. તેવા ક્ષયોપશમવાળો આત્મા અધિગમાદિ બાહ્ય નિમિત્તો વિના પણ શ્રી જિનવચનની રૂચિ પામી શકે છે. અને દર્શનમોહનીય કર્મના ક્ષયોપશમ વિનાનો આત્મા અધિગમાદિ બાહ્ય નિમિત્તોને મેળવે, તો પણ સમ્યગ્દર્શનને પામી શકતો નથી.

દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ થવામાં જ્ઞાન એ સહકારી કારણ છે, પરંતુ તે જ્ઞાનનો વિસ્તાર કેટલો હોવો જોઇએ એનો નિયમ નથી. નિયમ માત્ર 'હિતકારિતા'ની પિછાણનો છે. એ પિછાણ કરાવનાર જ્ઞાન ઉપકારી છે અને એમાં વિપર્યાસ-ભ્રમ કરાવનાર જ્ઞાન

તેટલું જ અપકારી છે.

એ કારણે સમ્યગ્દર્શનના વિષયમાં માત્ર જ્ઞાનને જ પ્રધાનતા આપી, અલ્પજ્ઞાનીમાં સમ્યગ્દર્શન ન સંભવે, એવો નિર્ણય કરનાર સાચો નિર્ણયક નથી.

અધિક યા અલ્પ પણ શ્રી જિનવચન પ્રત્યેની રૂચિમાં સહાય કરનારૂં જ્ઞાન એ આદેય છે. એ સિવાયનું જ્ઞાન આદેય નથી. પરંતુ ત્યાજય છે.

આટલી વાત સમજાયા પછી એ સમજવું મુશ્કેલ નથી કે, થોડા પણ સમ્યગ્જ્ઞાનપૂર્વક થએલ વૈરાગ્ય સાચો હોઈ શકે છે અને ઘણા પણ મિથ્યાજ્ઞાનથી ઉદ્ભવેલો વૈરાગ્ય સાચો હોઇ શકતો નથી.

શ્રી જિનવચનાનુસાર જ્ઞાન, એ સમ્યગ્જ્ઞાન છે અને એથી વિપરિત મિથ્યાજ્ઞાન છે. અહીં સમ્ગ્જ્ઞાન એટલે પદાર્થનો સાચો અવબોધ કરાવનાર જ્ઞાન અને મિથ્યાજ્ઞાન એટલે પદાર્થના સ્વરૂપથી વિપરિત પ્રતિપત્તિ–શ્રદ્ધા કરાવનાર બોધ.

શ્રી જિનવચન સંસારનો જે બોધ કરાવે છે, તે યથાર્થ છે. જ્યારે ઈતરનાં વચનો સંસારને વિપરિત સ્વરૂપમાં રજૂ કરે છે. સંસારને તેના યથાર્થ સ્વરૂપમાં સમજયા વિના, તેના તરફ જાગેલો વૈરાગ્ય વાસ્તવિક કોટિનો હોઇ શકતો નથી. એવો વૈરાગ્ય લાંબો વખત ટકી શકે એ બનવું સંભવિત નથી અને કદાચ ટકે તો પણ તે સર્વથા નિર્દંભ હોય, એ તો કદી પણ શક્ય નથી.

## * સર્વ દુઃખનું મૂળ રાગ *

વૈરાગ્યને પર્યાય શબ્દ છે રાગનો અભાવ. અને એ રાગ સંસારી આત્માઓને કોઈ ને કોઈ રીતે વળગેલો હોય જ છે. સંસારી આત્માઓના દુઃખનું મૂળ પણ તે રાગ જ છે, કારણ કે જ્યાં રાગ હોય છે, ત્યાં તેથી વિરુદ્ધ વસ્તુ ઉપર દ્વેષ બેઠેલો જ હોય છે, અને રાગદ્વેષ જ્યાં બેઠા હોય છે, ત્યાં ભય, શોક અરતિ આદિ ન હોય એમ બનતું જ નથી..

ભય, શોક, અરતિ આદિ મનોવિકારની આધીનતા એ જ દુઃખ છે, એ કારણે દુઃખથી મુક્તિ મેળવવાના અર્થી આત્માઓએ 'રાગ'થી મુકિત મેળવ્યા સિવાય બીજો ઉપાય જ નથી. એ રાગથી મુક્તિ થવી વૈરાગ્યને આધીન છે અને વૈરાગ્ય સંસારનાં યથાર્થ સ્વરૂપનાં જ્ઞાન ઉપર આધાર રાખે છે.

સંસારને તેના યથાર્થ સ્વરૂપમાં સમજાવનાર શ્રી જિનવચન સિવાય બીજું કોઈ નથી. એ કારણે વૈરાગ્યના

માર્ગમાં શ્રી જિનવચનની ઉપયોગિતા સૌથી અધિક છે, એ સ્વતઃસિદ્ધ થાય છે.

## * ક્રિયાની પણ આવશ્યકતા *

એ શ્રી જિનવચનની પણ ભાવરહિત પ્રાપ્તિ નિરર્થક છે. ભાવરહિત અને ભાવસહિત જ્ઞાન વચ્ચે સૂર્ય અને આગીઆ જેટલું અંતર છે.

આગીઆનો પ્રકાશ અકિંચિત્કર છે અને સૂર્યનો પ્રકાશ કાર્યસાધક છે. તેમ ભાવસહિત જ્ઞાન એ જ વૈરાગ્યના કાર્યમાં કાર્યનું સાધક છે.

ભાવરહિત જ્ઞાન શ્રી જિનવચનાનુસારી હોવા છતાં પણ સમ્યગ્જ્ઞાનની કોટિને પ્રાપ્ત કરી શકતું નથી, શ્રી જિનવચનાનુસારી જ્ઞાન પણ અભવ્ય યા દુર્ભવ્યોને વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થઈ શકે છે; કિન્તુ તે સઘળું ભાવશૂન્ય હોવાથી નિર્દંભ વૈરાગ્યનું સાધન બની શકતું નથી.

નિર્દંભ વૈરાગ્યનું સાધક જ્ઞાન જેમ શ્રી જિનવચનને અનુસરનારૂં હોવું જોઈએ, તેમ તે હૃદયની રૂચિ, ભાવ યા શ્રદ્ધાપૂર્વકનું હોવું જોઈએ, હૃદયની રુચિ એ મુખ્ય ચીજ છે અને તે ફક્ત જ્ઞાન દ્વારા લભ્ય નથી. એમાં હિતકારિતાદિના જ્ઞાનની આવશ્યકતા છે. અને તેથી પણ અધિક વિનય, ભક્તિ, આદર આદિ બાહ્ય ક્રિયાની પણ આવશ્યકતા છે.

કોઈપણ પદાર્થ પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરવા માટે એકલું જ્ઞાન કારગત થઇ શકતું નથી, પરંતુ જ્ઞાન સાથે ક્રિયાની પણ સંપૂર્ણ આવશ્યકતા છે.

## * જ્ઞાન એટલે માનસિકક્રિયા *

જ્ઞાન એ જેમ પ્રેમોત્પાદક છે, તેમ ક્રિયા એ પણ પ્રેમોત્પાદક છે.

'જ્ઞાન એ પ્રેમોત્પાદક છે, પરંતુ ક્રિયા પ્રેમોત્પાદક નથી, એમ કહેવું એ ભૂલ ભરેલું છે. જ્ઞાનાભ્યાસ માત્રથી સમ્યગજ્ઞદર્શનની પ્રાપ્તિ અને સ્થિરતા આદિની આશા રાખનાર જરૂર નાસીપાસ થાય છે. જ્ઞાનાભ્યાસ એ જેમ સહાયક છે, તેમ વિનયાદિક્રિયા પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ આદિમાં અપૂર્વ સહાયક છે. બલ્કે જે વિશેષતા ક્રિયામાં છે, તે જ્ઞાનમાં પ્રાપ્ત થવી અશક્ય છે.

જ્ઞાન એ માનસિક ક્રિયા છે, જ્યારે ક્રિયા એ શારીરિક અને વાચિક ક્રિયા છે. શરૂઆતનાં અભ્યાસી પુરુષોને માટે કેવળ માનસિક ક્રિયા ઉપર ભાર દઈ દેવો એ તેને આગળ વધારવા માટે નથી, કિન્તુ પાછળ પાડવા માટે છે.

અતિશય ચંચળ મનને વશ કરવા માટે કેવળ માનસિક ક્રિયા કામ આવી શકતી નથી. સાધના વિના જેમ સાધ્યની સિદ્ધિ નથી, તેમ શારિરીક અને વાચિક ક્રિયાને પણ યોગ્ય માર્ગે જોડયા વિના મન સ્વાયત્ત

બનતું નથી. એટલું જ નહિ પણ અયોગ્ય માર્ગે પ્રવર્તેલા વચન અને કાયાવાળાની માનસિક ક્રિયા પણ એળે જાય છે.

## * ક્રિયા વિનાના જ્ઞાનની રંક દશા *

તપેલા લોખંડના તવા ઉપર પડેલાં પાણીનાં બિંદુઓની જેટલી સ્થિતિ છે, તેટલી જ સ્થિતિ અયોગ્ય માર્ગે વપરાઇ રહેલાં વચન અને કાયા ઉપરનાં જ્ઞાનનાં બિંદુઓની છે, એ તરત જ સુકાઈ જાય છે. અર્થાત એનું કાર્ય કર્યા પહેલાં જ એની હયાતિ નાશ પામે છે.

જે માનસિક ક્રિયાનો શારીરિક કે વાચિકક્રિયા પર અંકુશ નથી આવ્યો તે માનસિક ક્રિયાની હાલત રંક છે. એ કારણે શરીર અને વચનને પણ કેળવવાં એ તેટલું જ જરૂરી બને છે.

સારી રીતે કેળવાએલાં અને યોગ્ય માર્ગે પ્રવર્તેલાં શરીર અને વચન ઉપર જ્ઞાનની અસર બહુ સુંદર અને દીર્ઘકાળ સુધી ટકી શકે તેવી પડે છે. તેથી જ્ઞાનની મુખ્યતાના ઓઠા નીચે સમ્યક્ત્વ અને વૈરાગ્યની પોષક સત્ક્રિયાઓને જરા ગણ પણ અવગણી શકાય તેમ નથી.

## * જ્ઞાન છતાં શ્રદ્ધાનો અભાવ *

શ્રી વીતરાગ પરમાત્માને વંદન, પૂજન, નમસ્કાર આદિ ક્રિયાઓ અદ્ભુત રીતે વૈરાગ્યને પોષે છે અને

સમ્યક્ત્વને દૃઢ કરે છે. ગુરૂવંદનાદિ ક્રિયાઓ અને સાધર્મિક ભક્તિ આદિ કાર્યો પણ સમક્તિની દૃઢતા અને વૈરાગ્યની પુષ્ટિ માટે તેટલાં જ જરૂરી છે.

એજ કારણે શ્રી જિનશાસનમાં ત્રિકાળ જિનપૂજા, નિયમિતગુરુવંદન, ઉભયકાળ આવશ્યક નિરંતર સદ્ગુરૂ-મુખે શ્રી જિનવચન-શ્રવણ, સામાયિક, પૌષધ, સુપાત્ર-દાન આદિ કર્તવ્યો વિહિત કરેલાં છે.

જ્ઞાન હજુપણ જોવામાં આવે છે, કિન્તુ એ તારક ક્રિયાઓના અભાવે જ આજે શ્રદ્ધાનો લગભગ વિનાશ થતો દેખાય છે.

જો જ્ઞાન એજ સમ્યક્ત્વની દૃઢતાનો માત્ર એક જ ઉપાય હોત, તો શ્રદ્ધાવાન કરતાં પણ અધિક જ્ઞાનને ધારણ કરનાર, દેવ અને ગુરુનાં સ્વરૂપોનું લંબાણથી વિવેચન કરી શકનાર, તથા વૈરાગ્યના પ્રાણભૂત અનિત્યત્વાદિ બાર ભાવનાઓ, તથા સમ્યક્ત્વના પ્રાણભૂત મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ ઉપર પાનાઓ ભરી ભરીને વિવેચન કરી શકનાર પણ શ્રદ્ધાશૂન્ય દેખાય છે, તે કેવી રીતે શકય બને?

## * શ્રદ્ધાહીન જ્ઞાનીઓનો અનર્થ *

ક્રિયા પ્રત્યે અનાદરભાવને પામેલા જ્ઞાનીઓ આજે પોતાની જ શ્રદ્ધા ગુમાવી બેઠા છે એમ નથી. પરંતુ તેઓ તો બીજાની શ્રદ્ધાના મૂળમાં પણ તેવો જ પ્રહાર

કરતા નજરે પડે છે. એવાઓ 'સુદેવ સુગુરૂ અને સુધર્મ એ જગતમાં સારભૂત છે,' એમ સિદ્ધ કર્યા પછી પણ કુદેવ, કુગુરૂ અને કુધર્મનું બહુમાન કરવા ગર્ભિત રીતે સૂચવે છે. એવાઓને કુદેવ, કુગુરુ અને કુધર્મની આશાતનાનો જેટલો ભય લાગે છે, તેટલો ભય સુદેવ, સુગુરૂ અને સુધર્મની આશાતનાનો રહ્યો નથી.

આંશિક સત્યને સંપૂર્ણ સત્ય માની લઈ, ઊભાં થએલાં એકાંત દર્શનોમાં તેઓ સત્યનો જેટલો પક્ષપાત જોઈ શકે છે, તેટલો સત્યનો પક્ષપાત સંપૂર્ણ સત્ય જ સત્ય તરીકે સ્વીકારવાનો ઉપદેશ કરનાર આગમોમાં જોઇ શકતા નથી.

અસત્ય વાતને ઘણુ અસત્ય તરીકે જાહેર કરવામાં, તેઓને કેમવાદનું પોષણ દેખાય છે, અને સત્યનું છડે ચોક ખંડન કરનાર પણ ક્ષમાશીલ છે, એવો તેમને ભાસ થાય છે.

અનુપેક્ષણીય દોષપાત્ર એવા પણ પરની ટીકામાં પાપ દેખનારા અને સર્વમાં ગુણ જ જોવાની વાતો કરનારા તેઓ, પોતાની રૂચિથી પ્રતિકૂળ ગુણવાનોની પણ નિંદા કરવાની એકેય તકને જતી કરતા નથી.

હિંસાને પાપ માનનારા અને રાજ્યદ્વારી ક્ષેત્રમાં પણ અહિંસાની હિમાયત કરનારા તેઓ, જીવનપર્યંત અહિંસાવ્રતને આચરનારા સ્વગુરુઓની સાચી યા ખોટી નિંદા કરવામાં અભિમાન લે છે.

શસ્ત્રસજ્જ રાજ્ય સામે નિર્બળોના પ્રાણ લૂંટાવી દેવાની વાતો કરનારા તેમને અસત્ય-ઝનૂન ફેલાવનારા નથી લાગતા, કિન્તુ શ્રી જિનમતના સાચા અને વિશ્વોપકારક સિદ્ધાંતના સંરક્ષણાર્થે સર્વસ્વ સમર્પિત કરી દેવાનો ઉપદેશ દેનારા તેમને ધર્મઝનૂન ફેલાવનારા લાગે છે....

શ્રી-જિનમતપ્રકાશિત ભૌગોલિક વાતોમાં કે દેવ, નારકી આદિનાં વર્ણનોમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવામાં તેમને જેટલી અંધશ્રદ્ધાની ગંધ આવે છે, તેટલી અંધશ્રદ્ધાની ગંધ વર્તમાનની અપૂર્ણ વૈજ્ઞાનિક શોધોને આપ્તવચનરૂપ કલ્પવામાં આવતી નથી.

શ્રાવક-કુળના અહિંસક આચારો અને રાત્રિભોજન, અભક્ષ્ય-ભક્ષણાદિના ત્યાગો તેઓને જેટલા પસંદ નથી આવતા, તે કરતાં તેઓની અનેકગણી અધિક પસંદગી, રાજ્યસત્તાને મહાત કરવા માટે અને ઐહિક લોકના સ્વાર્થોની રક્ષા માટે ઉપજાવી કાઢેલી કહેવાતી અહિંસક પદ્ધતિમાં સમાએલા ત્યાગ ઉપર ઉતરે છે.

'અહિંસા, સંયમ અને તપ એ ઉત્કૃષ્ટ મંગળ છે, અને સર્વ ધર્મોનું પરમ રહસ્ય છે' એવી વાત્તો કર્યા પછી, જે અહિંસામાં સંયમ અને તપ ઉભયનો વિનાશ છે, એવી અહિંસા પણ પરમ ધર્મ છે, એમ કહેતાં તેઓ મુદ્દલ ચચકાતા નથી.

આ બધાને સમ્યક્ક્રિયા વિનાના આદરશૂન્ય જ્ઞાનના માત્ર વિલાસ સિવાય બીજું શું કહી શકાય ?

અહીં પ્રશ્ન આદરનો છે. લોકલાજ કે કુળમર્યાદાથી થતી ક્રિયાનો નથી. જે આદર અને અંતરંગ પ્રેમ સમ્યક્ત્વપોષક સત્ક્રિયાઓ પ્રત્યે જોઈએ, તે નાશ પામવાથી જ અને તેનો નાશ પામવામાં અભિમાન હોવાથી જ આ સ્થિતિ ઊભી થઇ છે, એમ કહેવામાં જરા પણ ખોટું નથી.

અનીતિ આદિ નાનાં પાપોને ય ભયંકર માનવાનું કહેનારાઓ, મોજથી અને વિલાસથી મિથ્યાત્વસેવનમાં લીન બને, એમાં અભિમાન ધારણ કરે અને તેમાં પોતાના જ્ઞાનની સફળતા સમજે, એ જ્ઞાનીઓને મન અતિશય કરુણાનો વિષય છે.

મિથ્યાત્વ એ મહાપાપ છે. બીજાં સત્તર પાપોથી પણ તે ચઢિયાતું છે અને અનંત જન્મ-મરણની પરંપરાને વધારનારૂં છે, એમ સમજ્યા અને સમજાવ્યા પછી, વાત-વાતમાં એ પાપના સેવનમાં રસ લેવાય, તેના જેવો દેખીતો અંધાપો બીજો એક પણ ન હોઈ શકે. તેવા જનોએ ક્ષયોપશમની મંદતા કે ધર્મરુચિની મંદતાને કારણે આવશ્યકાદિ ક્રિયાઓમાં દોષ આચરનારાઓને જેટલા દોષપાત્ર ગણ્યા છે, તેટલા દોષપાત્ર વિદ્વાન ગણાતા સ્વચ્છન્દી જનોને નથી ગણ્યા, એ સમ્યક્ત્વનું

ફળ છે કે મિથ્યાત્વનું, એનો નિર્ણય શાંત ચિત્તે તેઓ જ કરે તો વધારે સારું.

આ જ કારણે શ્રદ્ધાહીન જ્ઞાનીઓ દ્વારા મચાવવામાં આવતા અનર્થોના પણ જ્ઞાતા-જ્ઞાનીઓનું એ કહેવું છે કે વૈરાગ્યના માર્ગમાં કેવળ જ્ઞાનનું પ્રાબલ્ય નથી, કિન્તુ શ્રદ્ધા સહિત જ્ઞાનનુ જ પ્રાબલ્ય છે,

શ્રદ્ધાહીન જ્ઞાની બનીને પણ કેવળ અનર્થો ઉપદ્રવો મચાવતો રહે છે, જ્યારે વિશેષ જ્ઞાનથી રહિત એવો પણ શ્રદ્ધાળુ કોઈને પણ ઉપદ્રવરૂપ બન્યા સિવાય પોતાના ક્ષયોપશમ મુજબ આરાધનાના માર્ગ તરફ જ જીવનપર્યંત ઝૂકયો રહે છે. એ શ્રદ્ધા સત્ક્રિયાથી સંપ્રાપ્ય છે તેથી શ્રી જિનપ્રરૂપિત સત્ક્રિયાઓ પ્રત્યે આદર, એ વૈરાગ્યના માર્ગમાં મુખ્ય વસ્તુ છે.

## ક્રિયા કરનારનું પણ જીવન સુંદર કેમ ન હોય?

અહીં એક પ્રશ્ન ઊભો થવાનો જરૂર અવકાશ છે કે, 'સત્ક્રિયાઓને નિરંતર આચરનારાઓ, તથા સુદેવ અને સુગુરુની ભક્તિ કરવામાં આગેવાની લેનારાઓ, તથા જીવનપર્યંત ધર્મક્રિયાઓમાં રત રહેનારાઓના જીવનમાં પણ ધ્યેયશૂન્યતા, આદરશૂન્યતા કે વિપરિત ચેષ્ટાઓ તેટલી જ અનુભવાય છે, તો પછી એવો નિયમ કયાં રહ્યો કે, શ્રી વીતરાગદેવ, શ્રી નિર્ગ્રન્થ ગુરુઓ અને

તેઓએ બતાવેલાં અનુષ્ઠાનોને આચરનારાઓ તો પોતાના જીવનને ઉત્તમ બનાવી જ શકે છે

આ પ્રશ્નનો ઉત્તર તદ્દન સ્પષ્ટ છે, કે, જીવનપર્યંત શ્રી વીતરાગદેવની પૂજા, શ્રી નિર્ગ્રન્થ ગુરુ-ઓની ભક્તિ અને શ્રી જિનશાસનની પ્રભાવનાનાં કાર્યોમાં રત રહેનારા પણ પોતાના જીવનને સુંદર ન બનાવી શકતા હોય, તો તે દોષ તેમનો પોતાનો છે, નહિ કે તે ધર્માનુષ્ઠાનોનો. અગર જો તે આત્માઓના જીવનમાં ધર્મનુષ્ઠાનોનું આચરણ પણ ન હોત, તો તેઓ આજે જેટલા સારા દેખાય છે, તેટલા પણ સારા રહી શકયા હોત કે કેમ એ એક સવાલ છે.

તેઓને વધુ પાપી થતાં અટકાવનાર એ ધર્માનુષ્ઠાનો જ છે. તેઓમાં પ્રવેશેલી દાંભિક વૃત્તિ, જડતા, આગળ વધવાના ઉત્સાહનો અભાવ ગતાનુગતિકતા, સ્વાર્થ સાધવાની જ એક વૃત્તિ વગેરે દોષો એ તેમની વિષક્રિયાઓ અને સમૂચ્છિંમ-ક્રિયાઓનાં ફળ છે. શ્રી જૈનશાસને એ ક્રિયાઓને કદાપિ વિહિત કોટિની ગણેલી નથી.

## * અયોગ્ય નીતિ *

અવિહિત રીતે ધર્મક્રિયા આચરનારાઓના દોષનો ટોપલો, વિહિત રીતે ક્રિયા આચરવાનો ઉપદેશ આપ-નારાઓ ઉપર ઓઢાડી દેવા પ્રયાસ કરવો, એ સર્વથા

ન્યાયવિરુદ્ધ છે.

ક્રિયા પ્રત્યેનો આદર ગુમાવી બેઠેલા કહેવાતા ભણેલાઓએ આ પ્રકારની નીતિ અપનાવવી એ તેમના ભણતર માટે શોભારૂપ નથી. આવી નવી નીતિ અંગીકાર કરવાને બદલે, શરૂથી જ જો તેઓએ સક્રિયામાં પ્રવેશતી અવધિનો જ માત્ર સામનો કર્યો હોત, શુદ્ધ વિધિપૂર્વક થતી ક્રિયાઓને હાર્દિક રીતે વખાણી હોત અને જગતમાં તેનો જ મહિમા ગાયો હોત, તો વિપરિત રીતે અનુષ્ઠાન કરનારાઓની કે તેઓની આટલી કફોડી દશા થાત નહિ.

## * નિંદા ન કરો પણ આચરી બતાવો *

શ્રી જિનભાષિત લોકોત્તર અનુષ્ઠાનો, શ્રદ્ધા તેમજ વૈરાગ્યને પોષક છે. એનો અનુભવ આજે ન થતો હોય, તો તેનો દોષ વિપરિત ઇરાદે કે અન્ય અવિધિના આસેવનપૂર્વક અનુષ્ઠાનો આચરનારાઓનો છે અને તેથી પણ વધુ દોષ એ અવિધિના નાશનો માર્ગ છોડી દઈ, અનુષ્ઠાનોને જ નિંદી, છોડી દેનારા કે છોડી દેવાનો ઉપદેશ આપનારાઓનો છે.

એ બંને માર્ગ ત્યાજ્ય છે. તેવા અયોગ્ય માર્ગોનો હજુ પણ ત્યાગ કરી દેવામાં આવે, તો તેવા આત્માઓને લોકોત્તર અનુષ્ઠાનોના મહિમાનો સ્વયં સાક્ષાત્કાર થયા સિવાય રહે નહિ અથવા શુદ્ધ વિધિપૂર્વક લોકોત્તર અનુ-

ષ્ઠાનો આચરવા તે કેટલું કઠિન છે તેનો પણ ખ્યાલ આવ્યા સિવાય રહે નહિ.

અવિધિથી ઉભય-કાળ આવશ્યક કરનારની ટીકા કરનારાઓ, એક વખત એવી પદ્ધતિનો ત્યાગ કરી દઈ સ્વયં તે ક્રિયા આચરવા પ્રયાસ કરે, તો પોતે જે વસ્તુની ટીકા કરે છે તે વસ્તુનો એકદમ ત્યાગ થઈ જવો તે કેટલું કઠિન છે. તેનું ભાન થઈ શકે. એ રીતે (અવિધિપૂર્વક) પણ ટેક સહિત જીવનના અંત સુધી તે ક્રિયાઓ પોતાનાથી થવી શક્ય છે કે કેમ તેનો અંદાજ આવી જશે અને પછી તે ભ્રમ ભાંગી જશે. 'નિરંતરના ધર્માનુષ્ઠાન કરનારાઓ ઇરાદપૂર્વક અવિધિનું સેવન કરે છે' અને સમજાઈ જશે કે, લોકોત્તર અનુષ્ઠાનની આરાધના વખતે કોઈ પણ વ્યક્તિ ઉપર મોહરાજાની ધાડ ચોમેરથી આવી પડે છે.

શ્રદ્ધાળુઓનો એ પ્રશ્ન છે કે, 'પોતાને ભણેલા, ગણેલા અને સુશિક્ષિત માનનારાઓ શા માટે વિધિપૂર્વક ધર્માચરણ નથી કરી બતાવતા?

જ્યાં સુધી પોતે તે ઉત્તમ અનુષ્ઠાનો આચરવાનો પ્રયાસ નથી કરતાં, ત્યાં સુધી તેઓને અનુષ્ઠાનો આચરનારાઓની ટીકા યા નિંદા કરવાનો હક્ક ન્યાયની દૃષ્ટિએ પ્રાપ્ત થઈ શકતો નથી. એ માર્ગને આચરનારાઓની મુશ્કેલીઓનો યથાર્થ ખ્યાલ કર્યા સિવાય જ, તેના ઉપર મનફાવતા અભિપ્રાયોનો વરસાદ વરસાવવો તે સ્વ-પર ઉભયની શ્રદ્ધા નષ્ટ કરવાનું પગલું છે.

અવળી આ નીતિના કારણે જ આજે લોકોત્તર ધર્મ અને તેનાં અનુષ્ઠાનો નિંદાય છે. અન્યથા એ ધર્મ અને તેના આચરનારાઓમાં કહેવાય છે, તેવું નિંદા કરવા જેવું કોઈ પણ તત્ત્વ અસ્તિત્વ ધરાવતું નથી.

## * વિધિરાગ અને અવિધિ *

અવિધિથી આચરનારાઓ પણ સઘળા ઈરાદાપૂર્વક અવિધિ આચરે છે, એમ કહેવું એ સર્વથા ખોટું છે.

અનાદિ ભવભ્રમણમાં આ ક્રિયાઓનો અભ્યાસ કેટલો ? તેમાં પણ વિધિયુક્ત અભ્યાસ કેટલો ? વિધિયુક્ત કરવાની ધારણા રાખ્યા પછી પણ, અવિધિથી થનારી ક્રિયા કેટલી અને વિધિથી થનારી ક્રિયા કેટલી ? એ બધી વાતો શું વિચારવા જેવી નથી ?

આ વાતો ઉપર ગંભીરપણે વિચાર કરવામાં આવે, તો અમારું એમ માનવું છે કે, વર્તમાન જગતમાં શ્રી જિનોક્ત અનુષ્ઠાનો અને તેને આચરનારાઓનો ડંકો વાગે.

એ અનુષ્ઠાનોની પસંદગી અને આચરણા કોઈ સામાન્ય પુરુષોએ કરેલી નથી, પણ જગતની સર્વશ્રેષ્ઠ વ્યક્તિઓએ તેને આચર્યા પણ છે,

આજે જરૂર છે અવિધિના ત્યાગની અને વિધિયુક્ત અનુષ્ઠાનના અભ્યાસની. અભ્યાસકાળમાં પણ એ અનુષ્ઠાનો અવિધિના ત્યાગવાળાં બની જવાનાં છે, એમ માનવું એ વ્યાજબી નથી.

વિધિનો રસ અને રાગ ( શ્રદ્ધા ) અવિધિના દોષને દૂર કરી દઈને અનુષ્ઠાનોને દીપાવનારો બને છે. પરંતુ આજે ટીકાખોરોને વિધિયુક્ત અનુષ્ઠાનો આચરવાં પણ નથી, શુદ્ધ વિધિ પ્રત્યે રાગ પણ દર્શાવવો નથી અને ઉત્તમ આત્માઓની અભ્યાસકાળની અવિધિની પણ પેટ ભરીને નિંદા કરી લેવી છે.

આવા કાળમાં, પાંચમા આરાના અંત સુધી શ્રી તીર્થંકર પરમાત્માનું શાસન અવિચળ રહેવાનું ન હોત, તો આટલો પણ વિધિરાગયુકત ધર્માનુષ્ઠાનનો આદર જોવામાં આવત નહિ.

વિધિના રાગયુકત ચિત્તથી, અવિધિપૂર્વક પણ થતું લોકોત્તર અનુષ્ઠાનોનું આરાધન, આજે પણ આરાધક આત્માઓને અચિન્ત્ય લાભ કરી રહ્યું છે. પરંતુ તેનું અનુમોદન કરનાર વર્ગ થોડો છે અને તેવી ઉત્તમ ક્રિયાઓને પણ હલકી પાડવાનો પ્રયાસ કરનાર વર્ગ મોટો છે. વધુમાં તે વર્ગમાં પાપનો ભય પણ ઘટ્યો છે, ત્યારે સારી પણ વસ્તુનું તેજ અમુક કાળ સુધી ઢંકાઈ જાય તેમાં બહુ નવાઈ પામવા જેવું નથી.

## * શ્રદ્ધાળુને મળતો સર્વજ્ઞના જ્ઞાનનો લાભ *

સત્ક્રિયાઓ ઉપર આટલો વિચાર એટલા માટે કરવો પડયો કે તે શ્રદ્ધાનું એક અંગ છે અને શ્રદ્ધા, વૈરાગ્યને નિર્મળ બનાવવામાં મુખ્ય ભાગ ભજવે છે.

નિર્મળ વૈરાગ્ય એ જ્ઞાનનું ફળ છે. પણ તે જ્ઞાન શ્રદ્ધાપૂર્વકનું હોવું જોઇએ. છદ્મસ્થનું જ્ઞાન હંમેશાં અપૂર્ણ જ રહેવાનું છે. પરંતુ શ્રદ્ધા તે અપૂર્ણ જ્ઞાનને સંપૂર્ણ જ્ઞાન બનાવવાની તાકાત ધરાવે છે.

જે વૈરાગ્ય અને તેનું ફળ-યાવત્ ચૌદપૂર્વનું જ્ઞાન ધરાવનાર ગીતાર્થ મુનિપુંગવો પ્રાપ્ત કરી શકે છે, તેજ વૈરાગ્ય અને તેનું ફળ એ ગીતાર્થોની નિશ્રાએ જીવન વીતાવનાર તેમના વિનીત શિષ્યો પણ પ્રાપ્ત કરી શકે છે. તેમાં તેઓની ગુરૂઓનાં વચનો પ્રત્યેની શ્રદ્ધા એજ મુખ્ય કારણ છે.

શ્રી જિનવચન પ્રત્યે શ્રદ્ધા ધરાવનાર શ્રદ્ધાળુ, એ શ્રી જિનેશ્વરદેવની જેમ સર્વજ્ઞ નથી બની જતો, તો પણ સર્વજ્ઞના સઘળા જ્ઞાનનો લાભ તો જરૂર ઉઠાવી શકે છે.

પિતા પ્રત્યે શ્રદ્ધાળુ બાળક પિતા સમાન નથી બની શકતો, તો પણ પિતાની જેમ પોતાનું જીવન નિર્વિઘ્ન-પણે અવશ્ય પસાર કરી શકે છે.

શ્રદ્ધા, એ અપૂર્વ ચીજ છે. શ્રધ્ધાળુ આત્મા જેના પર શ્રધ્ધા ધરાવે છે, તેમાં (શ્રધ્ધાના પાત્રમાં) જે કાંઈ સામર્થ્ય હોય છે, તે સામર્થ્યનો લાભ પોતાની શ્રધ્ધાના બળે પોતે પણ મેળવી શકે છે,

શ્રી જિનવચન પ્રતિ નિઃશંક શ્રધ્ધા ધરાવનાર આત્મા, શ્રી જિનના સઘળા જ્ઞાનનો ઉપયોગ કરી શકે છે, એમ કહેવું એ એક દૃષ્ટિએ તદ્દન વ્યાજબી છે.

'तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं ।'

સર્વજ્ઞ શ્રી જિનેશ્વરદેવના વચનમાં આ પ્રકારની નિઃશંક શ્રધ્ધા, એ અલ્પજ્ઞ આત્માની ઉન્નતિનું બીજ છે. એ બીજ જે કોઈ આત્મામાં રોપાઈ જાય છે, એ આત્મા કાળક્રમે સર્વજ્ઞ સમાન બન્યા સિવાય રહેતો નથી.

માનસશાસ્ત્રના અભ્યાસી આત્માઓએ આ બાબત ખાસ વિચારવા જેવી છે. અને તે જો યથાર્થ માલૂમ પડે, તો મનસ્વી તરંગોનો ત્યાગ કરી દઈ, શ્રી જિન-વચન પ્રત્યે શંકાના લેશ વિનાની શ્રધ્ધાવાળા બની જવું જોઈએ અને લોકો તેવા શ્રધ્ધાવાળા બને એ માટે તનતોડ પ્રયાસ કરવા જોઈએ.

## * શ્રી જિનવચન *

શ્રી જિનવચન પ્રત્યે જનતાને જેણે શંકા વિનાની બનાવવી હશે, તેણે અતીન્દ્રિય જ્ઞાનીઓના વર્તમાન વિરહકાળમાં આધારભૂત, પ્રામાણિક પુરુષોની પરંપરામાં ઉતરી આવેલા સત્ય શ્રી જિનવચન તરફ પોતાની કે પરની જરા જેટલી પણ અરૂચિ ન ફેલાય, તે માટે પોતાની જબાન અને કલમ અથવા મન, વચન અને કાયા ઉપર અંકુશ સ્થાપી દેવો પડશે.

પોતાનાં વક્તવ્યો અને લખાણોથી સંસાર–સાગરમાં દીપક સમાન અને ભવાટવીમાં ભોમીઆ સમાન દુર્લભ એવું શ્રી જિનવચન, નિબિડ અંધકારમય રાત્રિ સમાન આ કાળમાં ન નિંદાઈ જાય તેની પૂરેપૂરી કાળજી રાખવી જ પડશે.

## આચાર્ય ભગવાનનાં વચનો અને આપણી અલ્પ મતિ

શ્રી જિનવચનમાં આજે પણ અનેક વિવાદો છે, માટે આપણે તો 'સહુને માન્ય હોય તેટલું જ સાચું માનવું. બાકી બધું મતાગ્રહમાંથી જન્મેલું માનવું.' એમ બોલવાથી માતાગ્રહનો એ આક્ષેપ પોતા કરતાં કેટલી ઉચ્ચ કોટિના મહાન પુરુષો ઉપર પહોંચી જાય છે, તેનું ભાન રાખતાં પણ શીખવું પડશે.

છેવટમાં છેટવ આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસુરિજી મહારાજા અને છેલ્લામાં છેલ્લા દુઃષમ કાળરૂપી અંધારી ઘોર રાતમાં ચન્દ્રમા તુલ્ય પૂ. ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ પોતાના અપૂર્વ બુદ્ધિબળે, અપૂર્વ

શ્રદ્ધાબળે અને અપૂર્વ ચારિત્રબળે શ્રી જિનવચનનો જે નિર્ણય કર્યો છે, તેની વિરુદ્ધ એક અક્ષરનો ય પ્રલાપ કર્યા સિવાય ચૂપ થઈ જવું પડશે.

તેમણે શ્રી જિનવચનની સિદ્ધિ માટે આપેલી સઘળી દલીલોને ધ્યાનપૂર્વક સાંભળવી પડશે. એ સાંભળ્યા, વાંચ્યા અને વિચાર્યા પછી પણ સંદેહો ન ટળે તો થોભવું પડશે. તેમના સંદેહો દૂર થયા અને તારા ન થયા, તેમાં કારણ 'તેમના કરતાં તારામાં બુદ્ધિબળ કે સત્ય શોધવાની જિજ્ઞાસાવૃત્તિ અધિક છે,' એમ માનવા પહેલાં, તારા અને તેમના બુદ્ધિબળની કે જિજ્ઞાસાવૃત્તિની તુલના કરજે. તેમનામાં રહેલી સત્ય શોધક અને સત્ય સ્વીકારવાની વૃત્તિ, અને તારામાં રહેલી તે વૃત્તિઓ વચ્ચેનું અંતર તપાસજે, જેથી તને સાચી સ્થિતિનું ભાન થશે.

એ વિચાર કરવામાં તું અંધશ્રદ્ધાના માર્ગે ઘસડાઈ જાય છે, એવી શંકા રખે આણતો. અંધશ્રદ્ધાનો તું જેટલો વિરોધી છે, તેના કરતાં અનેકગુણા વિરોધી તેઓ હતા. છતાં તેઓ ઉપર તને શ્રદ્ધા ન બેસે. તો તું તારી અલ્પ બુદ્ધિના મદમાં છકીને મિથ્યા ગુમાનનાં શિખર ઉપર આરૂઢ થયો છે કે કેમ? તેની તપાસ કરજે. એ તપાસ પણ ન કરી અને કલ્પિત ગુમાનના શિખરે ચઢી ગયો, તો જન્માંતરમાં હાડકાંના ચૂરેચૂરા થઈ જશે. અર્થાત્ એકેન્દ્રિયાદિ બુદ્ધિહીન અવતારોમાં અનંતકાળ પર્યંત રખડવું પડશે. અમારી ખાત્રી છે કે, આ પ્રકારના વિહિત અને શિષ્ટ વિચારોનું સેવન તું અંતઃકરણથી

કરીશ, તો જ્ઞાનીઓના વિરહકાળમાં આજે પણ તું તારી શ્રદ્ધાને નવપલ્લવિત રાખી શકીશ અને શ્રી જિનવચન પ્રત્યે શ્રદ્ધાળુ બનેલા એવા તને સર્વ સિદ્ધિઓની પ્રાપ્તિ થશે. એમાં કોઈપણ જાતનો સંદેહ ધરાવવાને કારણ નથી.

આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજા અને તેમનાં વચનોનું અનુમોદન કરતાં ઉપાધ્યાય ભગવંત શ્રી યશોવિજયજી મહારાજા ફરમાવે છે કે,

'शास्त्रे पुरस्कृते तस्माद्वीतरागः पुरस्कृत; ।
पुरस्कृते पुनस्तस्मि–न्नियमात्सर्वसिद्धयः ।। १ ।।'

શાસ્ત્રને આગળ કરવાથી વીતરાગ આગળ કરાય છે અને વીતરાગને આગળ કર્યા એટલે સર્વ સિદ્ધિઓની સિદ્ધિ નિયમા થાય છે.,

અહીં શાસ્ત્રનો અર્થ વીતરાગ પરમાત્માનું વચન છે અને એ વીતરાગ પરમાત્માનું વચન આગળ કરનાર, શ્રી વીતરાગવચન પ્રત્યેની શ્રદ્ધાવાળો છે. એ શ્રદ્ધા એની સર્વ સિદ્ધિઓનું બીજ છે.

શ્રદ્ધાનું આ મહાફળ સમજનારો, એ શ્રદ્ધાને પોષક જેટલી સામગ્રીઓ છે, તે સર્વ સામગ્રીઓનું સર્વ પ્રકારે બહુમાન કરે એમાં કશું જ આશ્ચર્ય નથી. એમાંની એક પણ સામગ્રીની અવગણના, એ સાક્ષાત્ શ્રી વીતરાગ પરમાત્માની જ અવગણના છે.

આ દૃષ્ટિએ વિચાર કરનાર આત્મા,'નિર્દંભ વૈરાગ્યની

પ્રાપ્તિ, શ્રી જિનવચનની પ્રાપ્તિ સિવાય શક્ય નથી.' એ કથનનું તાત્પર્ય સહેલાઈથી સમજી શકાશે.

### * અવિસંવાદી ઉપદેશ *

અહીં એક શંકા થવાને અવકાશ છે કે, શ્રી જિનેશ્વરદેવ એ સર્વજ્ઞ છે, તેથી તેમના વચનમાં કોઇને પણ શંકા થાય, એ માનવું જ અસ્થાને છે. પરંતુ વર્તમાનમાં શ્રી જિનેશ્વરદેવ વિદ્યમાન નથી, તો તેમના વિરહકાળમાં તેમનું કહેલું વચન કયું ? એનો નિશ્ચય નહિ થવાના કારણે કોઈને સંદેહ થાય છે. અર્થાત્ શ્રી જિનવચન પ્રત્યે નિશ્ચળ શ્રધ્ધા શ્રી જિનની વિદ્યમાનતાના કાળમાં જ શક્ય છે તે સિવાયના કાળમાં તો શ્રી જિનેશ્વરદેવના નામે કહેવાતાં કેટલાંક વચનો ઉપરનો સંદેહ ટળવો એ શક્ય જ નથી. અને શ્રી જિનભાષિત એક પણ વચન ઉપરનો સંદેહ એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં પ્રતિબંધક છે, એવું શાસ્ત્રોનું કથન છે. એટલે એ કથન માન્ય કરી લઇએ, તો આજે એક પણ આત્મા સમ્યગ્દર્શન ગુણને ધારણ કરવાવાળો નીકળી શકશે નહિ. તો પછી શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનુસાર નિર્દંભ વૈરાગ્યાદિ મહા સદ્દગુણોને ધારણ કરનાર તો ક્યાંથી જ નીકળી શકે ?'

આ પ્રશ્ન અધૂરી સમજણમાંથી ઉદ્ભવેલો છે, એમ સહેજે સમજી શકાશે.

ગીતાર્થ ગુરુઓની ઉપાસના કર્યા સિવાય બની ગએલા પુસ્તકીઆ પંડિતોએ આજે આવા અનેક પ્રશ્નો ઊભા

કરીને ભદ્રકપરિણામી અને સુખે ધર્મ પામી શકે તેવા સરળ અધ્યવસાયવાળા આત્માઓના શ્રદ્ધારૂપી શરીર ઉપર ભારે ઉઝરડા કર્યા છે. તેમજ અનેકને બેહાલ (શ્રદ્ધાભ્રષ્ટ) પણ કર્યા છે.

આવી પરિસ્થિતિમાં ઉપર્યુક્ત પ્રશ્નનું સચોટ સમાધાન અત્યન્ત આવશ્યક બની રહે છે.

'શ્રી જિનેશ્વરદેવ એ સર્વજ્ઞ છે, તેથી એમના વચનમાં કોઇને પણ સંદેહ થાય એ બનવાજોગ નથી,' એમ કહેવું એ ખોટું છે.

કથન કરનાર સર્વજ્ઞ છે, કિન્તુ એ કથનને ઝીલનાર સર્વજ્ઞ નથી. ઝીલનાર જ્યાં સુધી અલ્પજ્ઞ છે, ત્યાં સુધી તેના આત્મામાં સંદેહાદિ ન થાય, એમ માનવું એ ન્યાયવિરુદ્ધ છે.

શિક્ષક સમજેલો છે, તેથી વિદ્યાર્થી પણ સમજેલો જ હોવો જોઇએ, એના જેવું એ કથન છે. જે દિવસે વિદ્યાર્થી પણ સમજેલો બનશે, તે દિવસે તો વિદ્યાર્થી અને શિક્ષકમાં કોઈપણ જાતનો તફાવત હશે નહિ. તેમ સર્વજ્ઞ ભગવાન એ યથાર્થ વક્તા હોવા છતાં, અયથાર્થ જ્ઞાનમાં જ રાચેલા, માચેલા અને આગ્રહી બનેલા આત્માઓ શ્રી સર્વજ્ઞ સ્વામીના વચનને જેમનું તેમ સંદેહરહિતપણે ગ્રહણ કરી લે, એમ માનવું એ કોઈપણ રીતે સંભવિત નથી.

એનો અર્થ એ નથી કે અલ્પજ્ઞ, એ શ્રી સર્વજ્ઞવચન પ્રત્યે શ્રદ્ધાળુ, બની શકતો જ નથી. અલ્પજ્ઞ આત્મા પણ શ્રી સર્વજ્ઞવચન પ્રત્યે સંદેહ રહિત શ્રદ્ધાળુ બની શકે છે, જો તેને પોતાના અલ્પજ્ઞાનનો ખોટો ઘમંડ ન હોય તો!

અજ્ઞાનતા એ બૂરી ચીજ છે, પણ એ અજ્ઞાનતા ઉપરનો આગ્રહ તેથી પણ ભયંકર બૂરી ચીજ છે. શ્રી સર્વજ્ઞવચન પ્રત્યે શ્રદ્ધાળુ બનવા માટે માત્ર એ આગ્રહને જ ટાળવા જેવો છે અને એ આગ્રહને મક્કમપણે પકડી રાખનારાઓની અજ્ઞાનતા કોટિ ઉપાયે પણ ટળે તેમ નથી.

અલ્પજ્ઞ આત્મા પોતાના અલ્પજ્ઞાનનો જ્યારે આગ્રહી બને છે, ત્યારે સાક્ષાત ભગવાન પણ તેના સંશયોને ટાળવા માટે અસમર્થ બને છે. સરળ હૃદયના માર્ગાનુસારી આત્માઓ પણ આ વાતને સારી રીતે સમજી શકે તેમ છે. એવાઓમાંના એકે કહ્યું છે કે,

'अज्ञः सुखमाराध्यः सुखतरमाराध्यो विशेषज्ञः ।
ज्ञानलवदुर्विग्ध, ब्रह्माऽपि तं नरं न रंजयति ॥१॥'

શ્રી જિનાગમમાં પણ આ વસ્તુને ઘણી–ઘણી યુક્તિઓ પુરઃસર સમજાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. આથી એ સિદ્ધ થાય છે કે, 'કથન કરનાર સર્વજ્ઞ હોય, તો પણ શ્રવણ કરનાર જો સ્વમતનો આગ્રહી અલ્પજ્ઞ હોય,
૧૫ તો તે શ્રી સર્વજ્ઞવચન ઉપર શ્રદ્ધા કરી શકતો નથી.

સર્વજ્ઞાવચન સત્ય છે એવું હૃદયથી સ્વીકારી શકતો નથી. યાવત્ નિઃસંશય બની શકતો નથી! એટલું જ નહિ, પણ પોતાના મતથી વિરુદ્ધ જતી સર્વજ્ઞ ભગવાનની વાતોને પણ તે ખોટી માને છે, ખોટી છે એમ જાહેર કરે છે અને દ્વેષનો માર્યો બીજાઓને પણ તેમ સમજાવવાનો પ્રયાસ કરે છે.

હવે પ્રશ્ન એ બાકી રહે છે કે, 'શ્રી સર્વજ્ઞ ભગવાનના વિરહકાળમાં શ્રી સર્વજ્ઞપ્રવચન પ્રત્યે શ્રી સર્વજ્ઞ ભગવાનના વિદ્યમાનકાળ જેટલી સંદેહ રહિત પ્રતીતિ થઈ શકે કે કેમ?'

તેનો ઉત્તર એ છે કે, થઈ શકે.

શ્રી જિનરાજ અત્યારે વિદ્યમાન નથી, પણ શ્રી જિનરાજનું વચન તો વિદ્યામાન છે. શ્રી જિનરાજની વિદ્યમાનતા વખતે પણ શ્રદ્ધા તો તેઓશ્રીના વચન દ્વારા જ ટકવાની હોય છે. એટલે, તફાવત અવશ્ય રહેવાનો કે, સાક્ષાત્ શ્રી જિનના સમાગમ વખતે શ્રદ્ધા થવા માટે અતિશયાદિ સામગ્રીની અનુકૂળતા રહેવાની છે, તે શ્રી જિનના વિરહકાળમાં નથી જ રહેવાની, એ કારણે નિરાગ્રહી આત્માઓને પણ શ્રી જિનના વિદ્યમાનકાળ કરતાં વિરહકાળમાં શ્રદ્ધાની પ્રાપ્તિ કષ્ટસાધ્ય તો રહેવાની જ છે. પરંતુ અહીં પ્રશ્ન દુઃસાધ્યતા-સુસાધ્યતાનો નહિ, કિન્તુ પ્રાપ્તિ-અપ્રાપ્તિનો છે. શ્રી જિનના વિરહકાળમાં શ્રી જિનવચન પ્રત્યે શ્રદ્ધાની પ્રાપ્તિ દુઃસાધ્ય હોવા છતાં

પણ અસંભવિત નથી, એ જ અહીં મુદ્દો છે.

શ્રી જિનના સમાગમકાળમાં અતિશયાદિ સામગ્રી એ શ્રદ્ધા-પ્રાપ્તિમાં વિશેષ નિમિત્ત છે કે જે તે સિવાયના કાળમાં નથી, તો પણ તે અંતિમ કારણ નથી.

શ્રી જિનના વિદ્યમાનકાળમાં શ્રી જિનના સમાન બાહ્ય અતિશયોની ઋદ્ધિ વિકુર્વવાનું સામર્થ્ય અન્ય માયાવીઓમાં પણ હોય છે. ઇન્દ્રજાળ આદિ દ્વારા તેઓ પણ પોતાને શ્રી જિનના સમાન બનાવી શકે છે. તેથી તેવા પ્રસંગોએ 'કોણ જિન?' એ કેવળ બાહ્ય ઋદ્ધિ દ્વારા સમજવાનુ-કળવાનુ મુશ્કેલ થઈ પડે છે, એનો નિર્ણય તો અંતરંગ અતિશયોની પ્રતીતિથી જ થઈ શકે છે.

અંતરંગ અનંત અતિશયોમાં કેવળજ્ઞાન એ મુખ્ય અતિશય છે અને તેને ઓળખવાનું ચિન્હ અવિસંવાદી ઉપદેશ છે. અર્થાત્ શ્રી જિનના સાક્ષાત્-કાળમાં પણ શ્રી જિનને ઓળખી, તેઓશ્રી પ્રત્યે નિશ્ચળ શ્રદ્ધાસંપન્ન બનવા માટે, તેઓશ્રીના ઉપદેશ સિવાય અન્ય કોઈ સરળ, સચોટ તેમજ નિર્દોષ માર્ગ નથી.

એ ઉપદેશ આજે અસ્તિત્વ ધરાવતો નથી, એમ સિદ્ધ કરવા માટે કોઇ પ્રમાણ નથી; જ્યારે અસ્તિત્વ ધરાવે છે, એ સિદ્ધ કરવા માટે સેંકડો પ્રમાણો છે. પ્રમાણના વિષયમાં તેઓની જ કિંમત છે, જેઓ પ્રમાણ-સિદ્ધ વાતોને સ્વીકારવા તૈયાર હોય તે સિવાયના પ્રમા-

ણને માન્ય નહિ કરનારાઓનું કથન પ્રમાણિક જગતમાં સ્વીકાર્ય નથી જ બનતું.

'અવિસંવાદી ઉપદેશ એ શ્રી જિનની વિદ્યમાનતાના યા અવિદ્યમાનતાના કાળમાં શ્રી જિનને ઓળખવાનું અસાધારણ ચિન્હ છે,' એ નક્કી થયા પછી જેનો ઉપદેશ અવિસંવાદી સિદ્ધ થાય તેને જ શ્રી જિન તરીકે સ્વીકારવામાં કોઈ પણ સજ્જનને વાંધો હોઈ શકે નહિ.

એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતનાં પ્રાણીઓનું નિશ્ચિત વર્ણન એ તેના કથનકારની સર્વજ્ઞતાની સાબિતી માટે પૂરતું છે. એકેન્દ્રિયમાં પણ નિગોદનું સ્વરૂપ તથા પૃથ્વીકાયાદિમાં રહેલ અસંખ્યાત જીવોનું વર્ણન સર્વજ્ઞના શાસન સિવાય બીજે શોધ્યું ય જડે તેમ નથી.

'જીવ છે' એમ બધા કહે છે, પણ તે કેટલા અને ક્યાં ક્યાં રહેલા છે, તેનું સવિસ્તર વર્ણન, સર્વજ્ઞશાસન સિવાય અન્યત્ર ક્યાં છે?

'કર્મ છે' એમ બધા કહે છે, પણ તે કર્મ કેવાં છે, ક્યાં રહેલાં છે, કેવી રીતે આત્માને ચોંટે છે તથા ચોંટયા પછી શી-શી સ્થિતિઓ થાય છે, તેનું વૈજ્ઞાનિક વર્ણન શ્રી જિનશાસન સિવાય બીજે ક્યાં છે?

'મુક્તિ છે' એમ બધા કહે છે, પણ તે ક્યાં છે, કેવી છે, કેટલો કાળ રહેવાવાળી છે અને તેને કોણ-કોણ પ્રાપ્ત કરી શકે છે, તેનું બુદ્ધિમાં ઉતરે તેવું વિવેચન અન્યત્ર ક્યાં છે?

જીવ, કર્મ, મુક્તિ આદિ પદાર્થોનું કોઈ પણ જાતનો સંદેહ ન રહે તેવું વર્ણન જે શાસ્ત્રોમાં મળી આવે છે, તે શાસ્ત્રોને સર્વજ્ઞપ્રરૂપિત માનતાં જેઓ અચકાય છે, તેઓ મધ્યસ્થ બુદ્ધિ ધરાવનારા છે એમ માનવું અને મનાવવું એ ન્યાયોચિત નથી.

## * રાગ-દ્વેષરહિતતાનાં પ્રમાણો *

શ્રી જિનેશ્વરદેવની સર્વજ્ઞ તરીકેની પ્રતીતિ માટે જેમ અનેક સાધનો તેમનાં કથન કરેલાં શાસ્ત્રોમાંથી મળે છે, તેમ રાગ-દ્વેષાદિ સંપૂર્ણ દોષોથી તેઓ રહિત છે, તેની પ્રતીતિ માટે પણ તે જ શાસ્ત્રોમાંથી જોઇએ તેટલાં પ્રમાણો મળે તેમ છે

શ્રી જિનેશ્વદેવોનાં જીવનચરિત્રો જ તે માટે બસ છે.

લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનના પ્રગટીકરણ માટે તથા સર્વ કર્મોનો સમૂળ વિનાશ કરવા માટે જે પ્રકારનું જીવન જીવવું જોઈએ, તે પ્રકારનું અખંડ જીવન શ્રી જિનેશ્વર ભગવંતો જીવે છે અને કેવળજ્ઞાન તથા મુક્તિ-ઉપાર્જન કરે છે. તેમાં અસત્ કલ્પનાઓ કે અસંભવિત ઘટનાઓને લેશ માત્ર સ્થાન નથી.

અસત્ કલ્પનાઓ અને અસંભવિત ઘટનાઓથી ભરેલાં જીવનચરિત્રો ઉપર વિશ્વાસ ધારણ કરીને આસ્તિ-કતાનું અભિમાન રાખનારા તમાઓ પણ; જયારે શ્રી

જિનેશ્વરદેવોના સુઘટિત ઘટનાઓથી સુઘટિત અને કર્મ-નાશના અમોઘ ઉપાયોથી ભરપૂર ચરિત્રો ઉપર શ્રદ્ધા ધારણ ન કરે, ત્યારે તે આત્માઓ મહામોહ વડે ઘેરાએલા છે એમજ માનવું પડે.

થોડી પણ સમજણવાળો ચૈતન્યવાન આત્મા તો, જે કોઈ જગ્યાએ આ પ્રકારનાં સર્વથા અવિરૂદ્ધ અને અવિ-સંવાદી વચનો પ્રાપ્ત થતાં હોય, તે મતની પ્રાપ્તિથી પોતાના આત્માને ધન્ય માન્યા સિવાય રહે નહિ અને બીજા આત્માઓને પણ તેમાં રૂચિવાન તેમજ નિષ્ઠાવાન બનાવવા માટે શક્ય સઘળા પ્રયાસો કરતો જ રહે, તે નિઃસંદેહ છે.

## * સુશ્રદ્ધાના ફળસ્વરૂપ *

શ્રી જિનમતના પ્રણેતા સર્વજ્ઞ અને વીતરાગ છે, એ પ્રતીતિ થઈ ગયા પછી, એમની આજ્ઞાનું ત્રિવિધે પાલન, એ જ એક હિતનો પરમ ઉપાય છે. એવી સન્મતિ અંત-રમાં પ્રગટયા સિવાય રહી શકતી નથી.

એ સન્મતિનું નામ સુશ્રદ્ધા છે.

એ સુશ્રદ્ધા જે આત્માઓને પ્રાપ્ત થઇ ગઈ, તે આત્મા ભલે પછી અલ્પજ્ઞાની હો, કે અતિશય જ્ઞાની હો, તેનું કલ્યાણ હાથવેંતમાં છે.

તે અલ્પજ્ઞાની હશે તો અતિશય જ્ઞાની બનવા

પ્રયત્ન કરશે અને તે એક ભવમાં શક્ય નહિ હોય તો તેના પ્રત્યે સંપૂર્ણ આદરવાન બનશે. તે અતિશય જ્ઞાની હશે, તો અલ્પજ્ઞાની આત્માઓને અતિશય જ્ઞાની બનાવવા પ્રયત્ન કરશે અને પોતે સંપૂર્ણ જ્ઞાનીના શરણે રહેશે.

કોઈ પણ સ્થિતિમાં શ્રી વીતરાગ માર્ગ પ્રત્યે સુદૃઢ શ્રદ્ધા એ ચિંતામણીથી પણ ચઢીઆતી છે. કામધેનુ, કામઘુંભ કે કલ્પતરુ પણ તે ફળોને આપવા સમર્થ નથી, કે જે ફળ શ્રી જિનમત પ્રત્યેની નિશ્ચળ શ્રદ્ધા આપવા સમર્થ છે. શ્રી જિનમત પ્રત્યે અવિચળ શ્રદ્ધાળુ બનેલા આત્માને દેવગતિનાં સુખ દૂર નથી, કિન્તુ મુક્તિનાં સુખ પણ તેની હથેળીમાં રમે છે.

એ શ્રધ્ધા આ કાળમાં પણ શક્ય છે. સુયોગ્ય પ્રયોત્નો દ્વારા તેની પ્રાપ્તિ, પ્રાપ્ત થએલ તેનું સંરક્ષણ અને સંવર્ધન આદિ આ કાળમાં પણ સુયોગ્ય આત્માઓ કરી રહ્યા છે, બીજાઓને કરાવી રહ્યા છે અને અનેકોને માર્ગની સન્મુખ બનાવી રહ્યા છે.

ઘણાઓ એથી વિપરિત કાર્યવાહી પણ કરી રહ્યા છે, પરંતુ તેવી વિપરિત કાર્યવાહી કરનાર સ્વપરના આત્મહિતના ઘાતનું અધમ કૃત્ય આચરી રહ્યા છે, એ કહેવાની જરૂર નથી.

## * સાચો શ્રી જિનમત *

શ્રી જિનવચન એ જ અખંડિત સત્ય હોવા છતાં,

ભારે કર્મી યા દુરાગ્રહી આત્માઓને તેમાં પણ સંદેહ થઈ શકે છે તથા ભ્રમ પણ થઈ શકે છે.

એ જ રીતે શ્રી જિનના વિરહકાળમાં પણ અવિસંવાદી વચનથી અને તેને અંગીકાર કરનાર મહાપુરુષોની સેવાથી તેના પ્રત્યે અવિચળ શ્રદ્ધા પણ ધારણ કરી શકાય છે એ બે વાત સિદ્ધ થયા પછી પણ એક વાત રહી જાય છે કે, 'આજે એક જ જિનમતને માનનારાઓમાં અનેક ફાંટા છે, તો કયો ફાંટો શ્રી જિનમતનો સાચો અનુયાયી છે એનો નિર્ણય શી રીતે કરવો?

આ પ્રશ્ન ઉપલક દૃષ્ટિએ બહુ મૂંઝવે તેવો છે અને વર્તમાન જમાનમાં તો એ જ એક વાતને આગળ કરી સત્યના અર્થી પણ અનેક આત્માઓ માર્ગથી પરિભ્રષ્ટ થતા જોવાય છે, પણ વિવેકી બુદ્ધિમાનો માટે આ પ્રશ્ન મૂંઝવનારો નથી જ.

ઉપલક દૃષ્ટિએ ઉપરનો પ્રશ્ન જેટલી મૂંઝવણ ઉત્પન્ન કરનારો છે, તેટલો જ સ્થિર ચિત્તે, સત્યની જિજ્ઞાસાથી તેનો વિચાર કરવામાં આવે તો તેનો ઉકેલ સરળ છે.

આવા પ્રશ્નોની વિચારણા વખતે સત્યને જરા જેટલો પણ અન્યાય ન થઈ જાય તેની પૂરેપૂરી સંભાળ રાખવી ઘટે. પરંતુ આજે તેનો વિચાર બહુ ઓછો કરવામાં આવે છે.

'ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતા' એ પ. પૂ. શ્રી આનંદઘનજી મહારાજાના સ્તવનની એક જ કડી ગાઇને સત્યની સામે પ્રહાર કરતાં, સામાન્ય બુદ્ધિવાળા આત્માને પણ આંચકો આવતો નથી.

શ્રી જિનમતને પરમ વફાદાર, સુવિહિત શિરોમણિ, શ્રીમાન્ આનંદઘનજી મહારાજ, શું કોઇ પણ ગચ્છમાં સત્ય નથી, બધા જ અસત્યના પૂજારી છે, માટે સર્વ ગચ્છો અને મતોને છોડી દઇ અલગ થઇ જાઓ અને કોઈ પણ ગચ્છને નહિ માનનાર એક નવો ગચ્છ કાઢો, એવા કઢંગા ઉપદેશને દેવા તત્પર થયા હશે ? એનો સ્થિર ચિત્તે વિચાર કરવાની આવશ્યકતા છે-

મહાપુરુષોએ કહેલાં વચનોની અપેક્ષા ગુરુગમ દ્વારા નહિ સમજવાથી કેટલો અનર્થ મચે છે, તેનું આ હૂબહુ, દૃષ્ટાંત છે.

શ્રી સંઘની સુરક્ષા માટે ગચ્છોની જો જરૂર જ છે, તો તેમાં પ્રમાણિક ગચ્છોની સાથે કેટલાક અપ્રમાણિક ગચ્છો પણ રહેવાના જ.

એટલે જો અપ્રમાણિકતાના ડરથી પ્રમાણિક ગચ્છોનો પણ નાશ યા તેની ઉપેક્ષા કરવામાં આવે, તો ચોરના ભયથી શાહુકારોને પણ ફાંસી દેવા જેવું અનુચિત કાર્ય બને છે.

ચોર અને શાહુકાર ઉભયનાં લક્ષણો જાણી, ચોરથી

બચવું અને શાહુકારનો આશ્રય લેવો એ વ્યાજબી છે. પરંતુ જગતમાં ચોર છે માટે શાહુકાર ન જ હોય એવા પાયા વગરના નિર્ણય પર આવી જવું અથવા શાહુકારનો પણ ચોર જેટલો જ ભય ધારણ કરવો એ કોઇ પણ રીતે વ્યાજબી નથી.

'પ્રમાણિક ગચ્છો કયા અને અપ્રમાણિક ગચ્છો કયા, એની પરીક્ષામાં અમારે કયાં ઉતરવું ? અને ઉતરીએ તો પણ અમારા જેવાને તે ચર્ચામાં ગજ કયાં વાગે?' એ પ્રકારની એક વિચારણા સમાજમાં પ્રચલિત છે.

એ વિચારણા ઊભી કરનારા પણ લગભગ ઉપરના મતને મળતા જ છે. ચોરને પણ બે હાથ, બે પગ અને માથું છે. શાહુકારને પણ તેમજ છે. કપડાં પણ બંનેનાં સરખાં છે, રીતભાત પણ બન્નેની સરખી છે, છતાં આજ સુધી કોઇએ એવો પ્રશ્ન કર્યો નથી કે, 'ચોર અને શાહુકારને ઓળખવાની ખટપટમાં એમને કયાં ઉતારો છો ?' એનું કારણ એકજ છે કે, એ પરીક્ષા ગમે તેટલી આકરી હોય, તો પણ જો કરવામાં ન આવે તો નુકશાન પ્રત્યક્ષ છે. એને ઓળખ્યા વિના ઘર કે વ્યવહાર ચાલી શકે એમ નથી. તેથી તેની પરીક્ષા થાય તેટલી લોકો કરે જ છે અને છતાં પણ ફસાય તો કપાળે હાથ દે છે.

એ જ ન્યાય અહીં અપનાવવાનો છે, છતાં નથી અપનાવાતો તેનું મુખ્ય કારણ ધર્મ પ્રત્યેની બેદરકારી છે. ધર્મ પ્રત્યે પ્રમાદી અને બેદરકાર બનેલા આત્માઓનું

અનુકરણ કરીને, ધર્મના અર્થી આત્માઓ પણ ગીતાર્થ ગુરૂઓના ગચ્છોને નહિ શોધવા અને અગીતાર્થ મુનિઓના પલ્લે પડવું અગર સર્વથા મુનિ–સમુદાયથી વંચિત થવું એ શું ન્યાયસંગત છે?

ગીતાર્થની શોધ કરવા છતાં પણ ભાગ્યયોગે અગીતાર્થ મળી જાય, તો તેથી ભય પામવાનું કોઇ પ્રયોજન નથી. તેવા વખતે અગીતાર્થનો ત્યાગ કરવાનું અને અન્ય ગચ્છના ગીતાર્થનું શરણું શોધવાનું પણ શાસ્ત્રીય ફરમાન છે.

એમ કરવાથી પોતે સ્વીકારેલા ગચ્છની પ્રશંસા થાય છે અને અન્ય ગચ્છની નિંદા થાય છે, એમ માની લેવું એ મોટી ભૂલ છે. એમ માનવાથી તો શ્રી જિનમતનો સ્વીકાર પણ કઠિન બની જશે. કારણ કે એ રીતે વિચારવા જતાં શ્રી જિનમતનો સ્વીકાર કરવાથી અન્ય મત હલકો પડે જ છે, પરંતુ તત્ત્વના માર્ગમાં એવા વિચારને મુદ્દલ સ્થાન નથી.

કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા શ્રી મહાવીર પરમાત્માની સ્તુતિ કરતાં એક સ્થળે ફરમાવે છે કે–

**हिंसाद्यसत्कर्मपथोपदेशाद्– सर्वविन्मूलतया प्रवृत्तेः।**
**नृशंसदुर्बुद्धिपरिग्रहाच्च, ब्रूमस्त्वदन्यागमप्रमाणम् ॥"**

હે નાથ! તારા સિવાય અન્યોએ પ્રકાશિત કરેલાં

આગમો અપ્રમાણ છે, તેનાં ઘણાં કારણો છે. તેમાં મુખ્ય તો એ છે કે, એ આગમોમાં હિંસાદિ અસત્ ક્રિયાઓનો ઉપદેશ ભરેલો છે, પૂર્વાપર વિરૂદ્ધ વાતોને કહેનારા તેના પ્રવર્તકો અસર્વજ્ઞ છે અને તેનો સ્વીકાર કરનાર આત્માઓમાં પણ મોટો ભાગ ઘાતકી, દુરાચારી અને દુર્બુદ્ધિથી ભરેલો છે. શ્રી જિનમતમાં એ વાત નથી, કારણ કે તેમાં હિંસાદિ અસત્ કર્મોનો ઉપદેશ નથી, કિન્તુ કેવળ સ્વ–પરહિતનો જ ઉપદેશ ભરેલો છે. તેના પ્રણેતાઓ સર્વજ્ઞ છે અને તેને અંગીકાર કરનાર મહાપુરુષો મુમુક્ષુ અને ઉત્તમ પ્રકારના મુનિવર્યો છે.

આ રીતે શ્રી જિનમત અને ઈતર મતોમાં તેના અનુયાયીઓની અપેક્ષાએ પણ મોટો ભેદ છે. એ જ વાતને પૂ. કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા નીચેના શબ્દોમાં ફરમાવે છે કે :—

**'हितोपदेशात्सकलज्ञक्लृप्तेः मुमुक्षुसत्साधुपरिग्रहाच्च ।**
**पूर्वापरेऽर्थेप्यविरोधसिद्धे-स्त्वदागमा एव सतां प्रमाणम्।।'**

હિતનો ઉપદેશ કરનાર હોવાથી, સર્વજ્ઞપ્રકાશિત હોવાથી, મુમુક્ષુ અને ઉત્તમ સાધુજનોથી સ્વીકારાએલ હોવાથી તથા પૂર્વાપર વિરોધનો લેશ પણ નહિ હોવાથી હે નાથ! તારાં આગમો એ જ સજ્જનોને પ્રમાણ છે.

ગચ્છની પ્રમાણિકતાનો આધાર મુખ્યત્વે તેના નાયકો અને અનુયાયીઓ ઉપર આધાર રાખે છે.

જે ગચ્છના નાયકો યાકિનીમહત્તરાસુનુ પૂજ્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા જેવા સૂરિપુંગવો છે, પૂજ્ય કલિકાલસર્વજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્ હેમચન્દ્રસૂરીશ્વરજી જેવા મુનિપતિઓ છે અને જ્ઞાન-ક્રિયાના અખંડ પ્રતિપાલક, તથા હીરલા બિરૂદધારક શ્રી જગચ્ચન્દ્રસૂરીશ્વરજી મહારાજા અને તેમના ઉત્તમોત્તમ શિષ્યવર્યો છે, તે ગચ્છને પણ અપ્રમાણિક કે તે ગચ્છની ક્રિયાઓને પણ આગ્રહથી ઉપજાવી કાઢેલી મનાવવી એ અયોગ્ય છે.

આચાર્ય ભગવાનશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા આદિ મહાનેતાઓ પણ પરમ શાસનપ્રભાવક, ચરમ દશપૂર્વધર આચાર્ય ભગવાન શ્રીમદ્ વજ્રસ્વામીજી મહારાજા આદિ મહાપુરૂષોએ સ્વીકારેલ અને આચરેલ સામાચારીને અંગીકાર કરનારા છે, માટે તેઓ પરમ પ્રમાણિક છે અને તેઓના જ માર્ગને અનુસરનારા અન્ય સર્વ મહાપુરુષો પણ તેટલા જ પ્રમાણિક છે. તેઓનાં આજ્ઞામાં રહેવું તેઓના માર્ગે ચાલવું અને તેઓનાં વચનો વિચારવાં, આચરવાં તેમજ પ્રચારવાં, એ જ એક, આ અપાર ભવસાગરમાંથી પાર ઉતરવાનો અનુપમ માર્ગ છે.

એ માર્ગની વિરુદ્ધ અજાણતાં પણ બોલવું એ મહાપાપ છે. એટલું જ નહિ, પણ એવું વચન આત્માને દુર્લભબોધિ અને સન્માર્ગનો વિરોધી બનાવનાર છે.

*

યથાર્થભાષી શ્રી જિનમતના એક પણ પદની ભાવથી પ્રાપ્તિ કરનાર આત્માનો ત્યાગ અને વૈરાગ્ય દંભ વગરના બની જાય છે એ હકીકત સમજવા માટે હવે આપણે શ્રી જૈનમત નિરુપણ કરવાની શૈલી તરફ આવીએ. શ્રી જિનમતના એક પદમાં સર્વ પદોનો સંગ્રહ છે.

**'जे एगं जाणइ, से सव्वं जाणइ,**
**जे सव्वं जाणइ, से एगं जाणइ ।**

—એ શ્રી જિનમતનું પ્રધાન સૂત્ર છે.

શ્રી જિનમતના એક પણ પદનો વિચાર સર્વ પદોના જ્ઞાનમાં સમાવેશ પામે છે. એ કારણે સર્વ દુઃખથી મુક્ત થવા માટે, ભયથી શ્રી જિનવચનના એક પણ પદની પ્રાપ્તિ બસ છે.

અહીં 'ભાવથી' કહેવાનો ઉદ્દેશ એ છે કે, એક પણ પદને ભાવથી પામનાર, અન્ય સર્વ પદોને પામવાની અભિલાષાવાળો હોય જ છે. એની અભિલાષા જ સર્વ અંતરાયોનો નાશ કરવા માટે સમર્થ છે. એ અભિલાષાનું

બીજું નામ રુચિ છે. અને એ રુચિનું નામ જ અહીં શ્રદ્ધા છે. શ્રદ્ધાયુક્ત અલ્પ પણ બોધ આ રીતે આત્માનો નિસ્તાર કરનારો થાય છે.

અલ્પમાં અલ્પ ક્ષયોપશમવાળો પણ એક પદનું જ્ઞાન ન કરી શકે એમ માનવું એ વ્યાજબી નથી, બલ્કે, એક નહિ પરંતુ અનેક પદોનો બોધ કરી શકે, એમ માનવું એજ વધારે વ્યાજબી છે. એ દૃષ્ટિએ શ્રી જિન-વચનાનુસાર ભવસ્વરૂપના ચિંતનથી ભવ પ્રત્યે વિરાગવાન બનેલો આત્મા, કેવી-કેવી વિચારણા સક્ષેપથી અગર વિસ્તારથી કરે છે, તેને આપણે ઉપરથી પણ જોઈ જવી જોઇએ. એવી વિચારણાવાળા આત્મામાં દંભનો લેશ પણ ન હોય, એ કહેવું પડે તેમ નથી.

" આ સંસાર દુઃખરૂપ છે. કારણ કે તે જન્મ, જરા, મરણ, રોગ અને શોકથી ભરેલો છે. આ સંસાર દુઃખ-ફળવાળો છે, કારણ કે તે જન્માદિકનું પરિણામ પણ દુઃખરૂપ છે. આ સંસાર દુઃખની પરંપરાવાળો છે; કારણ કે એક જ જન્મમાં અનેક જન્મોની પરંપરા ટકાવે તેટલાં કર્મોનો સંચય થાય છે.

આ સંસારની ચારેય ગતિમાંથી એકપણ ગતિમાં સુખ નથી.

દેવોને દ્વેષ અને પરાધીનતાનું દુઃખ છે.

મનુષ્યોને નિર્ધનતા, રોગ અને શોક આદિનાં દુઃખ છે.

તિર્યંચોને ભૂખ, તૃષા અને પરાધીનતાનું દુઃખ છે.

નારકીના જીવોને શીત, ઉષ્ણ, અંધકાર અને અશુચિ આદિનાં ભયાનક દુઃખ છે.

મનુષ્યના એક જ ભવમાં ગર્ભાવાસનાં દુઃખો છે અને જન્મતી વખતનાં, બાલ્યાવસ્થા-વૃદ્ધાવસ્થાનાં ભયંકર કષ્ટો છે, જ્યારે સુખ તો માત્ર મધુબિંદુ સમાન છે.

એકેન્દ્રિયાદિની કાયસ્થિતિ અનંતી અને અસંખ્યાતી ઉત્સર્પિણીઅવસર્પિણી પર્યંતની છે. અસંખ્યાત્ત વર્ષનો એક પલ્યોપમ છે. દશ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ છે. દશ કોડાકોડી સાગરોપમની એક ઉત્સર્પિણી છે અને દશ કોડાકોડી સાગરોપમની એક અવસર્પિણી છે. વીસ કોડાકોડી સાગરોપમનું એક કાળચક્ર છે.

એવાં અનંત કાળચક્રોનો એક પુદ્ગલપરાવર્ત છે. એવા અનંત પુદ્ગલપરાવર્તો, આ જીવે અવ્યવહાર રાશિની સૂક્ષ્મ નિગોદમાં ગાળ્યા. અનંતા પુદ્ગલપરાવર્તો વ્યવહાર રાશિની સૂક્ષ્મ નિગોદમાં પસાર કર્યા.

બાદર નિગોદમાં પણ અનંતો કાળ ગુમાવ્યો. પૃથ્વીકાય, અપકાય, તેજકાય અને વાઉકાય આદિ યોનિઓમાં અસંખ્ય કાળ વીતાવ્યો. વિકલેન્દ્રિયોમાં અસંખ્ય કાળ પસાર કર્યો તેમજ સંજ્ઞી પંચેન્દ્રિયપણે પણ સર્વ ગતિઓમાં અનંતકાળ સુધી આ જીવ ફરી ચૂક્યો.

૧૬ પ્રત્યેક ભવમાં અનેક પ્રકારનાં દુઃખો અનુભવ્યાં. ક્વચિત્ શુભકર્મના યોગે સુખ અનુભવ્યાં, તો તે અધિક

દુઃખને માટે જ થયાં. દેવલોકના વિમાનનાં સુખ અનુભવ્યાં, કિન્તુ અંતે પૃથ્વીકાય થયો. મનુષ્યોની રાજઋદ્ધિ ભોગવી, તો પરિણામે સાગરોપમોનાં નારકીનાં દુઃખોને સહ્યાં.

**પ્રત્યેક ગતિમાં શરીર મળ્યું તો હિંસા કરી. વાણી મળી તો જૂઠું બોલ્યો, મન મળ્યું તો દુર્ધ્યાન કર્યું અને સામગ્રી અધિક મળી તો અધિક પાપ બાંધ્યું તથા થોડી મળી તો દીન બન્યો.**

કોઈ વખત રાજા થયો, તો કોઈ વખત રંક થયો. કોઈ વખત બુદ્ધિમાન બન્યો તો કોઈ વખત બુદ્ધિહીન બન્યો. કોઈ વખત રૂપવાન થયો, તો કોઈ વખત કદરૂપો થયો. કોઈ વખત ઉત્તમ જાતિમાં જન્મ્યો, તો કોઈ વખત અધમ જાતિમાં જન્મ્યો. કોઈ વખત સારું કુળ મળ્યું, તો તેનો મદ કર્યો. કોઈ વખત અધમ કુળ મળ્યું, તો અધમ ધંધા આચર્યા.

કોઈ વખત ગર્વ તો કોઈ વખત દીનતા, કોઈ વખત હર્ષ તો કોઈ વખત શોક. કોઈ વખત ક્રોધ તો કોઈ વખત લોભ. એમ અનેક વિકારોને આ જીવ વશ થયો. એથી નવાં ચીકણાં કર્મો ઉપાર્જન કર્યાં અને તેના ઘોર વિપાક દુર્ગતિમાં વારંવાર સહ્યાં.

**કોઈપણ ભવમાં ધર્મબુદ્ધિ જાગી નહિ, વીતરાગને ઓળખ્યા નહિ, નિર્ગ્રન્થોને પિછાણ્યા નહિ, દયાને સમજ્યો નહિ, કદાગ્રહને છોડ્યો નહિ, સંસારને અસાર માન્યો નહિ, સંસારથી**

છુટવા માટે પ્રયાસ કર્યો નહિ અને હિતકારીના હિતોપદેશને આવકાર્યો નહિ.

ભવોભવ વિરાધના કરીને સંસારમાં ભટક્યો, પરાધીનપણે દુઃખો સહીને અકામ નિર્જરા કરી. શ્રી જિનધર્મની નિકટ પણ આવ્યો, પરંતુ અનાદિના અસદ્ અભ્યાસના યોગે એ ધર્મ રૂચ્યો નહિ.

દુનિયાનાં દુઃખોને સહ્યાં, પણ તપનાં કષ્ટોથી ધ્રુજારી પામ્યો. મરતી વખત માલમિલકત મૂકીને મરી ગયો પણ સ્વહસ્તે દાન દીધાં નહિ. શરીર રોગનું ઘર બન્યું, પણ નિરોગી કાયાને શીલસંપન્ન બનાવી નહિ. પુદ્ગલના ભોગ રાતદિવસ ચિંતવ્યા, પણ શ્રી વીતરાગદેવને એક ક્ષણવાર પણ ધ્યાયા નહિ. રાતદિવસ પાપવિચારો કર્યા, પણ પુણ્યવિચારોને ઘડીભર પણ સેવ્યા નહિ. અંતે પાપથી ભારે થઈ એકેન્દ્રિયાદિક નીચ ભવોમાં ભમ્યો.

મનુષ્યભવ અને દેવભવાદિ ક્વચિત્ પામ્યો, તે વખતે પાછું અનંત ભવભ્રમણ વધારીને જ મર્યો. આ દયામણી હાલતથી મુક્ત કરાવનાર શ્રી જિનેશ્વરદેવ મળ્યા, તેમની આજ્ઞાએ વર્તતા સદ્ગુરુઓ મળ્યા, તેમણે કહેલાં આગમો મળ્યાં, પણ તેના ઉપર સદ્ભાવ થયો નહિ.

અનંતીવાર ઊંચે આવીને નીચે પટકાણો. જેને અનંતીવાર પાળ્યા અને પોષ્યા, તેમાંના કોઈએ પણ

આપત્તિ વખતે હાથ ઝાલ્યો નહિ. અનંતાનંત શરીરોનું મમત્વ કર્યું, પણ પ્રત્યેક ભવે દગો દઈને તે ચાલતું થયું. અનંતા સ્વજનોને મારા માન્યા, પણ મરતી વખતે કોઈ મારા થયા નહિ. લક્ષ્મી મેળવવા માટે અપાર કષ્ટ સહ્યું, પણ તેમાંની રાતી પાઈ પણ સાથે આવી નહિ. આમ સંસારની પ્રત્યેક વસ્તુએ દગો દીધો, તો પણ તેને હું 'મારી' માનતાં ભૂલ્યો નહિ.

શ્રી જિનાગમરૂપી દીપક મળ્યા છતાં, હૈયામાં તે ધર્યો નહિ અને અનંતકાળ સુધી અંધકારમાં આથડયો. હવે મારા આત્મામાં શ્રી જિનાગમરૂપી દીપકના પ્રભાવે કિંચિત્ પ્રકાશ થયો. એ પ્રકાશના બળે તારકને ઓળખ્યા, તારકના માર્ગને પારખ્યો અને અનાદિની અવિદ્યા સમજાણી. એ અવિદ્યાના પાશમાંથી મુક્ત થવા માટે નિશ્ચય કર્યો. સદ્‌ગુરુની સહાય લીધી. સંયમરૂપી નાવ ઉપર આરૂઢ થયો, પણ એ નાવમાં અનેક આશ્રવરૂપી છિદ્રો પાડયાં, એથી ફરીને ભયંકર સંસારસાગરના તળિયે ગયો. એમ અનેકવાર ઊંચે આવ્યો અને નીચે ડૂબ્યો.

સામાન્ય આશ્રવોને રોકયા તો મહાઆશ્રવ સ્વરૂપ મિથ્યાત્વને સ્વીકાર્યું. મિથ્યાત્વના યોગે ફરી ભટકયો.

જ્ઞાન અને ચારિત્ર પામ્યો. તોય તપ તપવામાં કાયર બન્યો.

નવીન આશ્રવ ન થયો, તો અસંખ્ય પ્રદેશે વળગેલી અનંતી કર્મની વર્ગણાઓ દુઃખ દેવા તત્પર બની. તેને

તપાવવા માટે હાથમાં આવેલો તપનો રામબાણ ઈલાજ જતો કર્યો.

આ સ્થિતિ કેટલો વખત લંબાશે. તેના વિચારથી પણ હું ત્રાસી જાઉં છું. હવે તો જેમ તેમ થાઓ, કિન્તુ કોઈપણ ભવમાં શ્રી જિનેશ્વરદેવ, તારક સદ્ગુરુ અને તેમણે સમજાવેલો ધર્મ ન ભુલાય. **તે ધર્મથી સહિત દાસપણું ભલે હો, પરંતુ શ્રી વીતરાગભાષિત ધર્મશુન્ય ચક્રવર્તીપણાની પણ હવે મને ઈચ્છા નથી.**

"ભવોભવ મને એ તારકોનું શરણ હોજો. એ તારકોના માર્ગનો વિયોગ મને કોઈપણ ભવમાં ન નડજો. આટલી જ મારી છેવટની પ્રાર્થના છે. એ પ્રાર્થના અચિન્ત્ય શકિતસંપન્ન શ્રી વીતરાગ અને શ્રી નિર્ગ્રન્થ ગુરુઓના પસાયે પાર પડજો, પાર પડજો, પાર પડજો."

## * સમતા સુખની મહત્તા *

આ પ્રકારની ચિંતવના શ્રદ્ધાસંપન્ન આત્મામાં સતત-પણે ચાલતી હોય છે. એ ચિંતા એના અશુભ કર્મોને બાળી નાખે છે.

સુદેવ, સુગુરુ અને સુધર્મના આલંબનથી તે આત્માની પ્રતિદિન શુદ્ધિ થતી જાય છે. અનાદિનો મોહ તેને સતાવે છે, તો પણ પાછો તે સાવધ બની જાય છે. મમતારૂપી પિશાચિની ધીમે-ધીમે તેના હૈયામાંથી દૂર

થાય છે. સમતારૂપી ચન્દ્રિકા તેના હૃદયમાં સ્થાન લે છે. તે મમતાની સાથે શત્રુતા અને સમતાની સાથે મિત્રતા બાંધે છે મમત્વનો નાશ થતાંની સાથે જ આત્મામાં સમતા પ્રગટ થાય છે.

એ સમતા એ જ સકળ સુખનું મૂળ છે. સ્વર્ગનું સુખ દૂર છે અને મુક્તિનું સુખ તો તેના કરતાં પણ દૂર છે, પરંતુ સમતાના આવવાથી જે સુખનો અનુભવ થાય છે, તે તો હૃદયને પ્રત્યક્ષ છે. એમાં કોઈની સાક્ષીની આવશ્યકતા નથી.

સમતારૂપી અમૃતરસનો આસ્વાદ કર્યા પછી, શૃંગારાદિ રસનો આસ્વાદ, આત્માને વિષ સમાન લાગે છે. વિષય-રસનો વિપાક પરિણામે કટુ છે. સમતારસનો આસ્વાદ પરિણામે મધુર છે.

વર્તમાન અને ભાવિનાં અનંત સુખોને ઉત્પન્ન કરનાર સમતારસની મધુરતાને ચાખ્યા પછી, બીજા રસોને ચાખવાનો રસ આત્માને રહેતો નથી.

એ સમતા યોગીઓને પ્રાણથી પણ પ્રિય છે. અથવા યોગીઓના પ્રાણ જ સમતા છે. સમતારૂપી પ્રાણ હણાયા પછી યોગી યોગી રહેતો નથી. એ કારણે યોગીપુરુષો પોતાનો સઘળો પ્રયત્ન એ સમતારૂપી પ્રાણની રક્ષા કરવા માટે જ કરે છે. એનું જ નામ ઉત્કૃષ્ટ વૈરાગ્ય છે. એ વૈરાગ્યની પ્રાપ્તિ સિવાય સુખનાં ફાંફાં વ્યર્થ છે.

સંસાર પ્રત્યેનો વૈરાગ્ય એ જ અનુપમ સુખ છે. એની અવગણના કરીને સુખી થવાની આશા સેવનારા આત્માઓને બાથ ભીડીને સુખી થવાને ઈચ્છનારા છે. પાણીમાંથી માખણ કે રેતીમાંથી તેલ કાઢવું જેટલું દુષ્કર છે, તેના કરતાં અનેકગણું અધિક દુષ્કર, વિના વૈરાગ્યે સુખ પ્રાપ્ત કરવું તે છે.

## * વૈરાગ્યરૂપ રસાયણથી મોહનાશ *

વૈરાગ્યની પ્રાપ્તિ શ્રી વીતરાગ પરમાત્માના આલંબન સિવાય શક્ય નથી.

અન્ય આલંબનો દ્વારા પ્રાપ્ત થતો વૈરાગ્ય ભાગ્યે જ યથાર્થ વૈરાગ્ય હોય છે. એવા વિરાગની પ્રાપ્તિ તો આ જીવે અનંતી વાર કરી પણ સંસાર પરિભ્રમણ એક કદમ જેટલું પણ ઓછું થયું નહિ.

શ્રી વીતરાગદેવનો વૈરાગ્ય, સંસારના મૂળમાં જ ઘા કરે છે અને અનાદિની મોહવાસનાઓ તોડી નાખે છે. વૈરાગ્યના માર્ગમાં શ્રી વીતરાગદેવનું શરણ છોડી અન્યનું શરણ સ્વીકારવું, એ હાથમાં આવેલ નાવને છોડી પથ્થરની શિલાને પકડવા જેવું છે.

શ્રી વીતરાગદેવનું શરણ એટલે તેમણે ફરમાવેલી આજ્ઞાનું પાલન. શ્રી વીતરાગદેવની આજ્ઞા જાણવાનું સાધન આગમ છે અને એ આગમનું રહસ્ય સમજાવનાર ગીતાર્થ મુનિવરો છે. તેઓની નિશ્રા સ્વીકારી, જે કોઈ આત્માઓ દત્તચિત્તે શ્રી જિનેશ્વરદેવનાં વચનો ગ્રહણ

કરશે તેમજ પાળશે તે આત્માઓ મોહરાજાના મર્મોથી માહિતગાર થઈ તેને ભેદવાનું શુદ્ધ સામર્થ્ય પ્રાપ્ત કરી શકશે.

વૈરાગ્ય એક મહાન સદ્‌ગુણ છે, એ કહેવાનું તાત્પર્ય પણ એ જ છે કે વિના વૈરાગ્યે મોહની જાળમાંથી છૂટવું એ પંડિતો માટે પણ અશક્ય છે.

શ્રી જિનપ્રવચન એ વૈરાગ્યરસનો સાગર છે. કલ્યાણકામી આત્માઓ તેનું ઘૂંટડા ભરી ભરીને પાન કરો. એ અમૃતરસનું પાન છે અને જન્મ-જરા મરણનો વિનાશ કરવા માટેનું રસાયણ છે. શ્રી જિન-વૈદ્ય તેના દાતાર છે. એ વૈદ્યરાજના શરણે જઈ સહુ કોઈ પોતાના દુઃખને કાપવાનો અને સુખને શોધવાનો ઉદ્યમ કરો!

## ૨૩ આધિ ભૌતિકવાદ યાને જડવાદનું સ્વરૂપ અને રહસ્ય

### * ઘણા મતોથી અકળાવાની જરૂર નથી *

આસ્તિકતાના પરિપૂર્ણ જતન માટે આસ્તિકતામાં પ્રેરક સહાયક તેમજ માર્ગદર્શક સૂત્રો, સિદ્ધાંતો તેમજ નિયમોનું શ્રદ્ધા તેમજ ભાવપૂર્વકનું જ્ઞાન આવશ્યક છે, તેમ તેમાં અવરોધક પરિબળોની જાણકારી પણ જરૂરી છે, એમ સમજી સ્વીકારીને અહીં તત્સંબંધી નિરૂપણ કરીએ છીએ.

આ દુનિયામાં અનેક દર્શનો અને મતો પ્રચલિત છે. બુદ્ધિમાન મનુષ્યો જ્યાં સુધી જગતમાં જન્મ પામે છે; ત્યાં સુધી જગતમાં નવા મતોની ઉત્પત્તિ અટકી શકવાની નથી.

મનુષ્યની બુદ્ધિ સ્વભાવિક રીતે નવી-નવી વસ્તુઓની શોધ કરવા માટે તત્પર રહ્યાં જ કરે છે. એ તત્પરતા કોઈથી રોકી, રોકી શકાય તેમ નથી. બુધ્ધિ દ્વારા થતી નવી શોધો હમેશાં તિરસ્કાર કરવા લાયક જ હોય છે,

એમ પણ નથી. એ પ્રકારનો તિરસ્કાર વિચારશક્તિનો રોધક છે. અને જે દિવસે મનુષ્ય વિચાર કરતાં અટકી ગયો, એ દિવસે એ પશુ કરતાં અધિક રહી શકવાનો નથી.

મનુષ્યો પશુ કરતાં ચઢીઆતાં છે, એનું કારણ કોઇ પણ હોય, તો તે મનુષ્યોમાં રહેલી વિવેકશક્તિ છે. પશુઓમાં વિવેકશક્તિ છે, તો પણ તે માત્ર જીવનનિર્વાહતાં બાહ્ય પદાર્થો પૂરતી છે. મનુષ્યોની વિવેકશક્તિ તેથી આગળ વધે છે. તે જીવનનિર્વાહના બાહ્ય પદાર્થોના વિવેક સાથે આંતરિક પદાર્થોનો પણ વિવેક કરી શકે છે.

એ આંતરિક વિવેકમાંથી જ અનેક પ્રકારનાં દર્શનો અને મતોની ઉત્પત્તિ થાય છે. એ સિવાયના હેતુઓ પણ મતોની ઉત્પત્તિમાં હોય છે, પરંતુ તેને આપણે અહીં ગૌણ બનાવી દેવા માગીએ છીએ.

આંતરિક વિવેકશક્તિના ઉપયોગ દ્વારા જે કોઈ નવીન મતની ઉત્પત્તિ થાય છે, તેમાં કોઈ પણ પ્રકારના ઐહિક સ્વાર્થની વૃત્તિ હોય એમ માની લેવાને કોઈ કારણ નથી. જગતમાં એ દૃષ્ટિએ ઉત્પન્ન થયેલા નવીન-નવીન મતો અને ભિન્ન-ભિન્ન દર્શનો જોઇને કોઇએ અકળાઈ જવાની જરૂર નથી, કારણ કે તેની પાછળ મનુષ્યોની વિવેચકશક્તિ કાર્ય કરી રહી છે અને એ વિવેચકશક્તિનો જેટલો વિકાસ, તેટલો જ માનવસમાજનો વિકાસ છે.

## * અનેકાન્તવાદનું રહસ્ય *

વિવેચક–શક્તિના વિકાસ ઉપર માનવજાતિનો વિકાસ અવલંબેલો છે, એ સમજી લીધા પછી એ સમજી લેવાની પણ પૂરેપૂરી જરૂર છે કે, મનુષ્યની વિવેચકશક્તિ અનેક પ્રકારની તરતમતાઓવાળી હોય છે. એ તરમતાઓ એટલી બધી હોય છે કે, તેમાંની એકને જ જો પકડીને બેસી જવામાં આવે, તો પકડનારની પ્રગતિ ત્યાં અટકી જાય છે, એટલું જ નહિ પણ, 'જે વાત પકડી લેવામાં આવી છે તે જ એક સત્ય છે,' એમ માની લેવાથી પકડેલી સત્ય વાત પણ અસત્ય બની જાય છે. એકાન્તવાદ અને અનેકાન્તવાદનું આ જ રહસ્ય છે.

અનેકાન્તવાદ સત્યની સઘળી બાજુઓને સ્વીકારે છે, જ્યારે એકાન્તવાદ સત્યની એક બાજુ પકડી લઈ, બીજી બધી બાજુઓનો ઈન્કાર કરવા પ્રયત્ન કરે છે. તેથી તેની પ્રગતિ રુંધાઇ જાય છે અને પોતે પકડેલી સાચી વાત પણ અસત્યનું સ્વરૂપ ધારણ કરે છે.

સાચી વાત અસત્ય એટલા માટે બને છે કે તે સંપૂર્ણ સત્ય નહોતું, કિન્તુ સત્યનો એક અંશ હતો. અને તે અંશને નહિ માનતાં સંપૂર્ણ સત્ય માની લેવાનો પ્રયાસ થયો, તેથી તે સત્ય, સત્ય નહિ રહેતાં અસત્યનો જ એક પ્રકાર બની ગયો.

બુદ્ધિની તરતમતાથી શોધાયેલા એક જ અંશને પરિ-

પૂર્ણ માની લેવાથી, આ પ્રકારની વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે, એ કોઇ પણ નિરાગ્રહી આત્મા સહેજે સમજી શકે તેમ છે

## * જડવાદનો ફટકો *

બુધ્ધિના ભેદથી ઉત્પન્ન થયેલા અનેક પ્રકારના વાદોમાં એક અધિભૌતિક (Materialist) વાદનો પણ સમાવેશ થાય છે.

તે વાદ જો કે કેવળ જડવાદ ઉપર જ ઊભો થયેલો છે, તો પણ તેની પાછળ મનુષ્યોની વિવેચકશક્તિ ભિન્ન ભિન્ન પ્રકારે કામ કરી રહી છે, તે ભૂલવા જેવું નથી.

આધિભૌતિકવાદના પ્રણેતાઓ ચેતન અને ચૈતન્ય જેવી જડથી સ્વતંત્ર વસ્તુઓ આ દુનિયામાં અસ્તિત્વ ધરાવે છે, એ જાણવા અને માનવા શક્તિમાન બન્યા નથી, તો પણ તેઓ જે પ્રકારના નિર્ણયો કરવા શક્તિમાન થયા છે, તે તેમનામાં રહેલા ચૈતન્યગુણના વિકાસની ઓછી-વધતી પણ સાક્ષી પૂરી રહ્યા છે.

જગતમાં જો ચૈતન્ય જેવો ગુણ જ ન હોત, તેમજ એ ગુણને ધારણ કરનાર આત્મા જેવી કોઈ સ્વતંત્ર વસ્તુ જ ન હોત, તો તે આધિભૌતિકવાદીઓ પોતાની માન્યતા પ્રમાણે પદાર્થોના પોતે માનેલા પ્રકારના નિર્ણયો પણ કેવી રીતે લઈ શકયા હોત? તેઓએ કરેલા કોઈ પણ પ્રકારના નિર્ણયો જ, એ વાતની સાબિતી માટે બસ છે

કે, જગતમાં ચૈતન્યહીન જડ પદાર્થ ઉપરાંત પૂર્વાપરના વિચાર કરી શકનાર ચૈતન્યશકિત પણ વિદ્યમાન છે.

ચૈતન્યશકિતના ચમત્કારો આ રીતે જગતમાં ભિન્ન ભિન્ન પ્રકારે દરેક કાળમાં સાક્ષાત્કાર પામતા રહે છે, એ જ જડવાદ યાને આધિભૌતિકવાદને મોટામાં મોટો ફટકો છે.

## * પ્રયાસનો હેતુ *

જડવાદ યાને આધિભૌતિકવાદ, એ પણ બુધ્ધિનો જ એક ચમત્કાર છે, તો તેની હિતકારકતાની વિગતમાં ઉતરવું એ કોઇ પણ રીતે અયુકત નથી.

ચૈતન્યશકિતના ચમત્કાર જાણવા માટે આધ્યાત્મિક-વાદ જાણવો એ જેમ જરુરી છે, તેમ આધિભૌતિકવાદ જાણવો એ પણ તેટલું જ જરૂરી છે. આધિભૌતિકવાદને જાણ્યા સિવાયનો જાણેલો આધ્યાત્મિકવાદ અધૂરો રહેવાનો છે. પરિપૂર્ણ જ્ઞાન માટે વસ્તુની ઉભય બાજુઓનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ અતિશય આવશ્યક છે.

ચેતન અને જડ—એ બેને સ્વતંત્ર દ્રવ્ય નહિ માનતાં ચૈતન્ય પણ એક જડનો જ આવિર્ભાવ છે, એ માન્યતા ઉપર આધિભૌતિકવાદ ઊભો થયેલો છે.

એ વાદના મતે ચેતન યાને આત્મા નામનો કોઇ સ્વતંત્ર પદાર્થ છે જ નહિ. જે છે તે જડભૂતોના ભિન્ન-ભિન્ન પ્રકારના આવિર્ભાવમાં ચૈતન્ય પણ સમાઈ જાય

છે. એ માન્યતા ઉપર જડવાદીઓ તરફથી તત્ત્વની વ્યવસ્થા કરવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

કયો વાદ બુદ્ધિના કેટલા વીકાસ પર અવલંબેલો છે, એનો નિર્ણય કરવાનું કાર્ય પરિક્ષકોની બુધ્ધિ પર આધાર રાખે છે.

અહીં તો આપણે એ ઉભય પ્રકારના વાદો પોતાનાં મંતવ્યો કઈ રીતે પ્રકાશિત કરી રહ્યા છે, તે જાણવા માટે જેટલાં સાધનો મળી શકે તે મેળવી, તે ઉપર શકિત મુજબ વિચાર કરવો છે.

## ૦ આધિભૌતિકવાદનુ મંતવ્ય *

આધિભૌતિકવાદના અર્વાચીન પાશ્ચાત્ય પંડિતોએ એવું ઠરાવેલું છે કે, 'નીતિશાસ્ત્રનું વિવેચન કરવા માટે અધ્યાત્મશાસ્ત્રની મુદ્દલ આવશ્યકતા નથી. કોઈ પણ કાર્ય સારું છે. કે ખોટું તેનો નિકાલ તે કાર્યનું જે બાહ્ય પરિણામ આપણી નજરે આવે, તેનાથી જ કરવો જોઇએ.'

આવા ઠરવાનું એ જ એક કારણ છે કે, જેઓએ જીવનપર્યંત એ આધિભૌતિકવાદનો જ અભ્યાસ કર્યો છે, અથવા એ વિચારપદ્ધતિથી જ જેઓ ટેવાયેલા છે, તેઓની દૃષ્ટિ અતિશય સંકુચિત બની જતી હોઇને, તેઓને કોઇ પણ વસ્તુનાં બાહ્ય પરિણામોનો જ વિચાર કરવાની ટેવ પડેલી હોય છે. આધ્યાત્મિક કે પારલૌકિક વાતો ઉપર તેઓને સ્વભાવિક રીતે તિરસ્કાર જ રહે છે.

બાહ્ય પરિણામો ઉપર અવ્યકત અને અદૃશ્ય કારણો કામ કરી રહ્યાં હોય છે, તેને જોવાની કે તપાસવાની તેવા માણસોને પુરસદ જ હોતી નથી. તેઓ માત્ર એટલો જ વિચાર કરે છે કે, 'પ્રાણી માત્ર જે-જે કર્મ કરે છે, તે દુઃખના નિવારણ માટે અને સુખની પ્રાપ્તિ માટે હોય છે. સુખ એ પ્રાણી માત્રનું પરમ સાધ્ય છે. સર્વ કર્મોનું દૃશ્ય ફળ જ્યારે આ રીતે સુખપ્રાપ્તિ અને દુઃખ નિવારણ જ છે, તો પછી કર્માકર્મનો નિર્ણય કરવા માટે, આત્મ-અનાત્મ વિચારમાં પડવાની કોઈ પણ પ્રકારની આવશ્યકતા છે નહિ. જે કર્મથી સુખપ્રાપ્તિ યા દુઃખ-નિવારણરૂપ ફળ અધિક, તે કર્મને જ ન્યાયની રીતે શ્રેયસ્કર સમજવું જોઈએ.'

આ રીતે; કોઈ પણ કર્મનું કેવળ બાહ્ય ફળ **જોઈને નીતિ-અનીતિનો નિર્ણય કરવો, એનું જ નામ આધિભૌતિક સુખવાદ છે.**

આ મત પ્રમાણે સુખ-દુઃખનો વિચાર કેવળ પ્રત્યક્ષ દેખાતા બાહ્ય પદાર્થોનો ઈન્દ્રિયોની સાથે સંપર્ક થવાથી ઉત્પન્ન થતાં સુખ-દુઃખ સિવાય બીજો કોઈ નથી. એટલા માટે જ તે આધિભૌતિક કહેવાય છે.

પરલોક તરફ કે આત્મવિદ્યા તરફ આધિભૌતિકવાદી સર્વથા ઉદાસીન છે. પરંતુ તેટલા જ ઉપરથી 'તે પંથના વિદ્વાનો બધા, સ્વાર્થસાધુ, પેટભરા કે અનીતિમાન છે,' એમ કહેવું એ વ્યાજબી નથી.

એ મતનું પ્રતિપાદન કરનારાઓમાં ઘણા સાત્ત્વિક વૃત્તિના પંડિતો પણ હોઈ શકે છે. કારણ કે પરલૌકિક દૃષ્ટિએ નહિ તો ઐહિક દૃષ્ટિએ તેઓએ જે વિચાર કર્યો હોય છે, તે સર્વ જગતના કલ્યાણને ઉદ્દેશીને પણ હોય છે.

'જગતનું કલ્યાણ' એ સાધ્ય તેઓનું જ્યાં સુધી છે, ત્યાં સુધી તે માટેની નીતિના પ્રતિપાદનનો માર્ગ ભિન્ન બની જવાં છતાં પણ, તેઓ પેટભરા આદિ બની જતા નથી.

'જનકલ્યાણ' એ પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે, એવા પ્રકારની સાત્ત્વિક વૃત્તિમાંથી ઉત્પન્ન થએલો આધિભૌતિકવાદ, એ તાત્ત્વિક દૃષ્ટિએ ત્યાજ્ય હોવા છતાં, એના પ્રતિપાદકો પ્રત્યે દુર્ભાવ લાવવો કે તિરસ્કાર ઉત્પન્ન કરવો, તે વ્યાજબી નથી.

### * વિચારોનું અનૈક્ય *

જનકલ્યાણના ધ્યેયવાળા કોઈ પણ મતવાદના પ્રરૂપકોની સાત્ત્વિક વૃત્તિ નિંદનીય નહિં હોવા છતાં પણ, તેઓ જે મતની પ્રરૂપણા કરે છે, તે કેટલા અંશે યથાર્થ છે અને કેટલા અંશે અયથાર્થ છે, તેનું પરીક્ષણ તો સંપૂર્ણતયા થવું જોઇએ, એમાં કોઈના પણ બે મત હોઈ શકે નહિ.

એ પરીક્ષણ કરવા પહેલાં આધિભૌતિક સુખવાદના પ્રરૂપકો પરસ્પર પણ કેટલા વિચારો ધરાવે છે, તે

સમજવું અતિ આવશ્યક બને છે. તેઓમાં આ પ્રકારનો વિચારભેદ જન્મવાનું કારણ એક જ છે કે, 'જે આધિભૌતિક બાહ્ય સુખનો વિચાર કરવાનો છે, તે કોના સુખનો? પોતાના કે પારકા ? એકના કે અનેકના ?'

જો પોતાના જ સુખનો વિચાર કરવાનો હોય અને પારકા સુખનો વિચાર કરવાનો જ ન હોય, તો તેના માટે કર્તવ્યાકર્તવ્યના સિદ્ધાન્ત જુદા બની જાય છે. અને જો પારકા જ સુખનો વિચાર કરવાનો હોય અને પોતાના સુખનો વિચાર સર્વથા છોડી દેવાનો હોય, તો તે માટેના નિયમો પ્રથમ કરતાં સર્વથા વિપરિત જ બનવાના છે.

એ રીતે એકના ભોગે અનેકના સુખનો વિચાર કરવો કે અનેકના ભોગે એકના સુખનો વિચાર કરવો ? એ પ્રશ્ન ઊભો જ રહેવાનો છે.

આ પ્રશ્નોના અધિભૌતિક–મત–વાદના ઉપાસક જુદા-જુદા પંડિતોએ જુદી–જુદી રીતના નિર્ણયો કર્યા હોય છે, તેથી તે પંડિતોમાં પણ વિચારોનું ઐક્ય થઈ શક્યું નથી અને થઈ શકે તેમ પણ નથી.

## * સ્વાર્થ - સુખ વાદીઓ *

આધિભૌતિકવાદીઓમાં સહુથી પહેલો વર્ગ સ્વાર્થસુખ-
૧૭ વાદીઓનો આવે છે. જેઓ માને છે કે 'પરલોક અને પરોપકાર
સઘળું જૂઠું છે, આધ્યાત્મિક ધર્મશાસ્ત્ર ચાલબાજ લોકોએ

પોતાનાં પેટ ભરવા માટે ઉપજાવી કાઢેલું છે. જગતમાં માત્ર સ્વાર્થ એજ સાચો છે. કોઈપણ પ્રકારના જે કાર્યથી સ્વાર્થ સિદ્ધ થાય, તેજ એક પ્રશસ્ત કર્મ છે, અર્થાત્ પોતાના આધિભૌતિક સુખની અભિવૃદ્ધિ થાય તેવાં કાર્યો કરવાં, એજ એક પરમ ધર્મ અને એજ એક શ્રેયસ્કર નીતિ છે."

આ પ્રકારની નીતિ ભારતમાં પણ ચાર્વાક નીતિના નામથી ઓળખાય છે. એ નીતિના સમર્થનમાં તેઓ એમ કહે છે કે, "પંચ મહાભૂતના મિશ્રણથી આત્મા ઉત્પન્ન થાય છે અને દેહના બળી જવાથી આત્મા પણ રાખ થઈ જાય છે. માટે લાંબા વિચારોની ભાંજગડમાં નહિ પડતાં, શાણા મનુષ્યોએ આ દેહ જીવંત છે ત્યાં સુધી ખાઈ-પીને મોજ કરી લેવી. સાધન ન મળે તો છેવટ ( **ऋणं कृत्वा घृतं पीबेत् ।** ) 'દેવું કરીને પણ ઘી પીવું' એ સિદ્ધાન્ત સ્વીકારવો, કારણ કે મુઆ પછી કાંઈ નથી. જીવન છે ત્યાં સુધી સર્વ પ્રકારની કામવાસનાઓને તૃપ્ત કરી લેવી, એજ પરમ પુરુષાર્થ છે. જગતમાં દૃશ્ય ઐહિક સુખ સિવાય બીજું કાંઈ જ તત્ત્વ નથી. તપ અને સંયમ આચરવાં કે દાન અને શીલ પાળવાં, એતો એક પ્રકારની મૂર્ખતા છે. મળેલા ભોગોથી વંચિત રહેવા સિવાય તેનું બીજું કાંઈ જ ફળ નથી."

## * સ્વાર્થવાદીનો બીજો મત *

'લોકનું ગમે તે થાઓ, પરંતુ મારો ઐહિક સ્વાર્થ

સિદ્ધ થાઓ.' એ પ્રકારની માન્યતા ઉપર રચાએલો આ જાતનો આધિભૌતિકવાદ, એ કેવળ શાસ્ત્રદૃષ્ટિએ જ નિંદનીય ઠરેલો છે એટલું જ નહિ, પરંતુ લોકદૃષ્ટિએ પણ તે અતિશય, નિંદ્ય, ત્યાજ્ય અને અનીતિથી ભરેલો મનાયો છે. એ મતને નીતિશાસ્ત્ર કે ધર્મશાસ્ત્ર એ નામ પણ છાજતું નથી.

તેથી આધિભૌતિકવાદીઓનો બીજો એક એવો વર્ગ છે કે જે તેનો વિરોધ કરે છે. તે કહે છે કે, 'કેવળ સ્વાર્થીપણું કે કેવળ પેટભરાપણું આ દુનિયામાં કોઈનું પણ ચાલી શકાતું નથી.

આધિભૌતિક વિષયસુખ જો આપણને ઈષ્ટ છે, તો તેની સિદ્ધિ માટે બીજાનાં સુખોની આડે આવવું એ મૂર્ખતા છે. બીજાના સુખમાં વિઘ્ન કરનારા પોતાના જ સુખમાં વિઘ્ન કરનારા છે. અર્થાત્ બીજાને વિઘ્ન કરવું તે પોતાને જ વિઘ્ન કર્યા બરોબર છે. કારણ કે જેને આપણે વિઘ્ન કરી છીએ, તે આપણને વિઘ્ન કર્યા સિવાય રહેનાર નથી મારું સુખ અને મારો સ્વાર્થ, એ જો મારું સાધ્ય છે, તો તે સાધ્યની સિદ્ધિ બીજાઓને તેવા પ્રકારની સગવડો આપ્યા સિવાય કેવી રીતે થવાની? અર્થાત્ નથી જ થવાની. તેથી પોતાના સુખને માટે જ મનુષ્યે દીર્ઘદૃષ્ટિપૂર્વક બીજાઓના સુખનો ખ્યાલ પણ રાખવો જ જોઈએ.'

આધિભૌતિકવાદમાં પણ અમુક અંશે નીતિ પ્રવેશ

પામી શકી હોય, તો તેનું કારણ આજ છે. ચાર્વાકનો મત નીતિનું બંધન જરૂરનું નથી એમ પ્રતિપાદન કરતો હતો, જ્યારે આ મત પોતાના સુખની વ્યવસ્થા માટે પણ પોતાની દૃષ્ટિ મુજબ નીતિનો માર્ગ સ્થાપન કરે છે.

અહિંસા,સત્ય આદિ સઘળા ધર્મ અને નીતિની વ્યાખ્યા આ મતવાળા આ એક જ રીતે કરે છે કે, 'હું લોકોને મારીશ તો લોક મને મારશે.' આ જાતની સ્વાર્થમૂલક નીતિ સિવાય અહિંસાધર્મનું બીજું કાંઈપણ તાત્પર્ય નથી, એવો એ લોકોનો મત છે.

## * મનુષ્ય એટલે સ્વાર્થનું પૂતળું *

બીજાઓને દુ:ખી જોઈ દયા આવે છે, એનું તાત્પર્ય પણ આ મત પ્રમાણે એ જ છે.

તે કહે છે કે, 'મારા ઉપર ભાવિમાં આવું દુ:ખ આવે તો મારું શું થાય? એ ભય જ બીજાની દયા પ્રત્યે કારણ છે. પરોપકાર, ઔદાર્ય, કૃતજ્ઞતા, માયા કે મૈત્રી વગેરે જે જે ગુણો પ્રથમ દૃષ્ટિએ લોકના સુખ માટે છે એમ લાગે છે, તે મૂળમાં પોતાના જ સુખ માટે અગરપોતાના જ દુ:ખના નિવારણ ખાતર છે, માટે લોક તેને આચરે છે. પરોપકાર કે પરાર્થ એ કેવળ ભ્રાન્તિ-મૂલક શબ્દ છે. આપણા ઉપર મુસીબત આવે ત્યારે લોક આપણને મદદ કરે, એવી અંત:સ્થ બુદ્ધિથી જ માણસો બીજાને મદદ કરે છે યા દાન આપે છે. લોક આપણા

ઉપર માયા રાખે, તે માટે જ આપણે તેમના તરફ માયા રાખીએ છીએ. એ સિવાય માયા રાખવાનું બીજું કોઈ પણ કારણ જણાતું નથી. છેવટે લોક આપણને 'સારા' કહે, એ પ્રકારનો સ્વાર્થી હેતુ તો પ્રત્યેક કાર્યના પેટામાં રહેલો હોય છે જ. માટે આ જગતમાં સ્વાર્થ સિવાય બીજું કોઈ પણ તત્ત્વ છે નહિ.'

ચાર્વાક મત અને આ મતમાં નીતિ–અનીતિના બંધન-સંબંધમાં ફેર છે, તો પણ મનુષ્ય એટલે કેવળ વિષય સુખરૂપ સ્વાર્થનું પૂતળું, એ પ્રકારની અર્વાચીન માન્યતા આ મતમાં પણ ચાલુ જ રહે છે.

## * આધિભૌતિકવાદીઓનો ત્રીજો વર્ગ *

આધિભૌતિક–વાદીઓના ઉપર્યુક્ત બે વાદ સ્વાર્થને જ પ્રધાન માને છે, અને પરમાર્થ આદિના મૂળમાં પણ સ્વાર્થ જ છે એમ કહે છે. 'સામાન્ય મનુષ્યોની પ્રવૃત્તિ સ્વાર્થપરાયણ એટલે ઐહિક આત્મસુખપરાયણ હોય છે' એ વાતને કેન્દ્રમાં રાખીને ઉપરના મતો ઘડાએલા છે. પરંતુ મનુષ્ય સ્વભાવ કેવળ સ્વાર્થપરાયણ નથી, કિન્તુ સ્વાર્થ સાથે પરાર્થની બુદ્ધિ પણ મનુષ્યોમાં સ્વાભાવિક હોય છે, એમ માનનારો ત્રીજો વર્ગ પણ આધિભૌતિક-મતવાદીઓમાં છે અને તે ઉપર્યુક્ત બંને મતનો વિરોધ કરે છે.

તે કહે છે કે, 'પરોપકાર–બુદ્ધિની સાત્ત્વિક મનોવૃત્તિ

મનુષ્યના અંગમાં જન્મની સાથે જ નિર્માણ થએલી છે. પરોપકાર એ દીર્ઘદૃષ્ટિપૂર્વકનો સ્વાર્થ નથી. કિન્તુ તે એક સ્વતંત્ર વૃત્તિ છે. એ સ્વાર્થ એટલે સ્વસુખ અને પરાર્થ એટલે પરનું સુખ—એ બે તત્ત્વો જગતમાં વિદ્યમાન છે, તો એ બંનેને અનુકૂળ માનસિક વૃત્તિઓ પણ વિદ્યમાન છે; માટે કાર્યાકાર્યની વ્યવસ્થા, એ બંને તત્ત્વો ઉપર દૃષ્ટિ રાખીને જ થવી જોઇએ.'

પહેલા બે મતથી આ મત જુદો પડે છે. છતાં સ્વાર્થ અને પરાર્થ બંને કેવળ ઐહિક સુખવાચક છે, એ માન્યતા આ મતમાં પણ ચાલુ છે. અર્થાત્ ઐહિક સુખની પેલી પાર બીજું કાંઈ નથી, એ આધિભૌતિક મત આ પક્ષમાં પણ કાયમ રહે છે. ભેદ એટલો જ છે કે, આ પક્ષમાં સ્વાર્થબુદ્ધિની જેમ પરમાર્થ બુદ્ધિ પણ નૈસર્ગિક હોવાનો ખ્યાલ પ્રવર્તે છે, તેથી નીતિ-અનીતિનો વિચાર કરવામાં સ્વાર્થ સાથે પરમાર્થ પણ સચવાય એમ વર્તવું એ કર્તવ્ય છે.' એમ માને છે.

સ્વાર્થ અને પરાર્થ, એ બેઉમાં જો વિરોધ થતો ન હોય, તો સ્વાર્થનું કાર્ય પણ સમાજને જ હિતકારક છે, એમ આ પંથનું માનવું છે.

સમાજ એટલે અનેક વ્યક્તિઓનો સમૂહ, તેમાંની પ્રત્યેક વ્યક્તિ બીજાને નુકશાન ન કરતાં પોતાને ફાયદો કરતી હોય, તો તેમાં એકંદર સમાજનું જ કલ્યાણ થાય છે. તેથી પોતાના સુખને હાનિ ન પહોંચાડતાં જો :

લોકહિત પણ કરી શકાતું હોય, તો તે પણ આ પંથની માન્યતા પ્રમાણે કર્તવ્ય છે.

## * નિષ્કલંક નીતિ *

મનુષ્યજીવનમાં સ્વાર્થ અને પરાર્થ એ તુલ્ય કક્ષા ધરાવે છે, પરંતુ સ્વાર્થ કરતાં પરાર્થ શ્રેષ્ઠ છે, એ વાત આ મતને માન્ય નથી. એ કારણે સ્વાર્થ અને પરાર્થ વચ્ચે જ્યારે વિરોધ આવે, ત્યારે આ પંથવાળાઓને મોટે ભાગે સ્વાર્થમાં જ તણાઈ જવાનું થાય છે.

પરાર્થને સ્વાર્થનો દૂરદર્શી પ્રકાર ન માનતાં, આ પંથના માણસો ઉભયને સરખું વજન આપે છે, તો પણ કટોકટીના પ્રસંગે સ્વાર્થને જ મહત્ત્વ આપવા તરફ તેઓ ઝૂકી જતા હોય છે. અંગ્રેજીમાં એમે (English tened Self-interest) ઉદાત્ત અથવા શાણપણવાળો સ્વાર્થ કહેવામાં આવે છે.

વ્યવહારુ દૃષ્ટિએ આ નીતિ ભલે લેટલી સારી મનાતી હોય, તો પણ તાત્ત્વિક દૃષ્ટિએ તે પણ એક પ્રકારનો સ્વાર્થ જ છે. સ્વાર્થ કરતાં પરાર્થ ચડીઆતો છે એવું જયાં સુધી સ્વીકારવામાં ન આવે, ત્યાં સુધી તે નીતિ અધૂરી જ રહેવાની છે.

સત્પુરુષોનું આચરણ પેટભરા લોકથી હંમેશાં ઉચ્ચ પ્રકારનું જ હોવું જોઈએ. અન્યથા તે નીતિ, નિષ્કલંક નીતિ તરીકે કદી જ પ્રસિદ્ધિને પામી શકે નહિ.

નિષ્કલંક નીતિ તે છે કે જેમાં સ્વાર્થવૃત્તિનો સર્વથા અભાવ છે. સ્વાર્થવૃત્તિનો એક અંશ પણ જ્યાં સુધી હૃદયમાં બેઠો છે, ત્યાં સુધી તે મનુષ્ય નીતિનું અખંડપણે પાલન કરી શકે એ શક્ય નથી. એ કારણે સાચા નીતિમાન પુરુષોની સર્વોત્તમ નીતિ અને ઉપર્યુક્ત નીતિ વચ્ચે મોટું અંતર છે.

### * ઘણાઓનું ઘણું સુખ *

આધિભૌતિક-મતવાદીઓના ત્રણ માર્ગોનું આપણે નિરીક્ષણ કર્યું.

તેમાં પહેલો વર્ગ કેવળ સ્વાર્થી છે.

બીજો વર્ગ સ્વાર્થી ખરો, પણ દૂરંદેશિતા પૂર્વકના સ્વાર્થને વરેલો, જ્યારે ત્રીજો વર્ગ સ્વાર્થી છે, પણ શાણો સ્વાર્થી.

આ ત્રણ સિવાય આ મતવાદીઓનો એક ચોથો વર્ગ પણ છે. કે જે ઉપરના ત્રણે વર્ગોનો વિરોધ કરે છે. તે કહે છે કે, 'એક જ મનુષ્યના સુખ તરફ ન જોતાં, સર્વ મનુષ્યજાતિના આધિભૌતિક સુખ-દુઃખનું તારતમ્ય વિચારીને, નૈતિક કાર્યાકાર્યનો નિર્ણય કરવો જોઇએ. અંગ્રેજીમાં તેને The greatest good of the greatest number.' (ઘણાનું ઘણું સુખ) એવું નામ આપવામાં આવ્યું છે.

આ મતના પ્રતિપાદક પંડિતો અધિક સાત્ત્વિક વૃત્તિના છે, એમાં કોઈ સંદેહ નથી. 'સર્વ લોકોનું સુખ'

એ શબ્દોનો પ્રયોગ નહિ કરતાં, 'ઘણાઓનું ઘણું સુખ' એ શબ્દોનો પ્રયોગ ઈરાદાપૂર્વક કરવામાં આવ્યો છે.

એક જ કૃત્યથી એક જ કાળે જગતમાં સર્વ માણસોને સુખ જ થાય એ શક્ય નથી, એકને, એક વાત સુખકર લાગે છે અને તેજ વાત બીજાને તેજ વખતે દુ:ખકર લાગે છે.

સૂર્યનો પ્રકાશ ઘણાને આનંદ આપનારો છે, તો પણ તે થોડાને શોક પણ કરાવે છે. પરંતુ તેથી સૂર્યનો પ્રકાશ ત્યાજ્ય ઠરતો નથી તેમ અમુક વ્યક્તિઓને અમુક વાત ફાયદાકારક ન લાગી, તેટલા માત્રથી તે વાત સર્વને હિતકારક નથી, એવો નિર્ણય કરી શકાય નહિ. એ કારણે થોડાકને દુ:ખ થતું હોય, તો પણ તેનો વિચાર નહિ કરતાં ઘણાઓને જેથી ઘણું સુખ થાય એજ નીતિ ગ્રહણ કરવા યોગ્ય ગણાવી જોઇએ, અને તે મુજબ વર્તન કરવું એજ જગતમાં મનુષ્યોનું યથાર્થ કર્તવ્ય બની રહેવું જોઇએ.

## * ચોથા મત ઉપર બે આક્ષેપો *

આધિભૌતિક-સુખવાદીઓનું આ તત્ત્વ આધ્યાત્મિક સુખવાદીઓને પણ કબૂલ છે. તે છતાં કર્તવ્યાકર્તવ્યના નિર્ણય માટે સર્વ કાળે તેને જ જો આગળ કરવામાં આવે, તો ભારે અવ્યવસ્થા ઉત્પન્ન થયા સિવાય પણ રહે તેમ નથી.

નીતિમત્તાનો નિર્ણય કેવળ સંખ્યા ઉપરથી કરવો, એ કેવળ મૂર્ખતા છે. લાખો દુર્જનોને સુખ થાય, તે કરતાં એક સજ્જનને સુખ થાય તેજ ખરું સુકૃત્ય છે. એનો અર્થ એજ છે કે, એક સજ્જનને સુખ થતું હોય, તો લાખ દુર્જનના દુઃખની તેની આગળ કાંઈ કિંમત નથી. એનો આ અર્થ કર્યો એટલે 'ઘણાનું ઘણું સુખ' એ નીતિમત્તાનું લક્ષણ તરત જ પાંગળું બની જાય છે.

કોઈ કોઈવાર લોકને જે વસ્તુ સુખાવહ લાગે છે, તે જ દૂરદર્શી પુરુષોને પરિણામે ગેરફાયદાકારક લાગે છે.

સોક્રેટીસ અને ઈસુખ્રિસ્ત જેવા પુરુષો પોતાના મત પ્રમાણે જે કલ્યાણકર ઉપદેશ તેમના દેશબંધુઓને આપતા હતા, તે જ ઉપદેશ તે વખતના લોક અને લોકના અગ્રેસરોની દૃષ્ટિએ તેમને 'સમાજના શત્રુ' ઠરાવવામાં કારણભૂત બન્યા હતા. એટલું જ નહિ, પણ એજ ગુન્હા માટે તેઓ દેહાંતદંડની શિક્ષાને પાત્ર બન્યા હતા. એટલા માત્રથી તેઓ (સોક્રેટીસ અને ઈસુખ્રિસ્તનું) કૃત્ય શું અન્યાયી બની જાય તેમ છે?

'ઘણાનું ઘણું સુખ' એને નીતિનું એકમૂળ તત્ત્વ ક્ષણભર માટે માની લઈએ, તો પણ ઘણાઓનું ઘણું સુખ શામાં રહેલું છે? એ ઠરાવવાનું તો ઉભું જ રહેવાનું છે. અને એને ઠરાવનારા કોણ? એ ઠરાવવું પણ જો લોકોને જ સોંપવામાં આવ્યું, તો સોક્રેટીસ અને ઈસુખ્રિસ્ત જેવા

બનાવોના પુનરાવર્તન સિવાય બીજું શું થનાર છે?

મુશ્કેલીના પ્રસંગોમાં અનધિકારી પુરુષોના હાથમાં નિર્ણય કરવાનું કાર્ય સોંપવાથી, વિપરીત પરિણામ સિવાય બીજું કાંઈ જ આવતું નથી. એ વાત ઉપરના દાખલા-ઓથી સ્પષ્ટ થાય છે.

અહીં એ બચાવ કરવામાં આવે કે, 'અજ્ઞાન લોકો દુરુપયોગ કરે. એટલા માત્રથી નીતિનું તત્ત્વ કાંઈ ખોટું ઠરી જતું નથી.' તો એ પ્રકારનો બચાવ પણ લૂલો છે, કારણ કે નીતિનું તત્ત્વ ઠરાવ્યા પછી તેનો ઉપયોગ કોણે, કેમ અને ક્યારે કરવો, એ વગેરે પણ સાથે જ ઠરાવવું જોઇએ. અન્યથા અર્થનો અનર્થ થવાનો સંભવ ઊભો જ છે

આથી એ સિદ્ધ થાય છે કે, કેવળ સંખ્યાથી નીતિનો યોગ્ય નિર્ણય થઈ શકતો નથી તથા 'ઘણાઓનું ઘણું સુખ શામાં?' એ ઠરાવવા માટે નિશ્ચિત એવું કોઇ બાહ્ય સાધન પણ નથી.

## * ત્રીજો આક્ષેપ *

આ બે સિવાય તે મત ઉપર ત્રીજો એક મોટો આક્ષેપ છે કે જે કદી પણ ન ટળી શકે તેવો છે.

કોઈ પણ કૃત્યના કેવળ બાહ્ય પરિણામ ઉપરથી તે કૃત્ય ન્યાયસંગત છે કે નહિ, તેનો સમાધાનકારક નિકાલ લાવવો તે દરેક વખત શક્ય હોતું નથી.

સર્વ સત્પુરુષો જગતના કલ્યાણ માટે શ્રમ કરે છે એ વાત સાચી છે, પરંતુ જે મનુષ્યો જગતના કલ્યાણ માટે શ્રમ કરે છે તે બધા જ સત્પુરુષો હોય છે, એવો નિર્ણય કરી શકાતો નથી. કાર્યની સાથે મનુષ્યનું અંતઃકરણ પણ હોવું જોઇએ. યંત્ર અને મનુષ્ય વચ્ચે મોટો ભેદ પડતો હોય, તો તે આ જ છે.

બાહ્ય પરિણામ ઉપરથી યંત્ર સાચું છે કે ખોટું તેનો યથાર્થ નિર્ણય કરી શકાય છે, પરંતુ મનુષ્ય સાચો છે કે ખોટો તે તેનાં બાહ્ય કૃત્યો ઉપરથી કે તેના કૃત્યોનાં બાહ્ય પરિણામો ઉપરથી કદી પણ નક્કી કરી શકાય તેમ નથી.

એ જ કારણે અજાણતાં અથવા ભૂલથી થનારા અપરાધો કાયદામાં પણ ક્ષમ્ય લેખાયા છે. અર્થાત્ કોઈપણ કૃત્ય સારું છે કે નરસુ, ધર્મ્ય કે અધર્મ્ય, નીતિનું છે કે અનીતિનું તેનો ખરો નિર્ણય કૃત્યના બાહ્ય ફળની સાથે તે કૃત્ય કરનારની બુધ્ધિ, વાસના યા હેતુની સાથે પણ અગત્યનો સંબંધ રાખે છે.

દાન કરવાની ક્રિયા, એ ક્રિયારૂપે બહારથી સરખી છે અને તેનું ફળ 'ઘણાંને ઘણું સુખ' એ સમાન છે, તો પણ એક નિષ્કામ બુદ્ધિથી કરે છે, એક કીર્તિ માટે કરે છે, અને એક કોઈ અન્ય ફળ માટે કરેછે તો તે બધાં દાન એક સરખા ફળવાળાં કહી બની શકતાં નથી. ઈરાદો ફરવાથી ફળ પણ ફરે છે.

એક ગરીબ માણસે ધર્મકાર્ય માટે ચાર આનાં

ખર્ચ્યા અને એક લક્ષાધિપતિએ ચારસો રૂપીઆ ખર્ચ્યા, ઘણાંને ઘણું સુખ શામાં રહેલું છે? શ્રીમંતના કે ગરીબના દાનમાં? બાહ્ય દૃષ્ટિએ તો શ્રીમંતના દાનમાં જ ઘણાનું ઘણું સુખ રહેલું છે, એમ લાગ્યા વિના નહિ રહે, પરંતુ ગરીબનું ચાર આનાનું દાન એ તેની આખી મૂડીનું દાન હોવાથી શ્રીમંતના દાન કરતાં ગરીબનું દાન અધિક ફળવાળું બની શકે છે.

'ઘણાનું ઘણું સુખ' એ આધિભૌતિક-નીતિતત્ત્વનો જે મોટો દોષ છે, તે આ જ છે. તેમાં કર્તાના માનસિક ઈરાદાનો કે બુદ્ધિનો કાંઈ જ વિચાર કરવામાં આવ્યો નથી.

માનસિક ઇરાદા તરફ પણ લક્ષ્ય આપવાની વાત આવી, ત્યાં 'ઘણાનું ઘણું સુખ' એ નીતિનું લક્ષણ ટકી શકતું જ નથી. કેવળ બાહ્ય પરિણામો (ફળો)નો જ વિચાર કરવાનો હોય, તો જ 'ઘણાનું ઘણું સુખ' એ નીતિ ટકી શકે એમ છે. 'બાહ્ય પરિણામોની દૃષ્ટિએ એના કરતાં ચઢીઆતું નીતિમત્તાનું તત્ત્વ બીજું કોઇ મળી શકનાર નથી,' એ વાત ખરી છે, તો પણ કોઇ કાર્ય ન્યાય્ય કે અન્યાય્ય છે, એનો વિચાર એકલા એ જ તત્ત્વ ઉપરથી થઈ શકતો નથી. એ તત્ત્વ સિવાય બીજી અનેક બાબતોનો વિચાર કરવાનો બાકી રહે છે.

કેવળ બાહ્ય કર્મ ઉપર જ જો આધાર રાખીએ, તો ઘણીવાર એનાથી ઠગાવાનું જ થાય છે. 'બાવો બેઠો જપે

અને જે આવે તે ખપે.' 'મુખ મેં રામ ઔર બગલમેં છૂરી' એ કહેવતો સુપ્રસિદ્ધ છે. અંતઃકરણની શુદ્ધિ હોય અને ક્વચિત બાહ્ય કર્મ અશુદ્ધ અગર હિંસક પણ દેખાતું હોય, તો પણ તેની યોગ્યતા પ્રથમ કરતાં ઘણી ચઢી જાય છે.

## * આક્ષેપ અને પરિહાર *

આધિભૌતિક-સુખવાદની આ ઉણપ આધિભૌતિક-તત્ત્વચિંતકોના લક્ષ્યમાં આવી નથી એમ નથી, તો પણ તેઓએ પોતાના પક્ષનું સમર્થન કરવાનો આગ્રહ છોડયો નથી, એ તેમનો મતાગ્રહ સૂચવે છે.

એ ઉપરાંત આ પંથ પર એક બીજો આક્ષેપ એ પણ છે કે 'સ્વાર્થ કરતાં પરાર્થ શ્રેષ્ઠ છે. એમ જે તેઓ કહે તે શાથી ?' એની કોઈ પણ વ્યાખ્યા તે પંથવાળાઓ આપી શકે તેમ નથી.

લોકનું હિત કરવામાં ઘણા અંશે પોતાનું જ હિત સમાએલું છે. તેથી આ પ્રશ્ન સામાન્ય રીતે ઉપસ્થિત થતો નથી, તો પણ 'શાણા સ્વાર્થ' કરતાં એક ડગલું આગળ વધેલ સ્વાર્થ અને પરાર્થ વચ્ચે વિરોધ આવે, ત્યાં 'શાણા સ્વાર્થ'નો માર્ગ ન સ્વીકારતાં સ્વાર્થ છોડી, પરાર્થ સાધવા શ્રમ કરવો એ જ કર્તવ્ય છે, એમ જણાવનાર પંથ કોઈ પણ યુક્તિ આપી ન શકે તે ચાલે નહિ.

એ પંથના એક પંડિત સ્પેન્સર એમ જણાવે છે કે, 'એક કીટથી માંડી મનુષ્યપર્યંત સર્વ સજીવ સૃષ્ટિ પોતાના સુખના ભોગે બીજાને આનંદ આપવામાં જ સુખ માને છે.

પ્રથમ સંતતિ ઉત્પન્ન કરવી અને પછી તેનું સંરક્ષણ કરવું, એવો વ્યવહાર સમસ્ત પ્રાણીગણમાં પ્રસિદ્ધ છે. અર્થાત્ સંતતિ માટે એટલે પારકા માટે સ્વાર્થત્યાગ કરવો એમાં કીટથી માંડી મનુષ્યપર્યંત તમામ પ્રાણીઓ આનંદ માને છે.

તદ્દન પછાત જાતિમાં પણ પોતાની સંતતિ માટે જ નહિ, કિન્તુ પોતાના જ્ઞાતિજનો માટે પણ, મદદ કરવાની પ્રવૃત્તિ આનંદપૂર્વક કરવામાં આવે છે. માટે સજીવસૃષ્ટિના શિરોમણિભૂત મનુષ્યે તો પરાર્થમાં જ સ્વાર્થ જેટલું સુખ માનવાનું, સૃષ્ટિનું જે ચઢતું ધોરણ છે, તેને અપનાવી લેવું જોઈએ.'

સ્પેન્સરનો આ યુક્તિવાદ ખોટો છે એમ કહી શકાય તેમ નથી. પરોપકાર એ સદ્ગુણ, મૂંગી સૃષ્ટિમાં પણ બાળકનું સંરક્ષણ કરવાના આકારમાં નજરે ચઢી આવે છે, તો જ્ઞાનવાન એવો મનુષ્ય, તેણે તો તેની પરમ સીમાએ પહોંચવું, એ જ તેને માટે ખરામાં ખરો પુરુષાર્થ થઇ પડે છે.

આ રીતે એ તત્ત્વની આધિભૌતિક વ્યાખ્યા પણ છેવટે કરવી પડે છે, પરંતુ આ પ્રકારની વ્યાખ્યા કરવા

જતાં બીજો એવો પ્રશ્ન એની સામે ઉત્પન્ન થાય છે કે, પરોપકાર બુદ્ધિ એ એક જ સદ્‌ગુણ મનુષ્યમાં ઉત્કર્ષ પામ્યો છે કે તેની સાથે ન્યાયબુદ્ધિ, દયા, વિવેક, દીર્ઘ દૃષ્ટિ તર્કશક્તિ, શૌર્ય, ધૈર્ય, શાન્તિ, ઇન્દ્રિય-નિગ્રહાદિ બીજા પણ અનેક સદ્‌ગુણોની વૃદ્ધિ થયેલી છે? જો બીજા પણ સદ્‌ગુણોની વૃદ્ધિ થયેલી હોય, તો ઈતર સજીવ પ્રાણીઓના મુકાબલે મનુષ્યમા એકલો પરોપકાર જ નહિ, કિન્તુ સર્વ સદ્‌ગુણોનો ઉત્કર્ષ થયેલો છે, એમ કહેવું પ્રાપ્ત થાય છે. આ સાત્ત્વિક ગુણોના ઉત્કર્ષના યોગે 'મનુષ્યત્વ' એ વિશેષણને લાયક મનુષ્ય ઠરે છે.

પરોપકાર કરતાં આ રીતે 'મનુષ્યત્વ' યાને 'માણસાઇ' એ જ જો શ્રેષ્ઠ ઠરે તો પછી કોઈ પણ કર્મની યોગ્યા-યોગ્યતા અથવા નીતિમત્તાનો નિર્ણય તે માણસાઈના આધારે જ થવો જોઈએ. અર્થાત્ એકલી પરોપકાર બુદ્ધિ ઉપર ભાર દેવાં કરતાં, 'માણસાઈને શોભે તે જ સુકૃત્ય' એ નીતિનું ધોરણ ઠરાવવું એ જ ન્યાયયુક્ત વાત છે.

આ વ્યાપક દૃષ્ટિ એક વાર સ્વીકારી લીધી એટલે 'ઘણાનું ઘણું સુખ' એ આ દૃષ્ટિનો એક અલ્પ વિભાગ થઈ જાય છે. અને તેથી કૃત્યોની ધર્મ્યાધર્મ્યતા તે જ એક દૃષ્ટિએ જોવી જોઈએ, એ મત અકબંધ રહેતો નથી, કિન્તુ 'માણસાઇ'નો વિચાર કરીને નીતિનું તત્ત્વ નક્કી

 થવું જોઇએ, એ જ એક મત સિદ્ધ થાય છે

## * ધર્મોની નિત્યતાની સિદ્ધિ *

પરંતુ એ મત સિદ્ધ થયા પછી, એ પ્રશ્ન ઊભો જ રહે છે કે, 'માણસાઈ અથવા મનુષ્યપણું શામાં માનવું ?' આ પ્રશ્નનો ઝીણવટપૂર્વક વિચાર કરવા માંડયો, એટલે તરત જ આત્મા તત્ત્વની ચિંતા આવીને ઊભી રહેવાની છે.

આ રીતે આધિભૌતિક-મતવાદની પૂર્ણાહુતિ આધ્યાત્મિકવાદની નિકટ આવીને થોભે છે. તફાવત માત્ર એટલો છે કે, આધિભૌતિક-મતવાદીઓની દૃષ્ટિ 'માણસાઇ'માં પણ કેવળ સર્વ લોકોનાં બાહ્ય સુખોની ચિંતા કરે છે. અંતઃસુખ કે અંતઃશુદ્ધિના વિચાર સુધી તે પહોંચી શકતી નથી.

પ્રાણીમાત્રની સર્વ પ્રવૃત્તિ સુખપ્રાપ્તિ અને દુઃખ-નિવારણ માટે છે. એ સામાન્ય તત્ત્વ જ્યાં કબૂલ થયું, ત્યાં સત્ય સુખ આધિભૌતિક એટલે વિષયોપભોગ છે કે અન્ય કોઈ છે, એનો વિચાર કર્યા સિવાય ચાલે તેમ છે જ નહિ.

શારીરિક સુખ કરતાં માનસિક સુખની યોગ્યતા અધિક છે, એ વાત તો આધિભૌતિક-મતવાદીઓને પણ કબૂલ કર્યા સિવાય ચાલતું નથી.

તત્ત્વજ્ઞાનના ગહન વિચારથી બુદ્ધિને જે એ પ્રકારની શાન્તિ મળે છે, તેનું મૂલ્ય ઐહિક સંપત્તિ અને

વિષયોપભોગ કરતાં અનેકગણું અધિક જ છે, એ વાત સમજદાર પુરૂષોને સમજાવવી પડે તેમ નથી. ઉલટ–પક્ષે ઐહિક સુખ કે સંપત્તિ ગમે તેટલી પ્રાપ્ત થાય, તેની સાથે આત્મિક સુખ કે આત્મિક શાન્તિ પ્રાપ્ત થાય જ, એવો નિયમ બાંધી શકાતો નથી.

ઇન્દ્રિયગમ્ય બાહ્ય સુખ કરતાં બુદ્ધિગમ્ય આંતરૂ સુખની યોગ્યતા હંમેશાં અધિક રહે છે. તેનું એક કારણ એ પણ છે કે, વિષયસુખ અનિત્ય છે, જ્યારે આત્મિક સુખ નિત્ય છે. અહિંસા, સત્ય વગેરે ધર્મો બાહ્ય સુખ–દુઃખ ઉપર આધાર રાખતા નથી; પરંતુ સર્વ કાળે અને સર્વ પ્રસંગે એક સરખા લાગુ પડે છે. એમ સર્વ કોઈ માને છે.

'આ પ્રકારનું નિત્યત્વ' એ ધર્મોને શાથી પ્રાપ્ત થાય છે ?' એની ન્યાય તેમજ યુક્તિસંગત કોઇ વ્યાખ્યા આધિભૌતિકવાદ મતવાદ કરી શકે તેમ નથી.

બાહ્ય સુખ–દુઃખ અનિત્ય અને નશ્વર હોવાથી; તેના અવલોકનપૂર્વક જે કાંઈ સિદ્ધાંતો નક્કી કરવામાં આવે છે તે હંમેશાં કાચા પાયા ઉપર જ રચાયેલા હોય છે 'સત્ય ખાતર પ્રાણ જાય તો પણ પરવા નહિ,' એવી ત્રિકાલબાધિત માન્યતા, તે 'ઘણાનું ઘણું સુખ' એ તત્ત્વથી કદી પણ સિદ્ધ થઇ શકતી નથી. એની સિદ્ધિ તો 'આત્મા પોતે નિત્ય છે' એમ માનવામાં આવે તો જ થઇ શકે તેમ છે. નિત્ય આત્માને માન્યા પછી,

અનિત્ય એવાં સુખ-દુઃખનો વિચાર આપોઆપ ગૌણ બની જાય છે. અને 'નિત્ય જીવને સુખ કરનાર ધર્મ પ્રાણાંત પણ ત્યજવા યોગ્ય નથી.' એ સિદ્ધાંત સ્થિર થાય છે.

## * આત્મતત્ત્વને માનવું જ પડે *

નીતિમત્તાનો સિદ્ધાંત, 'ઘણાનું ઘણું સુખ' કે 'સ્વાર્થ કરતાં પરાર્થ શ્રેષ્ઠ છે.' એટલું માનવા માત્રથી નક્કી થઈ શકતો નથી. 'સ્વાર્થ કરતાં પરાર્થ એ શાથી શ્રેષ્ઠ છે ?' એ નિશ્ચિત ઠરાવવા માટે આત્મતત્ત્વ સુધી પહોંચ્યા સિવાય ચાલતું નથી. જો નિત્ય એવું આત્મતત્ત્વ જગતમાં અસ્તિત્વ ધરાવતું ન હોય તો,

"निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु,
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा,
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥१॥

—એ વગેરે પદો કેવળ સાહિત્યની શોભા માટે જ રહી જાય છે.

"ઘણા માણસો સ્તુતિ કરે યા નિંદા કરે, 'ઘણાઓના ઘણા સુખનું સાધન' લક્ષ્મી આવે યા જાય, સર્વ પદાર્થોથી પ્રિય એવા પ્રાણોનો વિયોગ કરાવનાર મરણ આજે આવે યા યુગાંતરે આવે, તો પણ ધીર પુરુષો ન્યાયના માર્ગથી એક ડગલું પણ પાછા હઠતા નથી." એ વાત

જો સત્ય હોય, તો આધિભૌતિક-મતવાદ અસત્ય ઠરે છે.

આધિભૌતિક સુખવાદીઓના મતે, લક્ષ્મી અને પ્રાણ કરતાં નીતિની કિંમત કદીજ ઐધિક બની શકે તેમ નથી. કારણ કે ઐહિક સુખના ધ્યેયવાળો ઐહિક સુખના ભોગે નીતિનું પરિપાલન કરે, એ બનવું જ સર્વથ અશક્ય છે. એટલા માટે જ્યાં સુધી આત્મતત્ત્વ જેવી વસ્તુની શ્રદ્ધા પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી નીતિની સઘળી વાતો, એ કાચા પાયા ઉપરના ચણતર જેવી છે. એ ચણતર ક્યારે તૂટી પડે, તે કહેવાય નહિ.

## * એકલી આશયશુદ્ધિ નકામી *

નીતિનો પાયો પાકો કરવા માટે એકલા આધિભૌતિક મતવાદથી કામ સરે એમ નથી, એ વાત નક્કી થઇ ગયા પછી એ કહેવાનું રહેતું નથી કે આધિભૌતિક-મતવાદના પ્રણેતાઓ કોઈ સ્વાર્થી હેતુઓથી નહિ, કિન્તુ 'જનકલ્યાણ' જેવા ઉચ્ચ આશયથી પોતાના સિધ્ધાંતોનું પ્રતિપાદન કરતાં હોય, તો પણ બુદ્ધિમાનો વડે તેઓના સિધ્ધાતો કદી ગ્રાહ્ય થઈ શકે તેમ નથી.

આશયની શુદ્ધિ ગમે તેટલી હોય, પરંતુ જે વસ્તુનું નિરૂપણ કરવું છે, તે વસ્તુનું પૂરેપૂરૂં જ્ઞાન જેઓને નથી તેઓએ પોતાના મત ઉપર આગ્રહ રાખવો નિરર્થક છે. એ પ્રકારની આગ્રહી વૃત્તિ સત્યને પામવા માટે ભારે અંતરાયરૂપ છે.

## * અપરિચિતતાનું કારણ *

આજે આધિભૌતિક-મતવાદનો યાને જડવાદનો પવન બહુ ફેલાયો છે અને તેના સમર્થનમાં એ કહેવાય છે કે;

"તે મતના પંડિતો સમર્થ વિદ્વાન અને 'જનકલ્યાણ'ની અતિ ઉત્કટ ધગશવાળા છે; તેથી તેમનાં વચનો ઉપર અવિશ્વાસ કરવાનું કોઈ કારણ નથી. તેઓ જે કહે છે તે વૈજ્ઞાનિક પદ્ધતિએ કહે છે અને એટલે વર્તમાનના સુશિક્ષિતોની બુદ્ધિને તે વધારે આકર્ષે છે. નીતિમત્તાનો વિચાર કરવા માટે શાસ્ત્રોક્ત-કાળજૂનાં-કાટલાંઓ અત્યારે નકામાં છે. અને આધુનિક પંડિતો દ્વારા નિરૂપણ કરાતી સમાજહિતની વૈજ્ઞાનિક દૃષ્ટિ જ બરાબર છે."

આ પ્રકારના વિચારોને આધીન થઈ જવાથી; આજે જેઓ ભણેલા અને સુશિક્ષિત કહેવાય છે; તેઓમાં આધિભૌતિક-મતવાદી શાસ્ત્રોનું જ્ઞાન મેળવવાનો પ્રયાસ જ વધતો જાય છે.

જ્યારે આત્મા તેમજ પરલોક આદિનું વિવેચન કરનારાં શાસ્ત્રોનું જ્ઞાન મેળવવા માટેનો પ્રયાસ લગભગ અટકી ગયો છે. એજ કારણ છે કે, આધુનિક સંસ્કૃતિના સંસ્કાર પામેલા આ દેશમાં જ જન્મેલા અને પોતાને દેશભક્ત તરીકે ઓળખાવનારા પુરુષો પણ જેટલા પાશ્ચાત્ય પંડિતો, જેવા કે કાન્ટ (Kant) મીલ (Mill) સ્પેન્સર (Spencer) હ્યુમ (Hume) હોબ્સ (Hobs) આદિએ વિવેચિત કરેલા તત્ત્વજ્ઞાનથી પરિચિત છે, તેટલા જ તે પંડિતો કરતાં અનેકગણા વિદ્વાન, સ્વાર્થત્યાગી અને ન્યાયનિષ્ઠ એવા આ દેશમાં જ જન્મેલા ગ્રન્થકારોના ગ્રન્થોથી અપરિચિત છે.

## * પંડિત શ્રી જવાહરલાલ નહેરુ *

એનું એક દૃષ્ટાન્ત, પોતાના દેશબાંધવોના દુઃખોનું દુઃખ નિજ હૈયે ધરાવનાર પંડિત જવાહરલાલ નહેરૂ કે જેઓએ રાષ્ટ્રની સ્વતંત્રતા માટેની લડતમાં આગળ પડતો ભાગ ભજવ્યો છે, તેઓ પોતે જ છે. 'મારી જીવનકથા' એ નામના પોતે લખેલા છસો પાનાના એક અંગ્રેજી પુસ્તકમાં અનેક ગ્રન્થકારોની સાક્ષીઓ તેઓ આપે છે, પરંતુ તેમાં એક પણ સાક્ષી પોતાના દેશના મહાપુરુષોના ગ્રન્થની જણાતી નથી.

પોતાના જ દેશમાં થયેલા અનેક મહાપુરુષો કે તેમણે રચેલા વિપુલ સાહિત્યની છાયા સરખી પણ તે આખાયે પુસ્તકમાં શોધી જડતી નથી. તેનું કારણ શું ? ઉલટું પરોપકાર માટેની ધગશ ધરાવવા છતાં, આધિભૌતિક–મતવાદના પંડિતોએ રચેલા ગ્રન્થોના જ અધ્યયનથી પરોપકાર અને પરમાર્થના મૂળભૂત, પરલોક અને મોક્ષ પ્રત્યે તેઓ અસાધારણ સૂગ ધરાવતા થઈ જાય છે.

What is religion ?" ( ધર્મ એ શું છે ? ) એ નામના પોતાના પુસ્તકના એક પ્રકરણમાં પોતે જણાવે છે કે, " Usually religion becomes an associal quest for god or the absolute and the religions man is concerned for more With his own salvation than with the good of society. The mystic tries to rib himself of self and in the process usually becomes obessed with it. Moral standards have no relation to social needs, but are based on a highly metaphysical doctrine of sin."

એજ પ્રકરણમાં બીજી જગ્યાએ પોતે લખે છે કે, " Nor am I greatly interested in the after life in what happens after death. I find the problems of this life sufficiently absorbing to fill my mind. "

પં. જવાહરલાલ નહેરુના ઉપર્યુકત વિચારોમાં આધિભૌતિક–મતવાદીઓના સિદ્ધાંતોની છાયા સ્પષ્ટપણે તરી આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો તેઓ આબેહુબ

રીતે આધુનિક જડવાદીઓના સિદ્ધાંતોની અસર તળે આવી ગયા છે. એ અસર નીચે આવીને તેઓ ઉચ્ચારે છે કે,

'મને પરલોકનો, મરણ પછી શું થશે; તેમાં બહુ રસ નથી. આ લોકના જ પ્રશ્નો મારા ચિત્તને ભરી દેવા માટે મને પૂરતા લાગે છે.'

'ઈશ્વર,' 'પરમાત્મતત્ત્વ' કે 'મોક્ષ' પ્રત્યે પોતાની અરૂચિ દર્શાવતાં તેઓ કહે છે કે,—

'સાધારણ રીતે ઈશ્વર અથવા તો પરમાત્મતત્ત્વ માટેની સમાજ-નિરપેક્ષ ખોજ, એને 'ધર્મ' માનવામાં આવે છે, ધાર્મિક માણસને સમાજના હિત કરતાં પોતાના મોક્ષની વધારે પડી હોય છે. તંત્રવાદી (શાસ્ત્રો પ્રત્યે શ્રદ્ધા ધરાવનાર માણસ) સ્વાર્થથી વધુને વધુ દૂર ભાગવા પ્રયત્ન કરે છે, પણ તેમ કરવા જતાં તે તેમાંજ (સ્વાર્થમાં જ) ભરાઈ પડે છે. ધાર્મિક ધોરણો સામાજિક જરૂરીઆતો સાથે કશો સંબંધ ધરાવતાં નથી, કિન્તુ તે સિદ્ધાંતો કેવળ પાપની અતિશય ગૂઢ કલ્પનાઓ ઉપર રચાયાં હોય છે.

આગળ વધીને તેઓ એમ પણ કહે છે કે,—

"The religious outlook does not help and even hinders the moral and spiritual progress of a people, If morality and spirituality are to be judged by this world's standards and not by the hereafter."

—અર્થાત્ 'જો નીતિ અધ્યાત્મની કસોટી પરલોકના ધોરણથી નહિ, પણ આ લોકના ધોરણથી કરીએ, તો ધાર્મિક દ્રષ્ટિબિન્દુ જીવનમાં મદદરૂપ નથી થતું, કિન્તુ લોકની નૈતિક અને આધ્યાત્મિક પ્રગતિને અટકાવે પણ છે.'

પંડિતજીના આ વિચારો એમ સ્પષ્ટ રીતે જાહેર કરે છે કે, નીતિનું ધોરણ નક્કી કરવા માટે પરલોકને આગળ કરવાની લેશ માત્ર આવશ્યકતા નથી. અર્થાત્ તેઓ નીતિ અને આધ્યાત્મિકતાના અર્થી છે, પરંતુ આર્યાવર્તના મહાપુરુષોના ફરમાન મુજબની નહિ, કિન્તુ આધિભૌતિકવાદના નક્કી થએલા સિદ્ધાન્તો મુજબની જ તે હોવી જોઇએ.

## * સાચા સુખના બાધક વાદો *

આધિભૌતિક-મતવાદના નક્કી થએલા સિદ્ધાન્તોમાં આપણે ઉપર જોઈ ગયા તેમ, છેલ્લામાં છેલ્લો અને ઉંચામાં ઉંચો સિદ્ધાન્ત કોઇ હોય, તો તે The greated good of the greatest number અર્થાત્ 'ઘણાનુ ઘણું સુખ' જોવું તે છે.

અહીં એ ભુલાવું ન જોઇએ કે, આધિભૌતિક-મતવાદીઓનું સુખ, તે ઐહિક સુખ છે. પારલૌકિક કે આધ્યાત્મિક સુખ જેવું કોઇ સુખ અસ્તિત્વ ધરાવે છે. એમ તેઓ સ્વીકારતા નથી. આમ છતાં ઐહિક સુખથી ઉચ્ચ કોટિનું સુખ છે જ નહિ, એવો નિર્ણય પણ તેઓ

બુદ્ધિગમ્ય દલીલો સાથે આપી શકતા નથી.

ઐહિક સુખ ! અને તે પણ કેવળ પોતાનું જ જોવું, કિન્તુ પરનું ન જોવું, અગર પરનું જોવું તો પણ તે પોતાના જ સુખ માટે જોવું તે નિકૃષ્ટ કોટિનો આધિભૌતિક-મતવાદ છે.

સ્વાર્થ સાથે પરાર્થ પણ માનવીનો નૈસર્ગિક ગુણ છે, એમ માની પોતાના ઐહિક સુખની સાથે પરના ઐહિક સુખની પણ તેટલી જ દરકાર રાખવી એ મધ્યમ કોટિનો આધિભૌતિક-મતવાદ છે. અને સ્વાર્થના ભોગે પણ પરાર્થ સાધવો, એ ઉચ્ચકોટિનો આધિભૌતિક-મતવાદ છે.

એ સઘળા વાદો ઐહિક સુખની સાધના માટે નિર્માણ થએલા હોવાથી, જગતમાં જો જડ ઉપરાંત ચૈતન્ય જેવું કોઈ સ્વતંત્ર તત્ત્વ અસ્તિત્વ ધરાવતું હોય, તો અપૂર્ણ ઠરે છે; એટલું જ નહિ પરંતુ એ વાદોનો સ્વીકાર સાચા સુખનો બાધક નીવડે છે.

### * આત્મ વિનાની ફળ શૂન્યતા *

જગતમાં આંખથી દેખાનારા અને સ્પર્શથી અનુભવનારા (જડ) ભૂતો ઉપરાંત આત્મતત્ત્વ અસ્તિત્વ ધરાવતું નથી, એ સાબિત કરવા માટે આધિભૌતિક-મતવાદીઓ પાસે કોઈ સંગીન પ્રમાણો નથી. ઉલટપક્ષે તેઓમાં પણ જે નિરાગ્રહી અને મધ્યસ્થ બુદ્ધિના વિદ્વાનો છે, તેમને

કબૂલ કરવું પડયું છે કે, કેવળ જડ તત્ત્વનો જ સ્વીકાર કરવાથી. નીતિ અને પરોપકારના તત્ત્વની સત્ય વ્યવસ્થા અધૂરી અને અનિશ્ચિત જ રહે છે.

સ્વાર્થ કરતાં પરાર્થને પ્રધાન માનવાની કે અનીતિ કરતાં નીતિને શ્રેષ્ઠ માનવાની યુક્તિ તો જ ઘટી શકે છે, કે જો નીતિ અને પદાર્થથી થનારા ફાયદાને અનુભવનાર કોઈ તત્ત્વ અસ્તિત્વ ધરાવતું હોય. અન્યથા ઐહિક સુખના ભોગે પાળેલી નીતિ કે કરેલો પરોપકાર ફળશૂન્ય ઠરે છે.

આ પ્રકારની નિરાગ્રહી બુદ્ધિને ધરનારા પંડિતો જો કે સત્ય તત્ત્વને હજુ સુધી પામી શકયા નથી, તો પણ તથાપ્રકારની સામગ્રીનો સુયોગ થતાં, પામ્યા સિવાય રહે એ પણ બનવાજોગ નથી.

## * નિરૂપણ કરનાર જડ કે ચેતન ? *

પરંતુ જેઓ જડવાદને જ તત્ત્વ માનીને બેસી ગયા છે, અને તેના જ સમર્થનમાં પોતાના તરંગો મનફાવતી રીતે દોડાવીને અધ્યાત્મવાદનો તિરસ્કાર કરે છે, તેઓની બુદ્ધિ તો અતિશય દયાને પાત્ર છે. અર્થાત્ તેઓને વિચાર કરવા માટે બુદ્ધિ મળી છે, પરંતુ તે જડવાદના આગ્રહને વશ પડી ગએલી હોવાથી તેમના યથાર્થ નિકાલને કરવામાં રોકે અવરોધી રહી છે.

જડવાદને સમજાવનારા ગ્રન્થોનું અધ્યયન ભારતના કહેવાતા સુશિક્ષિત વર્ગમાં આજે જેટલા જોરથી થઇ રહ્યું છે, તેના એક શતાંશ ભાગ જેટલું પણ જોર તે અધ્યાત્મવાદને સમજાવનાર ગ્રન્થોના અધ્યયન ઉપર આપવામાં આવે, તો પણ અમારી ખાત્રી છે કે પરલોક કે મોક્ષ પ્રત્યેની તેઓની સૂગ ઘડીના છઠ્ઠા ભાગમાં ઊડી જાય તેમ છે.

જડવાદને સમજાવનારા પંડિતો ભલે ગમે તેટલા આગળ વધ્યા મનાતા હોય, તો પણ તેઓ સ્વયં શંકા-શીલ છે, પોતે સ્વીકારેલા સિદ્ધાન્તોમાંથી ઊઠતા પ્રશ્નોના ઉકેલ માટે તેઓ તર્કવાદનો આશ્રય લેતા હોવા છતાં તેની પ્રતિપાદકતા બાબતમાં તેઓ સ્વયં પણ નિઃશંક નથી.

જ્યારે આધ્યાત્મવાદને સમજાવનારા પંડિતો પોતે જે તત્ત્વોનું નિરુપણ કરે છે, એમાં એટલા સુનિશ્ચિત છે કે, તેનું મન દઈ ને અધ્યયન કરનાર, ગમે તેવો શંકા-શીલ માનવ તે તત્ત્વની બાબતમાં શંકારહિત બની જાય છે. આગળ વધીને કહીએ તો જડવાદ એ ઐહિક અને ઇન્દ્રિયોના વિષયોનું ગમે તેટલું સમર્થન કરે તો પણ એ સમર્થન કરનાર પોતે સ્વયં ઐહિક કે માત્ર ઈન્દ્રિય-રૂપ નથી, કિન્તુ ઇન્દ્રિયાતીત છે. અર્થાત્ જડવાદનું સમર્થન કરનાર પોતે જડ નથી. કિન્તુ ચેતન છે. અને જો એ પણ જડ હોય, તો તે પોતે જડવાદને સમજી કે સમજાવી શકે એ બને જ શી રીતે ? સમજનાર અને સમજાવનાર કદી જડ·

હોઈ શકે જ નહિ, કિન્તુ ચેતન જ હોય એ પ્રત્યેક માણસના પ્રત્યક્ષ અનુભવનો તિરસ્કાર કર્યે, કોઈનાથી પણ ચાલી શકે તેમ છે કે ?

## * હવામાં કિલ્લા *

આધિભૌતિક-મતવાદ આ રીતે વર્તમાન જગતમાં ગમે તેટલો ફેલાયો હોય, તો પણ તે પોતાના મૂળમાં જ કુઠારાઘાત કરનારો છે, એ સમજવું વિવેકશીલ વિદ્વાનો માટે જરા પણ અઘરું નથી.

આધિભૌતિકવાદને મુખ્ય માનીને જેઓ આજે અધ્યાત્મવાદની ઠેકડી ઉડાડી રહ્યા છે, તેઓ પોતાની જાતને ઓળખ્યા વિના જ બીજાની જાતને ઓળખવાનો હાસ્યાસ્પદ પ્રયાસ કરી રહ્યા છે.

પોતે માણસ છે કે પશુ, એ યથાર્થપણે જાણ્યા વિના જ બીજાને પશુ કહેવા પ્રયત્ન કરવો એ જેમ મૂર્ખતા છે, તેમ પોતે ચેતન છે કે જડ એની પરીક્ષા કર્યા વિના જ જડવાદ એ વૈજ્ઞાનિકવાદ છે અને અધ્યાત્મવાદ એ અવ્યવહારુ અને અવૈજ્ઞાનિકવાદ છે, એવો નિર્ણય આપવા બહાર પડવું એ પણ મૂર્ખતા છે.

આધિભૌતિક-મતવાદમાં મોટી ખામી હોય, તો તે એ જ છે કે, તેમાં વિચારવા યોગ્ય પદાર્થોનો પૂરતો વિચાર છે, પરંતુ એ પદાર્થોનો વિચાર કરનાર વિચારક કેવો છે, તેનો કોઈ વિચાર જ નથી. પાયાની આ ખામી,

આ વાદને કમજોર, અપૂર્ણ તેમજ અયોગ્ય ઠેરવવા માટે પૂરતી છે અને એ જ એક કારણે ભારતવર્ષના વિશિષ્ટ જ્ઞાની અને બુધ્ધિમાન મહાપુરુષોએ તે વાદને એક અજ્ઞાનવાદ ગણી કાઢી તેની ગણના આત્મતત્વનો સ્વીકાર કરનારા બીજા બધા વાદો કરતા નીચી કોટિની જ કરી છે.

આજે જેઓ પોતાને સુશિક્ષિત કે વિચારશીલ માનતા હોય, તેઓને અમારી ભલામણ છે કે, આધિભૌતિક મતવાદના સિધ્ધાંતોને સંપૂર્ણ કોટિના માનવા પહેલાં તેઓ જરા થોભે અને તે વાદ ઉપર જ સમાજની ઉન્નતિ કે જનકલ્યાણના પાયા ચણવાનો પ્રયાસ કરવો એ કેટલા દરજ્જે વ્યાજબી છે, તે મુદ્દા ઉપર ગંભીરપણે વિચાર કરે.

અમને ખાત્રી છે કે, એટલો વિચાર કરવામાં આવશે તો 'સમાજવાદ' આદિ સિધ્ધાન્તો ઉપર જે પ્રકારનું જોર ભણેલા અને સુશિક્ષિત કહેવાતા વર્ગ તરફથી મુકાઈ રહ્યું છે, તે તેમને હવામાં કિલ્લા ચણવા કરતાં અધિક મૂલ્યવાળું નહિ જ દેખાય.

## * અક્ષણિક સ્વાર્થત્યાગ કયારે ? *

સમાજોન્નતિ કે દેશોન્નતિ કે જનકલ્યાણ, એ મનુષ્યોની સાહજિક વૃત્તિઓ છે, પરંતુ એ વૃત્તિઓ શામાંથી ઉદ્ભવ પામે છે, એનું જ્ઞાન મેળવ્યા સિવાય જ, જે-તે પ્રવૃત્તિઓમાં ઝંપલાવવું એનું પરિણામ શૂન્યમાં જ આવવાનું છે.

પુણ્ય, પાપ, પરલોક કે મોક્ષ પ્રત્યે સૂગ ધરાવવાથી તે તત્વો નાબૂદ થઈ જવાનાં નથી. પુણ્ય અને પાપની વાતો, એ સામાજિક ઉન્નતિની આડે આવનારી છે એમ બોલી નાખતાં પહેલાં પુણ્ય અને પાપ જેવાં તત્વો અસ્તિત્વ ન ધરાવતાં હોય તો પરાર્થ કે પરોપકાર કરવાની આવશ્યકતા રહે છે, એ વિચારવાની પહેલી જરૂર છે.

પરલોક કે મોક્ષ માટે પુરુષાર્થ કરનાર, સ્વાર્થત્યાગના નામે જ સ્વાર્થી બને છે, એમ કહેવા કરતાં પહેલાં મનુષ્યને સ્વાર્થી બનાવનાર જ આ લોકનાં સુખોની લાલસા છે, એ સિદ્ધાન્તને સમજવાની ગંભીર જરૂરીઆત છે.

સ્વાર્થ અને પરાર્થ શામાંથી જન્મે છે. એનો વિચાર કર્યા વિના જ સ્વાર્થત્યાગ અને આપભોગની વાતો માત્ર આડંબરી બની રહે છે, એટલું જ નહિ એવી વાતોમાં ચિરંજીવી કોઇ તત્વ હોતું નથી, કિન્તુ ક્ષણિક ઉભરો જ હોય છે.

દીર્ઘકાલીન સ્વાર્થત્યાગ અને સત્ય માટે પ્રાણાંત આપભોગ, આત્મતત્વની યથાર્થ ઓળખ સિવાય કદી પણ શકય નથી.

સાધન અગર સામગ્રીના તત્ત્વની પૂરેપૂરી પિછાણ ન

થઇ શકે, તો પણ તે માટેની જિજ્ઞાસા તો અખંડિત રહેવી જોઇએ. જેઓની એ જિજ્ઞાસા પણ નાશ પામે છે, તેઓ અજ્ઞાન, તત્વને નહિ જાણનાર લોકમાં ભારેમાં ભારે પ્રસિદ્ધિ મેળવવા છતાં, સ્વપરનું સાચું હિત સાધી શકતા નથી. અને તત્વજ્ઞોની દૃષ્ટિએ માનવજીવનને ચેડફી નાખી અધોગતિની ઊંડી ખીણમાં ધકેલાઈ જાય જાય છે, એમાં લવલેશ સંદેહ નથી.

## * આશયભિન્નતા *

આધિભૌતિક-મતવાદના વિશિષ્ટ કોટિના પંડિતો પણ, ઐહિક સુખ સિવાય ઉચ્ચ કોટિનું બીજું કોઇ સુખ અસ્તિત્વ ધરાવતું નથી, એવો નિર્ણય આપી શક્યા નથી.

જડ પદાર્થોના ઉપભોગ દ્વારા થનારું સુખ, એ સુખ છે એમ માનવા છતાં પણ, એ સુખનો અનુભવ કરનાર કોણ છે, તે વિષે આધિભૌતિકમતનું નિરૂપણ કરનારા પંડિતો અંધારામાં જ છે.

સુખ-દુઃખનો આધાર કેવળ બાહ્ય પદાર્થો નથી, કિન્તુ આંતરિક આશય છે, એ એટલી બધી સ્પષ્ટ અને અનુભવસિદ્ધ વાત છે કે, તેનો કોઈથી પણ ઈન્કાર થઇ શકે તેમ નથી.

આંતરિક આશયોની વિભિન્નતાના કારણે, એક જ વસ્તુ એકને સુખનું સાધન લાગે છે અને બીજાને દુઃખનું સાધન લાગે છે.

સૂર્યનો પ્રકાશ સહુને સુખ આપે છે, પરંતુ ઘુવડ, ચામાચીડીયાં આદિ માટે દુ:ખદાયી નીવડે છે.

ચન્દ્રનાં કિરણો જગતને શીતળતા અર્પનારાં હોવા છતાં વિરહીને દઝાડનારાં પણ થાય છે, શત્રુનું મરણ એના શત્રુને સુખ આપનારું થાય છે અને મિત્રને દુ:ખ આપનારું થાય છે, એકની સમૃદ્ધિ એકને ઠારનારી થાય છે તો બીજાને બાળનારી થાય છે.

આ પ્રકારની વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન થવાનું કોઈ પણ કારણ હોય, તો તે મનુષ્યની રુચિમાં રહેલી ભિન્નતાઓ છે.

## * મનુષ્ય અને યંત્ર વચ્ચેની ક્રિયાનો ભેદ *

મનુષ્યની રૂચિ જ્યાં સુધી આ રીતે ભિન્ન-ભિન્ન છે, ત્યાં સુધી કેવળ બાહ્ય પદાર્થોની વ્યવસ્થાથી બધાને સરખા સુખી બનાવી દેવાની હામ ભીડવી, એ નરી અજ્ઞાનતા છે.

બાહ્ય પદાર્થોની સમતા કે વિષમતા મનુષ્યોના સુખ-દુ:ખનું કારણ છે, એવો સિદ્ધાન્ત નક્કી કરવા કરતાં, મનુષ્યોની આંતરિક ભિન્ન-ભિન્ન રૂચિઓ, એ જ તેમના સુખ-દુ:ખનું સાચું કારણ છે એવો નિર્ણય કરવો એજ વધારે વાસ્તવિક છે.

'મનુષ્યોને સમાન સુખી બનાવવા માટે, બાહ્ય

પદાર્થોની સરખી વહેંચણીનો સિદ્ધાન્ત સ્વીકારવો એ ગેરવ્યાજબી છે, કિન્તુ આંતરિક રુચિને સમાન બનાવવા પ્રયત્ન કરવો એજ વ્યાજબી છે.' એ વાત વિચારકો ગંભીરતાપૂર્વક પોતાના ચિત્તમાં ધારણ કરે તો તરત સમજી શકાય તેવી છે.

મનુષ્ય એ ચાવી આપેલ યંત્રની માફક કાર્ય કરનાર એક યંત્ર હોત, તો તો બાહ્ય પદાર્થોની સરખી સંપ્રાપ્તિરૂપી ચાવી દ્વારા બધા મનુષ્યો એકસરખા સુખનો અનુભવ કરી શક્ત. પરંતુ ચાવી આપેલા જડ યંત્રની ચેષ્ટાઓ અને મનુષ્યની ચેષ્ટાઓને કદી પણ સમાન કક્ષામાં મૂકી શકાય એમ નથી. કારણ કે પોતાની ચેષ્ટા માટે યંત્ર એ ચાવી આપનારને આધીન છે, જ્યારે મનુષ્ય એ પોતાની ચેષ્ટાઓ માટે કોઈને આધીન-પરાધીન-નથી, પરંતુ સ્વાધીન છે. કર્મસત્તાની તેની આધીનતા પણ સ્વાધીનતામાંથી જન્મેલી છે, અર્થાત્ કોઈ પણ કાળે સ્વાધીનપણે કરેલાં કર્મોનું જ તે ફળ હોય છે.

## * ચેતનમાં સમાનતાની જરૂર *

જડ એ પરાધીન છે અને ચેતન એ સ્વાધીન છે. આ પ્રકારનો પાયાનો તફાવત એ બે વચ્ચે છે, ત્યાં સુધી એકલા જડને મુખ્ય માનીને તત્ત્વની વ્યવસ્થા કરવાનો પ્રયાસ કરનારા સહુ કોઈ નાસીપાસ જ થવાના

છે, એમાં શંકાનું કોઇ જ કારણ નથી.

તત્ત્વની વ્યવસ્થા કરવા માટે પરાધીન જડની સાથે સ્વાધીન ચેતનનો પણ વિચાર તેટલો જ અગર તેથી પણ અધિક આવશ્યક છે.

જડની સમાન વહેંચણી સિવાય જો મનુષ્યો સમાન સુખી બની શકે એમ નથી, તો જડના સંચાલક ચેતનની સમાનતા આણ્યા સિવાય જગત સુખી કેવી રીતે બની શકે એમ છે ?

ચેતનની સમાનતા આણવી એ શક્ય નથી અને જડની સમાનતા કરવી એ શક્ય છે, પરંતુ એ વાત પણ વસ્તુતત્ત્વના અજ્ઞાનમાંથી જન્મેલી છે.

તત્ત્વજ્ઞોના મતે ચેતનની સમાનતા આણવી એ જેટલી સુશક્ય છે, તેટલી જડની સમાનતા કદાપિ શક્ય નથી.

આજ સુધી અનંત આત્માઓ સ્વ-પ્રયત્ન દ્વારા સમાન ગુણ અને સુખવાળા બની સિદ્ધિસ્થાનમાં પહોંચી શક્યા છે, પરંતુ ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં પણ બાહ્ય પદાર્થોની સમાનતાની પ્રાપ્તિ બે આત્માઓને પણ સરખી રીતે થઇ શકી નથી અને ભવિષ્યમાં થઇ શકનાર પણ નથી.

## * સુખ દુઃખનો વિષય *

આ વસ્તુને વધારે સ્પષ્ટતાથી સમજવા માટે, 'સુખ

અને દુઃખ એ શું વસ્તુ છે?' એ બરાબર સમજી લેવાની જરૂર છે. સામાન્ય રીતે એમ કહેવાય છે કે;

**यदिष्टं तत्सुखं प्राहुः, द्वेष्यं दुःखमिहोच्यते।'**

'જે આપણને ઈષ્ટ લાગે તે સુખ અને જેના ઉપર દ્વેષ થાય તે દુઃખ.'

સુખનું આ લક્ષણ બરાબર છે, તો પણ 'ઈષ્ટ' શબ્દનો અર્થ 'ઈષ્ટ વસ્તુ' અથવા 'ઈષ્ટ પદાર્થ' કરવામાં આવે, તો આ લક્ષણ પણ આધિભૌતિક મતવાદીઓના સુખલક્ષણની સમાન કક્ષાએ આવીને જ ઉભું રહે છે.

આધિભૌતિક મતવાદીઓ પણ બાહ્ય ઇષ્ટ પદાર્થોની પ્રાપ્તિમાં સુખ મનાવે છે અને તેની અપ્રાપ્તિ યા અભાવને 'દુઃખ' નામ આપે છે. કિન્તુ ઘણી વાર સુખદુઃખનો અનુભવ એથી વિપરિત થાય છે.

બીજી વાત એ છે કે, બાહ્ય ઈષ્ટ પદાર્થો એ જ જો સુખ હોય, તો તૃષાતુરને પાણી એ 'ઈષ્ટ' છે, માટે પાણીને 'સુખ' શબ્દથી સંબોધવું જોઈએ. અને એ સંબોધન સાચું હોય તો નદી કે કૂવાના શીતળ જળમાંથી તે બહાર જ શા માટે નીકળે? પણ એવો વ્યવહાર દુનિયામાં ક્યાંહી થઈ શકે એમ નથી.

ઈન્દ્રિયની તૃપ્તિ કે દુઃખનો પ્રતિકાર મનુષ્યને ઈષ્ટ લાગે છે એ ખરૂં છે, પરંતુ જેટલું-જેટલું ઈષ્ટ લાગે તે બધું સુખ જ હોવું જોઇએ, એવો વ્યાપક સિદ્ધાન્ત

કદી પણ ઘડી શકાય તેમ નથી. એટલા માટે નૈયાયિકોએ કરેલી :—

'अनुकूलवेदनीयं सुखं ।' અને 'प्रतिकूलवेदनीयं दुःखम् ।'

—એ જ સુખદુઃખની વધારે સાચી વ્યાખ્યા છે. અર્થાત 'જે સંવેદન અનુકૂળ લાગે તે સુખ' અને 'જે સંવેદન પ્રતિકૂળ લાગે તે દુઃખ.' એ રીતે સુખ અને દુઃખ એ કેવળ સંવેદના જ પ્રકારો છે, કિન્તુ બાહ્ય પદાર્થો નથી.

એના એ બાહ્ય પદાર્થો એક વખત સુખ આપે છે અને બીજી વખતે દુઃખ આપે છે. ઉનાળામાં અનુકૂળ લાગતું ઠંડું પાણી, શિયાળામાં પ્રતિકૂળ પ્રતીત થાય છે. નિરોગીવસ્થામાં મધુર લાગતા પદાર્થો જ રોગી અવસ્થામાં કટુ લાગે છે. વિકારગ્રસ્ત જીવનમાં જે પદાર્થો અભ્યુદયને અપાવનારા લાગે છે, તે જ પદાર્થો વિકાર શમ્યા પછી બિભત્સ અને નહિ નીરખવા જેવા બની જાય છે.

એક જ પદાર્થ ભિન્ન-ભિન્ન અવસ્થામાં જુદાં-જુદાં સંવેદનો ઉત્પન્ન કરાવે છે અને એ સંવેદનોના આધારે જ 'મને સુખ થયું' કે 'હું દુઃખી થયો' એ પ્રકારનો વ્યવહાર કરવામાં આવે છે.

આથી એ સિદ્ધ થાય છે કે, સુખ–દુઃખ એ બાહ્ય સંયોગોનો જ કેવળ વિષય છે એવું નથી, પરંતુ બાહ્ય સંયોગો ઉપરથી થનારી માનસિક કલ્પનાઓ, એ જ ખરેખર સુખદુ:ખનો વિષય છે.

## * પ્રેય સુખ અને શ્રેયસુખ *

બાહ્ય વિપરિત સંયોગોમાં પણ સુખને અનુભવનારા અને બાહ્ય અનુકૂળ સંયોગોમાં પણ દુઃખને અનુભવનારા, આ જગતમાં ઠેર–ઠેર જોવા મળે છે એ વાત જો સત્ય હોય તો, 'ઘણાનું ઘણું સુખ' એ સૂત્રમાં વપરાએલો 'સુખ' શબ્દ કેવળ 'બાહ્ય–સુખ' એ અર્થમાં વાપરવા કરતાં 'બાહ્ય અને અભ્યંતર ઉભય પ્રકારનાં સુખ,' એ અર્થમાં વાપરવો એજ ન્યાયયુક્ત ઠરે છે. અને જયાં અભ્યંતર સુખનો સ્વીકાર કરવામાં આવ્યો, ત્યાં આધિભૌતિકવાદ પોતાની પ્રતિષ્ઠા ગુમાવી બેસે છે.

આધિભૌતિકવાદના એક પંડિત નામે મીલ (Mill) પોતાના એકગ્રન્થમાં ઉપરની વાત એક યા બીજી રીતે કબુલ કરે છે. તે કહે છે કે,

"It is better to be a human being dissatisfied than a pig satisfied, batter to be socrates dissatisfied than a fool satisfied Ard it the fool or the pig is of a different opinion it his beacause they only know their own side of the question."

અર્થાત્ 'સંતોષી ડુક્કર થવા કરતાં અસંતુષ્ટ મનુષ્ય થવું વધારે સારૂં છે. સુખી મૂર્ખ કરતાં પણ દુઃખી સોક્રેટીસ (ગ્રીસ દેશમાં થઈ ગએલ એક વિદ્વાન પુરૂષ) વધારે સારો છે. મૂર્ખ અથવા ડુક્કર આથી વિપરિત વિચાર ધરાવતા હોય, તો તેનું કારણ તેઓને કેવળ એક પોતાની બાજુનું જ્ઞાન છે તે જ છે. (અન્યથા કદી તેવો વિચાર ધરાવે જ નહિ.)'

તાત્પર્ય એ છે કે, કૂતરાં, બિલાડાં, ડુક્કર વગેરે પશુઓને પણ ઈન્દ્રિયોમાં સુખોની મીઠાશ તો પ્રાપ્ત થાય છે. અને 'ઇન્દ્રિય-સુખોની મીઠાશ' અર્થાત્ 'વિષ-યોપભોગનો સ્વાદ' એ જો સાચું સુખ હોત; તો મનુષ્ય પશુ થવામાં પણ હરખાત. પરંતુ પશુનાં સુખ નિત્ય મળે તો પણ મનુષ્ય પશુ થવાને રાજી નથી, એ જ એમ બતાવી આપે છે કે, પશુ કરતાં મનુષ્યમાં કોઈ ને કોઈ વિશેષતા અવશ્ય રહેલી જ છે.

એ વિશેષતા બીજી કોઈ નથી, પરંતુ મન અને બુદ્ધિ દ્વારા પોતાનો તથા પરનો (બાહ્ય સૃષ્ટિનો) જે પ્રકારનો સ્પષ્ટ વિચાર કરવાનું સામર્થ્ય મનુષ્ય ધરાવે છે, તે પશુઓમાં નથી–તે જ છે.

મન અને બુદ્ધિના અત્યંત ઉદાત્ત વ્યાપારથી જે અત્યંત અને શ્રેષ્ઠ સુખ મનુષ્યને પ્રાપ્ત થાય છે, તેની

કિંમત પાશવી અવસ્થામાં વિષયોપભોગ દ્વારા થતા સુખ કરતાં ઘણી ચઢીઆતી છે.

બુદ્ધિજન્ય સુખ આત્મવશ (બાહ્ય વસ્તુની અપેક્ષા વિનાનું) છે અને બીજાના સુખનો ભોગ લીધા સિવાય પોતાનાજ પ્રયત્નથી પ્રાપ્ત થનારૂં છે.

ઇતરોએ માનેલાં પ્રેય (મનને ગમતાં બાહ્ય સુખ) અને શ્રેય (કલ્યાણકારી) સુખમાં આ જ મોટો તફાવત છે. વિષયોપભોગનું આધિભૌતિક સુખ એ પ્રેય સુખ છે અને મન તેમજ બુદ્ધિના પ્રસાદથી ઉત્પન્ન થનારૂં સુખ એ શ્રેયસુખ છે.

પ્રથમનું સુખ રાજસ્ છે. જયારે પછીનું સુખ સાત્વિક છે. રાજસ્ સુખ, સાત્વિક સુખ કરતાં ઉતરતાં દરજ્જાનું છે, એ કારણે સાત્વિક સુખના અનુભવનો ત્યાગ કરી રાજસ્ સુખનો અનુભવ કરાવનાર પશુપણાને માનવી કદી પણ પસંદ કરતો નથી.

## * સુખદુઃખનું લક્ષણ *

આધિભૌતિક સુખદુઃખ ઉત્પન્ન થવા માટે ઇન્દ્રિયો સાથે બાહ્ય પદાર્થોનો સંયોગ થવાની આવશ્યકતા છે. તો પણ ઘણી વાર એવું બને છે કે, મન અન્યત્ર હોય, તો બાહ્ય પદાર્થોનો સંયોગ ચાલુ હોય તો પણ સુખ-દુઃખનો અનુભવ આત્માને થતો નથી. અર્થાત ઇન્દ્રિયોના

વ્યાપારથી ઉત્પન્ન થનારા સુખ દુઃખનો સાક્ષાત્કાર કરવાનું કાર્ય તો આખરે મન દ્વારા જ થાય છે.

આથી આધિભૌતિક સુખદુઃખનો અનુભવ થવામાં,કેવળ ઇન્દ્રિયો જ કારણ છે, એ સિદ્ધાન્ત ટકતો નથી. પરંતુ પણ મનની સહાય એ જ એક મુખ્ય વસ્તુ હોવાનું ઠરે છે.

આધ્યાત્મિક સુખ–દુઃખ તો કેવળ માનસિક જ છે. આ રીતે સર્વ પ્રકારનો સુખ–દુઃખનો અનુભવ જો કેવળ માનસિક જ છે, તો મનોનિગ્રહ કરવાથી સુખદુઃખનો પણ નિગ્રહ થઈ શકે છે, એ તત્ત્વ આપોઆપ ફલિત થાય છે.

એ જ કારણે આધ્યાત્મિક શાસ્ત્રોમાં સુખદુઃખનું લક્ષણ, નૈયાયિકોના લક્ષણ કરતાં પણ જુદી જ રીતે આપવામાં આવ્યું છે: અને તે સર્વાંશે સાચું છે.

**"सर्वं परवशं दुःखम्, सर्वमात्मवशं सुखम् ।**
**एतद्विद्यात् समासेन, लक्षणं सुखदुःखयोः ।।१।।"**

'જે પરવશ છે તે સઘળું દુઃખ છે અને જે આત્મવશ છે, તે સઘળું સુખ છે. સુખદુઃખનું આ સંક્ષિપ્ત લક્ષણ છે.

*** નિઃસ્પૃહના સુખ અને પરસ્પૃહા દુઃખ ***

નૈયાયિકોના લક્ષણ કરતાં આ લક્ષણ એક ડગલું આગળ વધે છે અને કહે છે કે, સુખદુઃખના અનુભવનો આધાર બાહ્ય પદાર્થો કે ઈન્દ્રિયો ઉપર લવલેશ નથી. કિન્તુ બાહ્ય પદાર્થોની સ્પૃહા કે અસ્પૃહા ઉપર જ અવલંબેલો છે.

સ્પૃહાવાન માણસનું દુઃખ કદી મટતું નથી જ્યારે નિઃસ્પૃહ પુરૂષોને દુઃખ કદી સ્પર્શતું નથી. મતલબ કે પરસ્પૃહા એ જ એક મહાદુઃખ છે અને નિઃસ્પૃહતા એ જ પરમ સુખ છે. એ પ્રકારનો નિર્ણય પણ સુખના આ આધ્યાત્મિક લક્ષણ ઉપરથી તરી આવે છે.

## * સુખના નિર્ણય વિષે તત્ત્વગવેષકો *

આ જગતમાં પ્રત્યેક મનુષ્ય સુખ શી રીતે મળે અથવા મળેલા સુખમાં વૃદ્ધિ શી રીતે થાય અને દુઃખ શી રીતે ટળે અથવા ઘટે, એ માટે સદૈવ ચિંતન અને પ્રયાસ કર્યા જ કરે છે. પરંતુ ખરૂં સુખ શેમાં છે, એની યથાર્થ સમજણ નહિ હોવાથી, 'ખોટું નાણું ગાંઠે બાંધી' તે જ ખરૂં છે એમ સમજે છે અથવા આજ નહિ તો કાલે તો સુખ મળશે જ, એવી આશામાં ને આશામાં આયુષ્યના દિવસો પસાર કરે છે. તે દરમ્યાન મૃત્યુ ધા કરે છે અને સુખપ્રાપ્તિ માટેના તેના મનોરથો મનમાં ને મનમાં જ રહી જાય છે.

સત્ય અને નિત્ય સુખનો નિર્ણય કર્યા સિવાય જ આ રીતે, મનુષ્ય મૃત્યુને વશ થાય છે, તો પછી સત્ય અને નિત્ય સુખની પ્રાપ્તિ માટેનો ઉદ્યમ તો તેના ભાગ્યમાં હોય જ ક્યાંથી?

આ અનિષ્ટકારક સ્થિતિના નિવારણ માટે તત્ત્વજ્ઞ પુરૂષોએ સુખનો નિર્ણય કરવા માટે ગહન સાધનાને

અંતે જે નિર્ણય કર્યો છે તે વારંવાર જગત સમક્ષ જાહેર કર્યો જ છે.

એ નિર્ણય શો છે, એ સમજતાં પહેલાં આ વિષયમાં અન્ય પુરૂષોના અભિપ્રાયો પણ જોઈએ.

કવિ ભર્તૃહરિજી કહે છે કે :—

**"तृषा शुष्यत्यास्ये पिबति सलिलं स्वादु सुरभि,**
**क्षुधार्त्तः सञ्शालीन्कवलयति शाकादिवलितान् ।**
**प्रदीप्ते रागाग्नौ सुदृढतरमाश्लिष्यति वधूं,**
**प्रतीकारो व्याधेः सुखमिति विपर्यस्यति जनः ॥१॥"**

"તૃષાથી મુખ સુકાય ત્યારે સ્વાદિષ્ટ અને શીતળ જળને લોકો પીએ છે. ક્ષુધા વડે પીડાય ત્યારે શાકાદિ વ્યંજન સહિત ચોખા ખાય છે અને રાગાગ્નિ પ્રદીપ્ત થાય ત્યારે સ્ત્રીને ગાઢપણે આલિંગન કરે છે. આ રીતે વ્યાધિના પ્રતિકારને જ લોક 'સુખ' છે એમ ભ્રમથી માને છે.

બીજાઓએ પણ કહ્યું છે કે,

**'तृष्णार्तिप्रभवं, दुःख दुःखार्तिभवं सुखम् ।'**

તૃષ્ણાની પીડાથી દુઃખ જન્મે છે અને દુઃખની પીડામાંથી સુખ ઉદ્દભવે છે.'

તાત્પર્ય એ છે કે, મનુષ્યના મનમાં પ્રથમ આશા,

વાસના અથવા તૃષ્ણા જન્મે છે અને તે પછી તેનાથી ઉત્પન્ન થનારા દુઃખનું નિવારણ કરવા મનુષ્ય પ્રયત્ન કરે છે અને એ નિવારણ થાય ત્યારે તેને જ તે 'સુખ' માને છે, પરંતુ સુખ એ નિરાળી વસ્તુ છે, એ વાતને લોકો સમજતા નથી, એટલે દુઃખના ક્ષણિક અભાવને 'સુખ' માની લે છે.

આ જ અભિપ્રાયના આધારે કહેવામાં આવ્યું છે,

**'यच्च कामसुखं लोके, यच्च दिव्यं महासुखं ।**
**तृष्णाक्षयसुखस्यैते, नार्हतः षोडशीं कलाम् ॥'**

આ જગતમાં કામ એટલે વાસનાની તૃપ્તિથી જે સુખ થાય છે, અથવા સ્વર્ગનું જે મોટું સુખ કહેવાય છે, તે તૃષ્ણાના ક્ષયથી ઉત્પન્ન થનારા સુખની આગળ એક આની જેટલું પણ નથી.'

આ રીતે સર્વ સુખ, તૃષ્ણા આદિ દુઃખના નિવારણમાંથી ઉત્પન્ન થાય છે.

એક વાર અનુભવેલી (જોએલી, સાંભળેલી, સ્પર્શેલી વગેરે) વસ્તુ પુનઃપ્રાપ્ત થાય એવી ઈચ્છા થવી તેને કામ, ઇચ્છા અથવા વાસના કહેવામાં આવે છે.

અને ઈચ્છિત વસ્તુ તરત ન મળે ત્યારે જે દુઃખ

થવું અને પરિણામે તે ઈચ્છાનું તીવ્રતર થવું અથવા મળેલું સુખ પૂરૂં ન થાય ત્યાં સુધી અધિકાધિક ઇચ્છા થતી રહેવી, તે તૃષ્ણા છે.

ઈચ્છા અને તૃષ્ણાનો આ પ્રકારનો ભેદ કરવામાં ન આવે, તો તે બંનેના યથાર્થ સ્વરૂપની સમજના લાભથી માનવી વંચિત રહી જાય.

તૃષ્ણાના સમૂળ ક્ષયમાંથી સાચું સુખ જન્મે છે. આવું સાચું સુખ જો કોઇ પણ ખરેખર અનુભવી રહ્યું હોય, તો તે જગતથી સર્વથા નિઃસ્પૃહ બનેલા યોગી-પુરૂષો જ અનુભવી રહ્યા છે, એ વાત સહુ કોઈને સ્વીકારવી પડે તેમ છે.

અને તેથી જ તત્વજ્ઞોની દૃષ્ટિએ, મનનો સંતોષ એ જ સુખ છે. અને સંતોષાભાવ એ જ દુઃખ છે.

સુખદુઃખનો આ છેવટનો નિર્ણય, તત્વજ્ઞ પુરૂષોએ કરેલો છે.

તૃષ્ણાનો ઉપશમ થવાથી સુખનો ઉદ્દભવ થાય છે અને તૃષ્ણાની વૃદ્ધિ થવાથી દુઃખની વૃદ્ધિ થાય છે. અર્થાત્ સુખ અને દુઃખ એ માનસિક ધર્મો છે, નહિ કે શારીરિક ધર્મો યા બાહ્ય પદાર્થો એ જ તેના મુખ્ય કારણો છે.

ગમે તેવી શારીરિક સ્થિતિમાં અને ગમે તેવા બાહ્ય પદાર્થોના સંયોગોમાં પણ આત્મા જો મનનું સ્વાસ્થ્ય

જાળવી શકે તો તે સુખી જ છે. આ રીતે માનસિક સ્વસ્થતા કે અસ્વસ્થતા એ જ સુખ દુઃખ છે, એવો છેવટનો નિર્ણય એ જ સ્વીકાર્ય છે.

કવિ ભર્તૃહરિજી પણ અન્યત્ર એ જ વસ્તુનો પરિચય કરાવે છે. કહે છે કે,

"वयमिह परितुष्टा वल्कलैस्त्वं दुकूलैः,
सम इह परितोषो निर्विशेषो विशेषः ।
स भवतु दरिद्रो यस्य तृष्णा विशाला,
मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्रः ॥१॥"

'મનનો પરિતોષ (સંતોષ) છે, તો કોણ દરિદ્રી અને કોણ ધનવાન? અર્થાત્ ઉભય ધનવાન છે. મનનો તોષ (સંતોષ) નથી તો ધનવાન પણ દરિદ્ર છે અને મન સંતુષ્ટ છે તો દરિદ્રિ પણ ધનવાન છે. જેની તૃષ્ણા વિશાળ છે, તે સદા દરિદ્ર છે અને જેની તૃષ્ણા છેદાઇ ગઈ છે તે સદા સુખી છે. મનથી પરિતુષ્ટ આત્માઓ માટે ઝાડની છાલ કે દુકૂલ (રેશમી વસ્ત્રો) ઉભય સમાન છે. પરિતોષ સમાન છે તો સુખ પણ સમાન છે.

## * મન દ્વારા જ મનના સ્વાસ્થ્યની શોધ *

સુખ અને દુઃખનું આ છેવટનું સત્ય લક્ષણ છે. એ કારણ જે રીતે મનનો પરિતોષ થાય એ રીતે વર્તવું એ જ એક કર્તવ્ય બને છે.

વિષયોપભોગ દ્વારા થનારો મનનો તોષ ક્ષણિક હોય છે. એટલુ જ નહિ, કિન્તુ હીન કોટિના ઔત્સુક્યની વૃદ્ધિ કરાવનારો હોય છે તેથી તે દ્વારા મનનું સ્વાસ્થ્ય મેળવવા મથનારાઓને હમેશાં નિરાશ જ થવું પડે છે. વિષયોપભોગમાંથી મનને ખેંચી લઇને જે આત્માઓ મન દ્વારા જ મન સ્વાસ્થ્ય શોધે છે, તે આત્માઓને નિત્ય અને અવિનાશી સુખ કાયમ માટે સાંપડે છે.

## * દુઃખભાવ એજ સુખ નહિ *

મન દ્વારા મનનું સ્વાસ્થ્ય શોધવું, એનો અર્થ એ જ છે કે, વિષયેચ્છાઓને નાબૂદ કરવા પ્રયત્ન કરવો. પ્રતિપક્ષી વિચારો દ્વારા વિષયેચ્છાઓ જેમ–જેમ શમતી જાય છે, તેમ-તેમ આત્માનું મનઃસ્વાસ્થ્ય વધતું જાય છે.

સંપૂર્ણ ઇચ્છાઓનું શમન એ સંપૂર્ણ સ્વાસ્થ્યનું કારણ છે. કિન્તુ એનો અર્થ એ નથી કે, દુઃખનો અભાવ એ જ સુખ છે.

સુખ, એ પણ દુઃખની જેમ વાસ્તવિક પદાર્થ છે. અથવા પદાર્થનો ધર્મ છે. એ વાસ્તવિક પદાર્થ ન હોય અને દુઃખભાવ એ જ જો સુખ હોય, તો જેમ-જેમ દુઃખભાવ થતો જાય, તેમ–તેમ આત્માનો પણ ઉચ્છેદ થતો જવો જોઈએ.

આત્મા એ સત પદાર્થ છે. તે કોઈ પણ કાળે નષ્ટ

થનાર નથી. આત્મા જ્યાં સુધી નષ્ટ થવાનો નથી ત્યાં સુધી દુઃખ નષ્ટ થાય, તો પણ સુખ તો કાયમ જ રહેવાનું છે. બીજા શબ્દોમાં કહીએ તો દુઃખ એ સુખનું આવરણ છે. એ આવરણ સંપૂર્ણપણે ખસી જાય એટલે કેવળ સુખ જ બાકી રહે છે.

## * નિત્ય સુખ ઉપરનાં અનિત્ય આવરણો *

સુખ એ નિત્ય વસ્તુ છે, પરંતુ તે દુઃખરૂપી અનિત્ય આવરણોથી ઢંકાએલું છે.

દુઃખરૂપી અનિત્ય આવરણો એ જ શ્રી જૈનશાસનની પરિભાષા પ્રમાણે કર્મનાં આચ્છાદનો છે. પ્રવાહથી તે આવરણોનો નિત્ય સંબંધ હોય છતાં વ્યક્તિશઃ તે સંબંધ અનિત્ય છે.

એટલા માટે દુઃખને અનિત્ય કહેવું અને સુખને નિત્ય કહેવું એ જ આખરે વ્યાજબી ઠરે છે. અનિત્ય એવાં દુઃખો (કર્મો)નો નાશ કરવાનો ઉપાય, એ જ નિત્ય એવાં સુખો (આત્માનું આવરણરહિત સ્વાભાવિક સ્વરૂપ)ને પ્રાપ્ત કરવાનો ઉપાય છે.

એ સ્વરૂપની પ્રાપ્તિ થયા સિવાય, આ જગતમાં કોઈ પણ આત્મા સાચી શાન્તિને પ્રાપ્ત કરી શકે, એ સંભવિત નથી.

એ જ કારણે જ્ઞાની પુરુષોએ અન્ય સર્વ માર્ગોનો

ત્યાગ કરી, આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટેના માર્ગોને જ ઉપદેશ્યા છે.

જે કોઈ એ માર્ગનો સ્વીકાર કરશે અને તદનુસાર ચાલવા પ્રયત્ન કરશે, તે જ સ્વ અને પરનું સાચું હિત સાધવા સમર્થ બની શકશે.

આત્માના પરમ વિશુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ જ પ્રાપ્તવ્ય છે, એ સત્યમાં ભવ્ય માત્રની આસ્થા–આસ્તિકતા દૃઢ–દૃઢતર–દૃઢતમ બનો!

સમાપ્ત